अवगाहेन स्नेहबोलनेन निर्वृत्तं अवगाहिमं पक्वान्नम्, भावादिमः-[श्रीसि-६-४-२१] इतीमः, यत्तापिकायां घृतादिपूर्णायां चलाचलं खाद्यकादि पच्यते, तस्यामेव तापिकायां तेनैव घृतेन द्वितीयं तृतीयं च खाद्यकादि विकृतिः, ततः परं पक्वान्नानि, अयोगवाहिनां निर्विकृतिप्रत्याख्यानेऽपि कल्पन्ते अथैकेनैव पूपकेन तापिका पूर्यते, तदा द्वितीयं पक्वान्नं, निर्विकृतिप्रत्याख्यानेऽपि कल्पते, लेपकृतं तु भवतीत्येषा वृद्धसामाचारी ।

एवं शेषाण्यपि विकृतिगतानि, तानि चामूनि–

"अह पेया १ दुद्धट्टी २ दुद्धवलेही य ३ दुद्धसाडी य ४ ।
पंच य विगइगयाइं, दुद्धंमी खीरसहियाइं ५।।१।।
अंबिलजुअंमि दुद्धे, दुद्धट्टी दक्खमीसरद्धंमि ।
पयसाडी तह तंदुलचुण्णयसिद्धंमि अवलेही ।।२।।" [प्रवचनसारोद्धारे २२७-८]

व्याख्या–अल्पतन्दुलसहिते दुग्धे राद्धे पेयोच्यते १, अम्लयुते तु दुग्धाटी, अन्ये तु बलहिकामाहुः

२, तन्दुलचूर्णयुते चावलेखिका ३, द्राक्षासहिते पयःशाटी ४, बहुतन्दुलयुक्ते च दुग्धे राद्धे क्षैरेयीति पञ्च दुग्धविकृतिगतानि, विकृतिर्गता एष्वि(भ्य इ)ति विकृतिगतानि निर्विकृतिकानीत्यर्थः ।

"दहिए बिगइगयाइ, घोलवडां १ घोल २ सिहरणि ३ करंभो ४ ।
लवणकणसहियमहियं ५, संगरिगाइंमि अप्पडिए ।।१।।" **[प्रवचनसारोद्धारे २२४]**

वस्त्रगालितदधिघोलयुक्तानि वटकानि घोलवटकानि १, घोलं वस्त्रगलितं दधि २, करमथितखण्डयुतं दधि शिखरणि ३, करम्भो दधियुक्तकूरनिष्पन्नः प्रसिद्धः ४, करमथितं दधि लवणकणयुतं च राजिकाखाटमित्यर्थः, तच्च साङ्गरिकादिकेऽपतितेऽपि विकृतिगतं भवति, तस्मिन् पतिते पुनर्भवत्येव, एतानि पञ्च दधिनिर्विकृतानि'

"पक्कघयं १ घयकिट्टी २, पक्कोसहि उवरि तरिय सप्पिं च ३
निब्भंजण ४ विस्संदण ५ गा य घयविगइगयाइं ।।१।।" **[प्रवचनसारोद्धारे २३०]**

पक्वघृतम्, आमलकादिसम्बन्धि १, घृतकिट्टकं प्रसिद्धम् २, घृतपक्वौषधितरिका ३, पक्वान्नोत्तीर्णं दग्धघृतं निर्भञ्जनम् ४, दधितरिकाकणिक्कानिष्पन्नद्रव्यविशेषो विस्स(स्य)न्दनं ५ चेति पञ्च घृतनिर्विकृतिकानि बृहत्कल्प-पञ्चवस्तुवृत्त्योस्तु विस्यन्दनं नामार्धनिर्दग्धघृतमध्यक्षिप्ततन्दुल-निष्पन्नमित्युक्तम् ।

"तिल्लमल्ली १ तिलकुट्टी २, दद्धतिल्लं ३ तहोसहुव्वरिय ४ ।
लक्खाइदव्वपक्कं, तिल्ल ५ तिल्लमि पंचेव ।१ ।" **[प्रवचनसारोद्धारे २३१]**

तैलमलम् १, तिलकुट्टिश्च २ प्रसिद्धे, पक्वान्नोत्तीर्णं दग्धतैलम् ३, तैलपक्वौषधितरिका ४, लाक्षादिद्रव्यपक्वं तैलम् ५ चेति तैलनिर्विकृतानि ।

"अद्धकओ इक्खुरसो १, गुलबाणिअयं च २ सक्करा ३ खंडा ४ ।
पायगुडो ५ गुलविगइविगइगयाइं तु पंचेव ।।१।।" **[प्रवचनसारोद्धारे २३२]**

अर्द्धकृतेक्षुरसः १, गुडपानीयम् २, शर्करा ३, खण्डा ४, पाकगुडो येन खज्जकादि लिप्यते ५ इति पञ्च गुडनिर्विकृतिकानि

"एगं एगस्सुवरिं १ तिण्होवरि, बीयगं च जं पक्कं ।
तुप्पेणं तेणं चिय २, तइयं गुलहाणियापभिई ३।।१।।
चउत्थं जलेण सिद्धा, लप्पसिया ४ पंचमं तु पूअलिया ५ ।
तुप्पडियताविआए, परिपक्का ६ तीस मिलिएसुं ।।२।।" **[प्रवचनसारोद्धारे २३३-२३४]**

प्रक्षिप्तघृतादिके तापके एकेन पूपकेन पूरितेन द्वितीयः पूपकादिः प्रक्षिप्तो निर्विकृतिरेव १, त्रयाणां घाणानामुपरि अप्रक्षिप्तापरघृतं यत्तेनैव घृतेन पक्वं तदपि २, तथा गुडधानाः ३, समुत्तारिते सुकुमारिकादौ पश्चादुद्धरितघृतेन खरण्टितायां तापिकायां जलेन सिद्धा लपनश्री 'लहिगटुं' इति प्रसिद्धम् ४, स्नेहदिग्धतापिकायां परिपक्वः पोततः ५, एतानि पक्वान्ननिर्विकृतिकानि मिलितानि च त्रिंशद्भवन्तीति ज्ञेयम् ३० ।

अथैतासु च दशसु विकृतिषु मद्यमांसमधुनवनीतलक्षणाश्चतस्रो विकृतयोऽभक्ष्याः, शेषास्तु षट् भक्ष्याः तत्र भक्ष्यासु विकृतिष्वेकादिविकृतिप्रत्याख्यानं षड्विकृतिप्रत्याख्यानं च निर्विकृतिकसंज्ञं विकृतिप्रत्याख्यानेन संगृहीतम् आकाराः पूर्ववत् नवरं 'गिहत्थसंसट्ठेणं' इति गृहस्थेन स्वप्रयोजनाय दुग्धेन संसृष्ट ओदनो दुग्धं च तमतिक्रम्योत्कर्षतश्चत्वार्यङ्गुलानि यावदुपरि वर्त्तते तदा तद्दुग्धमविकृतिः, पञ्चमाङ्गुलारम्भे तु विकृतिरेव अनेन न्यायेनान्यासामपि विकृतीनां गृहस्थसंसृष्टमागमोक्तं, यथा-

"खीरदहिंविअडाणं, चत्तारि अ अंगुलाइ संसट्ठं ।
फाणिअतिल्लघयाणं, अंगुलमेगं तु संसट्ठं ।।१।।
महुपुग्गलरसयाणं, अद्धंगुलयं तु होइ संसट्ठं ।
गुलपोग्गलनवणीए, अद्दामलगं तु संसट्ठं ।।२।।" [प्रवचनसारोद्धारे २२२-३] ति ।

अनयोर्व्याख्या—दुग्ध-दधि-मद्यानां चत्वार्यङ्गुलानि संसृष्टम् विकृतिर्न भवति, उपरि तु विकृतिरेवेत्यर्थः फाणितो द्रवगुडस्तेन तैलघृताभ्यां च मिश्रिते कूररोट्टिकादौ यद्येकमङ्गुलमुपरि चटितं तदा न विकृतिः, मधूनि च पुद्गलानि च मांसानि तेषां रसैः संसृष्टम् अङ्गुलस्यार्द्धं संसृष्टं भवति, अङ्गुलाद्धात् परतो विकृतिरेव, गुडपुद्गलनवनीतविषये एतैः संसृष्टमिति यावदार्द्रामलकम्, तुशब्दस्यावधारणार्थत्वादार्द्रामलकमेव न विकृतिर्भवति आर्द्रामलकशब्देन पीलुवृक्षसम्बन्धी 'मुहुर' इत्युच्यते 'उक्खित्तविवेगेणं' इति उत्क्षिप्तविवेक आचाम्लवदुद्धर्त्तुं शक्यासु विकृतिषु द्रष्टव्यः, द्रवविकृतिषु तु नास्ति 'पडुच्चमक्खिएणं' इति, प्रतीत्य सर्वथा रूक्षं मण्डकादिकमपेक्ष्य म्रक्षितं स्नेहितमीषत्सौकुमार्योत्पादनात् म्रक्षणकृतविशिष्टस्वादुतायाश्चाभावात् म्रक्षितमिव यद्वर्त्तते तत्प्रतीत्यम्रक्षितं म्रक्षिताभासमित्यर्थः ।

इह चायं विधिः—यद्यङ्गुल्या तैलादि गृहीत्वा मण्डकादि म्रक्षितं तदा कल्पते निर्विकृतिकस्य, धारया तु न कल्पते व्युत्सृजति=विकृतिं त्यजतीत्यर्थः इह च यासु विकृतिषूत्क्षिप्तविवेकः सम्भवति तासु नवाकाराः, अन्यासु द्रवरूपास्वष्टौ ननु निर्विकृतिक एवाकाराभिधानाद्विकृति-परिमाणप्रत्याख्याने कुत आकारा अवगम्यन्ते? उच्यते, निर्विकृतिग्रहणे विकृतिपरिमाणस्यापि सङ्ग्रहो भवति, ततस्त

एवाकारा भवन्ति तथा एकासनस्य पौरुष्याः पूर्वार्द्धस्यैव च सूत्रेऽभिधानेऽपि द्व्यासनकस्य सार्द्धपौरुष्या अपार्द्धस्य च प्रत्याख्यानमदुष्टम्, अप्रमादवृद्धेः सम्भवात् आकारा अप्येकासनादिसम्बन्धिन एवान्येष्वपिन्याय्याः, आसनादिशब्दसाम्यात्, चतुर्विधाहारपाठेऽपि द्विविधत्रिविधाहारप्रत्याख्यानवत् ननु द्व्यासनादीन्यभिग्रहप्रत्याख्यानानि, ततस्तेषु चत्वार एवाकाराः प्राप्नुवन्ति नैवं, एकाशनादिभिस्तुल्ययोगक्षेमत्वात् ।

अन्ये तु मन्यन्ते-एवं हि प्रत्याख्यानसङ्ख्या विशीर्येत । तत एकासनादीन्येव प्रत्याख्यानानि, तदशक्तस्तु यावत्सहिष्णुस्तावत्पौरुष्यादिकं प्रत्याख्याति, तदुपरि ग्रन्थिसहितादिकमिति ।

ग्रन्थिसहितं च नित्यमप्रमत्ततानिमित्ततया महाफलम्, उक्तं च–

"जे निच्चमप्पमत्ता, गंठिं बंधंति गंठिसहिअस्स ।
सग्गापवग्गसुक्खं, तेहिं निबद्धं सगंठंमी ।।१।।

भणिऊण नमुक्कारं, निच्चं विस्सरणवज्जिआ धन्ना ।
धारं(छोडं)ति गंठिसहिअं, गंठिं सह कम्मगंठिहिं ।।२।।

इइ कुणई अब्भासं, अब्भासं सिवपुरस्स जइ महसि(इ) ।
अणसणसरिसं पुण्णं, वयंति एअस्स समयण्णू ।।३।।" **[यतिदिनचर्यायाम् ५६-५८]**

रात्रिचतुर्विधाहारपरिहारस्थानोपवेशनपूर्वकताम्बूलादिव्यापारणमुखशुद्धिकरणादिविधिना ग्रन्थिसहितप्रत्याख्यानपालने एकवारभोजिनः प्रतिमासमेकोनत्रिंशत् द्विवारभोजिनस्त्वष्टाविंशतिर्निर्जला उपवासाः स्युरिति वृद्धाः, भोजनताम्बूलजलव्यापारणादौ हि प्रत्यहं घटीद्वयद्वयसम्भवे मासे एकोनत्रिंशत्, घटीचतुष्टयचतुष्टयसम्भवे त्वष्टाविंशतिर्यदुक्तं पद्मचरित्रे–

"भुंजइ अणंतरेणं, दुन्नि उ वेलाउ जो निओगेणं ।
सो पावइ उववासं, अट्ठावीसं तु मासेणं ।।१।।

इक्कंपि अह मुहुत्तं, परिवज्जइ जो चउव्विहाहारं ।
मासेणं तस्स जायइ, उववासफलं तु परलोए ।।२।।

दसवरिससहस्साऊं, भुंजइ जो अण्णदेवयाभत्तो ।
पलिओवमकोडी पुण, होइ ठिई जिणवरतवेणं ।।३।।

एवं मुहुत्तबुद्धी, उववासे छट्ठअट्ठमाईणं ।
जो कुणइ जहाथामं, तस्स फलं तारिसं भणिअं ।।४।।"

एवं युक्त्या ग्रन्थिसहितप्रत्याख्यानफलमप्यनन्तरोदितं भाव्यं, द्वारम् ५ ।

अधुना शुद्धिः, सा च षोढा, यथा–

"सा पुण सद्दहणा १ जाणणा य २ विणय ३ अणुभासणा ४ चेव ।
अणुपालणाविसोही ५, भावविसोही भवे छट्ठा ६।।१।।" **[आवश्यकनिर्युक्तौ १५८६]**

"पच्चक्खाणं सव्वण्णुदेसिअं जं जहिं जहा काले ।
तं जो सद्दहई नरो, तं जाणसु सद्दहणसुद्धं ।।२।।

पच्चक्खाणं जाणइ, कप्पे जं जंमि होइ कायव्वं ।
मूलगुणे उत्तरगुणे, तं जाणसु जाणणासुद्धं ।।३।।

किइकम्मस्स विसुद्धिं, पउंजई जो अहीणमइरित्तं ।
मणवयणकायगुत्तो, तं जाणसु विणयओ सुद्धं ।।४।।

अणुभासइ गुरुवयणं, अक्खरपयवंजणेहिं परिसुद्धं ।
पंजलिउडो अभिमुहो, तं जाणणुभासणासुद्धं ।।५।।

कंतारे दुब्भिक्खे, आयंके वा महासमुप्पन्ने ।
जं पालिअं न भग्गं, तं जाणसु पालणासुद्धं ।।६।।

रागेण व दोसेण व, परिणामेण व न दूसिअं जं तु ।
तं खलु पच्चक्खाणं, भावविसुद्धं मुणेअव्वं ।।७।।" **[आवश्यक भाष्ये २४६-२५१]**

यद्वा–

"फासिअं १ पालिअं चेव २, सोहिअं ३ तीरिअं ४ तहा ।
किट्टिअ ५ माराहिअं चेव, एरिसंमि जइअव्वं" ।।८।।

उचिए काले विहिणा, पत्तं जं फासिअं तयं भणिअं १ ।
तह पालिअं च असई, सम्मं उवओगपडिअरिअं ।।९।।

गुरुदत्तसेसभोअणसेवणाए अ सोहिअं जाण ।
पुण्णेवि थेवकालावत्थाणा तीरिअं होई ।।१०।।"

"भोअणकाले अमुगं, पच्चक्खाणंति सरइ किट्टिअअं ५ ।
आराहिअं पयारेहिं, सम्ममेएहिं पडिअरिअं ६।।११।।" **[प्रवचनसारोद्धारे २१२-२१५]**

प्रत्याख्यानं हि स्पर्शनादिगुणोपेतं सुप्रत्याख्यानं भवतीति द्वारम् ६ ।

साम्प्रतं फलम्-तच्च प्रत्याख्यानस्यानन्तर्येण पारम्पर्येण चेदं

"पच्चक्खाणंमि कए, आसवदाराइं हुंति पिहिआइं ।
आसवदारप्पिहणे, तण्हावुच्छेअणं होई ।।१।।
तण्हावुच्छेएण य, अउलोवसमो भवे मणुस्साणं ।
अउलोवसमेण पुणो, पच्चक्खाण हवइ सुद्धं ।।२।।
तत्तो चरित्तधम्मो, कम्मविवेगो अपुव्वकरणं च ।
तत्तो केवलनाणं, सासयसोक्खो तओ मोक्खो ।।३।।" [**आवश्यकनिर्युक्तौ १५९४-१५९६**]

इति गुरुवन्दनप्रत्याख्यानकरणयोर्विधिः । एवमन्येऽपि यत्किञ्चिन्नियमा गुरुवन्दनपूर्वं तत्समीप एव ग्राह्याः, तेष्वपि चानाभोगसहसाकाराद्याकारचतुष्कं चिन्त्यते, ततोऽनाभोगादिना नियमितवस्तुग्रहणे भङ्गो न स्यात्,किन्त्वतिचारमात्रम्, ज्ञात्वा त्वंशमात्रग्रहणेऽपि भङ्ग एव । जातु दुष्कर्मपारवश्येन ज्ञात्वाऽपि नियमभङ्गोऽग्रतः स पाल्य एव धर्मार्थिना । प्रतिपन्नपञ्चमी-चतुर्दश्यादितपोविशेषेणापि तपोदिने तिथ्यन्तरभ्रान्त्यादिना सचित्तजलपानताम्बूलभक्षणकियद्भोजनादौ कृते तपोदिनज्ञाने मुखान्तःस्थमपि न गिलनीयम्, किंतु तत्त्यक्त्वा प्रासुकवारिणा मुखशुद्धिं विधाय तपोरीत्यैव स्थेयम्, यदि च तद्दिने पूर्णं भुक्तम् तदा द्वितीयदिने दण्डनिमित्तं तत्तपः कार्यं, तपःसमाप्तौ च तत्तपो वर्द्धमानं कार्यम्, एवं चातिचारः स्यात् नतु भङ्गः, तपोदिनज्ञानानन्तरं सिक्थादिमात्रगिलने तु भङ्ग एव । दिनसंशये कल्प्या-ऽकल्प्यसंशये वा कल्प्यग्रहणेऽपि भङ्गः स्यात् । तथाऽऽगाढमान्द्ये भूतादिदोषपारवश्ये सर्पदंशाद्यसमाधौ च यदि तत्तपः कर्त्तुं न शक्यते, तदापि तुर्याकारोच्चारान्न भङ्ग इत्यादिविवेकः श्राद्धविधिगतो ज्ञेय इत्यलं प्रसङ्गेन ।।६२।।

टीकार्थ :-

ज्ञानाद्यायस्य ..... प्रसङ्गेन । ज्ञानादि लाभनी शातना=खंडना, आशातना छे એ प्रકारनी व्युत्पत्तिथी 'य'नो लोप छे=आपनी शातनामां रहेलो 'य'नो लोप छे तेथी आशातना शब्द बनेल छे. तेओनो=आशातनाओनो, परिहार=वर्जन, विशेषथी गृहिधर्म छे એ प्रકारे संबंध पूर्वनी जेम जाणवो. आ रीते अग्रमा पण जाणवो=स्वशक्तिथी उचित चिंतवनादिमां पण विशेषथी गृहीधर्म छे. એ प्रमाणे संबंध छे એम जाणवुं. अने अहीं जिननी आशातना प्रस्तुत छे. प्रसंगथी अन्य पण बतावाय छे=अन्य आशातनाओ पण बतावाय छे. जे प्रमाणे ते=आशातना ज्ञान-देव-गुरु आदिनी जधन्यना भेदथी त्रण प्रकारनी छे. त्यां=ज्ञानादिनी जधन्य आशातनामां ज्ञाननी आशातना ज्ञानना उपकरणने थूंकथी स्पर्श छे, अने पासे रहेला तेमां=ज्ञानादि उपकरणमां अधोवातनो निसर्ग छे=ज्ञानादि उपकरण पासे होते छते वाछूट थवी ते आशातना छे, हीनाधिक अक्षरनो उच्चार

ઇત્યાદિ જ્ઞાનની જઘન્ય આશાતના છે. (જ્ઞાનની) મધ્યમ આશાતના અકાલિક અધ્યયન અથવા ઉપધાન કર્યા વગર અધ્યયન કરવું, ભ્રાંતિથી અન્યથા અર્થનું કલ્પન, જ્ઞાનના ઉપકરણને પ્રમાદથી પાદાદિનો સ્પર્શ અને ભૂમિ ઉપર મૂકવું. ઇત્યાદિ રૂપ છે. વળી ઉત્કૃષ્ટ આશાતના થૂંકથી અક્ષરનું ભૂંસવું, જ્ઞાનના ઉપકરણ ઉપર બેસવું સૂવું આદિ, જ્ઞાનના ઉપકરણ પાસે હોતે છતે વડીનીતિ આદિનું કરણ, જ્ઞાનની અથવા જ્ઞાનીની નિંદા, પ્રત્યનીકતા, ઉપઘાતનું કરણ અને ઉત્સૂત્ર ભાષણ ઇત્યાદિ રૂપ છે.

દેવની જઘન્ય આશાતના વાસકુમ્પિકાદિનું આસ્ફાલન, શ્વાસ-વસ્ત્રના છેડાદિનો સ્પર્શ આદિ છે. મધ્યમ આશાતના શરીર આદિની અશુદ્ધિ વડે પૂજા કરવી અને પ્રતિમાને ભૂમિ ઉપર મૂકવી ઇત્યાદિ છે. ઉત્કૃષ્ટ આશાતના પ્રતિમાના ચરણમાં શ્લેષ્મ-પરસેવાદિનો સ્પર્શ, ભંગને જનન કરે એવી અવહેલનાદિ છે=પ્રતિમા ખંડિત થાય તેવી અવહેલનાદિ છે. અથવા દેવની આશાતના જઘન્યથી દસ(૧૦), મધ્યમથી ચાલીશ(૪૦) અને ઉત્કૃષ્ટથી ચોર્યાશી(૮૪) છે. અને તેઓને=દેવની જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ આશાતનાઓને ક્રમથી આ પ્રમાણે કહે છે.

"૧. તંબોલ=પાન ચાવવું, ૨. પાણ=પાણી પીવું, ૩. ભોજન=ભોજન કરવું, ૪. વાહણ=ચંપલ પહેરીને જવું, ૫. સ્ત્રીભોગ, ૬. શયન=સૂઈ જવું, ૭. નિટ્ઠુવણ=થૂંકવું, ૮-૯. મુત્તુચ્ચાર=લઘુનીતિ-વડીનીતિ કરવી, ૧૦. જુગાર રમવું. આ દશ આશાતનાઓનું જિનમંદિરની પાસે વર્જન કરવું જોઈએ." **(સંબોધ પ્ર. ૮૭, પ્રવચનસારો. ૪૩૨, ચૈત્યવંદન બૃહદ્ભાષ્ય-૬૩)**

આ પ્રમાણે=ઉપરમાં બતાવ્યું એ પ્રમાણે, જઘન્યથી દસ દેવની આશાતના છે.

"૧. મૂત્ર-લઘુનીતિ જવું, ૨. પુરીષ=મલ વિસર્જન કરવું, ૩. પાણં=સુરાપાન કરવું, ૪. પાણ=પાણી પીવું, ૫. અશન=ભોજન કરવું, ૬. શયન=સૂઈ જવું, ૭. સ્ત્રી, ૮. તંબોલ=પાન ખાવું, ૯. નિટ્ઠીવણ=થૂંકવું, ૧૦. જુગાર રમવો, ૧૧. જૂ આદિનું પલોઅણ, ૧૨. વિકથા, ૧૩. પલહત્થીકરણ અને વળી, ૧૪. પાદપસારણ=પગ લાંબા પહોળા કરી બેસવું, ૧૫. પરસ્પર વિવાદ કરવો, ૧૬. પરિહાસ=કોઈકની મશ્કરી કરવી, ૧૭. માત્સર્ય, ૧૮. સિંહાસન આદિનો પરિભોગ કરવો, ૧૯. વાળ-શરીરની વિભૂષા કરવી, ૨૦. છત્ર=છત્ર ધરવું, ૨૧. અસિ=તલવાર રાખવી, ૨૨. કિરીટ=મુગટ પહેરીને દહેરાસરમાં પ્રવેશ કરવો, ૨૩. ચામરધરણ=ચામરાદિ વીંઝાવવા, ૨૪. ધરણ=ધારણ, ૨૫. યુવતીઓ સાથે સવિલાસ હાસ્ય, ૨૬. ખિડ્ડુપસંગા=અસભ્ય વર્તન કરવું. ૨૭. અકૃત મુખકોશ=મુખકોશ બાંધ્યા વિના ભગવાનની પૂજા કરવી. ૨૮. મલિન અંગવસ્ત્રવાળો=મલિન અંગવસ્ત્રાદિથી ભગવાનની પૂજા કરવી, ૨૯. જિનપૂજા પ્રવૃત્તિમાં મનનું અનેકાગ્રપણું, ૩૦. સચિત્ત દ્રવ્યનું અવિમોચન=ફૂલની માળા વગેરે સચિત્તાદિ દ્રવ્ય ધારણ કરેલાનો અત્યાગ, ૩૧. અચિત્ત દ્રવ્યનું ઉત્સગણું, ૩૨. ણેગસાડીઅત્તં, ૩૩. ભગવાનનાં દર્શન હોતે છતે અંજલિ ન જોડવી, ૩૪. જિન દેખાયે છતે અપૂજા, ૩૫. અથવા અનિષ્ઠિત કુસુમાદિથી પૂજા=હલકાં પુષ્પાદિથી પૂજન, ૩૬. અનાર્ય પ્રવૃત્તિ=અનુચિત પ્રવૃત્તિ, ૩૭. જિન પ્રત્યનીકનું અનિવારણ, ૩૮. સામર્થ્ય હોતે છતે ચૈત્યદ્રવ્યમાં ઉપેક્ષા=સામર્થ્ય હોતે છતે દેવદ્રવ્ય વિષયક ઉપેક્ષા કરવી, ૩૯. ઉપાનહ=જોડા પહેરવા, ૪૦. અને પૂર્વમાં ચૈત્યવંદનાદિ પઠન=પૂજા કર્યા પૂર્વે ચૈત્યવંદનાદિ કરવું. જિનભવનાદિમાં રહેલાઓની આ ચાલીશ(૪૦) આશાતનાઓ છે." **(સંબોધ પ્રકરણ ૨૪૮-૨૫૪)**

આ પ્રમાણે=ઉપરમાં બતાવ્યું એ પ્રમાણે, મધ્યમ ચાલીશ(૪૦) આશાતના છે.

૧. ખેલ=શ્લેષ્મ જિનગૃહમાં નિક્ષિપ્ત કરવું, ૨. કેલિ=ધુતક્રીડાદિ કરવાં, ૩. કલિ=કલહ કરવો, ૪. કલા=ધનુર્વિદ્યાદિનો પ્રયોગ કરવો, ૫. કુલલય=ગંડૂષ=કોગળા કરવા, ૬. તંબોલ=તાંબૂલનું ભક્ષણ કરે, ૭. મુગ્ગાલયં=તંબોલ ઉદ્ગાલન=તાંબૂલની પિચકારી નાખવી, ૮. ગાળો આપવી, ૯. લઘુનીતિ-વડીનીતિ કરવી, ૧૦. શરીરધોવન=શરીર-હાથ-પગાદિ અંગ ધોવન કરે, ૧૧-૧૨. કેશ-નખ સમારે, ૧૩. લોહી પાડે, ૧૪. ભત્તોસ=સુખભક્ષિકા=સુખડી આદિ મીઠાઈનું ભક્ષણ કરવું, ૧૫. તય=ત્વચ=વ્રણાદિ સંબંધી ચામડીને કાઢે, ૧૬. પિત્ત=ઔષધાદિ દ્વારા ધાતુ વિશેષ પિત્તને કાઢે, ૧૭. વત્તં=વમન=ઊલટી કરે, ૧૮. દાંત પાડે, ૧૯. વિશ્રામણા=હાથ-પગ દબાવડાવે, ૨૦. દામણં=દમન કરે, ૨૧થી ૨૮. દાંત, આંખ, નખ, ગડ=ગૂમડું-નાક-માથાનો-કાનનો-શરીરનો મેલ. ।।૧।।

૨૯. મંત્ર કરે, ૩૦. મિલન=જ્ઞાતિ આદિ સમુદાયના ખબર-અંતર પૂછે, ૩૧. લેખ્યક=લેખનાદિ વ્યવહાર કરે, ૩૨. વિભજન=લેવડ-દેવડની પ્રવૃત્તિ કરે, ૩૩. ભંડાર=પોતાના દ્રવ્યાદિના ભાંડારગર રાખે, ૩૪. દુષ્ટાસન=પગ ઉપર પગ ચઢાવીને બેસે, ૩૫. છાણી=છાણ દહેરાસરમાં સૂકવવા મૂકે, ૩૬થી ૩૯. વસ્ત્ર-દાળ-પાપડ-વડી આદિને સૂકવવા માટે પાથરે, ૪૦. નાસન=રાજાદિના ભયથી નાસીને દહેરાસરમાં છુપાવું, ૪૧. આકંદ-મોટેથી રુદન કરે, ૪૨. વિકથા કરે, ૪૩. બાણો-શેરડીનું ઘડવું, ૪૪. તિર્યંચ ગાય આદિનું સ્થાપન કરવું, ૪૫. અગ્નિનું સેવન=તાપણું કરવું, ૪૬. રાંધવું, ૪૭. પરીક્ષણ કરવું=સાચા કે ખોટા પૈસાની પરીક્ષા કરવી, ૪૮. નિસીહિનો ભંગ કરવો=નિસીહિ કરાયે છતે સાવદ્ય વ્યાપારાદિ કરવા. ।।૨।।

૪૯-૫૨. છત્ર-ઉપાનહ-શસ્ત્ર-ચામરોને જિનમંદિરમાં મૂકવાં, ૫૩. મન અનેકાગ્ર=પ્રભુભક્તિમાં એકાગ્ર મન કરે નહિ, ૫૪. અભ્યંગ=તેલથી શરીરની માલીશ કરવી, ૫૫. સચિત્તનો અત્યાગ, ૫૬. અજીવનો ત્યાગ, ૫૭. દર્શન હોતે છતે અંજલિ ન કરે, ૫૮. એક સાડી ઉત્તરાસંગ ન રાખે, ૫૯. મુગટ રાખે, ૬૦. મૌલિ=મસ્તક પર મૌલિ કરે, ૬૧. મસ્તક પર શેખર કરે=મસ્તક પર કુસુમાદિ રાખે, ૬૨. હુડ્ડા=શરત કરે, ૬૩. ગેડીદડા રમે=રમણ, ૬૪. જોહાર કરે=પિતાદિને ભેટવા-રૂપ જુહાર કરે, ૬૫. ભંડક=ભાંડક્રિયા કરે. ।।૩।।

૬૬. રેકાર=તિરસ્કારપૂર્વક વચન બોલે, ૬૭. ધરણ કરે, ૬૮. રણ=સંગ્રામ કરે, ૬૯. વાળોનું વિવરણ કરે=વાળ છૂટા કરે, ૭૦. પલ્હત્થીકરણ કરે, ૭૧. પરબ કરે, ૭૨. પગનું પ્રસારણ કરે, ૭૩. સિસોટી વગાડે, ૭૪. પંક=કાદવ કરે, ૭૫. રજ=ધૂળ નાખે, ૭૬. મૈથુન=કામક્રીડા કરે, ૭૭. જૂ નાખે, ૭૮. જમણ કરે, ૭૯. ગુહ્ય=ગુહ્ય ભાગની અસંવૃત્તતા, ૮૦. વિજ્જ=વૈદ્યક કરે, ૮૧. વણિજ્જં=વ્યાપાર કરે, ૮૨. સિજ્જં=શયન કરે, ૮૩. જલ=જલપાન કરે, ૮૪. મજ્જન=સ્નાન કરે. આ વગેરે જિનાલયમાં અવદ્યકાર્યને ઉદ્યુક્ત શ્રાવક વર્જન કરે. ।।૪।। **(પ્રવચનસારોદ્ધાર ૪૩૩-૪૩૬)**

વિષમ પદાર્થ 'યથા'થી બતાવે છે=૮૪ આશાતનાના પદોનો અર્થ સ્પષ્ટ કરે છે.

૧ ખેલ=શ્લેષ્મ, જિનગૃહમાં નિક્ષિપ્ત કરે છે ૨ કેલિ=ધૂતક્રીડાદિ કરવાં ૩ કલિ=કલહ કરવો ૪ કલા=ધનુર્વિદ્યાદિનો પ્રયોગ કરે ૫ કુલલય=ગંડૂષ=કોગળો કરવો ૬-૭ તાંબૂલનું ભક્ષણ કરે અને ઉદ્ગાલન=તાંબૂલની પિચકારી નાખે ૮ ગાળો આપે ૯ વડીનીતિ-લઘુનીતિનું કરવું ૧૦ શરીર પાદાદિ અંગ ધોવન કરે ૧૧-૧૨ કેશ-નખ સમારે ૧૩ રુધિર પાડે ૧૪ ભત્તોસ=સુખભક્ષિકા=સુખડી આદિ મીઠાઈનું ભક્ષણ કરવું ૧૫ વ્રણાદિ સંબંધી ચામડીને કાઢે ૧૬ ઔષધિ વડે ધાતુ વિશેષ પિત્તને

કાઢે ૧૭ એ રીતે ઊલટી-વમન કરે ૧૮ દાંત પાડે ૧૯ વિશ્રામણા કરાવે=હાથ-પગ દબાવડાવે ૨૦ બકરી-અશ્વ આદિનું દમન કરે ૨૧થી ૨૮ દાંતનો-આંખનો-નખનો-ગંડ=ગૂમડાનો-નાકનો-માથાનો-કાનનો-શરીરનો મેલ જિનગૃહમાં પાડે ૨૯ ભૂતાદિ નિગ્રહ રૂપ મંત્ર કરે અથવા રાજાદિ કાર્યનું આલોચન કરે ૩૦ મિલન=જ્ઞાતિ આદિ સમુદાયની ખબર-અંતર પૂછે ૩૧ લેખ્યક વ્યવહારાદિ કરે ૩૨ ત્યાં=જિનભવનમાં, દાયાદાદિનું વિભજન કરે=લેવડ-દેવડની પ્રવૃત્તિ કરે. ૩૩ પોતાના દ્રવ્યાદિનું ભાંડારગર રાખે ૩૪ દુષ્ટાસન=પગ ઉપર પગ ચઢાવીને બેસે ૩૫થી ૩૯ છાણ-વસ્ત્ર-મગ આદિની દાળ-પાપડ-વડી આ બધાના ઉપલક્ષણપણાથી અન્ય પણ કરીર-ચીભડાં આદિને સૂકવવા માટે પાથરવા ૪૦ નાશન=રાજાદિના ભયથી દહેરાસરાદિમાં છુપાવું ૪૧ આકંદ=રુદન કરવું ૪૨ ચાર પ્રકારની વિકથા કરવી ૪૩ શરોનું=બાણોનું અને શેરડીનું ઘડવું, સરત્થ એ પ્રમાણે પાઠ હોતે છતે બાણોનું-અસ્ત્રોનું અને ધનુષ આદિનું ઘડવું ૪૪ તિર્યંચ એવા ગાય આદિનું સ્થાપન કરવું ૪૫ ઠંડીથી પીડાતાં અગ્નિનું સેવન કરવું=તાપણું કરવું ૪૬ ધાન્યાદિનું રાંધવું ૪૭ નાણાંનું પરીક્ષણ કરવું ૪૮ નૈષેધિકી કરાયેલ હોવા છતાં પણ સાવદ્ય વ્યાપારનું કરણાદિ ૪૯-૫૨ છત્ર-જોડા-શસ્ત્ર-ચામરોનું દેવગૃહની બહાર મૂકવું ૫૩ મનને એકાગ્ર ન કરે ૫૪ તૈલાદિથી અભ્યંગ=તૈલાદિથી શરીરની માલીશ કરે ૫૫ સચિત્તાદિ પુષ્પાદિનો અત્યાગ કરે અર્થાત્ સચિત્તાદિ ફૂલની માળા વગેરે ધારણ કરીને દહેરાસરમાં જાય. 'ત્યાગ' શબ્દ પરિહાર અર્થમાં છે. ૫૬ અજીવ એવા હાર-મુદ્રિકા આદિનો અત્યાગ ૫૭ જિન જોવાયે છતે અંજલિ જોડે નહિ ૫૮ એક સાટિક ઉત્તરાસન કરે નહિ ૫૯ મસ્તક ઉપર મુગટનું ધારણ કરે ૬૦ મૌલિ=મસ્તકને વેષ્ટન વિશેષરૂપ મૌલિ કરે ૬૧ કુસુમાદિમય શેખર કરે ૬૨ પણકરણ=શરત કરે અને પણકરણ=શરત કરવા રૂપ હુડ્ડા તેને કરે ૬૩ જિંડુક=કન્દુક=ખણજ કરે ૬૪ પિતા આદિનું જોત્કારકરણ=પિતાદિને ભેટવા રૂપ જુહાર કરે ૬૫ કક્ષાવાદનાદિ ભાંડક્રિયા કરે ૬૬ કોઈકને તિરસ્કાર માટે રેકાર કરે ૬૭ ધરણ=લભ્ય દ્રવ્યના ગ્રહણ માટે લાંઘણપૂર્વક બેસવું ૬૮ રણ=સંગ્રામ=બાહુ યુદ્ધાદિ કરે ૬૯ વિવરણ=વાળોનું વિજટીકરણ=વાળ છૂટા કરે ૭૦ પર્યસ્તિકાકરણ ૭૧ પાદુકા=ચરણક્ષોપકરણ ૭૨ બે પગનું પ્રસારણ કરે ૭૩ પુડપુડી આપે=સિસોટી વગાડે ૭૪ પોતાના શરીરના સાફ કરવાદિ દ્વારા કાદવ કરે ૭૫ રજ પાતન કરે=ધૂળ નાખે ૭૬ મૈથુન-કામક્રીડા કરે ૭૭ જૂ નાખે ૭૮ જેમન=ભોજન કરે ૭૯ ગુહ્યલિંગ તેની અસંવૃતતા ૮૦ વૈદ્યક કરે ૮૧ વાણિજ્ય-ક્રય-વિક્રયાદિ કરે ૮૨ શય્યા=શયન કરે ૮૩ ત્યાં=દહેરાસરમાં જલપાન માટે પાણી મૂકે અથવા પીએ અથવા વર્ષાઋતુમાં ગ્રહણ કરે ૮૪ મજ્જન=સ્નાન કરે. આ પ્રમાણે ઉત્કૃષ્ટથી ચોર્યાશી (૮૪) આશાતનાઓ છે.

વળી, બૃહદ્ભાષ્યમાં પાંચ જ આશાતના કહેવાઈ છે. જે આ પ્રમાણે –

"જિનભવન વિષયક ૧. અવજ્ઞા, ૨. પૂજાદિમાં અનાદર, ૩. તે પ્રકારનો ભોગ, ૪. દુષ્પ્રણિધાન, ૫. અનુચિત પ્રવૃત્તિ પાંચ આશાતના છે." ॥૧॥

"ત્યાં=પાંચ આશાતનામાં જિનગૃહ વિષયક અવજ્ઞા આશાતના, પલહત્થીઅ=પગ ઉપર પગ ચઢાવીને બેસવું, ભગવાનને પૂંઠ કરવી, અવાજ કરવો, અપયપ્રસારણ=જેમતેમ ચાલવું, પગનું પ્રસારણ કરવું, દુષ્ટાસનનું સેવન કરવું." ।।૨।।

"જેવા તેવા પ્રકારનો વેશ, જે-તે પ્રકારે અને જે-તે કાળમાં પૂજા કરે, સુન્ન=શૂન્યમનસ્ક પૂજા કરે. આ અનાદર આશાતના છે." ।।૩।।

"ભોગ-તંબોલાદિ કરતો જિનગૃહમાં વાસ કરે. જ્ઞાનાદિના લાભનું સાદન છે=નાશ છે. તે કારણથી તેને=તંબોલાદિ ભોગને, અહીં=જિનભવનમાં, વર્જન કરે." ।।૪।।

"રાગથી અથવા દ્વેષથી.અથવા મોહથી દૂષિત મનોવૃત્તિ દુષ્પ્રણિધાન કહેવાય છે. જિનભવનમાં તેને કરવું જોઈએ નહિ." ।।૫।।

"ધરણ=કોઈક પાસેથી ઉઘરાણી લેવા માટે જિનભવનમાં ધરણ કરવું. રણ=પરસ્પર કલહ કરવો. રુદન-વિકથા કરવાં, તિરિબંધણ=તિર્યંચોને બાંધવાં, રંધણાઈ=રાંધવાદિની ગૃહસ્થની ક્રિયા, ગાલી=ગાળો આપવી, વિજ્જ=વૈદ્યની પ્રવૃત્તિ કરવી=ઔષધાદિનું કોઈકને સૂચન કરવું વણિજ્જાઈ=વેપારાદિની વાતો કરવી. ચૈત્યમાં વચનની અનુચિત પ્રવૃત્તિ છે." ।।૬।। **(સંબોધપ્રકરણ ૮૦-૮૫)**

અત્યંત વિષયવાળા સતત અવિરત એવા દેવો પણ દેવગૃહાદિમાં આશાતનાઓને સર્વથા વર્જન કરે છે. જે કારણથી કહેવાયું છે.

"દેવમંદિરમાં દેવો વિષયવિષથી વિમોહિત પણ ક્યારેય પણ અપ્સરાઓ સાથે હાસ્યાદિ ક્રીડાને પણ કરતા નથી." **(શ્રાદ્ધદિનકૃત્ય ગા. ૧૨૪) અને આ આશાતનાઓ જિનાલયમાં કરાતી કેવલ ગૃહસ્થોને જ નિષિદ્ધ નથી, પરંતુ યથાસંભવ સાધુઓને પણ નિષિદ્ધ જ છે એ પ્રમાણે જાણવું. જે કારણથી કહેવાયું છે.**

"આશાતના ભવભ્રમણનું કારણ છે એ પ્રમાણે વિભાવન કરીને યતિઓ મલથી મલિનપણું છે એથી જિનમંદિરમાં વસતા નથી એ પ્રમાણે સમય છે=શાસ્ત્ર છે=શાસ્ત્રમર્યાદા છે." **(પ્રવચનસારોદ્ધાર-૪૩૭)**

ગુરુ આશાતના :-

ગુરુ આશાતના પણ ત્રણ પ્રકારની છે. ત્યાં=ગુરુ આશાતનાના ત્રણ પ્રકારમાં, ૧. ગુરુને પગ આદિ વડે સંઘટ્ટનાદિમાં જઘન્ય આશાતના છે. ૨. થોડા શ્લેષ્મ, થૂંકના સ્પર્શનાદિમાં મધ્યમ આશાતના છે. ૩. ગુરુના આદેશના અકરણ, વિપરીતકરણ કે કઠોર ભાષણાદિમાં ઉત્કૃષ્ટ આશાતના છે અને સંખ્યાથી ગુરુવંદન અધિકારમાં વક્ષ્યમાણ તેત્રીશ(૩૩) આશાતના છે.

સ્થાપનાચાર્યની આશાતના પણ ત્રણ પ્રકારની છે. ૧. તેનું=સ્થાપનાચાર્યનું, આમતેમ ફેરવવું-પાદના સ્પર્શનાદિમાં જઘન્ય આશાતના છે. ૨. ભૂમિ પર પાડવું, અવજ્ઞાથી મૂકવું, આદિમાં મધ્યમ આશાતના છે. ૩. સ્થાપનાચાર્યના નાશ અને ભંગાદિમાં ઉત્કૃષ્ટ આશાતના છે. આ રીતે જ્ઞાનના ઉપકરણની જેમ દર્શનચારિત્રના ઉપકરણ રૂપ રજોહરણ-મુખવસ્ત્રિકા-દાંડાદિની પણ "અથવા જ્ઞાનાદિ ત્રિક" એ પ્રકારના વચનથી ગુરુસ્થાનમાં સ્થાપ્યપણું હોવાથી વિધિના વ્યાપારણથી અધિક=અધિક

તેનો ઉપયોગ કરવાથી, તેની આશાતના પણ વર્જવી જોઈએ=રજોહરણાદિની આશાતના પણ વર્જવી જોઈએ અર્થાત્ રજોહરણ-મુખવસ્ત્રિકા અને દાંડાદિમાં પ્રસંગે સાધુ ગુરુની સ્થાપના કરીને તેના સન્મુખ ક્રિયા કરે છે. તેથી ગુરુસ્થાપનાને માટે ઉપયોગ કરાતા રજોહરણાદિ ઉપકરણ છે માટે સંયમના પ્રયોજન સિવાય તેનો અધિક ઉપયોગ કરવાથી આશાતના થાય છે માટે તેનું વર્જન કરવું જોઈએ=અધિક ઉપયોગનું વર્જન કરવું જોઈએ. જે કારણથી 'મહાનિશીથ'માં કહેવાયું છે.

"અવિધિથી નિસંણ=વસ્ત્ર, ઉત્તરીય, રજોહરણ અથવા દાંડાના પરિભોગમાં ચતુર્થ પ્રાયશ્ચિત્ત છે."

'ઇતિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

તે કારણથી=સાધુએ રજોહરણાદિની આશાતના વર્જવી જોઈએ તે કારણથી, શ્રાવકોએ ચરવળો-મુખવસ્ત્રિકાદિનું વિધિથી જ વ્યાપારણ સ્વસ્થાન સ્થાપનાદિ કરવી જોઈએ; કેમ કે અન્યથા=વિધિપૂર્વક ચરવળાદિનો ઉપયોગ ન કરવામાં આવે તો, ધર્મના અવજ્ઞાદિ દોષની આપત્તિ છે. અને આમાં=પૂર્વમાં વર્ણન કર્યું એ બધી આશાતનામાં, ઉત્સૂત્રભાષણ-અરિહંત-ગુરુ આદિની અવજ્ઞાદિ મોટી આશાતના અનંત સંસારિતાનો હેતુ છે. જે કારણથી કહેવાયું છે.

"ઉત્સૂત્રભાષણ કરનારાઓને બોધિનો નાશ, અનંત સંસાર છે. તે કારણથી પ્રાણના ત્યાગમાં પણ ધીરપુરુષો ઉત્સૂત્ર બોલતા નથી." ॥૧॥

"તીર્થંકર-પ્રવચન-શ્રુત-આચાર્ય-ગણધર-મહર્ધિકની આશાતના કરતા બહુધા અનંતસંસારી થાય છે=આશાતના કરનારા જીવો અનંતસંસારી થાય છે." ॥૧॥ **(ઉપદેશપદ-૪૨૩)**

'ઇતિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

આ રીતે દેવદ્રવ્ય-જ્ઞાનદ્રવ્ય-સાધારણ દ્રવ્ય અને વસ્ત્ર-પાત્રાદિ રૂપ ગુરુદ્રવ્યના=ગુરુનાં વસ્ત્ર-પાત્રાદિના વિનાશમાં અને તેની ઉપેક્ષામાં મોટી આશાતના છે. જેને કહે છે.

"ચૈત્યદ્રવ્યના વિનાશમાં, ઋષિના ઘાતમાં, પ્રવચનના ઉડ્ડાહમાં, સાધ્વીના ચોથા વ્રતના ભંગમાં બોધિલાભનો મૂલઅગ્નિ છે=બોધિલાભનો નાશ છે." ॥૧॥ **(સંબોધપ્રકરણ-દેવાધિકાર ગાથા-૧૦૫)**

અહીં=દેવદ્રવ્યાદિના વિષયમાં, ભક્ષણ-ઉપેક્ષણાદિ રૂપ વિનાશ છે. શ્રાવકદિનકૃત્યદર્શનશુદ્ધિ આદિમાં પણ કહેવાયું છે.

"ચૈત્યદ્રવ્ય અને સાધારણદ્રવ્યનો જે દ્રોહ કરે છે, મોહિતમતિવાળો તે ધર્મને જાણતો નથી અથવા નરક વિષયક બદ્ધાયુષ્યવાળો છે." **(સંબોધપ્રકરણ દે. ૧૦૭)**

ચૈત્યદ્રવ્ય પ્રસિદ્ધ છે. અને સાધારણદ્રવ્ય ચૈત્ય, પુસ્તક, આપદ્‌ગત શ્રાવકાદિના સમુદ્ધરણ યોગ્ય ઋદ્ધિવાળા શ્રાવકથી મિલિત દ્રવ્ય છે. આ બેનો જે દ્રોહ કરે છે=વિનાશ કરે છે અથવા ઉપભોગ કરે છે અર્થાત્ વ્યાજવ્યવહારાદિ દ્વારા તેના ઉપયોગનો ઉપભોગ કરે છે=ચૈત્યદ્રવ્ય-સાધારણદ્રવ્યનો ઉપભોગ કરે છે એ પ્રમાણે અર્થ છે.

"ચૈત્યદ્રવ્યના વિનાશમાં અને તેના દ્રવ્યના વિનાશનમાં બે પ્રકારના ભેદમાં ઉપેક્ષા કરતો સાધુ અનંતસંસારી થાય છે." **(સંબોધપ્રકરણ દેવાધિકાર ગાથા-૧૦૬)**

ચૈત્યદ્રવ્ય=હિરણ્યાદિ તેના વિનાશમાં અને તે ચૈત્યનું દ્રવ્ય લાકડું-ઈંટ આદિ, તેના વિનાશનમાં= વિધ્વંસનમાં, કેવા પ્રકારના ? એથી કહે છે. યોગ્ય અને અતીતભાવના વિનાશના ભેદથી બે પ્રકારના, ચૈત્યદ્રવ્યને યોગ્ય હોય અથવા ચૈત્યદ્રવ્યનું તૂટેલું લાકડું હોય તે રૂપ વિનાશના ભેદથી બે પ્રકારના, ત્યાં યોગ્ય=નવું લાવેલું, અતીતભાવ=લાગેલું ઉત્પાદિત છે=જૂનું વપરાયેલું કાઢી નાખેલું અતીતભાવવાળું છે. અથવા મૂલ-ઉત્તર ભેદથી બે પ્રકારમાં, ત્યાં મૂલ સ્તમ્ભ કુંભ આદિ છે વળી, ઉત્તર છાદનાદિ છે=છાપરા-પડદાદિ છે અથવા સ્વપક્ષ-પરપક્ષ કૃત વિનાશના ભેદથી બે પ્રકારમાં, સ્વપક્ષ=સાધર્મિક વર્ગ, પરપક્ષ=વૈધર્મિક લોક છે. એ રીતે અનેક પ્રકારે દ્વૈવિધ્ય છે. અહીં=સંબોધપ્રકરણના ઉદ્ધરણમાં, 'अपि' શબ્દ અધ્યાહાર હોવાથી શ્રાવક દૂર રહો. સર્વ સાવદ્ય વિરતસાધુ પણ ઔદાસીન્યને કરતો=દેશનાદિ દ્વારા અનિવારણને કરતો=ચૈત્યદ્રવ્યનો વિનાશ થતો હોય તેના રક્ષણ માટે ઉચિત દેશનાદિ દ્વારા અનિવારણ કરતો, અનંતસંસારી કહેવાયો છે. એ પ્રમાણે વૃત્તિ છે=સંબોધપ્રકરણની ટીકા છે.

'ननु'થી શંકા કરે છે. ત્રણ પ્રકારના પ્રત્યાખ્યાત સાવદ્યવાળા યતિને=કરણ-કરાવણ-અનુમોદના રૂપ ત્રણ પ્રકારે સાવદ્યનું પ્રત્યાખ્યાન કર્યું છે તેવા સાધુને, ચૈત્યદ્રવ્યની રક્ષામાં અધિકાર કેમ હોય ? એ પ્રમાણે કોઈ પ્રશ્ન કરે તો કહે છે. રાજાદિ પાસેથી ગૃહ, ગામ આદિના આદેશાદિથી અભ્યર્થના કરીને નવું ઉત્પાદન કરતા યતિને તમારા વડે કહેવાયેલા દૂષણનો અવકાશ છે, પરંતુ કોઈક યથાભદ્રકાદિ દ્વારા પૂર્વમાં વિત્તીર્ણ અથવા વિલુપ્યમાન અન્ય જિનદ્રવ્યને રક્ષે છે ત્યારે અભ્યુપ્રેત અર્થની હાનિ નથી=સાધુ દ્વારા સ્વીકારાયેલા ત્રિવિધ પચ્ચક્ખાણની હાનિ નથી, પરંતુ ધર્મની પુષ્ટિ જ છે; કેમ કે જિનાજ્ઞાનું આરાધન છે. આગમમાં પણ આ પ્રમાણે જ છે, જેને કહે છે.

"ચોઈએ=પ્રશ્ન કરે છે. ચૈત્યદ્રવ્યના ક્ષેત્ર, હિરણ્ય, ગામ, ગૌ આદિ માટે લગંતસ્સ=લાગેલા યતિને ત્રિકરણશુદ્ધિ કઈ રીતે થાય ? ।।૧।।

ઉત્તર આપે છે. આમાં=ચૈત્યદ્રવ્ય માટે લાગેલા યતિના વિષયમાં, વિભાષા છે=વિકલ્પ છે. જો=જે=જે સાધુ, એઆઇ=આમને=ચૈત્યદ્રવ્યને સ્વયં માંગે=શ્રાવકો પાસે ચૈત્ય માટે દ્રવ્ય માંગે, તેને શુદ્ધિ થાય નહિ=તે સાધુને ત્રિકરણશુદ્ધિ થાય નહિ. હવે કોઈ આમને=ચૈત્યદ્રવ્યાદિને હરે. ।।૨।।

ત્યાં=ચૈત્યદ્રવ્યને હરે ત્યાં, ઉપેક્ષા કરે. તે જે ત્રિકરણ વિશુદ્ધિ કહેવાઈ તે થાય નહિ; કેમ કે તેની અભક્તિ છે=ચૈત્યદ્રવ્યની અભક્તિ છે. તે કારણથી નિવારણ કરવું જોઈએ. ।।૩।।

તેમાં=ચૈત્યદ્રવ્યના રક્ષણમાં, સંઘ વડે સર્વ પ્રયત્નથી લાગવું જોઈએ=સંઘ વડે સર્વ પ્રયત્નથી યત્ન કરવો જોઈએ અને સચારિત્રવાળા અચારિત્રવાળા સર્વનું કાર્ય છે=ચૈત્યદ્રવ્યના રક્ષણનું કાર્ય સાધુ અને શ્રાવક સર્વનું છે." ।।૪।।

વ્યવહારભાષ્યમાં પણ કહેવાયું છે.

"ચૈત્યદ્રવ્યને ગ્રહણ કરે છે, ભોગવે છે અથવા જે=જે શ્રાવક, સાધુને આપે છે=આ ચૈત્યદ્રવ્ય તમારે સંભાળવું જોઈએ, એ પ્રકારે સાધુને આપે છે તે=તે શ્રાવક, લેતો પણ=ચૈત્યદ્રવ્યને લેતો પણ=સ્વયં ઉપયોગ કરતો પણ, દેતો

પણ=સાધુને આપતો પણ, આજ્ઞાઅનવસ્થાને પ્રાપ્ત કરે છે=આજ્ઞાભંગ-અનવસ્થા દોષને પ્રાપ્ત કરે છે."

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

દેવદ્રવ્યના ભક્ષણ-રક્ષણ-વર્ધનમાં યથાક્રમ ફલોને કહે છે, જે આ પ્રમાણે છે.

"જિનપ્રવચનની વૃદ્ધિને કરનાર, જ્ઞાન-દર્શન ગુણના પ્રભાવક એવા જિનદ્રવ્યનું ભક્ષણ કરતો અનંતસંસારી થાય છે." **(શ્રાદ્ધદિનકૃત્ય-૧૪૨)**

જિનપ્રવચન એ ગાથાના ઉદ્ધરણનું પ્રતિક છે. દેવદ્રવ્યના તે વિશેષણને સ્પષ્ટ કરે છે. દેવદ્રવ્ય હોતે છતે પ્રતિદિવસ ચૈત્ય સમાચ્ચન, મહાપૂજા, સત્કાર સંભવ છે અને ત્યાં=ચૈત્યમાં, પ્રાયઃ યતિજનનો સંપાત છે=સાધુજનનું આગમન છે અને તેમના વ્યાખ્યાનાદિના શ્રવણાદિથી જિનપ્રવચનની વૃદ્ધિ છે. એથી દેવદ્રવ્ય જિનપ્રવચનની વૃદ્ધિને કરનારું છે એમ અન્વય છે. એ રીતે જ્ઞાનાદિ ગુણોની પ્રભાવના છે=દેવદ્રવ્ય વિદ્યમાન હોય તો સુસાધુના ઉપદેશાદિના કારણે જ્ઞાનાદિ ગુણોની પ્રભાવના છે. એ પ્રમાણે અર્થ છે=શ્રાદ્ધવિધિના શ્લોકના પૂર્વાર્ધનો અર્થ છે.

"જિનપ્રવચનની વૃદ્ધિને કરનાર, જ્ઞાન-દર્શન ગુણના પ્રભાવક એવા જિનદ્રવ્યને રક્ષણ કરતો શ્રાવક પરિત્ત સંસારી થાય છે." **(શ્રાદ્ધદિનકૃત્ય-૧૪૩, સંબોધપ્રકરણ-૯૮)**

શ્લોકમાં રહેલ 'પરિત્તિ' શબ્દનો અર્થ કરે છે. 'પરિત્ત' એ શબ્દ પરિમિત ભવસ્થિતિને બતાવનાર છે. તેથી જિનદ્રવ્યને રક્ષણ કરતો પરિમિત ભવમાં મોક્ષને પામે છે એ પ્રકારનો અર્થ છે.

"જિનપ્રવચનની વૃદ્ધિ કરનાર જ્ઞાન-દર્શન ગુણના પ્રભાવક એવા જિનદ્રવ્યની વૃદ્ધિને કરતો જીવ તીર્થંકરપણાને પામે છે." **(શ્રાદ્ધદિનકૃત્ય-૧૪૪, સંબોધપ્રકરણ-૯૭)**

અહીં=ચૈત્યદ્રવ્યના વિષયમાં, વૃદ્ધિ સમ્યક્ રક્ષણપૂર્વક અપૂર્વ ધનપ્રક્ષેપાદિથી જાણવી. વૃદ્ધિ પણ=ચૈત્યદ્રવ્યની વૃદ્ધિ પણ, કુવ્યાપારને છોડીને સદ્વ્યવહારાદિ વિધિથી જ કરવી જોઈએ અર્થાત્ જે શ્રાવકને તીર્થંકરના ગુણોનો બોધ છે, જિનદ્રવ્ય કઈ રીતે જિનપ્રવચનની વૃદ્ધિને કરનાર છે અને કઈ રીતે જ્ઞાન-દર્શનાદિ ગુણોનો પ્રભાવક છે તેના પરમાર્થનો બોધ છે, તેથી તે શ્રાવકને તીર્થંકરો પ્રત્યે અત્યંત ભક્તિ થવાને કારણે તીર્થંકરની ભક્તિનું આ દ્રવ્ય છે એ પ્રકારે પૂજ્યબુદ્ધિથી તે શ્રાવક ચૈત્યદ્રવ્યનું રક્ષણ કરે છે. અને સ્વશક્તિ અનુસાર પોતાનું ધન તેમાં પ્રક્ષેપાદિ કરે છે. જેનાથી જિનદ્રવ્યની વૃદ્ધિ થાય છે. વળી જિનદ્રવ્યનું રક્ષણ વ્યાજ આદિ વિધિથી કરે ત્યારે પણ કુવ્યાપારના વર્જનપૂર્વક ઉચિત વ્યવહાર દ્વારા વૃદ્ધિ કરે તો પૂર્વમાં કહેલ પરિત્ત સંસારીપણું કે તીર્થંકરપણું તે જીવને પ્રાપ્ત થઈ શકે છે. માત્ર બાહ્યકૃત્યની અપેક્ષાએ પરિત્ત સંસારીપણું કે તીર્થંકરપણું પ્રાપ્ત થતું નથી. જે કારણથી કહેવાયું છે.

"જિનેશ્વરની આજ્ઞાથી રહિત જિનદ્રવ્યને વધારતા પણ કેટલાક મોહથી મૂઢ અજ્ઞાની (જીવો) ભવસમુદ્રમાં ડૂબે છે." **(સંબોધપ્રકરણ-દેવાધિકાર-૧૦૨)**

શ્રાવકથી અન્ય એવા જીવો પાસેથી સમધિક ગ્રહણ કરીને કલાંતરથી પણ વૃદ્ધિ ઉચિત નથી એ

પ્રમાણે કેટલાક કહે છે; કેમ કે "સમ્યક્ત્વવૃત્તિ" આદિમાં સંકાશની કથામાં તે પ્રમાણે ઉક્તિ છે. તથા માલા પરિધાપનાદિમાં દેવસત્ક કરાયેલું દ્રવ્ય=દેવસંબંધી કરાયેલું દ્રવ્ય, તરત જ આપવું જોઈએ. અન્યથા પૂર્વમાં કહેલા દેવદ્રવ્યના ઉપભોગના દોષનો પ્રસંગ છે. વળી, તરત અર્પણમાં અસમર્થ એવા શ્રાવકે પક્ષાદિ અવધિને સ્પષ્ટ કરવી જોઈએ=ઉછામણી બોલતી વખતે અવધિને સ્પષ્ટ કરવી જોઈએ. તેની વચમાં આપવું જોઈએ=નક્કી કરેલ અવધિની વચમાં આપવું જોઈએ. વળી, તેના=અવધિના, ઉલ્લંઘનમાં દેવદ્રવ્યના ઉપભોગનો દોષ સ્પષ્ટ જ છે. દેવ સંબંધી વાજિંત્ર પણ ગુરુ અને સંઘની આગળ વગાડવાં જોઈએ નહિ. કેટલાક કહે છે પુષ્ટાલંબનમાં બહુ ધનઅર્પણપૂર્વક વ્યાપાર પણ કરાય છે=દેવસંબંધી વાજિંત્રનો ગુરુ આદિ આગળ ઉપયોગ પણ કરાય છે, જે કારણથી કહેવાયું છે.

"મૂલ્ય વગર જિનોનું ઉપકરણ ચામર-છત્ર-કલશાદિ જે મૂઢ પોતાના કાર્યમાં વાપરે છે=કરે છે તે દ્રોહી થાય છે= જિનદ્રવ્યનો દ્રોહ કરનારો થાય છે."

અને સ્વયં ઉપકરણનો ઉપયોગ કરતા શ્રાવક વડે ઉપકરણના ભંગમાં સ્વદ્રવ્યથી નવું બનાવવું જોઈએ અને પોતાના ઘરનો દીપક ભગવાનના દર્શન માટે દેવની પાસે લાવેલો પણ દેવસંબંધી થતો નથી, પરંતુ પૂજા માટે જ દેવની સન્મુખ મૂકવામાં દેવસંબંધી જ થાય છે; કેમ કે પરિણામનું જ પ્રમાણ કહ્યું છે.

આ રીતે જ્ઞાનદ્રવ્ય પણ દેવદ્રવ્યની જેમ શ્રાવકને કલ્પતું નથી. જ્ઞાન સંબંધી કાગળ-પત્રાદિ સાધુ આદિથી અર્પિત, શ્રાવકે સ્વકાર્યમાં ઉપયોગ કરવો જોઈએ નહિ. સાધુ આદિ સંબંધી મુખવસ્ત્રિકા આદિનો ઉપયોગ પણ સાધુને યુક્ત નથી; કેમ કે ગુરુદ્રવ્યપણું છે [અને 'શ્રાદ્ધજિતકલ્પ'માં કહેવાયું છે.

"મુહપત્તિ-આસન આદિમાં ભિન્ન=ભિન્નમાસ પ્રાયશ્ચિત્ત છે. જલ-અન્ન આદિમાં ગુરુ-લઘુ આદિ પ્રાયશ્ચિત્ત છે. યતિદ્રવ્યનો ભોગી આ રીતે વસ્ત્રાદિમાં દેવદ્રવ્યની જેમ છે."

ભાવાર્થ આ પ્રમાણે છે. ગુરુ-યતિ સંબંધી મુખવસ્ત્રિકા-આસન-અશનાદિ પરિભુક્ત કરાયે છતે ભિન્ન=ભિન્નમાસ પ્રાયશ્ચિત્ત છે. અને જલમાં-અન્નમાં આદિ શબ્દથી વસ્ત્રાદિ અથવા વિકમાદિની જેમ કોઈક વડે સાધુ નિશ્રાકૃત લિંગ સંબંધી કનકાદિનો પરિભોગ કરાયે છતે ગુરુ-લઘુક આદિ ક્રમથી થાય છે=સાધુ સંબંધી જલ-અન્ન અને વસ્ત્રનો પરિભોગ કરાયે છતે ગુરુ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય અને સાધુ સંબંધી નિશ્રાકૃત સુવર્ણાદિનો પરિભોગ કરાયે છતે લઘુમાસ આદિનું પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય. આ અર્થ છે. ગુરુ સંબંધી પાણીનો પરિભોગ કરાયે છતે રી=શ્રાવકને શાસ્ત્રીયભાષા અનુસારે પ્રાયશ્ચિત્ત આવે છે. અન્નનો પરિભોગ કરાયે છતે '૪' શાસ્ત્ર પરિભાષા અનુસાર પ્રાયશ્ચિત્ત આવે છે. વસ્ત્રાદિમાં ૬, લઘુ અને કનકાદિમાં ૬ પ્રાયશ્ચિત્ત આવે છે અને આ રીતે ગુરુદ્રવ્ય ભોગ યોગ્ય અને પૂજાના ભેદથી બે પ્રકારનું છે. ત્યાં પ્રથમ વસ્ત્ર-પાત્ર-અશનાદિ છે અને દ્વિતીય તેમની નિશ્રાકૃત સુવર્ણ મુદ્રાદિ એ પ્રમાણે પર્યવસન છે.]

વળી સાધારણ=સાધારણદ્રવ્ય, સંઘ વડે અપાયેલું કલ્પે છે=શ્રાવકને કલ્પે છે. અને આથી જ

મુખ્યવૃત્તિથી ધર્મવ્યય સાધારણમાં જ કરાય છે; કેમ કે તેનું=સાધારણદ્રવ્યનું, અશેષ ધર્મકાર્યમાં ઉપભોગ માટે આગમન છે અને ધર્મસ્થાનમાં પ્રતિજ્ઞા કરાયેલું દ્રવ્ય જુદું જ વાપરવું જોઈએ, પરંતુ સ્વયં કરાતા ભોજન-દાનાદિરૂપ વ્યયમાં પ્રક્ષેપ કરવો જોઈએ નહિ. આ રીતે=ધર્મસ્થાનમાં પ્રતિજ્ઞા કરાયેલું દ્રવ્ય પોતાના ધર્માર્થે કરાતા ખર્ચમાં ભેગુ કરવામાં આવે એ રીતે, સ્પષ્ટ જ ધર્મધનના ઉપયોગનો દોષ છે, આ પ્રમાણે હોતે છતે જેઓ યાત્રાદિમાં સર્વ ભોજન-શકટને મોકલવા આદિના વ્યયને, માનિત વ્યય મધ્યમાં=યાત્રાદિ માટે ખર્ચ કરવા માટે નક્કી કરાયેલા ધન મધ્યમાં ગણે છે. મૂઢ એવા તેઓની કઈ ગતિ થશે તે જણાતું નથી. સ્વનામથી મંડિત ઉજમણાદિમાં પણ પ્રૌઢ આડંબરથી લોકો વડે બહુ શ્લાઘાદિ થાય. અને તેમાં વાપરેલી વસ્તુનું મૂલ્ય થોડું આપે તે વ્યક્ત જ દોષ છે અને અન્ય વડે અપાયેલ ધર્મસ્થાનમાં વ્યય કરવા માટેનું ધન, વ્યય સમયમાં તેનું નામ સ્પષ્ટ ગ્રહણ કરવું જોઈએ. આ રીતે સામુદાયિકમાં પણ=સામુદાયિક કાર્યમાં પણ, સ્પષ્ટ કરવું જોઈએ. અન્યથા પુણ્યસ્થાનમાં સ્તૈન્યાદિ દોષની આપત્તિ છે=ધર્મકૃત્યના સ્થાનમાં બીજાના ધનથી પોતાના આડંબરને બતાવવાના દોષની પ્રાપ્તિ છે. એ રીતે અન્ત્ય અવસ્થામાં=મૃત્યુકાળમાં, પિત્રાદિનું જે મનાય છે=પિત્રાદિના નામે હું આ કાર્ય કરીશ એ પ્રમાણે જે નિર્ણય કરાય છે તે, તેમના સાવધાનપણામાં=પિત્રાદિના સાવધાનપણામાં, ગુરુ આદિ સંઘ સમક્ષ આ પ્રમાણે કહેવું જોઈએ. જે તમારા નિમિત્તે આટલા દિવસ મધ્યમાં આટલા ધનને હું વ્યય કરીશ. તે કારણથી તમારે અનુમોદના કરવી જોઈએ. અને તે પણ= પિત્રાદિના નિમિત્તે વ્યય કરવા માટે નક્કી કરેલું ધન પણ, તરત જ સર્વના જાણતાં જ વ્યય કરવું જોઈએ, પરંતુ સ્વનામથી કરવું જોઈએ નહિ. વળી, અમારિદ્રવ્ય દેવભોગમાં પણ આવતું નથી=અનુકંપાનું દ્રવ્ય, દેવદ્રવ્યમાં વપરાતું નથી. આ રીતે સર્વત્ર ધર્મકાર્યમાં આશાતનાના વારણ માટે વિવેકીઓ વડે વિવેક કરવો જોઈએ. પ્રસંગથી સર્યું. અને સ્વશક્તિથી=પોતાની શક્તિ અનુસારથી, પરંતુ સ્વશક્તિના અતિક્રમથી ધનવ્યય કરવો જોઈએ નહિ; કેમ કે તે પ્રમાણે કરાયે છતે=શક્તિને ઓળંગીને કરાયે છતે, લોકમાં ઉપહાસ, આર્તધ્યાનાદિની પ્રવૃત્તિ છે.

સ્વશક્તિથી ઉચિતનું ચિંતવન શ્રાવકે કરવું જોઈએ એમ મૂળ શ્લોકમાં કહ્યું તે સ્પષ્ટ કરે છે.

ચૈત્ય સંબંધી યોગ્ય કાર્ય ઉચિત છે=શ્રાવકને કરવા માટે ઉચિત છે. ક્યાં કાર્યો ઉચિત છે ? તે સ્પષ્ટ કરે છે. આ ચૈત્યપ્રદેશનું સંમાર્જન, ચૈત્યભૂમિનું પ્રમાર્જન, પૂજાના ઉપકરણનું સમારકામ, પ્રતિમાના પરિકરાદિના નૈર્મલ્યનું આપાદન, વિશિષ્ટ પૂજા, પ્રદીપાદિની શોભાનું આવિર્ભાવન, અક્ષત-નૈવેદ્યાદિ વસ્તુના સમૂહનું સત્યાપન=ઉચિત રીતે ઉપયોગ કરવો, ચંદન-કેસર-ધૂપ-ઘી આદિનો સંચય. દેવદ્રવ્યના ઉદ્ગ્રાહણિકાના કરણમાં ઉદ્યમ=ઉઘરાણીના કરણમાં યત્ન, તેનું સુસ્થાનમાં સ્થાપન=દેવદ્રવ્યનો વિનાશ ન થાય તે રીતે સ્થાપન, તેના આય-વ્યયાદિનું સુવ્યક્ત લેખ્યકનું વિવેચન=દેવદ્રવ્યના વ્યાજ વગેરેનું સુવ્યક્ત લખાણનું અવલોકન, કર્મકરનું સ્થાપન વગેરે ચૈત્ય સંબંધી યોગ્ય કાર્ય છે. તેઓનું ચિંતન=ચિંતાકરણ. વળી અન્વય કહેવાયો જ છે. આ ભાવ છે – આઢ્યને=ધનાઢ્યને દ્રવ્ય પરિજનાદિ બલથી સાધ્ય ચૈત્યની ચિંતા સુકર છે. વળી અનાઢ્યને=નિર્ધનપુરુષને,

સ્વશરીર-કુટુંબાદિ સાધ્ય એવી ચૈત્યની ચિંતા દુષ્કર છે. તેથી જેનું જ્યાં જે પ્રમાણે સામર્થ્ય છે તે=શ્રાવક, ત્યાં=તે કૃત્યમાં, તે પ્રકારે=પોતાના સામર્થ્ય પ્રમાણે વિશેષથી પ્રવર્તે. ત્યાં પણ સ્વલ્પ સમય સાધ્ય એવી ચિંતા=ચૈત્યની ચિંતા બીજી નૈષેધિકીથી પૂર્વે તેને કરે. વળી, શેષ કાર્યોની ચિંતાને પાછળથી પણ યથાયોગ્ય કરે અને આ જ ગૃહસ્થપણાનો સાર છે=ચૈત્યોનાં કાર્યોની ચિંતા કરે તે ગૃહસ્થજીવનનો સાર છે અને તે રીતે કહે છે.

"તે જ્ઞાન છે, તે વિજ્ઞાન છે, તે કલામાં કૌશલ્ય છે, તે બુદ્ધિ છે અને તે પુરુષાર્થ છે. જે દેવનાં કાર્યોથી=ચૈત્ય સંબંધી કાર્યોથી, પસાર થાય છે." **'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.**

અને જીર્ણોદ્ધાર કરવામાં મહાફલ છે, જેને કહે છે.

"આત્મા ઉદ્ધરણ કરાયો જ છે અને તે પ્રમાણે તેના વડે પોતાનો વંશ ઉદ્ધરણ કરાયો છે. વળી જિનભવનની અનુમોદના કરતાં અન્ય ભવ્યજીવો ઉદ્ધરણ કરાયા છે. તેના વડે નીચગોત્ર ક્ષપિત કરાયું છે અને ઉચ્ચગોત્ર બંધાયું છે. કુગતિનો પથ નિટ્ઠવિત છે=દૂર કરાયો છે, તે પ્રમાણે સુગતિનો પથ અર્જન કરાયો છે. આ લોકમાં કીર્તિ પ્રાપ્ત કરાઈ છે અને જિનભવનના ઉદ્ધરણ કરતા પુરુષ વડે સત્પુરુષોનો માર્ગ અન્ય ભવ્ય જીવોને બતાડાયેલો થાય છે.

તે જ ભવ વડે કેટલાક સિદ્ધ થાય છે ઇંદ્ર જેવા કેટલાક વળી દેવના સુખને અનુભવીને સિદ્ધપણાને પામે છે." **(શ્રાદ્ધદિનકૃત્ય ગા. ૧૦૧-૪) 'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.**

આ રીતે ધર્મશાળા, ગુરુ, જ્ઞાનાદિની પણ યથાઉચિત ચિંતામાં સ્વશક્તિથી યત્ન કરવો જોઈએ. હિ=જે કારણથી, દેવ-ગુરુ આદિની ચિંતાને કરનાર શ્રાવકને છોડીને અન્ય કોઈ નથી. હવે જિનપૂજાદિ રૂપ કાર્યાનન્તરકરણીયને કહે છે.

'प्रत्याख्याने'ત્યાદિ શ્લોકનું પ્રતીક છે. ગુરુની=દેવવંદન માટે આવેલ ધર્માચાર્યની, સ્નાત્રાદિના દર્શન અને ધર્મદેશનાદિ માટે ત્યાં જ રહેલા ગુરુની અથવા વસતીમાં રહેલા ગુરુની ચૈત્યની જેમ નૈષેધિકી ત્રણ, અધિગમ પંચકાદિ યથાયોગ્ય વિધિથી જઈને ધર્મદેશનાની પૂર્વે અથવા પશ્ચાત્ પચ્ચક્ખાણ કરવું જોઈએ એમ અન્વય છે. તેમની પાસે=ઉચિત એવા સમીપમાં, અને ઉચિતપણું શું છે ? તે સ્પષ્ટ કરે છે સાડા ત્રણ હાથ પ્રમાણ ક્ષેત્રથી બહિરવસ્થાન ઉચિત છે, તે પ્રકારે ઉચિત સમીપમાં રહીને વિનયપૂર્વક=આગળમાં કહેવાશે એવા વંદનકાદિ રૂપ વિનય તત્પૂર્વક=વંદનને આદિમાં કરીને, દેવ સમીપ કરાયેલા પ્રત્યાખ્યાનનું અથવા તેનાથી વિશિષ્ટ પ્રત્યાખ્યાનનું=પૂર્વમાં કરાયેલા પ્રત્યાખ્યાનથી વિશિષ્ટ પ્રત્યાખ્યાનની ક્રિયાનું કરણ=ગુરુમુખથી સ્વીકાર અને આ વિશેષથી ગૃહીધર્મ છે એમ અન્વય છે. હિ=જે કારણથી, ત્રિવિધ પ્રત્યાખ્યાનનું કરણ છે. ૧. આત્મસાક્ષીક, ૨. દેવસાક્ષીક, ૩. ગુરુસાક્ષીક. એથી ગુરુ પાસે પ્રત્યાખ્યાન કરવું જોઈએ અને કહેવાયું છે.

"જે પ્રત્યાખ્યાન હતું તેને=પ્રત્યાખ્યાનને, ગુરુસાક્ષીએ કરે છે. અથ=અથવા વિશેષથી ગ્રહણ કરે છે. આ ગુરુસાક્ષીક ધર્મ છે."

પ્રત્યાખ્યાન પરિણામની ગુરુસાક્ષીપણામાં દૃઢતા થાય છે. "ગુરુસાક્ષીક ધર્મ છે." એ પ્રકારે

જિનાજ્ઞાનું આરાધન થાય છે. ગુરુવાક્યથી ઉદ્‌ભૂત શુભાશયથી અધિક ક્ષયોપશમ અને તેનાથી=અધિક ક્ષયોપશમથી અધિક પ્રતિપત્તિ છે. ઈત્યાદિ ગુણ છે=ગુરુસાક્ષીક પ્રત્યાખ્યાન ગ્રહણ કરવામાં ઈત્યાદિ ગુણ છે. તે 'શ્રાવક પ્રજ્ઞપ્તિ'માં કહેવાયું છે.

"વિદ્યમાન પણ પરિણામ હોતે છતે ગુરુ મૂલ પ્રજ્ઞાપનામાં=ગુરુ પાસે પચ્ચક્ખાણ ગ્રહણ કરવામાં, આ ગુણ છે. દૃઢતાથી આજ્ઞાનું કરણ અને કર્મના ક્ષયોપશમની વૃદ્ધિ."

અને આ રીતે અન્ય પણ નિયમો સંભવ હોતે છતે=ગુરુ પાસે અન્ય નિયમોના ગ્રહણનો સંભવ હોતે છતે ગુરુસાક્ષીએ સ્વીકારવા અને પ્રત્યાખ્યાનનું કરણ ગુરુના વિનયપૂર્વક એ પ્રમાણે કહેવાયું અને તે=ગુરુનો વિનય, વંદનાદિ રૂપ છે ત્યાં=વિનયમાં વંદન ત્રણ પ્રકારના છે. જે પ્રમાણે ભાષ્ય છે.

"ગુરુવંદન અહીં ત્રણ પ્રકારનાં છે. તે ૧. ફેટાવંદન, ૨. ક્ષોભવંદન, ૩. દ્વાદશાવર્ત વંદન. મસ્તકના નમનાદિમાં પ્રથમ છે=ફેટાવંદન છે. વળી બે ખમાસમણમાં બીજું છે=ક્ષોભવંદન છે. વળી ત્રીજું છંદણ દુગમાં છે=દ્વાદશાવર્ત વંદન છે. ત્યાં=ત્રણ વંદનમાં, મિથ=પરસ્પર, પ્રથમ સકલસંઘમાં છે=પરસ્પર ફેટાવંદન સકલસંઘમાં છે. વળી બીજું દર્શનીયને છે. વળી ત્રીજું પદમાં રહેલાઓને છે." **(ગુરુવંદનભાષ્ય ગાથા-૧, ૪)**

અને જેની સાથે પ્રતિક્રમણ માંડલીમાં કરાયું ન હોય તે સાધુને વિધિપૂર્વક બૃહદ્‌વંદન આપવું જોઈએ અને તેની વિધિ આ પ્રમાણે ભાષ્યમાં છે.

"ઈરિયાવહિ, કુસુમિણનો કાઉસ્સગ્ગ, ચૈત્યવંદન, પૂતિવંદન, આલોચન, વંદન, ક્ષામણ, વંદન, સંવર=પચ્ચક્ખાણ, ચાર ક્ષોભ, બે સ્વાધ્યાય." ।।૧।।

"ઈરિયાવહિ, ચૈત્યવંદન, પુત્તિવંદન, ચરિમવંદન, આલોચન, વંદન, ક્ષામણ, ચાર ક્ષોભ, દિવસનો કાઉસ્સગ્ગ, બે સ્વાધ્યાય." ।।૨।। **(ગુરુવંદનભાષ્ય-૩૮, ૩૯)**

આ બંને ગાથાની વ્યાખ્યા – પ્રથમ ઈર્યાપથિકીનું પ્રતિક્રમણ કરે. ત્યારપછી કુસુમિણ ઈત્યાદિ સો(૧૦૦) ઉચ્છ્વાસમાન કાઉસ્સગ્ગ કરે. વળી કુસ્વપનની પ્રાપ્તિમાં એકસો આઠ(૧૦૮) ઉચ્છ્વાસમાન કાઉસ્સગ્ગ કરે. ત્યારપછી ચૈત્યવંદના, ત્યારપછી 'પુત્તિ'=મુખવસ્ત્રિકા ખમાસમણાપૂર્વક પ્રતિલેખના કરે. ત્યારપછી વંદનદ્વય અને આલોચન કરે. ફરી વંદનદ્વય કરે અને ક્ષમણકને=સાધુને, ફરી વંદનદ્વય કરે. પછી પચ્ચક્ખાણ ગ્રહણ કરે અને ચાર ક્ષોભ=ભગવન્ ઈત્યાદિ=ભગવાનહં ઈત્યાદિ ચાર ક્ષમાશ્રમણને વંદન કરે. ત્યારપછી 'સજ્ઝાય સંદિસાહુ સજ્ઝાય કરું' એ પ્રમાણે બે ખમાસમણ આપીને સ્વાધ્યાય કરવો જોઈએ. એ પ્રમાણે સવારની વંદનવિધિ છે.

પ્રથમ ઈર્યાપથિકી પ્રતિક્રમણ કરે. ત્યારપછી ચૈત્યવંદના કરે. ખમાસમણપૂર્વક મુખવસ્ત્રિકાનું પ્રતિલેખન કરે, બે વંદન કરે=બે વાંદણાં આપે અને દિવસચરિમ એ પ્રમાણે સાંજનું પચ્ચક્ખાણ ગ્રહણ કરે. ત્યારપછી બે વાંદણાં આપે અને આલોચન કરે અને બે વાંદણાં આપે અને ક્ષમણકને=સાધુને ભગવાનહં-ઈત્યાદિ ૪ ક્ષોભવંદન કરે. ત્યારપછી દેવસિઅં પાયચ્છિત્ત એ પ્રમાણે કાયોત્સર્ગ કરે. ત્યારપછી પૂર્વની જેમ બે ખમાસમણાપૂર્વક સ્વાધ્યાય કરે. આ પ્રકારે સંધ્યાકાળના વંદનની વિધિ છે.

અને અહીં દ્વાદશાવર્ત વંદનમાં ૧૯૮ સંખ્યાસ્થાનો જાણવાં. અને તેને 'યથા'થી બતાવે છે.

"મુહપત્તિ, દેહ અને વસતીમાં પ્રત્યેકનાં ૨૫ હોય છે=મુહપત્તિનાં ૨૫ સ્થાન, દેહનાં-૨૫ સ્થાન અને આવશ્યકનાં ૨૫ સ્થાન હોય છે. છ સ્થાન, છ ગુરુવચનો, છ ગુણો જ્ઞાતવ્ય છે." ।।૧।।

"અને અધિકારી પાંચ છે અને ઇતર પાંચ જ=અનધિકારી પાંચ જ છે. પાંચ આહરણા છે=પાંચ દૃષ્ટાંત છે. એક અવગ્રહ છે. પાંચ અભિધાન=નામ છે. પાંચ પ્રતિષેધ છે." ।।૨।।

"આશાતના તેત્રીસ(૩૩) છે. દોષ બત્રીસ(૩૨) છે. કારણ આઠ(૮) છે. છ દોષો છે. વંદનમાં ૧૯૮ સ્થાનો હોય છે." ।।૩।। **(પ્રવચનસારોદ્ધાર ગાથા-૯૩થી ૯૫)**

આ ગાથાનું વિવરણ 'યથા'થી કરે છે=આ ગાથાનાં દરેક સ્થાનો ક્રમસર બતાવે છે.

"દૃષ્ટિપડિલેહણા એક, ત્રણ આંતરાથી ત્રણ પ્રસ્ફોટક=૯ પ્રસ્ફોટક, અક્ખોડા-નવ, પક્ખોડા-નવ, મુહપત્તિનાં પચ્ચીશ(૨૫) સ્થાનો છે." ।।૧।।

"પ્રદક્ષિણાના ક્રમથી ત્રણ-ત્રણ, બે બાહુમાં, એક મસ્તકમાં, એક મુખમાં અને એક હૃદયમાં, પીઠમાં ચાર અને છ પગમાં એમ દેહની પચ્ચીસ પડિલેહણા છે." ।।૨।। **(પ્રવચનસારોદ્ધાર-૯૭)**

અને આ દેહપ્રતિલેખના=ઉદ્ધરણમાં આપેલી ૨૫ પ્રતિલેખના પુરુષને આશ્રયીને જાણવી. વળી, સ્ત્રીઓને ગોપ્ય અવયવોના ગોપન માટે બે હાથ, મુખ, બે પગના પ્રત્યેકની ત્રણ-ત્રણ પ્રમાર્જના છે. એ પ્રમાણે ૧૫ જ થાય છે=સ્ત્રીઓને દેહની પ્રમાર્જના ૧૫ જ થાય છે. એ પ્રમાણે પ્રવચનસારોદ્ધારની વૃત્તિમાં છે. અને મુખ અને કાયની પ્રતિલેખનાઓમાં મનને સ્થિર કરવા માટે જ ચિંતન કરવું જોઈએ.

"સૂત્ર-અર્થ-તત્ત્વદૃષ્ટિ, દર્શનમોહત્રિક, રાગત્રિક, દેવાદિતત્ત્વત્રિક, તથા અદેવાદિતત્ત્વત્રિક, જ્ઞાનાદિત્રિક, તત્ વિરાધના, ત્રણ ગુપ્તિ, દંડત્રિક આ મુહપત્તિના પડિલેહણાદિના ક્રમથી ચિંતવન કરવાં જોઈએ. હાસ્ય-રતિ અને અરતિ, ભય-શોક-દુગંચ્છા વર્જવી જોઈએ. ભુજયુગલને જોતો મસ્તકમાં અપ્રશસ્ત લેશ્યાત્રિક ગારવત્રિક વદનમાં, હૃદયમાં શલ્યત્રિકને, પીઠમાં કષાય ચાર બે પગમાં છ જીવનો વધ, કાયાના અવલોકનમાં પણ આ જાણવું. જો કે પડિલેહણાનો હેતુ જીવરક્ષણ અને જિનની આજ્ઞા છે. તોપણ મન રૂપી માંકડના નિયંત્રણ માટે આ=ઉપર બતાવેલ બોલ, મુનિ બોલે છે." **'ઇત્તિ' ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.**

આવશ્યકનાં ૨૫ સ્થાનો બતાવે છે.

"બે અવનમન, યથાજાત, કૃતિકર્મ, બાર આવર્ત, ચાર મસ્તક અને ત્રણ ગુપ્ત, બે પ્રવેશ, એક નિષ્ક્રમણ" **(આવશ્યકનિર્યુક્તિ ૧૨૦૨)**

બે અવનમન છે. 'ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ' એ પ્રમાણે કહીને ગુરુની ઇચ્છાના અનુજ્ઞાપન માટે પ્રથમ અવનમન છે. જ્યારે વળી કૃત આવર્તવાળો નિષ્ક્રાંત 'ઇચ્છામિ' ઇત્યાદિ સૂત્રને કહીને ફરી ઇચ્છાના અનુજ્ઞાપન માટે=ગુરુની ઇચ્છાના અનુજ્ઞાપન માટે જ કહે છે ત્યારે બીજું અવનમન છે. અને યથાજાત-જાત=જન્મ, તે=જન્મ, બે પ્રકારનો છે. પ્રસવ અને પ્રવ્રજ્યાગ્રહણ. ત્યાં પ્રસવકાળમાં રચિત કરસંપુટવાળો જીવ ઉત્પન્ન થાય છે અને પ્રવ્રજ્યાકાળમાં ગ્રહણ કરાયેલ

રજોહરણ-મુખવસ્ત્રિકાવાળો જન્મે છે. આથી જ રજોહરણાદિ પાંચને શાસ્ત્રમાં યથાજાતપણું કહેવાયું છે અને તે પ્રમાણે તેનો પાઠ છે.

"પાંચ યથાજાત છે. ૧. ચોલપટ્ટો, ૨. રજોહરણ, ૩. ઉષ્ણીઅ ખોભિઅ, ૪. નિશ્રિતયુગલ=ઊનનું અને સુતરાઉ બે કપડાં (આજકાલ ઓઘા પર વીંટાંતું સુતરાઉ નિસેથિયું અને ઊનનું ઓઘારિયું) અને ૫. મુહપત્તિ." ।।૧।।

યથાજાત છે આને તે યથાજાત તેવા પ્રકારનો થયેલો જ વંદન કરે છે, એથી વંદન પણ યથાજાત છે. અને બાર આવર્ત-ગુરુચરણમાં ન્યસ્ત છે હસ્ત અને મસ્તકની સ્થાપના રૂપ કાયચેષ્ટા વિશેષ જેમાં તે દ્વાદશાવર્ત અને અહીં=દ્વાદશાવર્ત વંદનમાં=વાંદણામાં, પ્રથમ પ્રવિષ્ટને 'અહોકાયં' ઈત્યાદિ સૂત્રના ઉચ્ચારણગર્ભ છ આવર્તો છે. વળી, નિષ્ક્રમણ કરીને પ્રવિષ્ટને પણ તે જ છ આવર્ત છે. એથી ૧૨ આવર્ત છે. ચાર મસ્તક છે જેમાં તે ચતુઃશિર. કઈ રીતે ચાર મસ્તકોનું નમન છે ? તે સ્પષ્ટ કરે છે. પ્રથમ પ્રવેશમાં ક્ષમણાકાલમાં શિષ્ય-આચાર્યનું નમતું શિરોદ્વય છે અર્થાત્ શિષ્ય આચાર્યને નમસ્કાર કરે છે અને આચાર્ય પણ મસ્તક નમાવીને નમન કરે છે. નિષ્ક્રમણ કરીને ફરી પ્રવેશમાં=બીજા વાંદણાના પ્રવેશમાં, શિરોદ્વય છે. એથી ચાર શિરનમન છે. ત્રણ ગુપ્ત – મન-વચન-કાયાના કર્મ વડે ગુપ્ત=વંદનકાલમાં મન-વચન-કાયાને સ્થિર કરીને વંદન કરાય છે. તેથી ત્રણ ગુપ્તિ છે અને પ્રથમ અનુજ્ઞાપન કરીને પ્રવેશ છે. બીજો વળી નીકળીને પ્રવેશ છે એ રીતે બે પ્રવેશ છે જેમાં, તેવું વંદન તે દ્વિપ્રવેશવાળું વંદન છે. એક નિષ્ક્રમણ - આવશ્યકીથી નીકળતાને જેમાં એક નિષ્ક્રમણ છે તે એક નિષ્ક્રમણ=ગુરુના અવગ્રહમાંથી નીકળતાને જેમાં એક નિષ્ક્રમણ છે તે એક નિષ્ક્રમણ, અને છ સ્થાન શિષ્યનાં છે.

"અને ૧. ઇચ્છા, ૨. અનુજ્ઞાપના, ૩. અવ્વાબાહ, ૪. યાત્રા, ૫. યાપના અને ૬. અપરાધની ક્ષામણા પણ છ સ્થાન વંદન દેનારને હોય છે." ।।૧।। **(આવશ્યકનિર્યુક્તિ-૧૨૧૮, ગુરુવંદનભાષ્ય-૩૩)**

ગુરુવચન પણ છ જ છે.

"૧. છંદથી=ઇચ્છાથી, ૨. અનુજાનામિ, ૩. તે પ્રમાણે જ, ૪. તને પણ વર્તે છે, ૫. એ રીતે, ૬. હું પણ તને ખમાવું છું. વંદનયોગ્ય ગુરુના છ આલાવા છે." ।।૧।। **(આવશ્યકનિર્યુક્તિ-૧૨૨૪, ગુરુવંદનભાષ્ય-૨૪, પ્રવચનસારોદ્ધાર-૧૦૧)**

આ બંને પણ=વંદનયોગ્ય ગુરુના આલાવા-૬ અને શિષ્યનાં સ્થાનો-૬ એ બંને પણ, યથાસ્થાન સૂત્ર વ્યાખ્યામાં બતાવાશે. વળી આ ગુણો છે=વંદનથી થતા આ ગુણો છે.

"૧. વિનયનો ઉપચાર, ૨. માનની ભંજના, ૩. ગુરુજનની પૂજા, ૪. તીર્થંકરની આજ્ઞા, ૫. શ્રુતધર્મની આરાધના, ૬. અક્રિયા." ।।૧।। **(આવશ્યકનિર્યુક્તિ-૧૨૨૯, પ્રવચનસારોદ્ધાર-૧૦૦, વિચારસાર-૭૧૮)**

છ ગુણો સ્પષ્ટ કરે છે. વિનય જ ઉપચાર છે=ભક્તિ વિશેષ છે તેનાથી=વિનયરૂપ ભક્તિથી, માનનું ભંજન છે=અહંકારનું ભંજન છે. ગુરુજનની પૂજના છે. અને તીર્થંકરોની આજ્ઞા છે. શ્રુતધર્મની આરાધના છે. અક્રિયા છે=યોગનિરોધને અનુકૂળ પ્રક્રિયા છે=સર્વ ક્રિયાના વિગમનથી શીઘ્ર મોક્ષ વંદનથી થાય છે.

વંદ્યજીવો વંદનયોગ્ય છે. તે વંદ્યજીવો બતાવે છે.

"આચાર્ય, ઉપાધ્યાય, પ્રવૃત્તિ, સ્થવિર તે પ્રમાણે જ રાત્નિક આમાં=આચાર્યદિમાં, નિર્જરા માટે કૃતિકર્મ કરવું જોઈએ." **અને આચાર્યાદિનું સ્વરૂપ આ છે.**

"પાંચ પ્રકારના આચારને આચરતા=જ્ઞાનાચારાદિ પાંચ આચારોને સમ્યક્ રીતે સેવતા, તથા પ્રકાશન કરતા=યોગ્ય જીવોને પાંચ આચારોનું સ્વરૂપ બતાવતા અને આચારને બતાવતા=ક્રિયા દ્વારા પ્રગટ કરતા (મુમુક્ષુઓ વડે સેવાય છે.) તે કારણથી આચાર્ય કહેવાય છે." ।।૧।। **(આવશ્યકનિર્યુક્તિ ગા. ૯૯૪)**

"જિન વડે કહેવાયેલી દ્વાદશાંગી બુધો વડે સ્વાધ્યાય કહેવાયો જે કારણથી તેનો=દ્વાદશાંગીનો, ઉપદેશ આપે છે તે કારણથી ઉપાધ્યાય કહેવાય છે." ।।૨।। **(આવશ્યકનિર્યુક્તિ ગા. ૯૯૭)**

"તપ-સંયમ યોગોમાં જે યોગ્ય છે=જે-જે ક્રિયા માટે યોગ્ય છે ત્યાં=તે ક્રિયામાં, તેને પ્રવર્તાવે છે અને અશુભનું નિવર્તન કરે છે. ગણની ચિંતા કરનાર પ્રવૃત્તિ છે=પ્રવર્તક છે." ।।૩।। **(સંબોધપ્રકરણ ગા. ૧૯૧ (૭૦૧))**

"સ્થિર કરણથી વળી સ્થવિર છે. વ્યાપાર રૂપ અર્થોમાં જે જ્યાં સીદાય છે અને જેમાં સંતબલવાળો છે=શક્તિવાળો છે તેને પ્રવૃત્તિ=પ્રવર્તક સ્થિર કરે છે." ।।૪।। **(સંબોધપ્રકરણ ગા. ૧૮૯ (૬૯૯))**

ગણાવચ્છેદક પણ અહીં=વંદનના વિષયમાં અનુપાત હોવા છતાં પણ=ગ્રહણ નહિ કરાયેલા હોવા છતાં પણ સાહચર્યથી આમાં=વંદનના વિષયમાં જાણવો=વંદનને યોગ્ય જાણવો. અને તે બતાવે છે.

"ઉદ્ભાવણા, પ્રધાવના, ક્ષેત્રની અવધિની માર્ગણામાં, અવિષાદાદિ=ખેદ વગરના, સૂત્ર-અર્થ તદુભયને જાણનાર આવા પ્રકારના ગણાવચ્છેદક હોય છે."

આ પાંચ પણ=ઉપર બતાવેલ આચાર્યાદિ પાંચ પણ ન્યૂન પર્યાયવાળા પણ વંદનીય છે. વળી રત્નાધિક પર્યાય જ્યેષ્ઠ જ છે. વળી ચૂર્ણિમાં અન્ય મત આ પ્રમાણે પણ છે. જે 'યથા'થી બતાવે છે.

"વળી અન્ય કહે છે – અન્ય પણ જે તેવા પ્રકારના રત્નાધિક છે તે વંદન કરવા યોગ્ય છે. રાત્નિક એટલે જ્ઞાન-દર્શન-ચારિત્રના સાધનોમાં અત્યંત પ્રવર્તે છે." **(આવશ્યકચૂર્ણિ)**

અવન્દ્ય=નિષ્કારણમાં વંદન અયોગ્ય, 'યથા'થી બતાવે છે.

"પાસત્થા, અવસન્ન, કુશીલ તે પ્રમાણે સંસક્ત અને યથાછંદ આ જિનમતમાં અવંદનીય હોય." **(સંબોધ પ્ર. ગુર્વધિ ૮ પ્રવચનસારોદ્ધાર-૧૦૩) ત્યાં=પાસત્થાદિ પાંચમાં, જ્ઞાનાદિની પાસે રહે છે અર્થાત્ જ્ઞાનાદિનાં સાધનો પાસે રાખે છે, પરંતુ જ્ઞાનાદિ પરિણતિ આત્મામાં પ્રગટ કરતા નથી એ પાસત્થા છે અથવા મિથ્યાત્વ આદિ બંધના હેતુઓ પાશો છે તેઓમાં રહે છે એ પાસત્થા.**

"તે પાસત્થા બે પ્રકારના છે. સર્વ પાસત્થા અને દેશ પાસત્થા જ્ઞાતવ્ય હોય છે. સર્વમાં=જ્ઞાન-દર્શન-ચારિત્રની પાસે રહે છે તે પાસત્થા=જ્ઞાન-દર્શન-ચારિત્ર પરિણમન પમાડતા નથી તે સર્વ પાસત્થા છે." ।।૧।।

અને દેશમાં પાસત્થા શય્યાતર પિંડ, અભિહડ પિંડ=અભ્યાહત પિંડ, રાજપિંડ, નિત્ય અને અગ્રપિંડ નિષ્કારણમાં ભોગવે છે.

"કુલનિશ્રામાં વિચરે છે. સ્થાપનાકુલોમાં અકારણે પ્રવેશે છે. સંખડી-પલોયણામાં જાય છે તે પ્રમાણે સંસ્તવ કરે છે." **(સંબોધ પ્ર. ગુર્વધિ-૯-૧૧)**

સીદાયેલા=ક્રિયાનું શૈથિલ્ય હોવાથી મોક્ષમાર્ગમાં શ્રાંતની જેમ અવસન્ન છે.

"અને અવસન્ન બે પ્રકારના છે. સર્વ અવસન્ન અને દેશ અવસન્ન ત્યાં=બે પ્રકારના અવસન્નમાં, સર્વમાં ઋતુબદ્ધ કાળમાં=ચોમાસા સિવાયના કાળમાં, પીઠફલગ સ્થાપિત ભોજી જાણવો." ।।૧।।

"આવશ્યકમાં, સ્વાધ્યાયમાં, પડિલેહણમાં, ધ્યાનમાં, ભિક્ષામાં ભક્તાર્થમાં=ભોજન માંડલીમાં આગમન-નિર્ગમનમાં સ્થાનમાં નિષીદનમાં=બેસવામાં, ત્વગ્ વર્તનમાં=સૂવામાં આ બધામાં દેશ પાસત્થા છે આવશ્યકાદિ સ્થાનોને કરતા નથી. અથવા વિહીણમહિઆઈ=હીન-અધિક કરે છે. ગુરુવચન બલથી કરે છે તે પ્રકારનો આ અવસન્ન કહેવાયો છે. ।।૨-૩।।" **(સંબોધ પ્ર. ગુર્વાધિકાર ૧૨-૪, પ્રવચનસારોદ્ધાર ૧૦૬-૮)**

કુત્સિત=જ્ઞાનાદિ ત્રણનો વિરાધક, શીલ=સ્વભાવ, છે જેને તે કુશીલ.

કુશીલનું સ્વરૂપ 'યથા'થી બતાવે છે.

"કાલ-વિનયાદિથી રહિત જ્ઞાન કુશીલ છે=જ્ઞાનાચારના કાલ-વિનયાદિ ગુણોથી રહિત જ્ઞાનકુશીલ છે. અને દર્શનમાં આ=કુશીલ નિસ્સંકિત આદિથી રહિત છે=દર્શનાચારના નિઃશંકિતાદિ ગુણોથી રહિત છે. ચારિત્ર કુશીલ આ છે. કૌતુકકર્મવાળો, ભૂતિકર્મવાળો પ્રશ્નાપ્રશ્ન આજીવી, નિમિત્ત આજીવી, કલ્ક્કુરકાદિ લક્ષણ વિદ્યામંત્રાદિ ઉપર ઉપજીવે છે." **(સંબોધ પ્ર. ગુર્વધિ. ૧૫-૧૬, પ્રવચનસારોદ્ધાર ૧૧૧)**

સંવિગ્ન, અસંવિગ્ન અને સંસર્ગથી આત્ત=પ્રાપ્ત તદ્ભાવને સંસજન કરતો સંસક્ત છે=સંવિગ્નના સંસર્ગથી સંવિગ્ન બને છે અને અસંવિગ્નના સંસર્ગથી અસંવિગ્ન બને તેવો સાધુ સંસક્ત છે. સંસક્તનું સ્વરૂપ 'યથા'થી બતાવે છે.

"પાસત્થાદિમાં અને સંવિગ્નોમાં જ્યાં મળે છે ત્યાં તેવા પ્રકારનો થાય છે. અર્થાત્ સંવિગ્નમાં મળે ત્યારે પ્રિયધર્મવાળો અને પાસત્થાદિમાં મળે ત્યારે ઇતર=અપ્રિય ધર્મવાળો થાય છે." ।।૧।।

"તે=સંસક્ત, બે પ્રકારનો જીતરાગ-દ્વેષ-મોહવાળો જિન વડે કહેવાયો છે. અને એક=એક સંસક્ત સંક્લિષ્ટ કહેવાયો છે. અને અન્ય અસંક્લિષ્ટ કહેવાયો છે." ।।૨।। **(પ્રવચનસારોદ્ધાર ૧૧૮-૧૨૦)**

યથા કથંચિત્=ગુરુ અને આગમના નિરપેક્ષપણાથી સર્વ કાર્યોમાં છંદ=અભિપ્રાય છે જેને તે યથાછંદ છે. 'યથાછંદ'ને 'યથા'થી બતાવે છે.

"ઉત્સૂત્ર, અનુપદિષ્ટ, સ્વછંદ, વિકલ્પિત, અનનુપાતિ, પરતન્ત્રિમાં પ્રવર્તે છે તે કારણથી આ યથાછંદ છે." **(પ્રવચનસારોદ્ધાર ૧૨૨) ઉત્સૂત્ર=ઉત્સૂત્ર ભાષણ કરે છે. અનુપદિષ્ટ=ભગવાને કહેલું ન હોય તેવું બોલે છે. સ્વછંદ વિકલ્પિત બોલે છે=પોતાની મતિથી બોલે છે. અનનુપાતિ બોલે છે=આગમને અનુસાર ન હોય તેવું બોલે છે અને પર પ્રયોજનમાં પ્રવર્તે છે=ગ્રહસ્થના કાર્યમાં પ્રવર્તે છે તે કારણથી આ યથાછંદ છે. ।।૧।।**

"પાસત્થાદિને વંદન કરનારને કીર્તિ નથી, નિર્જરા નથી એ રીતે જ કાયક્લેશ કરે અને કર્મબંધને પ્રાપ્ત કરે છે." **(આવશ્યકનિર્યુક્તિ ૧૧૮૮) વધારે શું કહેવું ? તેઓની સાથે સંસર્ગ કરતા=પાસત્થાદિ સાથે સહવાસ કરતા ગુણવાન સાધુ પણ અવંદનીય છે. જે કારણથી કહેવાયું છે.**

"અશુચિના સ્થાનમાં પડેલી ચંપકની માલા મસ્તકમાં ધારણ કરાતી નથી. પાસત્થાદિ સ્થાનોમાં વર્તતા તે પ્રકારે= ચંપકમાલાના પ્રકારથી, અપૂજ્ય છે." ।।૧।।

"પક્કણકુલમાં વર્તતો=ચાંડાલાદિના કુળમાં વર્તતો, શકુનિપાર પણ=વિદ્યાનો પારગામી પણ, ગર્હિત થાય છે. આ રીતે કુશીલોની મધ્યમાં વસતા સુવિહિતો ગર્હિત છે=નીંદનીય છે." ।।૨।। **(આવશ્યકનિર્યુક્તિ ૧૧૧૧-૧૧૧૨)**

'ઇતિ' ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે. જ્ઞાતાનિ=દૃષ્ટાંતો બતાવે.

"દ્રવ્ય-ભાવમાં વંદન, રજોહરણ, આવર્ત, નમન વિનય, આ પાંચથી શીતલ-ક્ષુલ્લક-કૃષ્ણ-સેવકદ્વય, પાલક ઉદાહરણ છે."

ત્યાં વંદનમાં=ગુણ સ્તુતિમાં, શીતલાચાર્ય દૃષ્ટાંત છે. દ્રવ્યચિત્તિમાં=રજોહરણ ધારણમાં, ભાવચિત્તિમાં= જ્ઞાનાદિત્રયમાં ક્ષુલ્લકાચાર્યકથા છે. આવર્ત્તાદિ કૃતિકર્મમાં કૃષ્ણદૃષ્ટાંત છે. શિરોનમન પૂજામાં સેવકદ્વય દૃષ્ટાંત છે. વિનયકર્મમાં શાંબ અને પાલક દૃષ્ટાંત છે. વળી, કથાનકનો વિસ્તાર ગ્રંથાન્તરથી જાણવો. એક અવગ્રહ=ગુરુનો અવગ્રહ સાડા ત્રણ હાથ પ્રમાણ સૂત્ર વ્યાખ્યામાં વક્ષ્યમાણ લક્ષણવાળો છે.

નામો પાંચ છે=દ્વાદશાવર્ત વંદનનાં પાંચ નામો છે.

"વંદન=વંદનકર્મ, ચિઈ=ચિતિકર્મ, કૃતિકર્મ, પૂજાકર્મ, વિનયકર્મ, વંદનકનાં આ પાંચ નામો છે." ।।૧।। **(પ્રવચનસારોદ્ધાર ૧૨૭)**

આ પૂર્વમાં કહેવાયેલાં શીતલાદિ દૃષ્ટાંતોમાં ભાવિત અર્થવાળાં છે=વંદનનાં પાંચ નામો છે. તે પૂર્વમાં શીતલાદિ પાંચ દૃષ્ટાંતો આપ્યાં. એમાં ભાવિત અર્થવાળાં છે.

વંદનકના આ પાંચ નિષેધો=નિષેધસ્થાનો છે.

"વ્યાક્ષિપ્ત, પરાઙ્મુખ, પ્રમત્ત=ગુરુ વ્યાક્ષિપ્ત હોય, પરાઙ્મુખ હોય, પ્રમત્ત હોય ત્યારે ક્યારેય વંદન કરવું જોઈએ નહિ અને આહાર કરતા હોય અથવા જો નિહાર કરતા હોય ત્યારે વંદન કરવું જોઈએ નહિ." ।।૧।। **(આવશ્યકનિર્યુક્તિ ૧૧૯૮, પ્રવચનસારોદ્ધાર ૧૨૪) વ્યાક્ષિપ્ત અનુયોગ પ્રતિલેખનાદિરૂપ અન્યત્ર કર્મમાં અપાયેલા મનવાળા છે. પ્રમત્ત નિદ્રાદિ વડે છે. શેષ વ્યક્ત છે. અને આશાતના ૩૩(તેત્રીશ) સૂત્રની સાથે વ્યાખ્યાન કરાશે.**

દોષો ૩૨ છે.

"અનાદૃત, સ્તબ્ધ, પવિદ્ધ, પરિપિંડિત, ટોલગતિ, અંકુશ તથા કચ્છભરિંગિત, મત્સ્ય ઉદ્વૃત, મનથી પ્રદૃષ્ટ અને વેદિકાબદ્ધ, ભયથી જ, ભજમાન, મૈત્રી-ગૌરવ કારણને આશ્રયીને કરાતું વંદન, સ્તૈન્ય, પ્રત્યનીક વંદન, કુષ્ટ વંદન, તર્જન કરતું વંદન, શઠ વંદન, હીલિત વંદન, વિપરીતકુંચિત વંદન, દૃષ્ટ-અદૃષ્ટ વંદન અને શૃંગ વંદન, કરમોચન વંદન, અશ્લિષ્ટ-અનાશ્લિષ્ટ વંદન, ન્યૂન વંદન, ઉત્તરચૂલિક, મૂક વંદન, ઢઢ્ઢર વંદન, ચુડલિક વંદન, અપશ્ચિમ વંદન=અભદ્રમુખ

વંદન ૩૨ દોષોથી પરિશુદ્ધ કૃતિકર્મ કરવું જોઈએ." (૧-૫) **(આવશ્યકનિર્યુક્તિ ૧૨૨૧-૫, પ્રવચનસારો. ૧૫૦-૧૫૪)**

આની વ્યાખ્યા=ઉદ્ધરણના બત્રીસ(૩૨) દોષોની વ્યાખ્યા (૧) અનાદૃત=સંભ્રમ રહિત વંદન=નિરાદર વંદન એ પ્રકારનો અર્થ છે. (તદ્દોષથી દુષ્ટ છે=અનાદૃત દોષથી દુષ્ટ છે એમ સર્વત્ર યોજન કરવું.) (૨) સ્તબ્ધ-મદઅષ્ટથી વશીકૃતનું વંદન સ્તબ્ધ છે. દેહ અને મનના સ્તબ્ધપણાથી ચર્તુભંગી છે. (૩) પ્રવિદ્ધ-વંદન આપતાં જ પલાયન થાય=મત્થએણ વંદામિ ઈત્યાદિ કરે કે તરત જ અન્યત્ર જાય તે પ્રવિદ્ધ વંદન છે. (૪) પરિપિંડિત-ઘણા બધાને એક સાથે વંદન. અથવા કુક્ષિની ઉપરમાં હાથને સ્થાપન કરીને પરિપિંડિત કરચરણવાળાનું અવ્યક્ત સૂત્રોચ્ચારપૂર્વકનું વંદન પરિપિંડિત વંદન છે. (૫) ટોલગન્તિ – તીડની જેમ કૂદકા મારી-કૂદકા મારીને વિસંસ્થુલ વંદન. (૬) અંકુશ-અંકુશથી ગજની જેમ ઉપકરણ, ચોલપટ્ટક, વસ્ત્રાદિ વિષયમાં, હસ્તના વિષયમાં અવજ્ઞાથી સમાકર્ષણ કરીને=ખેંચીને ઊર્ધ્વસ્થિત=ઊભા રહેલા એવા આચાર્યને, અથવા શયિત=સૂતેલા એવા આચાર્યને અથવા પ્રયોજનાંતરમાં વ્યગ્ર એવા આચાર્યને વંદન માટે આસનમાં બેસાડવા એ અંકુશદોષ છે. હિ=જે કારણથી, પૂજ્યો ક્યારેય પણ આકર્ષણને યોગ્ય નથી. આનું=આકર્ષણ અવિનયપણું છે. અથવા રજોહરણને અંકુશની જેમ કરદ્વયથી ગ્રહણ કરીને વંદન અંકુશદોષ છે અથવા અંકુશથી આકાંત હાથીની જેમ શિરનમન-ઉન્નમન કરનારાનું વંદન અંકુશદોષવાળું છે. (૭) કચ્છપરિંગિત-ઊર્ધ્વસ્થિતને 'તેત્તીસણ્ણયરાએ' ઈત્યાદિ સૂત્રને ઉચ્ચારતાનું અથવા બેઠેલાનું 'અહોકાયં કાય' ઈત્યાદિ સૂત્રને ઉચ્ચારતાનું અગ્રથી અભિમુખ અને પશ્ચાત્થી અભિમુખ કરતાનું=આમતેમ જોતાનું વંદન (૮) મત્સ્યઉદ્વર્ત :- પાંણીમાં માછલાની જેમ ઊભો થતો કે બેસતો, ઉદ્વર્તન કરે છે=ડૂબકી મારે છે જેમાં તે, મત્સ્યઉદ્વર્ત દોષ છે=વંદન કરતી વખતે એકદમ ઊભો થાય કે એકદમ બેસે તે મત્સ્યઉદ્વર્ત દોષ છે. અથવા એકને વંદન કરીને બીજા સાધુને શીઘ્ર, બીજી બાજુથી રેચક આવર્તનથી મત્સ્યની જેમ પરાવર્તમાનનું વંદન મત્સ્યઉદ્વર્તન વંદન છે=ત્વરાથી એક સાધુને વંદન કરીને તરત બીજી બાજુ બીજા સાધુને વંદન કરે એ રીતે શીઘ્ર પરાવર્તન કરનારાનું વંદન મત્સ્યઉદ્વર્તન દોષવાળું છે. (૯) મનથી પ્રદુષ્ટ-શિષ્ય કે તદ્સંબંધી ગુરુ વડે કંઈક પરુષ=કઠોર વચન, કહેવાયેલું જ્યારે થાય છે ત્યારે મનનું દૂષિતપણું થવાથી મનથી પ્રદુષ્ટ છે. અથવા વંદ્ય કોઈક ગુણથી હીન છે. તેથી હું આવા પ્રકારનાને પણ વંદન આપવા માટે આરબ્ધ છે. એ પ્રમાણે ચિંતન કરતાનું વંદન મનથી પ્રદુષ્ટ છે. (૧૦) વેદિકાબદ્ધ-જાનુ ઉપરમાં બે હાથનો નિવેશ કરીને અથવા નીચે અથવા પાછળ=બે બાજુમાં અથવા ખોળામાં અથવા એક જાનુ કરદ્વયના અંદરમાં કરીને એ પ્રમાણે પાંચ વેદિકાથી અભિબદ્ધ=યુક્ત, વંદન વેદિકાબદ્ધ દોષવાળું છે. (૧૧) ભય પામતો=સંઘથી, કુલથી, ગચ્છથી અથવા ક્ષેત્રથી મને કાઢી મૂકવામાં આવશે એ પ્રકારના ભયથી વંદન કરે. તે ભિભ્યત દોષ છે. (૧૨) ભજમાન-સેવામાં પડેલા આચાર્ય મારો આશ્રય કરશે અથવા મને આગળમાં ભજન કરશે=ઠપકો આપશે. આથી હું પણ વંદન સંબંધી નિહોરકનો નિવેશ કરું=વંદન સંબંધી ક્રિયા કરું એ બુદ્ધિથી વંદન કરે. (૧૩) મૈત્રીથી-મારા મિત્ર આચાર્ય છે એથી વંદન કરે. અથવા

આચાર્ય સાથે હમણાં મૈત્રી થાય એથી વંદન કરે. (૧૪) ગૌરવથી વંદનક-સામાચારી કુશલ હું છું એ પ્રમાણે ગર્વથી અન્ય પણ મને જાણો એ પ્રકારે યથાવદ્ આવર્તાદિની આરાધના કરતો=વિધિપૂર્વક વંદન કરતો વંદન કરે તે ગૌરવ દોષ છે. (૧૫) કારણથી=જ્ઞાનાદિ વ્યતિરિક્ત વસ્ત્રાદિના લાભના હેતુથી વંદન કરે તે કારણ દોષ છે. અથવા જ્ઞાનાદિ નિમિત્ત પણ લોકપૂજ્ય થવું અથવા અન્યથી અધિકતર લોકપૂજ્ય થવું એ અભિપ્રાયથી વંદન કરે અથવા વંદનક મૂલ્ય વશીકૃત એવા આચાર્ય મારી પ્રાર્થનાનો ભંગ કરશે નહિ એ બુદ્ધિથી વંદન કરે એ કારણ દોષ છે. (૧૬) સ્તૈનિક-વંદન કરનારા એવા મારો લાઘવ થશે એથી બીજાથી પોતાને છુપાવતો વંદન કરે તે સ્તૈનિક દોષ છે. આ અર્થ છે આ રીતે શીઘ્ર વંદન કરે છે જે પ્રમાણે ચોરની જેમ કોઈક વડે જોવાયો, કોઈક વડે ન જોવાયો. (૧૭) પ્રત્યનીક-આહારાદિ કાલમાં વંદન કરે જેને કહે છે. વ્યાક્ષિપ્તમાં, પરાઙ્મુખમાં (આવશ્યકનિવૃત્તિ ૧૨૧૨) ઈત્યાદિ. (૧૮) રુષ્ટ-ક્રોધથી અધમાત=ક્રોધથી અકળાયેલા એવા ગુરુને વંદન કરે. અથવા પોતે ક્રોધથી વંદન કરે તે રુષ્ટ દોષ છે. (૧૯) તર્જિત-અવન્દ્યમાન કોપ કરશે નહિ અથવા વંદન કરાતો અવિશેષજ્ઞપણાને કારણે મારા ઉપર પ્રસાદ કરશે નહિ એ પ્રમાણે નિર્ભર્ત્સના કરતો વંદન કરે અથવા બહુજનમાં મને વંદન અપાવતો રહેશે. એકાકી એવા તમારું મારા વડે જણાશે ત્યારે હું કહીશ એ બુદ્ધિથી તર્જની આંગળી વડે અથવા મસ્તકથી તર્જન કરતો વંદન કરે. (૨૦) શાઠ્યથી વિશ્રમ્ભ માટે=ગુરુના વિશ્વાસ માટે વંદન કરે. અથવા ગ્લાનાદિ વ્યપદેશ કરીને=હું ગ્લાન છું ઈત્યાદિ વ્યપદેશ કરીને સમ્યક્ વંદન કરે નહિ. (૨૧) હીલિત-હે ગણિ ! હે વાચક ! તમને વંદન કરવા વડે શું ? ઈત્યાદિ કથન દ્વારા અવજ્ઞા કરતો વંદન કરે. (૨૨) વિપરીતકુંચિત=અર્ધવંદિત જ દેશાદિ કથાને કરે. (૨૩) દૃષ્ટાદૃષ્ટ-અંધકારમાં રહેલ કોઈક વસ્તુથી અંતરિત જ બેસે. વળી દૃષ્ટ વંદન કરે=અંધકારમાં રહેલો હોવાથી અને કોઈક વસ્તુની અંતરિત રહેલો હોવાથી અદૃષ્ટ છે અને સન્મુખ હોવાથી દૃષ્ટ છે એ રીતે વંદન કરે તે દૃષ્ટાદૃષ્ટ વંદનનો દોષ છે. (૨૪) શૃંગ='અહોકાયં કાય' ઈત્યાદિ આવર્તને ઉચ્ચારણ કરતો લલાટના મધ્યદેશને નહિ સ્પર્શ કરતો મસ્તકના ડાબા અને જમણા શૃંગને સ્પર્શ કરતો વંદન કરે તે શૃંગ દોષ છે. (૨૫) કર-કરની જેમ રાજાને આપવા યોગ્ય ભાગ રૂપ કરની જેમ, અર્હત્પ્રણીતને વંદન રૂપ કર અવશ્ય આપવો જોઈએ એ બુદ્ધિથી વંદન કરે તે 'કર દોષ' છે. (૨૬) મોચન-લૌકિક કરથી અમે મૂકાયા=સંસારમાં સાધુપણું લીધું માટે લૌકિક કરથી અમે મૂકાયા, વંદનના કરથી અમે મૂકાયા નથી એવી બુદ્ધિથી વંદન કરે તે મોચન દોષ છે. (૨૭) આશ્લિષ્ટ-અનાશ્લિષ્ટ - આમાં=આશ્લિષ્ટ-અનાશ્લિષ્ટ દોષમાં, ચતુર્ભંગી છે. અને તે=ચતુર્ભંગી 'અહોકાયં કાય' એ પ્રકારના આવર્તકાલમાં થાય છે. ૧. રજોહરણનો અને મસ્તકનો બે હાથથી આશ્લેષ ૨. બે હાથથી રજોહરણનો આશ્લેષ અને મસ્તકનો આશ્લેષ નહિ. ૩. બે હાથથી મસ્તકનો આશ્લેષ અને રજોહરણનો આશ્લેષ નહિ. ૪. બે હાથથી રજોહરણનો આશ્લેષ નહિ, વળી મસ્તકનો આશ્લેષ નહિ. આમાં=ચાર ભાંગામાં પ્રથમ શુદ્ધ છે, શેષ અશુદ્ધ છે. (૨૮) ન્યૂન-વ્યંજન અભિલાપના આવશ્યક વડે અપરિપૂર્ણ વંદન કરે તે ન્યૂન દોષ છે. (૨૯) ઉત્તરચૂડ=વંદન આપીને મોટા શબ્દથી

'મસ્તકથી વંદું છું' એ પ્રમાણે કથન તે ઉત્તરચૂડ દોષ છે. (૩૦) મૂક-આલાપોને અનુચ્ચાર કરતો વંદન કરે તે મૂક દોષ છે. (૩૧) ઢડ્ઢર-મોટા શબ્દોથી ઉચ્ચારણ કરતો વંદન કરે તે ઢડ્ઢર દોષ છે. (૩૨) ચૂડલી-ચૂડલી=ઉલ્મૂક=ઉંબાડિયું છે. જે પ્રમાણે ઉંબાડિયું છેડાથી ગ્રહણ કરાય છે તે પ્રમાણે રજોહરણને છેડાથી ગ્રહણ કરીને વંદન કરે. અથવા દીર્ઘ હાથ પ્રસારીને 'હું વંદન કરું છું' એ પ્રમાણે બોલતો વંદન કરે અથવા હાથને ભમાવીને હું બધાને વંદન કરું છું એ પ્રમાણે બોલીને વંદન કરે તે ચૂડલી દોષ છે.

"કૃતિકર્મને પણ કરતો કૃતિકર્મથી નિર્જરાભાગી થતો નથી. કોણ થતો નથી ? તેથી કહે છે. બત્રીસમાંથી=બત્રીસ દોષોમાંથી, અન્યતર સ્થાનની વિરાધના કરતો સાધુ નિર્જરાભાગી થતો નથી." ॥૧॥

"બત્રીસ દોષ પરિશુદ્ધ કૃતિકર્મ ગુરુને જે કરે છે તે શીઘ્ર નિર્વાણને પામે છે અથવા વિમાણવાસને પામે છે=વૈમાનિક દેવલોકને પામે છે." ॥૨॥ **(આવશ્યકનિર્યુક્તિ-૧૨૦૫, ૧૨૦૭)**

(ગુણસંપન્ન ગુરુના ગુણોના સ્મરણપૂર્વક તેઓને વંદન કરીને હું મારામાં તેવા ગુણો નિષ્પન્ન કરું તેવા પરિણામવાળા મહાત્મા વંદનની ઉચિતવિધિ શાસ્ત્રથી જાણીને અને તેમાં આવતા બત્રીસદોષોના પરમાર્થને જાણીને બત્રીસ દોષોના પરિહારપૂર્વક ગુણવાન ગુરુના ગુણના સ્મરણપૂર્વક કૃતિકર્મ કરે છે. ત્યારે ભાવસાધુને અભિમુખ વધતા જતા બહુમાનને અનુરૂપ નિર્જરાની પ્રાપ્તિ દ્વારા તે મહાત્મા અલ્પકાળમાં મોક્ષને પ્રાપ્ત કરે છે અને તે વંદનની ક્રિયા ઉત્તરોત્તર ગુણવૃદ્ધિ દ્વારા નિર્વાણના કારણીભૂત પ્રકર્ષવાળી ન બને તો તે મહાત્મા અવશ્ય તે વંદનની ક્રિયાના બળથી વૈમાનિક દેવલોકને પ્રાપ્ત કરે છે.)

કારણો - કારણો=વંદન કરવાનાં આઠ કારણો છે.

"૧. પ્રતિક્રમણમાં, ૨. સજ્ઝાયમાં, ૩. કાઉસ્સગ્ગમાં, ૪. વરાહમાં=અપરાધમાં, ૫. પ્રાઘૂર્ણકમાં, ૬. આલોચનામાં, ૭. સંવરણમાં=પચ્ચક્ખાણ ગ્રહણમાં, ૮. ઉત્તમાર્થમાં=અંત સમયે કરાતી અનશનની ક્રિયામાં, વંદન કરાય છે." **(આવશ્યકનિર્યુક્તિ-૧૨૦૦)**

સર્વ પણ અનુષ્ઠાન પ્રથમ સાધુને ઉદ્દેશીને સૂત્રમાં કહેવાયાં છે. શ્રાવકને વળી યથાયોગ્ય આયોજન કરવું. અર્થાત્ વંદનનાં જેટલાં કારણો શ્રાવકમાં ઘટતાં હોય તેટલાં કારણો શ્રાવકમાં યોજન કરવાં, એથી સાધુના વંદનદાનમાં આઠ કારણો છે ત્યાં,

૧. પ્રતિકમણમાં=ચાર વંદન બે-બે રૂપ થાય=ચાર વખત વાંદણાં બે-બે વખત અપાય છે. અને તે=પ્રતિકમણકાળમાં જે આઠ વાંદણાં અપાય છે તે, સામાન્યથી એક જ છે=પ્રતિકમણના કારણે તે વંદન અપાય છે માટે એક છે.

૨. સ્વાધ્યાયમાં=વાચનાદિ વિષયમાં, ત્રણ વંદન કરાય છે. પ્રથમ વંદન કરીને સ્વાધ્યાયનું પ્રસ્થાપન કરે=સ્વાધ્યાયનો પ્રારંભ કરે. પ્રસ્થાપિત કરાયે છતે પ્રવેદિત અંતનું બીજું વંદન કરે. પાછળથી ઉદ્દિષ્ટ-સમુદ્દિષ્ટનું અધ્યયન કરે. ઉદ્દેશ-સમુદ્દેશ વંદનાનો અહીં આ રીતે તેનો ભાવ છે. તેથી જ્યારે ચાર ભાગ અવશેષ પોરિસી હોય ત્યારે પાત્રાં પડિલેહણ કરે. જો પડિલેહણની કામના ન હોય તો વંદન કરે=ગોચરી વાપરવી ન હોય તેથી પાત્રાંનું પડિલેહણ કરવું ન હોય તો વંદન કરે. હવે પ્રતિલેખન

કરવાની કામનાવાળો હોય=પાત્રાંનું પડિલેહણ કરવાની કામનાવાળો હોય તો વંદન કર્યા વગર પાત્રાનું પડિલેહણ કરે. પડિલેહણ કરીને પાછળથી બોલે કાળવેળામાં વંદીને હું પ્રતિક્રમણ કરીશ. આ રીતે ત્રીજું વંદન છે=સ્વાધ્યાયમાં ત્રીજું વંદન છે.

આ ત્રણે પણ=સ્વાધ્યાયમાં કરાતાં ત્રણેય પણ વંદનો, સામાન્યથી સ્વાધ્યાય વિષયક હોવાથી એક જ છે. આ રીતે પૂર્વાહ્નમાં સાત=પ્રતિક્રમણનાં ચાર અને સ્વાધ્યાયનાં ત્રણ એમ સાત વંદન અપરાહ્નમાં પણ=ચોથા પહોરમાં પણ સાત જ થાય છે; કેમ કે અનુજ્ઞા વંદનોનું=ઉદ્દેશ-સમુદ્દેશ પછી અનુજ્ઞાનાં વંદનોનું, સ્વાધ્યાયનાં વંદનોમાં જ અંતર્ભાવ છે. આ ધ્રુવ કૃતિકર્મો=વંદનની ક્રિયાઓ, અભક્તાર્થને ચૌદ થાય છે. વળી ઇતરને=ભક્તાર્થને=આહાર કરનાર સાધુને, પ્રત્યાખ્યાનના વંદનથી અધિક વંદન થાય છે. જે કારણથી કહેવાયું છે –

"પ્રતિક્રમણમાં ચાર કૃતિકર્મ થાય છે, સ્વાધ્યાયમાં ત્રણ થાય છે. પૂર્વાહ્ન-અપરાહ્નમાં કૃતિકર્મ ચૌદ થાય છે=પ્રતિક્રમણનાં ચાર, સ્વાધ્યાયનાં ત્રણ એમ સાત વંદન પૂર્વાહ્નમાં અને સાત વંદન અપરાહ્નમાં થાય છે." **(આવશ્યકનિર્યુક્તિ-૧૨૦૧) એથી પ્રસંગથી સર્યું.**

૩. અને કાયોત્સર્ગમાં=વિકૃતિની અનુજ્ઞારૂપ કાયોત્સર્ગમાં જે વિકૃતિના પરિભોગ માટે આચામ્લ વિસર્જન માટે કરાય છે તે કાયોત્સર્ગનું વંદન છે.

૪. અપરાધમાં=ગુરુવિનય બંધનરૂપ અપરાધમાં, જે કારણથી તેમને=ગુરુને વંદન કરીને ક્ષમાયાચના કરાય છે તે અપરાધ વંદન છે. પાક્ષિક વંદનો અપરાધમાં અંતર્ભાવ પામે છે.

૫. પ્રાઘૂર્ણક-જ્યેષ્ઠ આવે છતે વંદન કરાય છે. અને અહીં=પ્રાઘૂર્ણકના વંદનમાં આ વિધિ છે.

"સાંભોગિક અન્યસાંભોગિક=અસાંભોગિક બે પ્રકારના પ્રાઘૂર્ણક હોય છે. આચાર્યને પૂછીને સાંભોગિક પ્રાઘૂર્ણકને વંદન કરાય છે." ॥૧॥

વળી ઇતર=અસાંભોગિક પ્રાઘૂર્ણક, આચાર્યને વંદન કરીને સંદિસાપન કરીને તે પ્રમાણે જ=આચાર્યને વંદન કર્યા પછી મોટા પર્યાયવાળા સાધુને વંદન કરે છે. જો ગત મોહવાળા હોય તો પાછળથી વંદન કરે છે અથવા વંદન કરાવે છે=પોતાનાથી અલ્પપર્યાયવાળા સાધુને વંદાવે છે.

૬. અને આલોચનામાં તે પ્રમાણે વંદન કરાય છે.

૭. સંવરણમાં=વાપર્યા પછી પચ્ચક્ખાણ કરવામાં=દિવસચરિમરૂપ પચ્ચક્ખાણ કરવામાં, વંદન કરાય છે. અથવા ભક્તાર્થીઓ કોઈક કારણથી અભક્તાર્થ પચ્ચક્ખાણમાં વંદન કરે છે તે સંવરણમાં વંદન છે.

૮. અને ઉત્તમાર્થમાં=મરણ સમયની આરાધનાકાળમાં વંદન કરાય છે તે ઉત્તમાર્થ વંદન છે.

દોષો - દોષો ૬ છે.

"૧. માન, ૨. અવિનય, ૩. ખિંસા=પ્રવચનની હીલના, ૪. નીચગોત્ર, ૫. અબોધિની પ્રાપ્તિ, ૬. ભવની વૃદ્ધિ. અનમન કરનારને છ દોષો પ્રાપ્ત થાય છે=જેઓ ઉચિતકાલે વંદન કરતા નથી તેઓને માનકષાયની વૃદ્ધિ થાય છે.

અવિનયની પ્રાપ્તિ થાય છે. પ્રવચનની હીલના થાય છે; કેમ કે ભગવાનના શાસનના સાધુઓ અવિનીત છે તેવું લોકમાં જણાય છે. આ ત્રણે કાર્ય વ્યક્તરૂપે દેખાય છે. અને નહિ નમનારને નીચગોત્રના બંધની પ્રાપ્તિ થાય છે. ગુણવાનની આશાતના કરવાને કારણે અબોધિની પ્રાપ્તિ થાય છે અને ગુણવાનની હીલના કરવાને કારણે ભવની વૃદ્ધિ થાય છે. આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, અહીં=વંદનના વિષયમાં, ૧૯૮ સ્થાનો છે."

હવે સૂત્ર બતાવે છે. "इच्छामि ..... वोसिरामि"

અહીં શિષ્ય ગુરુવંદનથી=દ્વાદશાવર્ત વંદનથી, વંદન કરવાની ઇચ્છાવાળો પૂર્વમાં લઘુવંદનપૂર્વક બે સંદશકની પ્રમાર્જના કરીને=પગના વળવાના સ્થાનોનું પ્રમાર્જન કરીને બેઠેલો જ મુખવસ્ત્રિકાને ૨૫ વખત કરાયેલો પ્રત્યુપેક્ષણ કરે છે=મુખવસ્ત્રિકાનાં ૨૫ સ્થાનોનું પ્રત્યુપેક્ષણ કરે છે અને તેના વડે=મુહપત્તિ વડે શરીરને ૨૫ વખત કરાયેલો જ=૨૫ વખત પ્રમાર્જના કરાયેલો જ, પ્રમાર્જના કરીને ૫૨ વિનય વડે=અત્યંત વિનય વડે, મન-વચન-કાયાથી સંશુદ્ધ એવો શિષ્ય ગુરુ પાસેથી આત્મપ્રમાણ ક્ષેત્રથી બહિર્ રહેલો અધિજ્ય-ચાપની જેમ=બાણ ચઢાવીને તીર મારવા માટે પ્રવૃત્ત થયેલા પુરુષના બાણની જેમ, અવનત કાયવાળો=નમાવેલી કાયાવાળો, બે હાથથી ગૃહીત રજોહરણાદિવાળો વંદન માટે ઉદ્યત થયેલો આ રીતે કહે છે.

'ઇચ્છું છું' આના દ્વારા બલાભિયોગ પરિહાર કરાયો=ગુરુના કહેવાથી કે અન્યના કહેવાથી પોતે વંદન કરતો નથી પરંતુ નિર્જરાની કામનાથી પોતે વંદન કરવાને ઇચ્છે છે. એ પ્રમાણે 'इच्छामि' શબ્દથી કહેવાયું. હે ક્ષમાશ્રમણ ! ક્ષમાશ્રમણનો અર્થ કરે છે. **'क्षम्' ધાતુ સહનના અર્થમાં છે. ત્યાં વ્યાકરણના સૂત્રથી ક્ષમા=સહન એ પ્રકારનો અર્થ છે. શ્રમણનો અર્થ કરે છે. સંસારના વિષયમાં શ્રાંત થયેલા છે=સંસારના પરિભ્રમણથી ખેદ પામેલા છે અથવા તપ્ત થયેલા છે તે શ્રમણ. વ્યાકરણના સૂત્રથી શ્રમણ શબ્દ બનેલ છે. ક્ષમાપ્રધાન શ્રમણ ક્ષમાશ્રમણ=ક્ષમાના પરિણામથી યુક્ત, વિષયકષાયથી તપ્ત થયેલા સંસારના નિસ્તાર માટે અપ્રમત્ત રીતે પ્રયત્ન કરનારા એવા મહાત્મા તે ક્ષમાશ્રમણ ! તેમને માટે સંબોધનનો પ્રયોગ છે. ક્ષમાના ગ્રહણથી માર્દવ-આર્જવાદિ ગુણો સૂચિત છે. અને તેથી ક્ષમાદિ ચાર ગુણો ઉપલક્ષિત એવા યતિ પ્રધાનને સંબોધન છે. આના દ્વારા=હે ક્ષમાશ્રમણ ! એ શબ્દ દ્વારા, તેમનું જ વંદનયોગ્યપણું સૂચિત કરાયું=ક્ષમાદિ ગુણથી રહિત અન્ય વંદનયોગ્ય નથી પરંતુ ક્ષમાદિ ગુણયુક્ત જ વંદનયોગ્ય છે એમ સૂચિત કરાયું. શું કરવા માટે ?=હે ક્ષમાશ્રમણ ! હું ઇચ્છું છું એ વચન દ્વારા હું શું કરવા ઇચ્છું છું ? એથી કહે છે. વંદન કરવા માટે=તમને નમસ્કાર કરવા માટે ઇચ્છું છું. સૂત્રમાં 'वन्दितुं' શબ્દ પછી 'भवन्तम्' એ શબ્દ અધ્યાહાર છે. શેનાથી વંદન કરવા ઇચ્છું છું ? એથી કહે છે – યાપનીકાથી અને વિશિષ્ટ નૈષેધિકીથી હું વંદન કરવા ઇચ્છું છું એમ અન્વય છે. અહીં 'નૈષેધિક્યા' એ 'વિશેષ્ય' પદ છે. અને 'યાપનીયયા' એ વિશેષણ પદ છે. એથી યાપનિકા વિશેષણથી વિશિષ્ટ એવી નૈષેધિકીથી હું વંદન કરવા ઇચ્છું છું એ પ્રકારનો અર્થ થાય. વ્યાકરણસૂત્રાનુસાર નૈષેધિકીસૂત્રનો અર્થ કરે છે. 'નિ' ઉપસર્ગપૂર્વક 'ધૈ' ધાતુથી 'નિષેધ' શબ્દ બનેલો છે તેથી પ્રાણાતિપાતાદિની નિવૃત્તિ એ પ્રકારનો અર્થ થાય. તે પ્રયોજન છે આને=પ્રાણાતિપાતાદિની નિવૃત્તિ રૂપ નિષેધ**

પ્રયોજન છે આને એવી તનુ નૈષેધિકી=શરીરની નૈષેધિકી ક્રિયા, તેના વડે=પ્રાણાતિપાતાદિની નિવૃત્તિવાળા શરીરથી હું વંદન કરવા ઇચ્છું છું એમ અન્વય છે. અર્થાત્ પ્રાણાતિપાતાદિ સર્વ દોષોની નિવૃત્તિ સમભાવના ઉપયોગથી થાય છે અને સમભાવનો ઉપયોગ સમભાવવાળા મહાત્મામાં વર્તતા ક્ષમાદિ ભાવો પ્રત્યેના રાગથી થાય છે. તેથી ગુણવાન ગુરુના ક્ષમાદિ ગુણો પ્રત્યે રાગ પ્રવર્તે છે. જેથી મન-વચન-કાયાની ગુપ્તિની પ્રાપ્તિ થાય તે રૂપ પ્રાણાતિપાતાદિની નિવૃત્તિથી હું વંદન કરવા ઇચ્છું છું એમ અન્વય છે.

કેવા પ્રકારના પ્રાણાતિપાતાદિની નિવૃત્તિથી હું વંદન કરવા ઇચ્છું છું ? એથી કહે છે –

યાપનીકાથી યાપનીકામાં. 'યા' ધાતુ પ્રાપણ અર્થમાં છે. અને તેનું પ્રેરકરૂપ આગમમાં 'यापयतीति यापनीया' એ પ્રમાણે થાય છે. તે યાપનીકાથી=શક્તિસમન્વિતપણાથી=મારામાં જે સમભાવને અનુકૂળ યત્ન કરવાની શક્તિ છે તે શક્તિસમન્વિતપણાથી, હું પ્રાણાતિપાતાદિની નિવૃત્તિ કરીને તેનાથી વંદન કરવાને ઇચ્છું છું એ પ્રકારનો અર્થ પ્રાપ્ત થાય છે. તેથી અત્યંત ઉપશાંતપૂર્વક અપ્રમાદથી વંદન કરવા ઇચ્છું છું એ અર્થ ફલિત થાય છે.

આ સમુદાય અર્થ છે=અત્યાર સુધીના કથનનો આ સમુદાય અર્થ છે. હે શ્રમણગુણથી યુક્ત મહાત્મા ! હું શક્તિસમન્વિત શરીરવાળો=ગુણવૃદ્ધિને અનુકૂળ દૃઢયત્ન થાય એવી શક્તિથી સમન્વિત શરીરવાળો અને પ્રતિષિદ્ધ પાપક્રિયાવાળો=ત્રણ ગુપ્તિથી ગુપ્ત થઈને પાપક્રિયાનો પ્રતિષેધ કર્યો છે એવો, તમને વંદન કરવાને ઇચ્છું છું. અહીં 'इच्छामि ..... निसीहिआए' સુધીના કથનમાં વિશ્રામસ્થાન છે=વાંદણાં દેતી વખતે અટકવાનું સ્થાન છે. અને આ=પ્રથમ વિશ્રામસ્થાન સુધીનું કથન ઇચ્છા નિવેદનરૂપ પ્રથમ સ્થાન છે=આ પ્રકારે અપ્રમાદપૂર્વક હું વંદન કરવા ઇચ્છું છું. એ રીતે પોતાની ઇચ્છાના નિવેદનરૂપ પ્રથમ સ્થાન છે. અને અહીં=પ્રથમ ઇચ્છાનિવેદનસ્થાન બતાવ્યું તેમાં અંતરમાં=વચમાં, ગુરુ જો વ્યાક્ષેપ બાધાદિ યુક્ત છે તો કહે છે. 'प्रतीक्षस्व'=રાહ જો. હમણાં વંદન કર નહિ. અને તે બાધાદિ કારણ કથનયોગ્ય હોય તો ગુરુ કથન કરે, અન્યથા કરે નહિ એ પ્રમાણે ચૂર્ણિકારનો મત છે= પ્રતીક્ષા કર એ પ્રમાણે ચૂર્ણિકારનો મત છે. વળી વૃત્તિકારનો મત ત્રિવિધથી='પ્રતીક્ષસ્વ'ને બદલે 'ત્રિવિધેન' એ પ્રમાણે કહે. મનથી-વચનથી-કાયાથી પ્રતિષિદ્ધ તું છો=હમણાં તને વંદન કરવાનો નિષેધ છે. તેથી શિષ્ય સંક્ષેપથી વંદન કરે છે=મત્થએણ વંદામિ કહે છે. વ્યાક્ષેપાદિ રહિત જો ગુરુ હોય તો વંદન કરવા માટે અનુજ્ઞા આપવાની ઇચ્છાવાળા ગુરુ 'छन्देन' એ પ્રમાણે કહે છે. 'छंदेन'= અભિપ્રાયથી=મને પણ આ અભિપ્રેત છે=શિષ્ય ગુણવાન ગુરુને વંદન કરીને નિર્જરાની પ્રાપ્તિ કરે તે પોતાને અભિપ્રેત છે તે બતાવવા માટે ગુરુ 'छन्देन' એ પ્રમાણે કહે. ત્યારપછી શિષ્ય અવગ્રહાદિ બહિર્ રહેલો જ આ પ્રમાણે કહે છે. 'મને અનુજ્ઞા આપો.' શેની ? તેથી કહે છે. મિત એવો અવગ્રહ એ મિતાવગ્રહ=અહીં આચાર્યનો ચાર દિશાઓમાં આત્મપ્રમાણ અવગ્રહ છે. તેમાં=તે અવગ્રહમાં, આચાર્યની અનુજ્ઞા વગર પ્રવેશ કરવો કલ્પતો નથી, જેને કહે છે –

"આત્મપ્રમાણપ્રમિત ચાર દિશામાં ગુરુનો અવગ્રહ હોય છે. અનનુજ્ઞાતને=તેમાં પ્રવેશ કરવાની અનુજ્ઞા નહિ અપાયેલાને, સદા ત્યાં પ્રવેશ કરવાને માટે કલ્પતું નથી."

એથી અનુજ્ઞાપન=મને મિતાવગ્રહમાં પ્રવેશ કરવાની અનુજ્ઞા આપો એ પ્રકારનું અનુજ્ઞાપન, બીજું સ્થાન છે=વાંદણાનું બીજું સ્થાન છે. ત્યારપછી=શિષ્ય અવગ્રહ માટે અનુજ્ઞા માંગે છે ત્યારપછી, ગુરુ કહે છે. "હું અનુજ્ઞા આપું છું." ત્યારપછી=ગુરુ અનુજ્ઞા આપે છે ત્યારપછી, શિષ્ય ભૂમિને પ્રમાર્જીને= અવગ્રહમાં પ્રવેશ કરવાની ભૂમિનું પ્રમાર્જન કરીને, નૈષેધિકીને કરતો='નિસીહિ' એ પ્રમાણે બોલતો, ગુરુ અવગ્રહમાં પ્રવેશે છે. 'નિસીહિ'નો અર્થ કરે છે. નિષિદ્ધ સર્વ અશુભ વ્યાપારવાળો છતો=ગુણવાન ગુરુના ગુણોના સ્મરણ સિવાય અન્ય સર્વ અશુભ વ્યાપારનો નિષેધ કરાયો છતો, હું પ્રવેશ કરું છું. એ પ્રમાણે અર્થ છે. અર્થાત્ દૃઢઉપયોગપૂર્વક નિસીહિ બોલી પ્રવેશ કરે તો વંદન કરનાર શિષ્યનું ચિત્ત ક્ષમાશ્રમણના ગુણો માત્રમાં પ્રતિબંધવાળું રહે, અન્યત્ર નિષિદ્ધ વ્યાપારવાળું થાય. ત્યારપછી=નિસીહિ કરીને અવગ્રહમાં પ્રવેશ કર્યા પછી, સંડાસાના પ્રમાર્જનપૂર્વક બેસે છે. જેથી જીવરક્ષાને અનુકૂળ દયાળુ ચિત્ત અસ્ખલિત પ્રવર્તે છે અને ગુરુ પાદાંતિક ભૂમિમાં રજોહરણ સ્થાપન કરીને અને તેના મધ્યમાં ગુરુ ચરણયુગલનું સંસ્થાપન કરીને=રજોહરણના મધ્યમાં માનસિક વ્યાપાર દ્વારા ગુરુ ચરણયુગલનું સંસ્થાપન કરીને, મુખવસ્ત્રિકાને ડાબા કર્ણથી આરંભીને ડાબા હાથથી જમણા કર્ણ સુધી યાવત્ લલાટને અવિચ્છિન્ન પ્રમાર્જન કરીને અને વામ જાનુને=ડાબા પગને, ત્રણ વખત પ્રમાર્જન કરીને મુહપત્તિને ડાબા ઢીંચણ પર સ્થાપન કરે છે. ત્યારપછી 'અ'કારના ઉચ્ચારણના સમકાલ રજોહરણને બે હાથ વડે સંસ્પર્શન કરીને='અહોકાયં' શબ્દોમાં રહેલ 'અ'કાર ઉચ્ચારણના સમાનકાલમાં રજોહરણને બે હાથ વડે સંસ્પર્શન કરીને, 'હો'કારના ઉચ્ચારણના સમકાલમાં='અહોકાયં' શબ્દમાં રહેલા 'હો'કારના ઉચ્ચારણના સમકાલમાં લલાટને સંસ્પર્શ કરે. ત્યારપછી 'કા'કારના ઉચ્ચારણના સમકાલમાં રજોહરણને સ્પર્શ કરીને 'યં'કારના ઉચ્ચારણના સમકાલમાં લલાટને સ્પર્શે છે. અને વળી 'કા'કારના ઉચ્ચારણના સમકાલમાં રજોહરણને સ્પર્શ કરીને 'ય'કારના ઉચ્ચારણના સમકાલમાં લલાટને સ્પર્શ કરે છે. અર્થાત્ આ પ્રકારે 'અહોકાયં કાય' એ પ્રકારે ઉચ્ચારણ કરીને ગુરુના ચરણરૂપ અધો કાયને હસ્ત દ્વારા સ્પર્શીને પોતાના મસ્તકને તે હાથથી સ્પર્શ કરે છે. જેનાથી ગુરુના ક્ષમાદિ ગુણો પ્રત્યે પોતાની ભક્તિનો પરિણામ અતિશય અતિશયતર થાય છે. ત્યારપછી 'સંફાસં' એ પ્રમાણે બોલતો મસ્તકથી અને બે હાથથી રજોહરણને સ્પર્શે છે. ત્યારપછી મસ્તક ઉપર બદ્ધ અંજલિવાળો બોલે છે.

શું બોલે છે ? તે સ્પષ્ટ કરે છે –

'ખમણિજ્જો ભે કિલામો' એ પ્રકારથી આરંભીને 'દિવસો વઈક્કંતો' ત્યાં સુધી ગુરુ મુખ પર નિવિષ્ટ દૃષ્ટિવાળો બોલે છે. હવે 'અહોકાયં કાય' આદિનો અર્થ કરે છે. નીચેની કાયા અધઃકાય છે. પાદલક્ષણ છે. તેના પ્રત્યે=પાદલક્ષણ રૂપ અધઃકાય પ્રત્યે કાયાથી=હસ્ત-લલાટ લક્ષણ પોતાના દેહથી, સંસ્પર્શને=આમર્શને, હું કરું છું=તમારી અધઃકાયને મારા હાથ અને લલાટરૂપ કાયાથી સંસ્પર્શ કરું છું. સૂત્રમાં 'કરોમિ' એ શબ્દ અધ્યાહાર છે. આ પણ=હું મારા હસ્ત-લલાટ વડે તમારી અધઃકાયને

સ્પર્શ કરું છું એ પણ, મને અનુજ્ઞા આપો એ પ્રમાણે સંબંધ છે. હિ=જે કારણથી, આચાર્યની અનુજ્ઞા વગર સંસ્પર્શ કર્તવ્ય નથી. ત્યારપછી કહે છે. શું કહે છે ? તે બતાવે છે. ક્ષમણીય=સહન કરવું જોઈએ. મે=તમારા વડે, શું સહન કરવું જોઈએ ? તેથી કહે છે. કિલામણાને=હું તમારી કાયાને સંસ્પર્શ કરું. તેનાથી થતી દેહગ્લાનિ રૂપ કિલામણાને, તમારા વડે ક્ષમણીય છે. અને અલ્પક્લેશવાળા=અલ્પ અર્થાત્ સ્તોક ક્લમ છે જેઓને તે અલ્પક્લાંત તેઓને=અલ્પ વેદનાવાળા એવા તમોને, બહુ શુભથી=બહુ એવું તે શુભ બહુશુભ તેનાથી=બહુસુખથી, તમારો દિવસ પસાર થયો=દિવસ વ્યતિક્રાંત થયો. આ પ્રકારે વિનય અર્થે શિષ્ય પૃચ્છા કરે છે. અર્થાત્ ગુણવાન ગુરુ તત્ત્વથી વાસિત મતિવાળા હોવાને કારણે કષાયોની વેદના અતિ અલ્પ છે અને અલ્પ વેદનાવાળા એવા તેઓનો દિવસ વિશિષ્ટ કષાયના શમનને અનુકૂળ યત્ન થવાથી બહુ સુખપૂર્વક પસાર થયો એ પ્રકારની અભિલાષાથી પોતાની ભક્તિની વૃદ્ધિ અર્થે શિષ્ય પૃચ્છા કરે છે. અહીં=વાંદણામાં, દિવસનું ગ્રહણ રાત્રિ પક્ષાદિનું ઉપલક્ષણ જાણવું. તેથી સવારમાં 'દિવસો વઈક્કંતો'ના સ્થાને 'રાઈ વઈક્કંતા' બોલાય છે. આ રીતે યોજિત કરસંપુટવાળા ગુરુના પ્રતિવચનને ઇચ્છતા શિષ્ય પ્રત્યે ગુરુ કહે છે. શું કહે છે ? તે બતાવે છે. 'તહત્તિ'=તે પ્રમાણે છે. અહીં પ્રતિશ્રવણમાં તથાકાર છે=જે પ્રમાણે તેં કીધું છે. અર્થાત્ પૃચ્છા કરી છે તે પ્રમાણે જ છે. અર્થાત્ બહુ સુખપૂર્વક મારો દિવસ પસાર થયો છે તે પ્રમાણે જ છે; કેમ કે ૧૮૦૦૦ શીલાંગધારી ગુરુ હંમેશાં અપ્રમાદથી યત્ન કરનારા હોય છે તેથી કષાયોની ક્ષીણતા ઉત્તરોત્તર થાય છે. તેના કારણે તેઓનો દિવસ બહુ સુખપૂર્વક પસાર થયેલો હોય છે. માટે 'તથા' તે પ્રકારનું તેઓનું વચન તેમના યથાર્થ સ્વરૂપને કહેનારું છે જે સાંભળીને શિષ્યને પ્રીતિ વધે છે; કેમ કે ગુરુ મહા પરાક્રમ કરીને સતત ગુણવૃદ્ધિને પામી રહ્યા છે. તે પ્રકારના તેમના પ્રામાણિક વચનથી હર્ષિત થાય છે. જેથી ગુરુના ગુણવૃદ્ધિના અનુમોદનના ફળને પ્રાપ્ત કરે છે. આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, આચાર્યના શરીરની વાર્તા પુછાઈ. (આચાર્યને શરીરની વાર્તા પૃચ્છા રૂપ ત્રીજું સ્થાન)

હવે તપ-નિયમ વિષયક વાર્તાને પૃચ્છા કરતો શિષ્ય કહે છે. 'જત્તા ભે' એ શબ્દમાં રહેલ 'જ' એ પ્રમાણે અનુદાત્ત સ્વરથી ઉચ્ચારણ કરતો શિષ્ય રજોહરણને બે હાથ વડે સ્પર્શ કરીને, રજોહરણ અને લલાટના અંતરાલમાં 'ત્તા' એ સ્વરિત સ્વરથી ઉચ્ચારીને ઉદાત્ત સ્વરથી 'ભે' એ પ્રમાણે ઉચ્ચારણ કરતો શિષ્ય ગુરુમુખનિવિષ્ટ દૃષ્ટિવાળો લલાટને સ્પર્શે છે. 'જત્તા ભે' શબ્દમાં રહેલ જત્તા=યાત્રા શબ્દનો અર્થ કરે છે. યાત્રા સંયમ-તપ-નિયમાદિ રૂપ ક્ષાયિક-ક્ષાયોપશમિક-ઔપશમિક ભાવરૂપ છે. તે યાત્રા તમારી વૃદ્ધિ પામે છે. સૂત્રમાં 'જત્તા ભે' શબ્દ પછી 'ઉત્સર્પ્પતિ' એ શબ્દ અધ્યાહાર છે. આ પ્રકારે યાત્રા પૃચ્છા રૂપ ચોથું સ્થાન છે=વાંદણાનું ચોથું સ્થાન છે. અત્રાન્તરમાં=આ પ્રમાણે શિષ્ય પૃચ્છા કરે ત્યારે, ગુરુનું પ્રતિવચન=ઉત્તર, આ પ્રમાણે છે, 'તને પણ વર્તે છે'=મને વર્તે છે, તને પણ વર્તે છે. એ પ્રમાણે ગુરુનું પ્રતિવચન છે અર્થાત્ પાંચ ઇન્દ્રિયના સંવરરૂપ સંયમ, નિર્જરાને અનુકૂળ એવી જીવની પરિણતિરૂપ તપ અને આત્માનો પોતાના ઉપર વિશેષ નિયંત્રણરૂપ નિયમાદિ રૂપ મોક્ષમાર્ગની યાત્રા છે એવો શિષ્યને બોધ હોય છે. અને આ યાત્રા કેવલીને ક્ષાયિક હોય છે તો અન્ય

મહાત્માઓને ક્ષાયોપશમિક કે ઔપશમિકભાવ રૂપ હોય છે તેવી સ્મૃતિ વર્તે છે અને તે યાત્રા ગુરુને વર્તે છે તે પ્રકારે પૃચ્છા કરીને ગુરુની તે યાત્રાની અનુમોદનાની પરિણતિ ઉલ્લસિત કરવાર્થે શિષ્ય પૃચ્છા કરે છે; કેમ કે ગુરુમાં તેવી યાત્રા વર્તે એવા શુભાશયથી તે પૃચ્છા કરે છે અને ગુરુ પણ ઉત્તર આપતાં શિષ્યમાં પણ તેવી યાત્રા વર્તે એવા શુભાશયને ઇચ્છતાં ઉત્તર આપે છે. જેથી સંયમ-તપ-નિયમાદિ પ્રત્યે પ્રવર્ધમાન બહુમાનભાવ ગુરુ-શિષ્યને થાય છે. તેઓનો તે બહુમાનનો ભાવ જે પ્રમાણે પ્રકર્ષ પામે તે પ્રકારે શીઘ્ર ક્ષાયિકભાવની યાત્રાનું કારણ બને છે. આથી જ આ રીતે પૃચ્છા કરતા કરતા પણ કેટલાક મહાત્માઓ કેવલજ્ઞાન પામે છે. તેથી સંયમ-તપ-નિયમાદિરૂપ મોક્ષમાર્ગની યાત્રામાં રાગથી ચિત્તને સ્થાપન કરીને તે પ્રકારે શિષ્ય પૃચ્છા કરે છે અને ગુરુ પણ તે પ્રકારે જ ઉત્તર આપે છે. હવે નિયંત્રણીય પદાર્થ વિષયની વાર્તાને પૃચ્છા કરતો શિષ્ય ફરી પણ કહે છે=આત્માને અશુભભાવોથી નિયંત્રિત કરીને સંવૃત્ત કરવો મહાત્મા માટે આવશ્યક છે. તેના માટે જે નિયંત્રણીય પદાર્થો છે તેના વિષયક ગુરુને પૂછતો શિષ્ય કહે છે. 'જવણિજ્જં ચ ભે' શબ્દમાં રહેલ 'જ' શબ્દ અનુદાત્ત સ્વરથી રજોહરણને સ્પર્શીને, 'વ' શબ્દ સ્વરિત સ્વરથી રજોહરણ અને લલાટની વચમાં ઉચ્ચારણ કરીને 'ણિ' શબ્દ ઉદાત્ત સ્વરથી ઉચ્ચારણ કરતો શિષ્ય બે હાથ દ્વારા લલાટને સ્પર્શ કરે છે. વળી પ્રતિવચનની પ્રતીક્ષા કરતો નથી; કેમ કે પ્રશ્નનું અર્ધ સમાપ્તપણું છે. ત્યારપછી 'જ્જં' એ અનુદાત્ત સ્વરથી ઉચ્ચારણ કરીને બે હાથ દ્વારા રજોહરણને સ્પર્શ કરતો શિષ્ય ફરી જ રજોહરણ-લલાટની વચમાં 'ચ' એ પ્રકારે સ્વરિત સ્વરથી ઉચ્ચારણ કરીને 'ભે' એ પ્રમાણે ઉદાત્ત સ્વરથી ઉચ્ચારણ કરતો બે હાથ વડે લલાટને સ્પર્શ કરીને પ્રતિવચનને સાંભળતો=ગુરુના ઉત્તરને સાંભળતો, તે પ્રમાણે જ રહે છે=ગુરુનો ઉત્તર પ્રાપ્ત થાય ત્યાં સુધી તે પ્રમાણે જ રહે છે. હવે 'જવણિજ્જં ચ ભે'નો અર્થ કરે છે. જવણિજ્જં=અને યાપનીય=ઇન્દ્રિય નોઇન્દ્રિયના ઉપશમાદિના પ્રકારથી અબાધિત તમારું શરીર વર્તે છે. અર્થાત્ તમારી પાંચ ઇન્દ્રિય અને નોઇન્દ્રિયરૂપ મન સંયમને અનુકૂળ ઉપશમ કે ક્ષયોપશમભાવ રૂપે વર્તે તેવું તમારું શરીર છે ? આ પ્રકારે પરભક્તિથી પૃચ્છા કરતા શિષ્ય વડે વિનય કરાયેલો થાય છે. યાપનાપ્રચ્છન પાંચમું સ્થાન છે=વાંદણાનું પાંચમું સ્થાન છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે સુસાધુઓ ઇન્દ્રિય અને મનને નિયંત્રિત કરીને વીતરાગના વચનાનુસાર સર્વ ક્રિયાઓ કરીને વીતરાગ થવા યત્ન કરતા હોય છે અને વિવેકસંપન્ન શિષ્ય અભિલાષ કરે છે કે ગુરુનાં ઇન્દ્રિય અને મન તે પ્રમાણે વર્તતાં હશે. જેથી ગુરુ ભગવંત સતત મોહની સામે લડીને સ્વઇષ્ટને સાધી રહ્યા છે અને તેવું તેમનું સત્ત્વ વર્તમાનમાં હશે તેવા અભિલાષપૂર્વક ગુરુને પૃચ્છા કરે છે. અને આ પ્રકારે પૃચ્છા કરીને તેવા ગુણવાન ગુરુ પ્રત્યે પોતાની ભક્તિની અભિવ્યક્તિ કરે છે. જેનાથી ગુણવાન એવા ગુરુમાં ઇન્દ્રિય અને નોઇન્દ્રિયના ઉપશમાદિ હશે તેની અનુમોદનાનો પરિણામ થાય છે. જેથી પોતાનામાં પણ તેવા ભાવો પ્રકર્ષવાળા થાય તેવું સત્ત્વ ઉલ્લસિત થાય છે.

અત્રાન્તરમાં=શિષ્યએ ગુરુને યાત્રાપૃચ્છન્ કર્યું એ પ્રસંગમાં, ગુરુ કહે છે. 'એ પ્રમાણે છે'=મને યાપનીય વર્તે છે=ઇન્દ્રિય અને નોઇન્દ્રિય ઉપશમાદિ પ્રકારથી વર્તે છે. હવે અપરાધ ક્ષામણાને કરતો

શિષ્ય રજોહરણ ઉપર સ્થાપન કરાયેલા મસ્તકવાળો આને કહે છે. શું કહે છે ? તે સ્પષ્ટ કરે છે. હે ક્ષમાશ્રમણ ! દેવસિઅ વ્યતિક્રમને હું ખમાવું છું અર્થાત્ હે ક્ષમાશ્રમણ ! દિવસમાં થયેલ દૈવસિક તેને=વ્યતિક્રમને=અવશ્યકરણીય એવા યોગની વિરાધના રૂપ અપરાધને તેને હું ખમાવું છું. એ પ્રકારે અપરાધ ક્ષામણરૂપ છઠ્ઠું સ્થાન છે=વાંદણાનું છઠ્ઠું સ્થાન છે. અર્થાત્ દિવસ સંબંધી નિર્જરાને અનુકૂળ મન-વચન-કાયાના યોગો ઉચિત રીતે પ્રવર્તાવવા જોઈએ. તે મન-વચન-કાયાના યોગો સમ્યક્ પ્રવર્તાવ્યા ન હોય તો તે અપરાધ સ્થાનને હું ખમાવું છું. આ પ્રકારે અપરાધની ક્ષમાપનારૂપ વાંદણાનું છઠ્ઠું સ્થાન છે. અને અત્રાન્તરમાં=શિષ્ય અપરાધની ક્ષમાપના કરે છે તે પ્રસંગમાં ગુરુ કહે છે. હું પણ ખમાવું છું=હું પણ પ્રમાદ ઉદ્ભવ અવિધિ શિક્ષણાદિરૂપ દૈવસિક વ્યતિક્રમને ખમાવું છું. અર્થાત્ જેમ શિષ્યને અપ્રમાદ કરીને ગુરુની આજ્ઞા અનુસાર નિર્જરાને અનુકૂળ ઉચિત યોગોમાં પ્રમાદ થયો હોય તેની ક્ષમાપના કરવી આવશ્યક છે તેમ ગુરુએ પણ શિષ્યને નિર્જરા અનુકૂળ ઉચિત યોગોમાં પ્રવર્તાવવા માટે શિક્ષણાદિ આપવું જોઈએ અર્થાત્ સંવેગ ઉત્પન્ન થાય તે પ્રકારે ઉચિત અનુશાસન આપવું જોઈએ ઇત્યાદિ કૃત્યોનો વ્યતિક્રમ કરેલો હોય તેની ક્ષમાની યાચના ગુરુ કરે છે. જેથી અલ્પ પણ ઉચિત કૃત્યોનો ગુરુ દ્વારા કે શિષ્ય દ્વારા વ્યતિક્રમ થયેલો હોય તે બંનેની શુદ્ધિ થાય છે. ત્યારપછી શિષ્ય પ્રણામ કરતો ક્ષમા યાચીને 'આવસ્સિઆએ ઇત્યાદિથી માંડીને જો મે અઈઆરો કઓ' એ અંત સુધી પોતાના અતિચારના નિવેદનમાં તત્પર આલોચના યોગ્ય પ્રાયશ્ચિત્તસૂચક એવા સૂત્રને અને હે ક્ષમાશ્રમણ ! તેનું હું પ્રતિક્રમણ કરું છું ઇત્યાદિક પ્રતિક્રમણ યોગ્ય પ્રાયશ્ચિત્ત-અભિધાયક સૂત્રને=પડિક્કમામિ નિંદામિ...વોસિરામિ સુધીના સૂત્રને, ફરી અકરણથી અભ્યુત્થિત થયેલો શિષ્ય પોતાને હું શોધન કરીશ એ બુદ્ધિથી અવગ્રહથી નીકળીને બોલે છે=આવસ્સિઆએથી માંડીને પૂર્ણ સૂત્ર બોલે છે. હવે 'આવસ્સિઆએ' શબ્દનો અર્થ કરે છે. અવશ્ય કર્તવ્ય એવા ચરણકરણમાં થનારી ક્રિયા તેનાથી=તે રૂપ આવશ્યકીથી ક્રિયાથી=આસેવન દ્વારા હેતુભૂત એવી આવશ્યકી ક્રિયાથી, જે અસાધુ અનુષ્ઠાન કરાયું તેનાથી હું પ્રતિક્રમણ કરું છું=તેનાથી હું નિવર્તન પામું છું. આ પ્રમાણે સામાન્યથી અસાધુ અનુષ્ઠાનનું પ્રતિક્રમણ કરીને વિશેષથી કહે છે. ક્ષમાશ્રમણ સંબંધી દૈવસિકી જ્ઞાનાદિ આયની શાતના=ખંડના, આશાતના. તેનાથી, કેવી વિશિષ્ટ આશાતનાથી ? એથી કહે છે. તેત્રીશ(૩૩)માંથી અન્યતર એવી આશાતનામાંથી, ૩૩ સંખ્યાની આશાતનામાંથી અન્યતર એવી કોઈ આશાતનાથી, ઉપલક્ષણપણું હોવાથી=૩૩માંથી અન્યતરનું ઉપલક્ષણપણું હોવાથી બે કે ત્રણ પણ આશાતનાથી, જે કારણથી દિવસમાં સર્વ પણ આશાતના સંભવે છે. માટે ઉપલક્ષણથી ૨-૩ આશાતનાનું ગ્રહણ છે.

અને તે=૩૩ આશાતનાઓ, આ છે. (૧) ગુરુની આગળ શિષ્યનું નિષ્કારણ ગમન વિનયભંગનું હેતુપણું હોવાથી ગુરુની આશાતના છે. માર્ગદર્શનાદિ કારણે આગળ જાય તો દોષ નથી. (૨) ગુરુની બે બાજુમાંથી પણ ગમન ગુરુની આશાતના છે. (૩) ગુરુની પાછળમાં પણ નજીક ગમન ગુરુની આશાતના છે; કેમ કે નિઃશ્વાસ, છીંક, શ્લેષ્મપાતાદિ દોષનો સંભવ છે. અને તેથી જેટલા ભૂમિભાગથી

જતાં આશાતના ન થાય તેટલા ભૂમિભાગથી જવું=પાછળ તે રીતે જવું જોઈએ. (૪) થી (૬) એ રીતે=જે રીતે નજીકમાં ગમન આશાતના છે એ રીતે, આગળ, બે બાજુ અને પાછળ સ્થાન છે=ઊભા રહેવા રૂપ સ્થાનમાં ગુરુની આશાતના છે. (૭) થી (૯) અને ગુરુની આગળ, બે બાજુ કે પાછળમાં બેસવું=નજીકમાં બેસવું, એ ગુરુની આશાતના છે. (૧૦) આચાર્યની સાથે ઉચ્ચારભૂમિમાં ગયેલા શિષ્યનું આચાર્યથી પ્રથમ જ આચમન એ આચાર્યની આશાતના છે. (૧૧) ગુરુના આલાપનીય એવા કોઈકને શિષ્ય દ્વારા પ્રથમ આલાપન એ ગુરુની આશાતના છે. (૧૨) આચાર્યની સાથે બહાર ગયેલ વળી નિવૃત શિષ્યનું=પાછા આવેલ શિષ્યનું આચાર્યથી પ્રથમ જ ગમનાગમનનું આલોચન. (૧૩) ભિક્ષાને લાવીને શિષ્ય દ્વારા ગુરુની પૂર્વે કોઈક શિષ્ય આગળ આલોચન કરીને પાછળથી ગુરુની આગળ આલોચન કરે એ ગુરુની આશાતના છે. (૧૪) ભિક્ષાને લાવીને પ્રથમ કોઈ શૈક્ષ્યને બતાવીને ગુરુને બતાવે એ ગુરુની આશાતના છે. (૧૫) ગુરુને પૂછયા વગર શૈક્ષ્યોને યથારુચિ ઘણા ભોજનનું દાન કરે એ ગુરુની આશાતના છે. (૧૬) ભિક્ષાને લાવીને કોઈક શૈક્ષ્યને નિમંત્રણ કરીને પાછળથી ગુરુને ઉપનિમંત્રણ કરે=ભિક્ષા વાપરવા પધારો એ પ્રમાણે ગુરુને ઉપનિમંત્રણ કરે એ ગુરુની આશાતના છે. (૧૭) શિષ્ય વડે ભિક્ષાને લાવીને આચાર્ય માટે કંઈક આપીને સ્વયં સ્નિગ્ધ-મધુર-મનોજ્ઞ આહાર-શાકાદિનો, વર્ણ-ગંધ-સ્પર્શ રસવાળા દ્રવ્યોનો સ્વયં ઉપભોગ કરે એ ગુરુની આશાતના છે. (૧૮) રાત્રિમાં હે આર્યો ! કોણ સૂતું છે ? કોણ જાગે છે ? એ પ્રમાણે ગુરુથી પુછાતા પણ જાગતા પણ શિષ્ય વડે અપ્રતિશ્રવણ=કોઈક પ્રયોજનથી રાત્રે ગુરુ પૂછે અને જો જવાબ આપીશ તો પોતાને ઊઠવું પડશે. તેથી કોઈ ઉત્તર આપે નહિ એ રૂપ ગુરુની આશાતના છે. (૧૯) શેષકાલમાં પણ ગુરુ બોલે છતે જ્યાં-ત્યાં રહેલા કે સૂતેલા શિષ્ય વડે પ્રતિવચનનું દાન એ ગુરુની આશાતના છે. (૨૦) બોલાવાયેલ શિષ્ય વડે આસન કે શયનને છોડીને નજીકમાં જઈને મસ્તક વડે વંદન કરીને, બોલતા એવા ગુરુનું વચન સાંભળવું જોઈએ, તેને નહિ કરતાં તે ગુરુની આશાતના છે. (૨૧) ગુરુ વડે બોલાવાયેલા શિષ્યનું 'શું ?' એ પ્રમાણેનું વચન ગુરુની આશાતના છે; કેમ કે 'મસ્તક વડે હું વંદન કરું છું' એ પ્રમાણે કહેવું જોઈએ. (૨૨) ગુરુ પ્રત્યે શિષ્યનો તુંકાર એ ગુરુની આશાતના છે. (૨૩) ગુરુ વડે ગ્લાનાદિ-વૈયાવચ્ચાદિ હેતુથી 'આ કર' એ પ્રમાણે આદિષ્ટ થયેલા શિષ્ય વડે 'તમે જ કેમ કરતા નથી ?' એથી 'તું આળસુ છું' એમ કહે છતે 'તમે પણ આળસુ છો' એ પ્રમાણે શિષ્યનું તજ્જાત વચન=તેના તુલ્ય વચન, એ ગુરુની આશાતના છે. (૨૪) ગુરુની આગળ બહુ કર્કશ અને ઊંચા સ્વરનું શિષ્ય દ્વારા કથન એ ગુરુની આશાતના છે. (૨૫) ગુરુ કથાને કહે છતે આ પ્રમાણે આ છે એ રીતે વચમાં શિષ્યનું કથન અર્થાત્ ગુરુ કહે તેના કરતાં અનેક પ્રકારે શિષ્ય કહે એ ગુરુની આશાતના છે. (૨૬) ગુરુ ધર્મકથાને કહે છતે તમે ભૂલી ગયા છો, આ અર્થ સંભવતો નથી એ પ્રમાણે શિષ્યનું વચન ગુરુની આશાતના છે. (૨૭) ગુરુ ધર્મનું કથન કરે છતે સૌમનસ્ય રહિત ગુરુના કહેવાયેલા વચનમાં અન્અનુમોદનાના પરિણામવાળા 'તમારા વડે સુંદર કહેવાયું' એ પ્રકારના પ્રશંસા રહિત પરિણામવાળા શિષ્યનું ઉપહતમનસપણું=ધર્મ સાંભળવામાં શિષ્યનું અવ્યાપારવાળું મનપણું, એ ગુરુની આશાતના છે. (૨૮) ગુરુ ધર્મ કથન કરે છતે આ ભિક્ષાવેલા છે, સૂત્ર-પોરિસી વેલા છે,

ભોજનવેલા છે ઈત્યાદિ દ્વારા શિષ્યથી પર્ષદાનું ભેદન એ ગુરુની આશાતના છે. (૨૯) ગુરુ ધર્મકથાને કહે છતે 'હું કહીશ' એ પ્રકારે શિષ્યથી કથાનું છેદન એ ગુરુની આશાતના છે. (૩૦) અને આચાર્યથી ધર્મકથા કરાયે છતે અનુસ્થિત જ પર્ષદામાં પોતાના પાટવાદિને જણાવવા માટે શિષ્ય દ્વારા સવિશેષ ધર્મકથન એ ગુરુની આશાતના છે. (૩૧) ગુરુની આગળ, ઊંચા આસનમાં કે સમાન આસનમાં શિષ્યનું બેસવું એ ગુરુની આશાતના છે. (૩૨) ગુરુની શય્યા-સંથારાદિનું પગ વડે ઘટ્ટન, અથવા અનુજ્ઞાપન કર્યા વગર હાથ વડે સ્પર્શ કરવો, ભેગું કરીને અથવા સ્પર્શીને અક્ષામણ=ક્ષમાયાચના ન કરવી, એ ગુરુની આશાતના છે. જેને કહે છે.

"કાયાથી આચાર્યનું સંઘટ્ટન કરીને અને ઉપધિથી પણ સંઘટ્ટન કરીને=પોતાના વસ્ત્રાદિથી આચાર્યનું સંઘટ્ટન કરીને મારો અપરાધ ક્ષમા કરો. ફરી હું આ કરીશ નહિ એ પ્રમાણે બોલે." (દશવૈકાલિકસૂત્ર, અધ્યયન-૯ ઉદ્દેશ-૨ ગાથા-૧૮)

(૩૩) ગુરુનાં શય્યા-સંથારાદિમાં ઊભા રહેવું, બેસવું અને શયન એ ગુરુની આશાતના છે.

આ અર્થની સંવાદિની ગાથાઓ=ગુરુની ૩૩ આશાતનાઓને કહેનારી ગાથાઓ આ પ્રમાણે છે.

ઉદ્ધરણથી ગાથાઓનો ભાવાર્થ ઉપર ૩૩ આશાતનાઓના વર્ણનમાં કહ્યો તે પ્રમાણે સમજવો.

યતિ અનુસારથી=સાધુ અનુસારે, યથાસંભવ શ્રાવકની પણ આશાતના કહેવી=શ્રાવકમાં જે આશાતના સંગત થતી હોય એટલી જાણવી. હવે આમાં જ=ગુરુની આશાતનામાં જ, કંઈક વિશેષથી કહે છે. જે કંઈ કદાલંબનને આશ્રયીને મિથ્યા યુક્ત એવા પોતાના વડે કૃતપણાથી મિથ્યાભાવ આમાં છે એ મિથ્યા એ પ્રમાણે 'મિથ્યા'નો અર્થ જાણવો. એ રીત ક્રોધયા ઈત્યાદિ શબ્દોમાં અર્થ કરવો. અર્થાત્ ક્રોધભાવ આમાં છે એ ક્રોધ અર્થાત્ જે આશાતનામાં મિથ્યાભાવ છે, જે આશાતનામાં ક્રોધભાવ છે તેવી આશાતનાઓનું હું પ્રતિક્રમણ કરું છું એમ અન્વય છે. મન વડે દુષ્કૃત મનોદુષ્કૃત તેનાથી=પ્રદ્વેષ નિમિત્તપણાથી, એ પ્રમાણે અર્થ છે. વાગ્દુષ્કૃતપણાથી=અસભ્યપરુષાદિ વચન નિમિત્તપણાથી, કાયદુષ્કૃતપણાથી=નજીક ગમન-નજીક રહેવાદિ નિમિત્તપણાથી, ક્રોધથી=ક્રોધયુક્તથી, માનથી=માનયુક્તથી, માયાથી=માયાયુક્તથી, લોભથી=લોભયુક્તથી આ પ્રકારનો ભાવ છે=ક્રોધાદિથી એમ કહ્યું એનો આ ભાવ છે. ક્રોધાદિ અનુગત એવા પોતાના વડે જે કંઈ વિનયભંગાદિ રૂપ આશાતના કરાઈ તેનાથી, એ રીતે દૈવસિકી આશાતના કહેવાઈ.

હવે પક્ષ-ચાતુર્માસ-સંવત્સર કાલકૃત આ ભવમાં અન્યભવમાં કરાયેલી અથવા અતીત અને અનાગત કાલકૃત જે આશાતના તેના સંગ્રહ માટે કહે છે=તે સર્વ આશાતનામાં મિથ્યા દુષ્કૃત આપવા માટે કહે છે. સર્વકાલિકી આશાતનાથી=સર્વકાલમાં થનારી સર્વકાલિકી એવી તેનાથી=આશાતનાથી અહીં પ્રશ્ન થાય કે ભવિષ્યકાળમાં કેવી રીતે આશાતનાનો સંભવ છે ? એથી કહે છે. કાલે આ ગુરુને આ અથવા આ અનિષ્ટને કરનારો હું થઈશ એ પ્રકારની ચિંતાથી અનાગત કાળની આશાતનાનો સંભવ છે એ રીતે ભવાંતરમાં પણ તેમના વધાદિના નિદાનના કરણથી સંભવ જ છે=કોઈ સાધુને

ગુરુ પ્રત્યે વર્તમાનમાં દ્વેષ થાય અને પરલોકમાં આ ગુરુને વધ કરનાર હું થાઉં એવું નિદાન કરે ત્યારે ભવિષ્યકાળ વિષયક ભવાંતરમાં તેમની આશાતના કરવાનો પરિણામ થાય છે. તે સર્વ આશાતનાની નિવૃત્તિ અર્થે 'સવ્વકાલિઆએ' બોલાય છે.

(તેથી જે સાધુ આ રીતે ઉપયોગપૂર્વક સૂત્ર બોલતા હોય તેવા મહાત્માઓને 'સવ્વકાલિઆએ' શબ્દ દ્વારા ત્રણ કાળ સંબંધી ગુરુની આશાતના ન થાય તેવો દૃઢ પરિણામ થાય છે અને કોઈક રીતે અનાભોગથી કંઈક થયેલું હોય તોપણ સૂત્ર દ્વારા અર્થને સ્પર્શીને પરિણામ કરનાર મહાત્માને તે પ્રકારની ભાવની વિશુદ્ધિ થવાથી તે આશાતનાની નિવૃત્તિ થાય છે.)

સર્વ જ મિથ્યા ઉપચાર માતૃસ્થાન ગર્ભક્રિયાવિશેષ છે જેમાં તે સર્વ મિથ્યા ઉપચાર તેનાથી જે ગુરુની જે આશાતના થઈ હોય તેની હું ગર્હા કરું છું એમ અન્વય છે. સર્વ ધર્મો અષ્ટ પ્રવચનમાતા રૂપ છે. અથવા સામાન્યથી કરણીય વ્યાપારરૂપ છે. તેઓનું અતિક્રમણ=સર્વ ધર્મોનું અતિક્રમણ અર્થાત્ લંઘન અર્થાત્ વિરાધન છે જેમાં તે સર્વ ધર્મોનું અતિક્રમણ છે. આવા પ્રકારની આશાતનાથી જે મારા વડે અતિચાર=અપરાધ કરાયો હોય તે અતિચારનું હે ક્ષમાશ્રમણ ! તમારી સાક્ષીએ હું પ્રતિક્રમણ કરું છું=અપુનઃકરણથી નિવર્તન પામું છું=ફરી ક્યારેય નહિ કરું એ પ્રકારે નિવર્તન પામું છું અને દુષ્ટકર્મકારી એવા આત્માને=પૂર્વમાં વર્ણન કર્યું એવી આશાતનાવાળા આત્માની હું નિંદા કરું છું. કેવી રીતે નિંદા કરું છું ? એથી કહે છે. ભવથી ઉદ્વિગ્ન થયેલા એવા પ્રશાંત ચિત્ત વડે હું નિંદા કરું છું અને ગર્હા કરું છું=દુષ્કર્મકારી એવા આત્માની તમારી સાક્ષીએ હું ગર્હા કરું છું. તેની અનુમતિના ત્યાગથી=પૂર્વમાં બતાવેલા સર્વ અપરાધોમાંથી કોઈપણ અપરાધ થયો હોય તેની અનુમોદનાના ત્યાગથી, દુષ્ટકર્મકારી એવા આત્માનો હું ત્યાગ કરું છું.

આ રીતે ત્યાં જ રહેલો=ગુરુના અવગ્રહમાં જ રહેલો, અર્ધ અવનતકાયવાળો ફરી આ રીતે બોલે છે. 'ઇચ્છામિ ખમાસમણો'થી માંડીને યાવત્ 'વોસિરામિ' એ પ્રમાણે બોલે છે. પરંતુ આ વિશેષ છે. અવગ્રહથી બહિર્નિષ્ક્રમણથી રહિત આવશ્યકીથી રહિત દંડકસૂત્ર બોલે છે=વાંદણાસૂત્ર બોલે છે.

વંદનકની વિધિવિશેષને સંવાદન કરનારી આ ગાથાઓ છે.

"આચારનું મૂલ વિનય છે=વિનયપૂર્વક સેવાયેલા આચારો ગુણવૃદ્ધિનું કારણ હોવાથી વિનય આચારનું મૂળ છે. અને તે=વિનય, ગુણવાનની પ્રતિપત્તિ છે=પોતાનાથી અધિક ગુણવાળા મહાત્મા પ્રત્યે બહુમાનની અભિવ્યક્તિ છે અને તે=ગુણવાનની પ્રતિપત્તિ વિધિપૂર્વકના વંદનથી થાય છે. વિધિ આ દ્વાદશાવર્ત વંદનમાં છે." ॥૧॥

"યથાજાત થઈને બાહ્ય સંડાસાને પ્રમાર્જન કરીને ઉત્કટિકા આસનમાં રહેલો, પડિલેહણ કર્યું છે મુહપત્તિનું જેણે એવો પ્રમાર્જિત ઉપરનો અર્ધ દેહ છે જેને એવો" ॥૨॥

"ઊઠવા માટે પરિસંસ્થાપિત કોણીઓ વડે સ્થિત પટ્ટકવાળો, નમેલી કાયાવાળો, યુક્તિથી પિહિત પશ્ચાર્ધવાળો જે પ્રમાણે પ્રવચનની કુત્સા ન થાય." ॥૩॥

"વામઅંગુલીથી મુહપત્તિ અને કરયુગલતલમાં રહેલ યુક્ત રજોહરણવાળો, યથોક્ત દોષને અપનયન કરીને ગુરુ સન્મુખ આ પ્રગટ કહે છે." ॥૪॥

"ઇચ્છામિ ખમાસમણો ઇત્યાદિ યાવત્ નિસીહિયાએ સુધી 'છંદેણ' એ પ્રમાણે ગુરુવચનને સાંભળીને અવગ્રહની યાચના માટે 'અણુજાણહ મે મિઉગ્ગહં' એમ બોલે છે. હું અનુજ્ઞા આપું છું એ પ્રમાણે ગુરુ વડે બોલાયે છતે અવગ્રહ ક્ષેત્રમાં પ્રવેશ કરે છે. સંડાસાનું પ્રમાર્જન કરે છે. નિસીહિ બોલે છે." ॥૫-૬॥

"દસીઓ સહિત રજોહરણને પ્રમાર્જન કરીને ભૂમિમાં સંસ્થાપન કરીને મસ્તકના સ્પર્શથી કાર્ય થશે તેથી પ્રથમ જ." ॥૭॥

"વામ કરમાં ગૃહીત મુહપત્તિ વડે એક દેશથી વામ કર્ણથી માંડીને નિડાલને પ્રમાર્જિત કરીને યાવત્ દક્ષિણ કર્ણ સુધી અવિચ્છિન્ન પ્રમાર્જન કરે છે. બેસીને ડાબા ઢીંચણ ઉપર મુહપત્તિ મૂકે. રજોહરણની મધ્ય દસીઓમાં પૂજ્યપાદના યુગલને સ્થાપન કરે." ॥૮-૯॥

❖ શેષ ગાથા ૧૦થી ૩૦નો અર્થ પણ આ રીતે સ્વયં જાણવો.

અહીં યતિ જ વંદનકર્તા કહેવાયો. શ્રાવક નહિ તોપણ યતિના કર્તાના કથનથી શ્રાવક પણ કર્તા જાણવો; કેમ કે પ્રાયઃ યતિક્રિયાનુસારથી જ શ્રાવકક્રિયાની પ્રવૃત્તિ છે. અને કૃષ્ણ-વાસુદેવ વડે ૧૮,૦૦૦ યતિઓને દ્વાદશાવર્ત વંદન કરાયું એ પ્રમાણે સંભળાય છે માટે શ્રાવક પણ વંદનનો કર્તા છે.

એ રીતે વંદનને કરીને અવગ્રહમાં રહેલો જ શિષ્ય અતિચારના આલોચનને કરવાની ઇચ્છાવાળો, કંઈક નમાવેલી કાયાવાળો ગુરુ પ્રત્યે આ કહે છે. "હે ભગવન્ ! ઇચ્છાપૂર્વક આજ્ઞા આપો. દૈવસિક આલોચન કરું" ઇચ્છાકારથી=પોતાની ઇચ્છાથી આજ્ઞા આપો. દૈવસિક=દિવસમાં થયેલા અતિચારથી, આ રીતે રાત્રિક અને પાક્ષિકાદિમાં પણ જાણવું=દૈવસિક આદિ અતિચારની હું આલોચના કરું એ પ્રમાણે આજ્ઞા આપો એમ અન્વય છે. હું આલોચના કરું છું. તેનો અર્થ સ્પષ્ટ કરે છે. મર્યાદાથી અથવા સામસ્ત્યથી હું પ્રકાશન કરું છું. અર્થાત્ આલોચનાની મર્યાદાથી હું પ્રકાશન કરું છું અથવા સમસ્ત અતિચારનું હું પ્રકાશન કરું છું. અને અહીં દૈવસિકાદિનો આ કાલનિયમ છે જે પ્રમાણે દૈવસિક આલોચના મધ્યાહ્નથી માંડીને રાત્રિ સુધી થાય છે અને રાત્રિક આલોચના રાત્રિથી માંડીને મધ્યાહ્ન સુધી થાય છે. પાક્ષિક-ચાતુર્માસિક-સાંવત્સરિકાદિ આલોચન પક્ષાદિ અંતમાં થાય છે.

અત્રાન્તરમાં=હું આલોચના કરું ? એમ ગુરુને પૂછે ત્યારે 'આલોચેન કર' એ પ્રમાણે ગુરુવચનને સાંભળીને આને જ=ગુરુવચનને જ, સમર્થન કરતો શિષ્ય કહે છે. 'ઇચ્છં આલોએમિ'=ગુરુવચનનો હું સ્વીકાર કરું છું. અને હું આલોચન કરું છું=પૂર્વમાં સ્વીકારાયેલા અર્થવાળું આલોચન ક્રિયાથી પ્રકાશન કરું છું=આલોચનાની ક્રિયા દ્વારા પ્રગટ કરું છું. આ રીતે પ્રસ્તાવનાને કહીને આલોચનાને જ સાક્ષાત્કારથી કહે છે.

વ્યાખ્યા :-

જે મારા વડે દિવસમાં થયેલો દૈવસિક અતિચાર=અતિક્રમ, કરાયો. તે વળી અતિચાર ઉપાધિના ભેદથી અનેક પ્રકારનો થાય છે=દેહ આદિ ઉપાધિના ભેદથી અનેક પ્રકારનો થાય છે. આથી જ કહે છે. કાયિક=કાયા, પ્રયોજન=પ્રયોજક. આ અતિચારનો એ કાયિક એ રીતે, વાચિક=વાક્ પ્રયોજન

છે આને એ વાચિક અતિચાર છે. એ રીતે મન પ્રયોજન છે આને એ માનસિક અતિચાર છે. ઉત્સૂત્ર= સૂત્રથી ઉત્કાંત ઉત્સૂત્ર=સૂત્રને અતિક્રમીને કરાયેલો છે એ ઉત્સૂત્ર છે=જે મારા વડે અતિચાર કરાયેલો છે તે ઉત્સૂત્ર છે. ઉન્માર્ગ છે=જે મારા વડે અતિચાર કરાયેલો છે એ ઉન્માર્ગ છે. માર્ગ=ક્ષાયોપશમિકભાવ, તેનાથી અતિકાંત ઉન્માર્ગ છે=ક્ષાયોપશમિકભાવના ત્યાગથી ઔદાયિકભાવના સંક્રમવાળો કરાયો છે એ પ્રમાણે અર્થ છે. અકલ્પ છે=જે મારા વડે અતિચાર કરાયેલો છે એ અકલ્પ છે. કલ્પ=ન્યાય=વિધિ= ચરણકરણના વ્યાપારરૂપ આચાર. કલ્પ નહિ તે અકલ્પ=અતદ્રૂપ છે, વિધિરૂપ નથી, અવિધિરૂપ છે. એ પ્રમાણે અર્થ છે. કરણીય=સામાન્યથી કર્તવ્ય. ન કરણીય અકરણીય છે=જે મારા વડે અતિચારો કરાયા તે અકરણીય છે. હેતુ-હેતુમતભાવ=કાર્ય-કારણભાવ અહીં છે=ઉત્સૂત્રાદિ વચનોમાં છે. જે કારણથી જ ઉત્સૂત્ર છે આથી જ ઉન્માર્ગ છે ઇત્યાદિ હેતુ-હેતુમતભાવ સર્વત્ર યોજન કરવો અર્થાત્ ઉત્સૂત્ર છે, આથી જ ઉન્માર્ગ છે. ઉન્માર્ગ છે આથી જ અકલ્પ છે. અકલ્પ જ છે આથી જ અકરણીય છે. એ રીતે સર્વત્ર કાર્ય-કારણભાવ છે. કાયિક-વાચિક અતિચાર કહેવાયો=ઉત્સૂત્રાદિ શબ્દો દ્વારા કાયિક-વાચિક અતિચાર કહેવાયો. હવે માનસિકને કહે છે. 'દુજ્ઝાઓ'=દુર્ધ્યાત=દુષ્ટ ધ્યાત દુર્ધ્યાત છે. એકાગ્ર ચિત્તપણાથી આર્ત્ત-રૌદ્ર સ્વરૂપ છે. 'દુવ્વિચિંતિઓ'=દુર્વિચિંતિત=દુષ્ટ વિચિંતિત અશુભ જ ચલચિત્તપણાથી છે.

"જે સ્થિર અધ્યવસાય છે તે ધ્યાન છે. જે ચલ છે તે ચિત્ત છે." (ધ્યાનશતક ગાથા-૨) એ પ્રકારનું વચન છે.

જે કારણથી આવા પ્રકારનું છે=દુષ્ટ ધ્યાન છે અને દુર્વિચિંતિત છે એવા પ્રકારનું છે, તેથી જ અનાચાર છે=આચરણીય શ્રાવકોનો આચાર છે આચાર નથી તે અનાચાર છે. જે કારણથી જ અનાચરણીય છે આથી જ 'અણિચ્છિઅવ્વો'=અનેષ્ટવ્ય છે=થોડું પણ મનથી પણ ઇચ્છવા યોગ્ય નથી. કર્તવ્ય દૂર રહો. જે કારણથી આવા પ્રકારનું છે=અનેષ્ટવ્ય છે આથી જ અશ્રાવક પ્રાયોગ્ય છે. સ્વીકાર્યું છે સમ્યક્ત્વ અને પ્રતિપન્ન અણુવ્રતવાળો પ્રતિદિવસ સાધુઓ પાસેથી શ્રાવક અને સાધુની સામાચારી સાંભળે છે એ શ્રાવક, તેને પ્રાયોગ્ય=ઉચિત, શ્રાવકપ્રાયોગ્ય છે તેવું નથી તે શ્રાવકને અનુચિત છે. એ પ્રકારનો અર્થ છે=અશ્રાવક પ્રાયોગ્યનો અર્થ છે. અને આ અતિચાર ક્યા વિષયમાં છે એથી કહે છે. 'નાણે-દંસણે-ચરિત્તાચરિત્તે'=જ્ઞાનમાં, દર્શનમાં અને ચારિત્રાચારિત્રમાં અર્થાત્ જ્ઞાનવિષયમાં, દર્શનવિષયમાં, સ્થૂલ સાવદ્ય યોગની નિવૃત્તિનો ભાવ હોવાથી ચારિત્ર છે અને સૂક્ષ્મ સાવદ્ય યોગની નિવૃત્તિનો અભાવ હોવાથી અચારિત્ર છે એ ચારિત્રાચારિત્ર છે તેમાં=દેશવિરતિના વિષયમાં, એ પ્રકારનો અર્થ છે.

હવે ભેદથી=પૂર્વના જ્ઞાન-દર્શન-ચારિત્રના વિષયમાં જે અતિચારો કહ્યા તે જ અતિચારોને ભેદથી કહે છે. હવે ભેદથી શેમાં અતિચારો છે ? તે કહે છે, શ્રુતના વિષયમાં અતિચાર છે એમ અન્વય છે. શ્રુતનું ગ્રહણ મત્યાદિજ્ઞાનનું ઉપલક્ષણ છે. તેથી શ્રુતજ્ઞાનમાં, મતિજ્ઞાનમાં, અવધિજ્ઞાનમાં ઇત્યાદિ પાંચ જ્ઞાનના વિષયમાં અતિચાર છે. ત્યાં=શ્રુતજ્ઞાનાદિ વિષયમાં અતિચાર છે તેમાં, વિપરીત

પ્રરૂપણા=પાંચ જ્ઞાનની વિપરીત પ્રરૂપણા અને અકાલ સ્વાધ્યાય અતિચાર છે. 'સામાઈએ' સામાયિકના વિષયમાં અતિચાર છે એમ અન્વય છે. સામાયિકના ગ્રહણથી સમ્યક્ત્વ સામાયિક અને દેશવિરતિ સામાયિકનું ગ્રહણ છે. ત્યાં સમ્યક્ત્વ સામાયિકનો અતિચાર શંકાદિ છે. વળી, દેશવિરતિ સામાયિકના અતિચારને ભેદથી કહે છે. 'તિણ્હંગુત્તીણં' ત્રણ ગુપ્તિઓનું=ત્રણ ગુપ્તિઓનું જે ખંડન કરાયું છે તે દેશવિરતિ સામાયિકનો અતિચાર છે. જે ખંડિત છે ઇત્યાદિ દ્વારા સર્વત્ર યોગ છે=પૂર્વના સર્વ વર્ણન સાથે 'જં ખંડિયં જ વિરાહિયં તસ્સ મિચ્છામિ દુક્કડમ્' દ્વારા સંબંધ છે. મન-વચન-કાયાના ગોપનાત્મિક ત્રણ ગુપ્તિઓ છે અને તેઓનું=ત્રણ ગુપ્તિઓનું અશ્રદ્ધાન અને વિપરીત પ્રરૂપણા દ્વારા ખંડના અને વિરાધના રૂપ અતિચાર છે એમ અન્વય છે. અર્થાત્ મન-વચન-કાયાની ગુપ્તિ સુસાધુને હોય છે. અને તેવી ગુપ્તિ પ્રત્યે કોઈ શ્રાવકને અશ્રદ્ધાન થાય અથવા તે ગુપ્તિઓની પ્રરૂપણા વિપરીત કરે તે ત્રણ ગુપ્તિઓની ખંડના અને વિરાધના છે. તેનું શ્રાવક પ્રતિક્રમણ કરે છે એમ અન્વય છે. ક્રોધ-માન-માયા-લોભ લક્ષણ ચાર પ્રતિષિદ્ધ એવા કષાયોના કરણ વડે અને અશ્રદ્ધાન, વિપરીત પ્રરૂપણા દ્વારા જે વિરાધના કરી હોય તેનું શ્રાવક આલોચન કરે છે. ઉક્ત સ્વરૂપવાળા પાંચ અણુવ્રતોનું, ત્રણ ગુણવ્રતોનું, ચાર શિક્ષાવ્રતોનું અણુવ્રતાદિના મિલન દ્વારા બાર પ્રકારના શ્રાવકધર્મનું જે ખંડિત છે ઇત્યાદિ સાથે સર્વત્ર સંબંધ છે. દેશથી ભગ્ન હોય અને જે વિરાધિત હોય તે સુતરાં ભગ્ન છે. પરંતુ એકાંતથી અભાવ આપાદિત નથી તેનું મિચ્છામિ દુક્કડમ્. તેનું=જ્ઞાનાદિ ગોચર દૈવસિકાદિ અતિચારોનું અને ગુપ્તિઓનું, કષાયોનું, બાર પ્રકારના શ્રાવકધર્મનું જે ખંડન અને વિરાધન જે અતિચાર રૂપ છે. તેનું મિથ્યા એ પ્રમાણે પ્રતિક્રમણ કરું છું. દુષ્કૃત આ છે. મને આ અકર્તવ્ય છે. એ પ્રમાણેનો અર્થ છે=મિચ્છામિ દુક્કડમ્નો અર્થ છે.

અત્રાન્તરમાં=મિચ્છામિ દુક્કડમ્ આપ્યા પછી વિનેય=શિષ્ય, ફરી પણ અર્ધ નમેલી કાયાવાળો, પ્રવર્ધમાન સંવેગવાળો=થયેલા અતિચારોની હું શુદ્ધિ કરું એ પ્રકારના દૃઢ પ્રણિધાનને કારણે પાપ પ્રત્યે જુગુપ્સા થાય તેવા પ્રવર્ધમાન સંવેગના પરિણામવાળો, માયા-મદથી રહિત આત્માના સર્વ અતિચારોની વિશુદ્ધિ માટે આ સૂત્ર બોલે છે. "सव्वस्सवि ..... संदिसह" સૂત્ર બોલે છે. સર્વ પણ લુપ્ત ષષ્ઠીક પદો છે=સવ્વસ્સવિ દેવસિઅં દુચ્ચિંતિઅ આદિ શબ્દમાં ષષ્ઠી વિભક્તિ અધ્યાહાર છે. તેથી આ અર્થ છે. સર્વ પણ દૈવસિક સંબંધ અણુવ્રતાદિના વિષયમાં પ્રતિષિદ્ધ આચરણાદિ દ્વારા થયેલા અતિચારનું એ શબ્દ અધ્યાહાર છે. ફરી કેવા પ્રકારના દિવસ સંબંધી અતિચારો ? તેથી કહે છે. દુચ્ચિંતિત એવા અતિચારોનું=દુષ્ટ એવા આર્ત્ત-રૌદ્ર ધ્યાનપણાથી ચિંતિત છે. જેમાં તે તેવા છે=દુચ્ચિંતિત છે. તેનું=તે અતિચારોનું, હું આલોચન કરું છું એમ અન્વય છે. દુચ્ચિંતિતથી ઉદ્ભવ એવા અતિચારોનું આલોચન કરું છું. આના દ્વારા=દુશ્ચિંતિત શબ્દ દ્વારા માનસ અતિચારને કહે છે. દુષ્ટ=સાવદ્ય વાગ્ રૂપ ભાષિત છે જેમાં, તે તેવું છે=દુર્ભાષિત છે તેનું=દુર્ભાષિત ઉદ્ભવ અતિચારોનું આલોચન તેનું મિચ્છામિ દુક્કડમ્ કરું છું એમ અન્વય છે. આના દ્વારા=દુર્ભાષિત શબ્દ દ્વારા વાચિક અતિચારનું સૂચન કરે છે. દુષ્ટ=પ્રતિષિદ્ધ એવા ધાવન વલ્ગનાદિ કાયક્રિયા રૂપ ચેષ્ટિત છે જેમાં તે તેવું છે= દુશ્ચેષ્ટિત છે તેનું=દુશ્ચેષ્ટિત ઉદ્ભવ અતિચારોનું આલોચન કરું છું=મિચ્છામિ દુક્કડમ્ આપું છું.

આના દ્વારા=દુશ્ચેષ્ટિત શબ્દ દ્વારા કાયિક અતિચારને કહે છે. આ અતિચારનું શું ? એથી કહે છે. 'ઇચ્છાકારેણ'થી આજ્ઞા આપો=આપની ઇચ્છાથી મને પ્રતિક્રમણની આજ્ઞા આપો. એ પ્રમાણે કહીને મૌન રહેલો શિષ્ય ગુરુમુખને જોતો રહે છે. ત્યારે ગુરુ કહે છે પ્રતિક્રમણ કર. હું ઇચ્છું છું=આ તમારું વચન હું ઇચ્છું છું. તેનું=દૈવસિક અતિચારનું મિચ્છામિ દુક્કડમ્ છે=પોતાનું દુષ્કૃત મિથ્યા છે એ પ્રકારની જુગુપ્સા છે. અને બીજા વાંદણામાં અવગ્રહના અંતમાં રહેલો જ શિષ્ય અર્ધઅવનતકાયવાળો પોતાના અપરાધની ક્ષામણાને કરવાની ઇચ્છાવાળો ગુરુ પ્રત્યે આ કહે છે. 'ઇચ્છાકારેણ સંદિસહ' એ પ્રમાણે કહે છે તેનો અર્થ સ્પષ્ટ કરે છે. ઇચ્છાકારથી=સ્વકીય અભિલાષથી પરંતુ બલાભિયોગાદિથી નહિ. તમે આજ્ઞા આપો. આજ્ઞાદાનના જ વિષયને બતાવતાં આ કહે છે=આગળમાં બતાવે છે તે કહે છે.

'અબ્ભુટ્ઠિઓડમ્હિ અબ્ભિંતરદેવસિઅં ખામેમિ' તેનો અર્થ સ્પષ્ટ કરે છે. અભ્યુત્થિત છું=હું પ્રારબ્ધ છું. આના દ્વારા અન્ય અભિલાષ માત્રના ત્યાગથી ક્ષમાપનાની ક્રિયાનો પ્રારંભ કહે છે=અન્ય ક્રિયાના ત્યાગપૂર્વક માત્ર ગુરુની સાથે ક્ષમાપનાની ક્રિયા માટે પ્રારંભવાળો હું છું એમ બતાવાયેલ છે. 'અબ્ભિંતરદેવસિઅં'=દિવસની અંદર સંભવતા અતિચારોની હું ક્ષમા યાચું છું. એ પ્રકારે એક વાચના છે=એક આચાર્યના મતે કથન છે. વળી અન્ય આ પ્રમાણે કહે છે. 'ઇચ્છામિ ખમાસમણો ! અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતરદેવસિઅં ખામેઉં' તેનો અર્થ સ્પષ્ટ કરે છે. હું ઇચ્છું છું=ક્ષમા માંગવા માટે હું ઇચ્છું છું. હે ક્ષમાશ્રમણ ! હું કેવલ ઇચ્છતો નથી પરંતુ અભ્યુત્થિત થયો છું=તત્પર થયો છું. બાકીનું પૂર્વની જેમ જ=પૂર્વની એક વાચનાની જેમ જ અર્થ કરવો. આ પ્રમાણે સ્વઅભિપ્રાયનું પ્રકાશન કરીને શિષ્ય મૌન રહે છે. જ્યાં સુધી ગુરુ કહે છે 'ખમાવ' તેથી સદ્ગુરુના વચનને બહુ માનતો એવો શિષ્ય કહે છે. 'ઇચ્છં ખામેમિ.' આપની આજ્ઞાને હું ઇચ્છું છું. અને સ્વ અપરાધની ક્ષમા યાચું છું. આના દ્વારા='ખામેમિ' એ પદ દ્વારા ક્ષમાપનાની ક્રિયાના પ્રારંભને કહે છે. ત્યારપછી વિધિવાળાં પાંચ અંગો વડે=શાસ્ત્રોક્ત વિધિની મર્યાદાપૂર્વક પાંચ અંગો વડે, સ્પર્શાયેલી ધરણીતલવાળો એવો શિષ્ય મુહપત્તિ વડે સ્થગન કરાયેલા મુખના દેશવાળો આ કહે છે.

વ્યાખ્યા :-

'જંકિંચિ' જે કંઈ સામાન્યથી અથવા નિરવશેષ અપ્રીતિક=અપ્રીતિ માત્રને કરનાર, પરપત્તિક=પ્રકૃષ્ટ અપ્રીતિક અથવા પરપ્રત્યય=પરહેતુક, અને આનું ઉપલક્ષણપણું હોવાથી આત્મપ્રત્યય એ પ્રમાણે જાણવું. તમારા વિષયમાં મારાથી થયેલું અથવા તમારી સાથે મારા વડે કરાયેલું એ પ્રમાણે વાક્ય અધ્યાહાર છે=કરાયેલું એ પ્રમાણે વાક્ય સૂત્રમાં અધ્યાહાર છે. તેનું મિચ્છામિ દુક્કડમ્ હું આપું છું એ પ્રમાણે ઉત્તરની સાથે સંબંધ છે. આ પ્રકારે અત્યંત ઉપયોગપૂર્વક બોલવાથી શિષ્યને ઉપસ્થિત થાય છે કે જિનવચનથી વિપરીત પ્રમાદવશ પોતે જે કંઈ કર્યું હોય તે ગુણસંપન્ન ગુરુને અપ્રીતિકર છે અને તેવું અપ્રીતિકર પ્રમાદવશ પોતાનાથી જે થયું છે તેનું હું મિચ્છામિ દુક્કડમ્ આપું છું. જેથી ગુણવાન ગુરુના વચનાનુસાર અપ્રમાદથી સર્વ કૃત્યો કરવાને અનુકૂળ બલસંચય થાય છે.

અને તે અપ્રીતિકર શેના વિષયમાં થયું ? તે બતાવતાં કહે છે –

ભક્તમાં=ભોજનના વિષયમાં, પાણીના વિષયમાં, વિનયના વિષયમાં=અભ્યુત્થાનાદિ રૂપ વિનયના વિષયમાં, વૈયાવચ્ચના વિષયમાં અથવા ઔષધ પથ્યાદિ દ્વારા અવષ્ટમ્ભરૂપ વ્યાપારના વિષયમાં=ગુરુના સ્વાસ્થ્ય અર્થે ઉચિત ઔષધ-પથ્ય આહારાદિ આપવાના વિષયમાં, પોતે જે અપ્રીતિકર કર્યું હોય તેના વિષયમાં, આલાપમાં=સકૃત જલ્પનરૂપમાં, સંલાપમાં=પરસ્પર કથનરૂપ સંલાપમાં, ઉચ્ચાસનમાં= ગુરુના આસનથી ઊંચા આસનમાં, સમાસનમાં=ગુરુના આસનની સાથે તુલ્ય આસનમાં, અંતરભાષામાં=બોલતા ગુરુની વચમાં ભાષણરૂપ અંતરભાષામાં, ઉપરિભાષામાં=ગુરુના કથન પછી તરત જ વિશેષ પ્રકારનું ભાષણ બોલવામાં જેનાથી ગુરુ કરતાં પોતાની અધિકતા જણાય તેવું બોલાય તેમાં, આ ભક્તાદિમાં જે કંઈ સમસ્ત અથવા સામાન્યથી મારું વિનયપરિહીન=શિક્ષાવિયુક્ત થયું હોય=મનસ્વીપણાથી જે કર્યું હોય તેનું હું મિચ્છામિ દુક્કડમ્ આપું છું. એમ અન્વય છે. વિનયપરિહીન પછી સૂત્રમાં 'સંજાત' શબ્દ અધ્યાહાર છે. વિનય પરિહીનના જ દ્વૈવિધ્યને કહે છે. સૂક્ષ્મ અથવા બાદર વિનયપરિહીન થયું હોય એમ અન્વય છે. સૂક્ષ્મ=અલ્પ પ્રાયશ્ચિત્તથી વિશોધ્ય એવું વિનયપરિહીન બાદર=ઘણા પ્રાયશ્ચિત્તથી વિશોધ્ય એવું વિનયપરિહીન થયું હોય. સૂત્રમાં બે 'વા' શબ્દો બંનેનું પણ=સૂક્ષ્મ અથવા બાદર બંને પ્રકારના વિનય પરિહીનનું મિથ્યા દુષ્કૃતના વિષયપણાની તુલ્યતાના ઉદ્ભાવન માટે છે. અર્થાત્ સૂક્ષ્મ વિનયપરિહીન થયું હોય અથવા બાદર વિનયપરિહીન થયું હોય એ બંને મિથ્યા દુષ્કૃત આપવાનો વિષય છે એમ સૂચિત છે. 'તમે જાણો છો'; કેમ કે સકલ ભાવનું વેદકપણું છે=કોની કઈ પ્રવૃત્તિ ઉચિત છે ? અનુચિત છે ? એ સકલ ભાવોને ગુરુ જાણે છે; કેમ કે યોગક્ષેમ કરનારા ગુરુ શિષ્યના સર્વ ભાવોને જાણનારા હોય છે. 'હું જાણતો નથી'; કેમ કે મૂઢપણું છે અર્થાત્ આ પ્રવૃત્તિ વિનયપરિહીન છે. તેને જાણવામાં મૂઢપણું હોવાને કારણે જ મારાથી તેવી પ્રવૃત્તિ થઈ છે અથવા તમે જાણતા નથી; કેમ કે તમને ખ્યાલ ન આવે તે રીતે મારા વડે પ્રચ્છન્ન કરાયું છે અને હું જાણું છું; કેમ કે કષાયને વશ થઈને કે પ્રમાદને વશ થઈને વિનયપરિહીનની પ્રવૃત્તિ મારા વડે કરાઈ છે માટે હું જાણું છું અથવા તમે જાણતા નથી; કેમ કે બીજા વડે કરાયેલું છે. હું જાણતો નથી; કેમ કે વિસ્મરણ થયેલું છે. અને તમે જાણો છો. અથવા હું પણ જાણું છું; કેમ કે બંનેને વિનયહીન પ્રવૃત્તિ પ્રત્યક્ષ છે. આ પણ જાણવા=અન્ય વિકલ્પો સૂત્રમાં બતાવ્યા નથી તે સર્વ વિકલ્પો અર્થથી જાણવા. તેનું=ષષ્ઠી-સપ્તમીનો અભેદ હોવાથી તે અપ્રીતિકર વિષયમાં અને વિનયપરિહીનના વિષયમાં હું મિચ્છામિ દુક્કડમ્ આપું છું. 'મિચ્છામિ દુક્કડમ્' એ શબ્દ પોતાના દુશ્ચરિતના અનુતાપનું સૂચક છે. અથવા પોતાના દોષના સ્વીકારનું સૂચક છે. પ્રતિક્રમણ એ પ્રકારનું પારિભાષિક વાક્ય છે. પ્રયચ્છામિ એ અધ્યાહાર છે=મિચ્છામિ દુક્કડમ્ આપું છું એ પ્રકારે અંતે 'આપું છું' એ શબ્દ અધ્યાહાર છે. 'અથવા'થી 'તસ્સ મિચ્છામિ દુક્કડમ્'નો બીજી રીતે અર્થ કરે છે. 'તસ્ય' એ શબ્દનો વિભક્તિ પરિણામ હોવાથી=ષષ્ઠી અર્થમાં પરિણામ હોવાથી તેનું અપ્રીતિક અને વિનયપરિહીન=ભક્તપાનાદિ વગેરેનું અપ્રીતિક અને વિનયપરિહીન

મિથ્યા વર્તે છે=મોક્ષસાધનના વિપર્યયભૂત વર્તે છે. મારું તે પ્રકારનું દુષ્કૃત પાપ છે=તસ્સ મિચ્છા શબ્દથી તે અપ્રીતિક અને વિનયપરિહીન મિથ્યા વર્તે છે એ પ્રકારનો અર્થ છે અને મિચ્છામિ દુક્કડમ્માં રહેલા મિ દુક્કડમ્થી મારું તે પ્રકારે દુષ્કૃત પાપ છે એ પ્રકારે પોતાના દોષના સ્વીકારરૂપ અપરાધનું ક્ષમણ છે=પોતાના અપરાધની ક્ષમાયાચના છે અને ક્ષમાયાચના કરીને ફરી વંદન આપે છે. અને વંદનપૂર્વક આલોચના અને ક્ષમાપના છે. એથી કરીને વંદન પછી તે=આલોચના અને ક્ષમાપના, વ્યાખ્યાન કરાયાં છે. અને અન્યથા પ્રતિક્રમણના અવસરમાં તેનો અવસર છે=આલોચના અને ક્ષમાપનાનો અવસર છે. આ પ્રકારે દ્વાદશાવર્ત વંદનની વિધિ છે. અને હવે ગુરુના વ્યાક્ષિપ્તપણાદિના કારણે બૃહદ્ વંદનનો અયોગ હોતે છતે છોભવંદનથી પણ ગુરુને વંદન કરે છે. અને વંદનનું ફલ કર્મનિર્જરા છે=દૃઢ પ્રણિધાનપૂર્વક પ્રવર્ધમાન સંવેગથી યુક્ત કરાતા વંદનનું ફલ. સ્વઅધ્યવસાયના પ્રકર્ષાનુસાર કર્મનિર્જરા છે, જેને કહે છે.

"હે ભગવન્ ! વંદનથી જીવ શું અર્જન કરે છે ? તેનો ઉત્તર આપતાં ભગવાન કહે છે. હે ગૌતમ ! આઠ કર્મપ્રકૃતિઓ નિબિડ બંધનથી બંધાયેલી શિથિલ બંધનથી બંધાયેલી કરે છે. ચિરકાલ સ્થિતિવાળું થયેલું કર્મ અલ્પકાલ સ્થિતિવાળું કરે છે. તીવ્ર અનુભાવવાળું કર્મ-મંદ અનુભવવાળું કરે છે. ઘણા પ્રદેશ અગ્રવાળું કર્મ અલ્પપ્રદેશ અગ્રવાળું કરે છે. અનાદિ અનવદગ્ર=અનાદિ અનંત સંસાર રૂપી જંગલમાં પરિવર્તન પામતો નથી અર્થાત્ પરિમિત સંસારભ્રમણવાળો થાય છે. અને

હે ભગવન્ ! વંદનથી જીવ શું અર્જન કરે છે ? ભગવાન ઉત્તર આપે છે. હે ગૌતમ ! વંદનથી જીવ નીચગોત્ર કર્મનો ક્ષય કરે છે. ઉચ્ચગોત્ર કર્મ બાંધે છે. અપ્રતિહત આજ્ઞા ફલવાળું સૌભાગ્ય નિવર્તન કરે છે=જન્માંતરમાં જેમની આજ્ઞા કોઈ ઓળંગે નહિ તેવા શ્રેષ્ઠ સૌભાગ્યને પ્રાપ્ત કરે છે." **(ઉત્તરાધ્યયન ૩૦-૧૦)**

આ રીતે બૃહદ્વંદનથી ગુરુને વંદન કરીને શ્રાવક તેમના મુખથી સ્વશક્તિ અનુસાર પ્રત્યાખ્યાનને કરે છે=ગુરુ પાસેથી ઉપવાસાદિનું સ્વશક્તિ અનુસાર પચ્ચક્ખાણ ગ્રહણ કરે છે. અહીં=પચ્ચક્ખાણના વિષયમાં

"પ્રત્યાખ્યાનો, તેના ભાંગા, આકાર=પચ્ચક્ખાણના આગારો, સૂત્ર, અર્થ, શુદ્ધિ, પ્રત્યાખ્યાનનું ફલ અને હવે કંઈક જ કહેવાય છે."

ત્યાં પ્રત્યાખ્યાન શબ્દનો વ્યુત્પત્તિ અર્થ કરે છે. પ્રત્યાખ્યાનમાં 'ख्या' ધાતુ પ્રકથનના અર્થમાં છે. એથી આનું='ख्या' ધાતુનું પ્રતિ અને આન્ પૂર્વક લ્યુટ અંતવાળું રૂપ છે. 'प्रति' શબ્દનો અર્થ પ્રતિકૂલપણાથી છે. 'आ' શબ્દ મર્યાદાપણાથી છે. 'ख्यानं' શબ્દ પ્રકથન અર્થમાં છે. તેથી પ્રતિકૂલપણાથી મર્યાદાથી પ્રકથન એ પ્રત્યાખ્યાન. અર્થાત્ મોહના પ્રતિકૂલપણાથી શાસ્ત્રમર્યાદાપણાથી પાપની નિવૃત્તિનું કથન તે પ્રત્યાખ્યાન છે. કૃત્ય અને લ્યુટ પ્રત્યય બહુલ અર્થમાં છે એ પ્રકારનું વચન હોવાથી અન્યથા પણ='ख्यान' શબ્દનો અન્ય પ્રકારે અર્થ કરવામાં આવે તોપણ, અદોષ છે. અથવા આના દ્વારા મનોવાક્કાયજાલથી પ્રત્યાખ્યાન કરાય છે=કંઈક અનિષ્ટ નિષેધ કરાય છે. એ પ્રત્યાખ્યાન ક્રિયા અને ક્રિયાવાનનો=પ્રત્યાખ્યાનની ક્રિયા અને પ્રત્યાખ્યાન ક્રિયા કરનાર જીવનો કથંચિત્ અભેદ

હોવાથી પ્રત્યાખ્યાનની ક્રિયા જ પ્રત્યાખ્યાન છે અથવા આ હોતે છતે=પ્રત્યાખ્યાનની ક્રિયા હોતે છતે, પ્રત્યાખ્યાન કરાય છે=કોઈક અનિષ્ટનું નિવર્તન કરાય છે એ પ્રત્યાખ્યાન છે અને તે=પ્રત્યાખ્યાન, બે પ્રકારનું છે. મૂલગુણરૂપ અને ઉત્તરગુણરૂપ. એક-એક પણ સર્વ અને દેશના ભેદથી બે પ્રકારનું છે. સર્વમૂલગુણ પ્રત્યાખ્યાન સાધુનાં પાંચ મહાવ્રતો છે. દેશમૂલગુણ પ્રત્યાખ્યાન શ્રાવકોનાં પાંચ અણુવ્રતો છે. સાધુઓના સર્વોત્તરગુણ પ્રત્યાખ્યાન અનેક પ્રકારનાં છે. જે 'યથા'થી બતાવે છે.

"પિંડની જે વિશુદ્ધિ, સમિતિ, ભાવના, બે પ્રકારનો તપ, પ્રતિમા=સાધુની પ્રતિમા, અભિગ્રહ ઉત્તરગુણો જાણવા." ।।૧।।

શ્રાવકોના દેશોત્તરગુણ પ્રત્યાખ્યાન સાત શિક્ષાવ્રત છે. ત્યાં=મૂલગુણ પ્રત્યાખ્યાનમાં, મૂલગુણોનું પ્રત્યાખ્યાનપણું છે; કેમ કે હિંસાદિનું નિવૃત્તિરૂપપણું છે. વળી, પિંડવિશુદ્ધિ આદિ અને દિગ્વ્રતાદિરૂપ ઉત્તરગુણોનું પ્રત્યાખ્યાનપણું છે; કેમ કે પ્રતિપક્ષનું નિવૃત્તિરૂપપણું છે. એ પ્રમાણે આવશ્યકવૃત્તિ - (આવશ્યકહારિભદ્ર-પ. ૮૦૩) અને યોગશાસ્ત્ર વૃત્તિમાં (પ. ૭૦૦) ઉભયનું પણ પ્રત્યાખ્યાનપણું કહ્યું છે. અર્થાત્ સાધુનાં પાંચ મહાવ્રતરૂપ મૂલગુણોમાં સર્વથી હિંસાદિની નિવૃત્તિ હોવાને કારણે અને શ્રાવકનાં પાંચ અણુવ્રતમાં દેશથી હિંસાદિની નિવૃત્તિ હોવાને કારણે પ્રત્યાખ્યાનપણું છે. અને સાધુના પિંડવિશુદ્ધિ આદિ ઉત્તરગુણોમાં પિંડવિશુદ્ધિના પ્રતિપક્ષ પિંડની અશુદ્ધિ, તેનું નિવૃત્તિરૂપપણું છે. અને શ્રાવકના દિગ્વ્રતાદિમાં જે દિશાદિની મર્યાદાઓ કરી છે તેનાથી અધિક દિશામાં ગમનરૂપ પ્રતિપક્ષનું નિવૃત્તિપણું છે. તેથી ઉત્તરગુણોનું પણ પ્રત્યાખ્યાનપણું છે. સર્વ ઉત્તરગુણનું પ્રત્યાખ્યાન યથાયોગ્ય અનાગતાદિ દશ પ્રકારે છે. જે 'યથા'થી બતાવે છે.

"અનાગત, અતિક્રાંત, કોટિ સહિત અને નિયંત્રિત, આકાર, અનાકાર, પરિમાણકૃત, નિરવશેષ, સંકેત અને અદ્ધા પચ્ચક્ખાણ સ્વયં જ અનુપાલનાથી ૧૦ પ્રકારનું હોય છે. દાન-ઉપદેશમાં યથા સમાધિ હોય છે." **(આવશ્યકનિર્યુક્તિ ૧૫૬૪-૧૫૬૫)**

ત્યાં=૧૦ પ્રકારના પચ્ચક્ખાણમાં, (૧) અનાગત પ્રત્યાખ્યાન :- પર્યુષણાદિમાં ગ્લાન-વૈયાવૃત્યાદિ કારણનો સદ્ભાવ હોતે છતે તેનાથી અર્વાક્ પણ=પર્યુષણાદિ પર્વની પૂર્વે પણ, જે અટ્ઠમાદિ કરાય છે તે અનાગત પ્રત્યાખ્યાન છે. (૨) અતિક્રાંત પ્રત્યાખ્યાન :- એ રીતે=જે રીતે અનાગત પચ્ચક્ખાણ કરાય છે એ રીતે, અતિક્રાંત પર્વ હોતે છતે=પર્યુષણાદિ પર્વ સમાપ્ત થયે છતે જે કરાય છે=જે અટ્ઠમાદિ તપ કરાય છે તે અતિક્રાંત પ્રત્યાખ્યાન છે. (૩) કોટિ સહિત પ્રત્યાખ્યાન :- એકની નિષ્ઠાકાલમાં=એક તપની સમાપ્તિકાળમાં અને અન્ય તપના ગ્રહણકાલમાં=ઉત્તરના પચ્ચક્ખાણના ગ્રહણકાલમાં પ્રત્યાખ્યાનની આદિ અને અંત કોટિદ્વયનું મિલન થવાથી કોટિ સહિત પચ્ચક્ખાણ કહેવાય છે અને આ કોટિ સહિત તપ છટ્ઠ-અટ્ઠમાદિ અને આયંબિલ નીવી-એકાસણાદિ સર્વ સદૃશમાં અને ચતુર્થ આદિ વિસદૃશમાં પણ ભાવન કરવું=કોટિ સહિત પચ્ચક્ખાણ હોય છે તેમ જાણવું. (૪) નિયંત્રિત પ્રત્યાખ્યાન :- આ માસમાં અથવા દિવસમાં જે અટ્ઠમાદિ વિધેય છે તે હૃષ્ટ અથવા ગ્લાનથી તે નિયંત્રિત તપ કહેવાય. આ ચૌદ પૂર્વધરમાં જિનકલ્પની સાથે જ વ્યવચ્છિન્ન છે=

વર્તમાનમાં આ તપ વિચ્છિન્ન છે. (૫) સાકાર પ્રત્યાખ્યાન :- મહત્તરાદિ-સહકાર વડે જે વર્તે છે=આકારો સહિત વર્તે છે તે સાકાર તપ છે. (૬) નિરાકાર પ્રત્યાખ્યાન :- મહત્તરાદિ સાકારથી નિર્ગત નિરાકાર છે. નિરાકારમાં પણ=નવકારથી આદિ નિરાકારરૂપ તપમાં પણ અનાભોગ-સહસાત્કાર રૂપ આકારદ્વયનો અવશ્યંભાવ હોવાથી મહત્તરાકારાદિ આકારના વર્જનનું આશ્રયણ છે. અર્થાત્ જેમ અનાભોગ-સહસાત્કારરૂપ બે આગારો છે તેવા નવકારથી આદિ પચ્ચક્ખાણ નિરાકાર છે. અને જેમાં મહત્તરાગારેણં આદિ આકારો છે=આગારો છે, તે સાકાર તપ છે. તે પ્રકારનો સાકાર-નિરાકાર પ્રત્યાખ્યાનનો વિભાગ છે. (૭) પરિમાણકૃત પ્રત્યાખ્યાન :- દત્તી કે કવલાદિની મર્યાદાથી પરિમાણકૃત જે એકાસણાદિ તપ હોય તે પરિમાણકૃત પ્રત્યાખ્યાન છે. (૮) નિરવશેષ પ્રત્યાખ્યાન :- સર્વ અસન-પાનના ત્યાગથી નિરવશેષ પચ્ચક્ખાણ થાય છે. (૯) સંકેત પ્રત્યાખ્યાન :- અંગૂઠો, મુટ્ઠી કે ગ્રંથિ આદિ ચિહ્નથી ઉપલક્ષિત એવો સંકેત અને તે=સંકેત પચ્ચક્ખાણ, શ્રાવક પોરિસી આદિ પ્રત્યાખ્યાન કરીને ક્ષેત્રાદિમાં ગયેલો અથવા ઘરે રહેલો ભોજનકાળની પ્રાપ્તિ પૂર્વે પ્રત્યાખ્યાન રહિત ન રહું એથી અંગૂષ્ઠાદિનો સંકેત કરે છે તે સંકેતને જ સ્પષ્ટ કરે છે. જ્યાં સુધી અંગૂઠાને, મુષ્ટિને કે ગ્રંથિને ન મૂકું અથવા ઘરમાં પ્રવેશ ન કરું અથવા સ્વેદબિંદુ જ્યાં સુધી સુકાય નહિ અથવા આટલા ઉચ્છ્વાસો જ્યાં સુધી થાય નહિ, જલાદિ મંચિકામાં જ્યાં સુધી આ બિંદુઓ સુકાય નહિ અથવા દીવો જ્યાં સુધી બુઝાય નહિ ત્યાં સુધી હું ખાઈશ નહિ, જેને કહે છે –

"અંગૂઠો, મુટ્ઠી, ગ્રંથિ, ઘર, સે=સ્વેદબિંદુ, ઉચ્છ્વાસ, સ્તિબુક=પાણીનું બિંદુ, જ્યોતિષ્ક=દીવો. તેઓને ચિહ્ન કરીને જે કરાય છે એ સંકેત પચ્ચક્ખાણ ધીર એવા અનંતજ્ઞાની વડે કહેવાયું છે." **(આવશ્યકનિર્યુક્તિ ૧૫૭૮)**

(૧૦) અદ્ધા પ્રત્યાખ્યાન :- અદ્ધા=કાલ, તદ્ વિષય પ્રત્યાખ્યાન ૧૦ પ્રકારનું છે. જેને કહે છે.

"નવકારશી, પોરિસી, પુરિમુડ્ઢ, એકાસણું, એકલઠાણું, આયંબિલ, અભક્તાર્થ=ઉપવાસ અને ચરમ અભિગ્રહ=દિવસચરિમ રૂપ ચરમ અભિગ્રહ, ભવચરિમ રૂપ ચરમ અભિગ્રહ એમ બે ચરમ અભિગ્રહ છે. અને વિગઈ. આ દસ અદ્ધા પચ્ચક્ખાણ છે." (આવશ્યકનિર્યુક્તિ-૧૫૯૭, પ્રવચનસારોદ્ધાર ગાથા ૨૦૨)

'ननु'થી શંકા કરે છે. એકાસણાદિ પ્રત્યાખ્યાન કેવી રીતે અદ્ધા પચ્ચક્ખાણ છે ?=અદ્ધા પચ્ચક્ખાણ નથી. हि=જે કારણથી, ત્યાં=એકાસણાદિમાં કાળનો નિયમ નથી. તેને ઉત્તર આપતાં કહે છે. તારી વાત સાચી છે. અદ્ધા પ્રત્યાખ્યાનપૂર્વક એકાસણાદિ પ્રાયઃ કરાય છે. અર્થાત્ પોરિસી-સાઢપોરિસી આદિ રૂપ અદ્ધા પચ્ચક્ખાણપૂર્વક એકાસણા-આયંબિલ આદિ પ્રત્યાખ્યાન પ્રાયઃ કરાય છે. એથી અદ્ધા પ્રત્યાખ્યાનપણાથી કહેવાય છે=એકાસણાદિને પણ અદ્ધા પચ્ચક્ખાણ કહેવાય છે. જે કારણથી પંચાશકવૃત્તિમાં કહેવાયું છે.

"એકાસણું-આયંબિલાદિ પચ્ચક્ખાણ જો કે પરિમાણકૃત છે તોપણ અદ્ધા પ્રત્યાખ્યાનપૂર્વકપણાથી અદ્ધા પ્રત્યાખ્યાનમાં જ ગણાય છે."

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

અને સર્વ ઉત્તરગુણના પ્રત્યાખ્યાનમાં=ઉત્તરગુણના બધા પ્રત્યાખ્યાનમાં સંકેત પ્રત્યાખ્યાન અને અદ્ધા પ્રત્યાખ્યાન બે પ્રકારનાં પ્રત્યાખ્યાન પ્રતિદિન ઉપયોગી જાણવાં. દ્વાર=પૂર્વમાં પ્રત્યાખ્યાન, તેના ભાંગા ઇત્યાદિ ૭ દ્વારો કહીને તેના વિષે કંઈક કહેવાય છે એમ કહ્યું તેમાંથી પ્રત્યાખ્યાન દ્વાર અહીં પૂર્ણ થયું, તેને બતાવવા માટે દ્વાર-૧ એમ કહ્યું છે.

હવે બીજું દ્વાર બતાવતાં કહે છે. વળી ભાંગાઓ ૧૪૭ થાય છે. અને તે ભાંગા પૂર્વમાં વ્રતાધિકારમાં બતાવેલા છે. અને તેના જ્ઞાનપૂર્વક પ્રત્યાખ્યાન શુદ્ધ થાય છે=૧૪૭ ભાંગાના જ્ઞાનપૂર્વક પ્રત્યાખ્યાન શુદ્ધ થાય છે. જે કારણથી કહેવાયું છે.

"પચ્ચક્ખાણમાં ૧૪૭ ભાંગા જેને પ્રાપ્ત થયા છે=જેના દ્વારા યથાર્થ જણાયા છે. તે ખરેખર પચ્ચક્ખાણમાં કુશળ છે. વળી, શેષ=શેષ જીવો જેઓને પચ્ચક્ખાણના ભાંગાનું જ્ઞાન નથી તેઓ, અકુશલ છે=પચ્ચક્ખાણના વિષયમાં અકુશલ છે." **(શ્રાવકવ્રતભંગ પ્ર. ૮, પ્રવચનસારોદ્ધાર ૧૩૩૮)**

અથવા આ પ્રમાણે છે.

"પ્રત્યાખ્યાતા એવા ગુરુ અને પ્રત્યાખ્યાન કરનારા એવા શિષ્યોના જાણનારાં અને નહિ જાણનારાં પદો વડે નિષ્પન્ન ચાર ભાંગાઓ જ્ઞાતવ્ય થાય છે." **(આવશ્યકનિર્યુક્તિ-૧૬૧૩)**

અહીં ખરેખર સ્વયં કૃતપચ્ચક્ખાણવાળો શ્રાવક કાલમાં=ઉચિતકાલમાં, વિનયપૂર્વક સમ્યક્ ઉપયુક્ત ગુરુવચનની સાથે અનુઉચ્ચાર કરતો=ગુરુ પચ્ચક્ખાણ આપે ત્યારે મનમાં સ્વયં બોલતો, સ્વયં જાણતો=પ્રત્યાખ્યાનના વિકલ્પોને જાણતો, જાણકાર જ એવા ગુરુ પાસે પ્રત્યાખ્યાન કરે છે. ત્યાં 'જ્ઞ'પણામાં=પચ્ચક્ખાણના સ્વરૂપના જ્ઞાનપણામાં ચતુર્ભંગી છે. બંનેના=પચ્ચક્ખાણ લેનાર અને પચ્ચક્ખાણ આપનાર બંનેના, જ્ઞપણામાં=પચ્ચક્ખાણના યથાસ્વરૂપના જાણકારપણામાં પ્રથમ ભાંગો પ્રાપ્ત થાય છે તે શુદ્ધ છે. ગુરુના જ્ઞપણામાં=ગુરુ પચ્ચક્ખાણની મર્યાદાને જાણતા હોય અને શિષ્યના અજ્ઞાનપણામાં બીજો ભાંગો પ્રાપ્ત થાય છે. ત્યાં=બીજા ભાંગામાં, તત્કાલ શિષ્યને સંક્ષેપથી બોધ કરાવીને=પચ્ચક્ખાણ આપતાં પહેલાં શિષ્યને સંક્ષેપથી બોધ કરાવીને, જ્યારે ગુરુ પ્રત્યાખ્યાન કરાવે છે ત્યારે આ પણ=બીજો ભાંગો પણ શુદ્ધ છે. વળી, અન્યથા અશુદ્ધ છે=જાણકાર ગુરુ શિષ્યને સંક્ષેપથી પચ્ચક્ખાણની મર્યાદા બતાવ્યા વગર પચ્ચક્ખાણ કરાવે તો અશુદ્ધ છે. જ્ઞ=પચ્ચક્ખાણના સ્વરૂપને જાણનાર એવો શ્રાવક, અજ્ઞની પાસે=ગુરુ આદિના અભાવમાં બહુમાનથી ગુરુના કાકા આદિ પાસે, પચ્ચક્ખાણ કરે. આ પણ શુદ્ધ છે. બંનેનું અજ્ઞપણું હોતે છતે=પચ્ચક્ખાણ આપનાર કે લેનાર બંનેનું પચ્ચક્ખાણના સ્વરૂપ વિષયક અજ્ઞપણું હોતે છતે, અશુદ્ધ જ છે=ગ્રહણ કરાયેલું પચ્ચક્ખાણ અશુદ્ધ જ છે. અને અહીં=પચ્ચક્ખાણના વિષયમાં, ગુરુનું અથવા પોતાનું=પચ્ચક્ખાણ લેનારનું જ્ઞપણું-પ્રત્યાખ્યાન તેનાં ઉચ્ચારસ્થાનો, ભાંગાઓ, આગાર, શુદ્ધિ, સૂત્રાર્થ=પચ્ચક્ખાણનાં સૂત્રો અને તેનો અર્થ, ફલ=પચ્ચક્ખાણનું ફલ, કલ્પ્ય-અકલ્પ્યના વિભાગાદિનું જ્ઞાન હોતે છતે જ થાય છે.

પચ્ચક્ખાણ લેનાર શ્રાવક સ્વયં પ્રાતઃકાળમાં પચ્ચક્ખાણ ગ્રહણ કરે પછી ગુરુ પાસે વિનયપૂર્વક પચ્ચક્ખાણ ગ્રહણ કરે તે વખતે ગુરુ પચ્ચક્ખાણ ઉચ્ચરાવે ત્યારે સ્વયં મનમાં તે પચ્ચક્ખાણનું સ્મરણ કરે. આ પ્રકારે પચ્ચક્ખાણના ગ્રહણની વિધિ છે અને તે પચ્ચક્ખાણ ગ્રહણ કરતા પૂર્વે વિવેકી શ્રાવકે પચ્ચક્ખાણના ભાંગાઓ જાણવા જોઈએ અને જે શ્રાવકને પચ્ચક્ખાણના ૧૪૭ ભાંગાઓનું જ્ઞાન છે, પચ્ચક્ખાણના બોલાતા સૂત્ર-અર્થનું જ્ઞાન છે, આગારોનું જ્ઞાન છે, અને ગ્રહણ કરાયેલું પચ્ચક્ખાણ ઉત્તરગુણની વૃદ્ધિવાળું હોવાથી દેશવિરતિના અતિશયનું કારણ બને તે પ્રકારે આહારાદિ સંજ્ઞાના તિરોધાનના ફલવાળું છે તેમ જાણતો હોય, તો પચ્ચક્ખાણ ગ્રહણ કરતી વખતે જે સૂત્રો બોલાય છે તેના અર્થ અનુસાર, ક્યા આગારોપૂર્વક – કઈ મર્યાદાવાળું મેં પચ્ચક્ખાણ ગ્રહણ કર્યું છે તેનો બોધ હોવાથી તેનું પચ્ચક્ખાણ શુદ્ધ બને છે અને પચ્ચક્ખાણ આપનાર ગુરુ અને પચ્ચક્ખાણ લેનાર શ્રાવક બંને તે મર્યાદા જાણતા હોય તો પ્રથમ ભાંગો શુદ્ધ પ્રાપ્ત થાય છે. હવે શ્રાવકને એકાસણાદિનું પચ્ચક્ખાણ લેવું છે છતાં તે પચ્ચક્ખાણની સર્વ મર્યાદા, તે તે પચ્ચક્ખાણનું ફલ શું છે ? તે જાણતો નથી અને યોગ્ય ગુરુ તેને સંક્ષેપથી તેનો બોધ કરાવે તો પચ્ચક્ખાણ ગ્રહણ કરતી વખતે શ્રાવકને જે પ્રકારે ગુરુએ સંક્ષેપથી ઉપદેશ આપ્યો તે પ્રકારે અધ્યવસાય થાય છે. તે અધ્યવસાય પચ્ચક્ખાણથી અપેક્ષિત છે માટે બીજો ભાંગો પણ શુદ્ધ પ્રાપ્ત થાય છે. વળી કોઈ શ્રાવક પચ્ચક્ખાણની સર્વ મર્યાદાનો જાણકાર હોય અને ગુરુ વિદ્યમાન ન હોય તો ગુરુના સંબંધી કાકા આદિ કોઈ તેના નગરમાં રહેતા હોય ત્યારે તે શ્રાવક ગુરુ પાસે પચ્ચક્ખાણ ગ્રહણ કરવાના બહુમાન અર્થે તેમના કાકા આદિ પાસે પચ્ચક્ખાણ ગ્રહણ કરે છે. તે પચ્ચક્ખાણની મર્યાદાના જાણકાર ન હોય તોપણ ગુરુ પ્રત્યેનો બહુમાનભાવ વિદ્યમાન છે અને શ્રાવકને પચ્ચક્ખાણની સર્વ મર્યાદાનું જ્ઞાન છે. તેથી તે ત્રીજો ભાંગો પણ શુદ્ધ ગણાય છે. વળી, શ્રાવકને પચ્ચક્ખાણની મર્યાદાનું કંઈ જ્ઞાન ન હોય માત્ર એકાસણું છે, એક વખત ભોજન કરવું છે તેનું આ પચ્ચક્ખાણ છે તેવી બુદ્ધિથી કોઈ અજ્ઞ પાસે પચ્ચક્ખાણ ગ્રહણ કરે અને તે જ પ્રમાણે એકાસણું આદિ શ્રાવક કરે તોપણ પોતાનું પચ્ચક્ખાણ કઈ રીતે ઉત્તરગુણની વૃદ્ધિનું કારણ છે ? સૂત્રમાં બોલાયેલા શબ્દોથી ક્યા પ્રકારની પ્રતિજ્ઞાની પ્રાપ્તિ થઈ ? ઇત્યાદિ કંઈ બોધ નહિ હોવાથી મુગ્ધતાથી કરાયેલું તે પચ્ચક્ખાણ હોવાથી અશુદ્ધ છે.

ત્યાં=પચ્ચક્ખાણના વિષયમાં, પ્રત્યાખ્યાનનાં ઉચ્ચારસ્થાનો પાંચ છે. ૧. આદ્યસ્થાનમાં= પચ્ચક્ખાણનાં પાંચ ઉચ્ચારસ્થાનમાંથી પ્રથમ સ્થાનમાં, નમસ્કાર સહિત આદિ કાલ પ્રત્યાખ્યાનો પાંચ છે=નવકારશી, પોરિસી, સાઢપોરિસી, પુરિમુડ્ઢ, અવડ્ઢ પાંચ કાલ પ્રત્યાખ્યાનો છે. સંકેત નામનાં સ્થાનો આઠ છે=અંગૂઠો, મુટ્ઠી, ગ્રંથિ, ઘર, સે=સ્વેદબિંદુ, ઉચ્છ્વાસ, સ્તિબુક=પાણીનું બિંદુ, જ્યોતિષ્ક=દીવો, આ આઠ સંકેતો છે. અને પ્રાયઃ ચતુર્વિધ આહાર=ચાર પ્રકારના આહારનું પચ્ચક્ખાણ છે. ૨. બીજા સ્થાનમાં વિકૃતિ, નિવિકૃતિ, આચામામ્લનો ઉચ્ચાર છે. અને વિકૃતિ પ્રત્યાખ્યાન અસ્વીકૃત વિકૃતિના નૈયત્યવાળાને પણ પ્રાયઃ કરીને અભક્ષ્ય વિકૃતિ ચતુષ્કનો ત્યાગ હોવાથી=૧૦

વિગઈમાંથી ચાર માંસ આદિ મહાવિગઈનો ત્યાગ હોવાથી, બધાને છે=વિકૃતિનું પચ્ચક્ખાણ કરનાર બધાને છે. ૩. ત્રીજા સ્થાનમાં એક-બે આસન અને એક સ્થાનનો નિયમ છે=એક આસનમાં એકાસણું કરાય છે. બે આસનમાં બેસણું કરાય છે. અને એકલઠાણામાં કાયાને અત્યંત સ્થિર કરીને એક હાથ અને મુખ સિવાય અન્ય અવયવો ન હાલે તે રીતે એક સ્થાનમાં ભોજન કરવાનો નિયમ કરાય છે. અને ત્યારપછી દ્વિવિધ-ત્રિવિધ કે ચતુર્વિધ આહારનું પચ્ચક્ખાણ કરાય છે=એકાસણું-બિયાસણું કે એકલઠાણું કરીને ઊઠ્યા પછી પાણી લેવાનું હોય તો ત્રિવિધ આહારનું પચ્ચક્ખાણ હોય અને પાણી ન પીવાનું હોય તો ચતુર્વિધ આહારનું પચ્ચક્ખાણ હોય અને કોઈકને આશ્રયીને દ્વિવિધનું પણ પચ્ચક્ખાણ હોવું જોઈએ. અર્થાત્ અશન અને આદિમનો ત્યાગ હોવો જોઈએ. જેથી મુખવાસના શોખીન ભોજન કર્યા પછી પણ તેની છૂટ રાખતા હોવા જોઈએ. તેને આશ્રયીને દ્વિવિધનો પ્રયોગ કરાયેલો જણાય છે. ૪. ચતુર્થ સ્થાનમાં=પચ્ચક્ખાણના ઉચ્ચારના ચોથા સ્થાનમાં, પાણસ્સ ઈત્યાદિ છે=પાણસ્સ, લેવેણ વા-અલેવેણ વા આદિ ઉચ્ચારણ છે. ૫. પાંચમા સ્થાનમાં=પચ્ચક્ખાણના ઉચ્ચારના પાંચમા સ્થાનમાં, દેશાવકાશિક વ્રત પૂર્વમાં ગ્રહણ કરાયેલ સચિત્તાદિ ચૌદ નિયમના સંક્ષેપ રૂપ ઉચ્ચાર્ય છે. એ રીતે=પૂર્વમાં પચ્ચક્ખાણનાં પાંચ ઉચ્ચારસ્થાન બતાવ્યાં એ રીતે, ઉપવાસમાં ચાર સ્થાનો છે. પ્રથમ સ્થાનમાં અભક્તાર્થકરણ છે=આહાર ત્યાગનું પચ્ચક્ખાણ છે. બીજા સ્થાનમાં પાન આહારનું પ્રત્યાખ્યાન છે. ત્રીજા સ્થાનમાં પાણસ્સ ઈત્યાદિ છે=પાણસ્સ લેવેણ વા ઈત્યાદિ છે. અને ચોથા સ્થાનમાં દેશાવકાશિક છે અને કહ્યું છે.

"પ્રથમ સ્થાનમાં તેર=પચ્ચક્ખાણના ઉચ્ચારણના પ્રથમ સ્થાનમાં નવકારશી આદિ પાંચ કાલ પ્રત્યાખ્યાન અને સંકેત આદિ આઠ એમ તેર સ્થાનો છે. બીજા સ્થાનમાં ત્રણ=પ્રત્યાખ્યાનના ઉચ્ચારણના બીજા સ્થાનમાં એકાસણું, બેસણું અને એકલઠાણું એમ ત્રણ સ્થાનો છે. ચોથામાં પાણસ્સ છે=પ્રત્યાખ્યાનના ઉચ્ચારણના ચોથા સ્થાનમાં પાણસ્સ લેવેણ વા અલેવેણ વા ઈત્યાદિ છે અને પાંચમાં સ્થાનમાં દેશાવગાશિક છે." **(પ્રત્યાખ્યાન ભાષ્ય-૬)**

અને અહીં=પચ્ચક્ખાણમાં, ઉપવાસ-આયંબિલ-નીવિગઈ ઈત્યાદિ અને પોરિસી આદિ પ્રાયઃ ત્રિવિધ-ચતુર્વિધ આહારના છે=પોરિસી-સાઢપોરિસી આદિ જે પચ્ચક્ખાણ હોય ત્યાં સુધી ત્રણ આહાર કે ચાર આહારનો ત્યાગ છે. વળી અપવાદથી નિવિગઈ આદિ અને પોરિસી આદિ પચ્ચક્ખાણમાં દ્વિવિધ આહાર પણ છે. અર્થાત્ અપવાદથી કોઈએ પોરિસી આદિનું પચ્ચક્ખાણ કરીને નિવિગઈ આદિનું પચ્ચક્ખાણ કરેલ હોય તેને પણ બે પ્રકારના આહારનો ત્યાગ હોય તો પોરિસી આદિના પચ્ચક્ખાણ પૂર્વે મુખવાસ આદિ વાપરે તેવું પચ્ચક્ખાણ હોવાથી દ્વિવિધ આહાર પણ થાય છે. પરંતુ ઉત્સર્ગથી તો પોરિસી આદિ પચ્ચક્ખાણ સુધી ચાર આહારનો કે ત્રણ આહારનો ત્યાગ હોય છે. વળી નવકારથી સહિત=નવકારશીનું પચ્ચક્ખાણ, ચાર પ્રકારના આહારના ત્યાગવાળું જ છે. એ પ્રમાણે સંપ્રદાય છે. અર્થાત્ નવકારશી કરનાર નવકારશીના સમય સુધી ચાર પ્રકારના આહારનો ત્યાગ કરે જ છે, જે કારણથી કહેવાયું છે.

"સાધુનું નમો=નવકારશીનું પચ્ચક્ખાણ, રત્તિપિ=રાતનું પણ પચ્ચક્ખાણ ચતુર્વિધ આહારનું છે. સેસ=શેષને=શ્રાવકોને

બે-ત્રણ અથવા ચાર=બે આહારનો ત્યાગ હોય છે. અથવા ત્રણ આહારનો ત્યાગ હોય છે અથવા ચાર આહારનો ત્યાગ હોય છે." **(પ્રત્યાખ્યાન ભાષ્ય ગાથા-૧૨)**

અને

"સાધુને રાત્રિમાં અને નવકારથી સહિત=નવકારશીના પચ્ચક્ખાણમાં, ચાર પ્રકારના આહારનો ત્યાગ હોય છે. ભવચરિમ, ઉપવાસ-આયંબિલ ત્રણ અથવા ચાર પ્રકારના આહારના ત્યાગવાળું હોય છે. તેથી કોઈ સાધુ ભવના અંત સમયે ત્રણ આહારનો ત્યાગ કરીને અથવા ચાર આહારનો ત્યાગ કરીને પચ્ચક્ખાણ કરે છે. તે રીતે ઉપવાસ અને આયંબિલ પણ ત્રણ અથવા ચાર પ્રકારના આહારનો ત્યાગ કરીને કરે છે. આયંબિલ કર્યા પછી પાણી વાપરવાનું હોય તો ત્રણ પ્રકારના આહારનો ત્યાગ કરે અને પાણી વાપરવાનું ન હોય તો ચાર પ્રકારના આહારનો ત્યાગ કરે." ।।૧।।

"શેષ પચ્ચક્ખાણો=ભવચરિમ, ઉપવાસ, આયંબિલ સિવાયનાં શેષ પચ્ચક્ખાણો દ્વિવિધ-ત્રિવિધ અથવા ચતુર્વિધ આહારના વિષયમાં હોય છે. અર્થાત્ એકાસણાદિ કરેલ હોય અને મુખવાસ વાપરવો હોય તો દ્વિવિધ આહારનો ત્યાગ કરે. તેથી એકાસણું કર્યા પછી મુખવાસ અને પાણી બે વસ્તુ વાપરી શકે. ત્રિવિધ આહારનો ત્યાગ કરે તો પાણી વાપરી શકે. અને ચતુર્વિધ આહારનો ત્યાગ કરે તો એકાસણું કર્યા પછી ચારે ય આહારનો ત્યાગ કરવો પડે. આ પ્રકારે પચ્ચક્ખાણના વિષયમાં આહારના વિકલ્પો જાણવા." ।।૨।।

વળી 'યતિદિનચર્યા'માં સંકેત પ્રત્યાખ્યાન પણ ચાર પ્રકારના આહારનું કહેવાયું છે. અને તે પ્રમાણે તેનું વચન છે.

"સંકેત પચ્ચક્ખાણ સાધુનું રાત્રિભોજન વિરમણવ્રત અને નવકારથી સહિત=નવકારશીનું પચ્ચક્ખાણ, નિયમથી ચાર પ્રકારના આહારનું છે." **(દેવસૂરિરચિત યતિદિનચર્યા ગાથા ૫૦)**

'ઇતિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

નિવિગઈ અને આયંબિલમાં કલ્પ્યાકલ્પ્યનો વિભાગ સ્વ-સ્વ સામાચારીથી જાણવો. વળી, પ્રત્યાખ્યાનના ભેદ અને તેના ભાંગા આદિ વ્યાખ્યાન કરાય જ છે. એથી પ્રસંગથી સર્યું. પ્રકૃતને અનુસરીએ છીએ. બીજું દ્વાર પૂરું થયું=પચ્ચક્ખાણનાં સાત દ્વારો પૂર્વમાં બતાવેલાં તેમાંથી તેના ભાંગા રૂપ બીજું સ્થાન પૂરું થયું.

અને અપવાદ રૂપ આકાર સહિત પ્રત્યાખ્યાન કરવું જોઈએ. અન્યથા વળી ભંગ થાય=આગાર વગર પચ્ચક્ખાણ ગ્રહણ કરવામાં આવે તો પચ્ચક્ખાણના ભંગની પ્રાપ્તિ થાય અને તે દોષ માટે છે. જેને કહે છે.

"વ્રત ભંગમાં મોટો દોષ છે. થોડી પણ પાલના ગુણકારી છે. અને ગુરુ-લાઘવ જાણવું જોઈએ=પચ્ચક્ખાણ ગ્રહણ કરતી વખતે ગુરુ-લાઘવ જાણવું જોઈએ. આથી ધર્મમાં આગારો છે." **(પંચાશક-૫/૧૨, પંચવસ્તુક-૫૧૨, પ્રવચનસારો. ૨૧૬) અર્થાત્ જો આગાર વગર પચ્ચક્ખાણ ગ્રહણ કરવામાં આવે તો તેવા સંયોગમાં સમ્યક્પાલન થાય નહિ. જોકે વ્રતભંગ થાય માટે મોટું પાપ લાગે અને થોડી પણ પાલના ભંગ વગર ગુણ કરનારી છે. તેથી આગારોપૂર્વક પચ્ચક્ખાણનો સંકોચ કરવાથી જે થોડું પણ શુદ્ધ પાલન થાય**

છે તે ગુણને કરનાર છે. તેથી આગાર વગરનું પચ્ચક્ખાણ વિસ્તૃત પચ્ચક્ખાણ છે અને આગારવાળું પચ્ચક્ખાણ નાનું છે છતાં વિસ્તૃત પચ્ચક્ખાણનું સમ્યક્પાલન ન થાય તો ગુરુ દોષ છે અને નાનું પણ પચ્ચક્ખાણ સમ્યક્પાલન થાય તો મહાન લાભ છે. એ પ્રકારનો ગુરુ-લાઘવનો વિચાર કરીને ધર્મનાં કાર્યોમાં આગારપૂર્વક પચ્ચક્ખાણ ગ્રહણ કરાય છે. આગાર કેમ રખાય છે ? તે બતાવ્યા પછી આગાર શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે.

પ્રત્યાખ્યાનના ભંગના પરિહાર માટે કરાય છે તે આકારો છે અને તે=તે આગારો, નમસ્કાર સહિત આદિ પચ્ચક્ખાણોમાં=નવકારશી આદિ પક્ચક્ખાણોમાં જેટલા થાય છે તેટલા બતાવાય છે.

"નવકારશીમાં બે જ આગારો છે. વળી પોરિસીમાં છ આગારો છે. વળી પુરિમુડ્ઢમાં સાત જ આગારો છે. એકાસણામાં આઠ જ આગારો છે." ।।૧।।

"એકલઠાણામાં સાત જ આગારો છે અને આયંબિલમાં આઠ જ આગારો છે. ઉપવાસમાં પાંચ જ આગારો છે. છ પાનકના=પાણીના આગારો છે. અને ચરમમાં ચાર આગારો છે=દિવસચરિમ અને ભવચરિમ પચ્ચક્ખાણમાં ચાર આગારો છે." ।।૨।।

"પાંચ અને ચાર આગારો અભિગ્રહમાં છે. નિવિગઈમાં આઠ અને નવ આગારો છે. અપ્રાવરણમાં=ચોલપટ્ટાના વિષયમાં, પાંચ આગારો છે. શેષમાં ચાર આગારો હોય છે=ચોલપટ્ટા સિવાયના અભિગ્રહ અને દાંડા-પ્રમાર્જના આદિના વિષયમાં ચાર આગારો હોય છે." ।।૩।। **(આવશ્યકનિર્યુક્તિ ૧૫૯૯-૧૬૦૧, પંચાશક-૫/૮-૧૦, પ્રવચનસારો ૨૦૩-૨૦૫).**

નિવિગઈમાં આઠ અને નવ આગારો કેવી રીતે છે ? તેથી કહે છે –

"નવનીતમાં=માખણમાં, ઓગાહિમમાં=પક્વ અન્નમાં, અદ્દવ=કઠિન-એવું દહીં, પિસિત=માંસ, ઘી, ગોળ તેમાં નવ આગારો હોય છે. શેષ દ્રવ્યોમાં આઠ આગારો હોય છે." **(આવશ્યકનિર્યુક્તિ ૧૬૦૨, પ્રવચનસારો. ૨૦૬, પંચાશક ૫/૧૧)**

અપ્રાવરણમાં ચોલપટ્ટાના આગાર પાંચ છે. વળી વિવરણ સૂત્રની વ્યાખ્યા સહગત જ જાણવું. દ્વાર-૩=આગાર નામનું ત્રીજું દ્વાર પૂરું થયું છે.

હવે સૂત્ર-અર્થ રૂપ ચોથું અને પાંચમું દ્વાર બતાવે છે.

"उग्गए सूरे नमुक्कारसहिअं पच्चक्खाइ, चउव्विहंपि आहारं असणं पाणं खाइमं साइमं, अन्नत्थणाभोगेणं सहसागारेणं वोसिरइ" **(પ્રત્યાખ્યાન આવશ્યક સૂ.હરિભદ્રીવૃત્તિ પ. ૮૪૯)**

ઉદ્ગત સૂર્ય હોતે છતે=સૂર્યના ઉદ્ગમથી માંડીને નમસ્કારથી=પરમેષ્ઠિના સ્તવથી સહિત=યુક્ત, એવું નમસ્કાર સહિત પ્રત્યાખ્યાન કરે છે. સર્વ ધાતુઓ અર્થની સાથે વ્યાપ્ત કરે છે એ ન્યાયથી નમસ્કાર સહિત પ્રત્યાખ્યાન કરે છે=વિધેયપણાથી સ્વીકાર કરે છે. અર્થાત્ આત્માની જ્ઞાન-દર્શન-ચારિત્રની પરિણતિરૂપ સર્વ ધાતુઓ પ્રતિજ્ઞારૂપ અર્થની સાથે વ્યાપ્ત કરે છે=સમ્યક્જ્ઞાન, સમ્યક્ રુચિ અને સમ્યક્ પરિણતિપૂર્વક નવકારશી સહિત પ્રત્યાખ્યાન સ્વીકાર કરે છે. આ='પચ્ચક્ખાઈ' ગુરુના

અનુવાદના ભંગીથી વચન છે=ગુરુના કથનની અપેક્ષાએ વચન છે. વળી શિષ્ય પ્રત્યારવ્યામિ='પચ્ચક્ખામિ' એ પ્રમાણે કહે છે. એ રીતે=જે રીતે 'પચ્ચક્ખાઈ'માં કહ્યું એ રીતે, વોસિરइ=ત્યાગ કરું છું એ સ્થાનમાં પણ કહેવું='વોસિરઈ' એ ગુરુ બોલે છે અને પચ્ચક્ખાણ કરનાર 'વોસિરામિ' એ પ્રમાણે બોલે છે. કેવી રીતે પ્રત્યાખ્યાન કરે છે ? એથી કહે છે. ચારે પ્રકારના પણ આહારનું પ્રત્યાખ્યાન કરે છે. પરંતુ એકવિધ આહારનો=અભિઅવહાર્યનો=ખાવા-પીવા યોગ્ય વસ્તુનો ત્યાગ કરતો નથી. એ પ્રકારે ઉત્તરની સાથે સંબંધ છે='વોસિરઈ'ની સાથે સંબંધ છે અને આ=નવકારશીનું પચ્ચક્ખાણ, ચાર પ્રકારના આહારનું જ થાય છે. એ પ્રમાણે કહેવાયું જ છે=પૂર્વમાં સાક્ષીપાઠમાં કહેવાયું જ છે; કેમ કે આનું=નવકારશીના પચ્ચક્ખાણનું રાત્રિભોજનના તીરણપ્રાયપણું છે=રાત્રિભોજનનો જે ત્યાગ હતો તેની સમાપ્તિ તુલ્ય છે. તથા મુહૂર્તમાન અને નમસ્કારના ઉચ્ચારના અવસાનવાળું છે=સૂર્યોદયથી એક મુહૂર્તનો કાળ અને નમસ્કારના ઉચ્ચારણપૂર્વક પચ્ચક્ખાણની સમાપ્તિવાળું નવકારશીનું પચ્ચક્ખાણ છે.

'નનુ'થી શંકા કરે છે. કાલનું અનુક્તપણું હોવાથી=નવકારશીના પચ્ચક્ખાણમાં પોરિસી આદિની જેમ કાલનું કથન કરેલું નથી તેથી, આ=નવકારશીનું પચ્ચક્ખાણ સંકેત પચ્ચક્ખાણ જ છે. અર્થાત્ જેમ સંકેત પચ્ચક્ખાણમાં કાલમાન નથી પરંતુ ગાંઠ છોડી વાપરવાનું છે તેમ નવકારશીના પચ્ચક્ખાણમાં પણ નમસ્કાર બોલીને વાપરવાની ક્રિયાની અનુજ્ઞા છે માટે સંકેત પ્રત્યાખ્યાન જ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે. એ પ્રમાણે ન કહેવું અર્થાત્ નવકારશી સંકેત પચ્ચક્ખાણ છે એ પ્રમાણે ન કહેવું; કેમ કે સહિત શબ્દથી મુહૂર્તનું વિશેષણ છે=નમસ્કાર સહિત એ પ્રકારના વચનમાં જે સહિત શબ્દ છે તેનાથી એક મુહૂર્ત પછી નમસ્કાર સહિત આહાર વાપરવાની અનુજ્ઞા છે એ પ્રકારનું કથન છે 'અથ'થી શંકા કરે છે. મુહૂર્ત શબ્દ સંભળાતો નથી=ઉચ્ચારણ કરાતા નવકારશીના પચ્ચક્ખાણમાં મુહૂર્ત શબ્દ સંભળાતો નથી. તેથી કેવી રીતે તેનું=મુહૂર્તનું, વિશેષ્યપણું થાય ? અર્થાત્ નમસ્કાર સહિત મુહૂર્તનું પચ્ચક્ખાણ કરું છું. એ પ્રકારે મુહૂર્ત કેવી રીતે વિશેષ્ય થાય ? અર્થાત્ થઈ શકે નહિ. તેનો ઉત્તર આપતાં કહે છે. અદ્ધા પ્રત્યાખ્યાનમાં=કાલના પ્રત્યાખ્યાનમાં, આના પાઠનું બલ હોવાથી=નવકારશીના પચ્ચક્ખાણના પાઠનું બલ હોવાથી=નવકારશીના પચ્ચક્ખાણના પાઠનું કથન હોવાથી, અને પોરિસી પ્રત્યાખ્યાનનું વક્ષ્યમાણપણું હોવાથી=અદ્ધા પ્રત્યાખ્યાનમાં નવકારશી પછી ઉત્તરના પોરિસીના પ્રત્યાખ્યાનનું વક્ષ્યમાણપણું હોવાથી તેના પૂર્વે=પોરિસીના પચ્ચક્ખાણની પૂર્વે, મુહૂર્ત જ અવશેષ રહે છે=એક મુહૂર્તનું જ પચ્ચક્ખાણ અવશેષ રહે છે. એથી નમસ્કાર સહિત મુહૂર્તનું પચ્ચક્ખાણ નવકારશીથી ગ્રહણ થાય છે એમ અન્વય છે. 'અથ'થી શંકા કરે છે. મુહૂર્ત દ્વયાદિક પણ કેમ પ્રાપ્ત થતા નથી=સૂર્યોદયથી બે મુહૂર્ત આદિ એ પ્રકારે કેમ પ્રાપ્ત થતું નથી અર્થાત્ અધ્યાહારથી જેમ એક મુહૂર્ત ગ્રહણ કરી શકાય તેમ અધ્યાહારથી બે મુહૂર્ત આદિ પણ ગ્રહણ કરી શકાય તેનો ઉત્તર આપતાં કહે છે. આનું=નવકારશીના પચ્ચક્ખાણનું અલ્પ આકારપણું હોવાથી=બે જ આગારો હોવાથી=અન્નત્થણાભોગાણં, સહસાગારેણં બે જ આગારો હોવાથી, મુહૂર્ત પ્રમાણ કાલમાનપણું છે

એમ અન્વય છે. હિ=જે કારણથી, પોરિસીમાં છ આગારો છે તે કારણથી આકારદ્વયવાળા આ= નવકારશીના, પચ્ચક્ખાણમાં સ્વલ્પ જ કાલ અવશેષ રહે છે અર્થાત્ અંતઃમુહૂર્ત જ કાલ અવશેષ રહે છે. અને તે=અંતઃમુહૂર્તકાલ નમસ્કારથી સહિત છે; કેમ કે પૂર્ણ પણ કાલ થયે છતે=સૂર્યના ઉદય થયા પછી અંતર્મુહૂર્ત કાલ પૂર્ણ થયે છતે નમસ્કારના પાઠ વગર પ્રત્યાખ્યાનનું અપૂર્યમાણપણું છે=પ્રત્યાખ્યાન પૂર્ણ થતું નથી. નમસ્કારનો પાઠ હોવા છતાં પણ મુહૂર્તના અંદરમાં પચ્ચક્ખાણ પારવામાં આવે તો પ્રત્યાખ્યાનનો ભંગ છે. તે કારણથી આ સિદ્ધ છે=નવકારશીનું પચ્ચક્ખાણ મુહૂર્તમાન કાલવાળું નમસ્કાર સહિત પ્રત્યાખ્યાન છે એ સિદ્ધ છે.

હવે ચાર પ્રકારના આહારને જ વ્યક્તિથી=અભિવ્યક્તિથી બતાવે છે. ૧. અશન, ૨. પાન, ૩. ખાદિમ, ૪ સ્વાદિમ. ત્યાં=ચાર પ્રકારના આહારમાં ખવાય છે તે અશન; કેમ કે ભોજનમાં 'અશ્' ધાતુ છે એનું લ્યુટ્ અંતવાળું રૂપ અશન થાય છે. અને પિવાય છે એ પાન છે; કેમ કે 'પા' ધાતુનું લ્યુટ્ અંતવાળું રૂપ 'પાન' થાય છે. અને ખવાય છે એ 'ખાદિમ' છે; કેમ કે ભક્ષણ અર્થમાં 'खाद्' ધાતુ છે એનું વક્તવ્યાદિ મત્ પ્રત્યયાંતનું 'ખાદિમ' રૂપ છે. એ રીતે=જે રીતે 'खादिम' રૂપ બન્યું એ રીતે, સ્વાદન કરાય છે એ સ્વાદિમ છે; કેમ કે આસ્વાદન અર્થમાં 'स्वद्' ધાતુ છે. અને એથી એનું રૂપ છે=સ્વાદિમ રૂપ છે. અથવા ખાદ્યં અને સ્વાદ્યં છે=ખાદિમં અને સ્વાદિમં ના બદલે ખાદ્યં-સ્વાદ્યં એ પ્રકારનું રૂપ છે=વિધ્યર્થ કૃદંત રૂપ ખાવા યોગ્ય અને સ્વાદ કરવા યોગ્ય પદાર્થોને બતાવનાર રૂપ છે. અને અશનાદિ આહારનો વિભાગ શ્રાદ્ધવિધિની વૃત્તિમાં આ પ્રમાણે છે.

"અશન શાલ્યાદિ, મગ આદિ, સક્તુ આદિ, પેયાદિ, મોદકાદિ, ક્ષીરાદિ, સૂરણાદિ અને મંડાદિ છે. જેને કહે છે – અશન ઓદન, સત્તુગ, મગ, જગારી આદિ=રાબડી આદિ, ખાદ્યકવિધિ=સુખડી, મોદક આદિ પક્વાન્ન, ક્ષીરાદિ=દૂધ, દહીં વગેરે, સૂરણ આદિ=સૂરણકંદ વગેરે, મંડક આદિ=માલપૂઆ, ખાખરા આદિ જાણવા." **(પંચાશક-૫/૨૭, પ્રવચનસારોદ્ધાર-૨૦૭)**

અને પાન સૌવીર, યવાદિનું ધોવાણ, સુરાદિ, સર્વ અપ્કાય, કર્કટ જલાદિ છે, જેને કહે છે –

"પાન સૌવીર, જવના ધોવાણનું પાણી, અને ચિત્ર સુરાદિ=ઘણા પ્રકારના મદ્યવિશેષ, સર્વ અપ્કાય બધું પાણી અને તે પ્રમાણે કર્કટક જલાદિ=ખજૂર, દ્રાક્ષ આદિનાં પાનક=પીણાં છે." **(પંચાશક-૫/૨૮, પ્રવચનસારોદ્ધાર-૨૦૮)**

ખાદ્ય ભૃષ્ટ ધાન્ય=ભુંજાયેલું ધાન્ય, ગોળ, પર્પટિકા, ખજૂર, નારિયેળ, દ્રાક્ષો, કર્કટી=કાકડી, આમ્ર=કેરી, પનસ આદિ જેને કહે છે – "ભત્તોસં=ભક્ત એવું ઓસ=ભોજન એવું દાહ્ય=શેકાયેલા ચણા-શિંગ વગેરે, દંતાદિ=ગોળથી સંસ્કૃત કરાયેલા દંત પવન વગેરે, ખજૂર, નારિયેળ, દ્રાક્ષ આદિ=દ્રાક્ષ, દાડમ વગેરે, કાકડી, કેરી, પનસ વગેરે બહુ પ્રકારનું ખાદિમ જાણવું." (પંચાશક-૫/૨૯, પ્રવચનસારોદ્ધાર-૨૦૯)

સ્વાદ્ય દંતકાષ્ઠ=દાતણ, તાંબૂલ, તુલસિકા, પિંડ અર્જક, મધુપિપ્પલી ઈત્યાદિ જેને કહે છે –

"દંતવણં=દાંત સાફ કરવાનું કાષ્ઠ=દાતણ, ચિત્ર તંબોલ=વિવિધ પ્રકારના મુખવાસ, તુલસી, કુહેડક આદિ, મધુ=મધ, પિપ્પલી=કાળી પિપર, સૂંઠ આદિ અનેક પ્રકારના સ્વાદિમ છે." (પંચાશક-૫/૩૦, પ્રવચનસારોદ્ધાર-૨૧૦)

અનેક પ્રકારે એ પ્રમાણે શ્રાદ્ધવિધિની વૃત્તિમાં (પ. ૪૫) શું બતાવ્યું છે ? તે 'યથા'થી બતાવે છે. જે પ્રમાણે – સૂંઠ, હળદર, પિપ્પલી, મરીય, જીરું, અજમો, જાયફળ, જાવન્ત્રી, કસેલ્લક, કાથો, ખદિખટિકા=ખદિરાવટી, જેઠીમધ, તમાલપત્ર, ઈલાયચી, લવિંગ, કાઠી, વિડંગ, બિડલવણ, અજજક, અજમોદ, કુલિંજણ, પિપ્પલીમૂલ, ચિણીકબાબા, કવ્વૂરક, મુસ્તા, કંટાસેલિઆ, કપૂર, સૌર્વચલ, હરડે, બિમીતક, કુમ્ભઠો, બબ્બૂલ, ધવ, ખદિર, ખીચડાદિકછલ્લી, પત્ર, પૂગ, હિંગુલાષ્ટક=હિંગાષ્ટક, હિંગુત્રેવીશી, પંચકુલ, જવાસકમૂલ, વાવચી, તુલસી, કર્પૂરી કંદાદિ છે.

જીરું સ્વભાષ્ય અને પ્રવચનસારોદ્ધારના અભિપ્રાયથી સ્વાદ્ય છે. વળી કલ્પવૃત્તિના અભિપ્રાયથી ખાદ્ય છે. અજમક ખાદ્ય છે એ પ્રમાણે કેટલાક કહે છે. સર્વ સ્વાદ્ય એલાકર્પૂરાદિ અને જલ બે પ્રકારના આહારના પ્રત્યાખ્યાનમાં કલ્પે છે. વેસણ, વિરહાલી, સોઆ, કોઠવડી, આમલાગંઠી, આંબાગોલી, કઉચિલી, ચૂઈપુત્ર વગેરે ખાદ્યપણું હોવાથી બે પ્રકારના આહારમાં કલ્પતા નથી=બે પ્રકારના આહારના પ્રત્યાખ્યાનમાં કલ્પતા નથી.

વળી ત્રિવિધ આહારમાં=ત્રિવિધ આહારના પ્રત્યાખ્યાનમાં, પાણી જ કલ્પે છે. શાસ્ત્રોમાં મધ, ગોળ, સાકર, ખાંડ આદિ (ખંડાદિ) પણ ખાદ્યપણું હોવાને કારણે દ્રાક્ષ-સાકર આદિનું પાણી અને છાશ આદિ પાનકપણાથી કહેવાયેલું પણ બે પ્રકારના આહારમાં કલ્પતું નથી=બે પ્રકારના આહારનો ત્યાગ કરેલો હોય તેને કલ્પતું નથી અને કહેવાયું છે.

"દ્રાક્ષનાં પાણી આદિ પાન અને ગોળ આદિ સ્વાદિમ સૂત્રમાં કહેવાયું છે તોપણ તૃપ્તિજનક છે. તેથી આચરિત નથી=દ્વિવિધ આહારના ત્યાગમાં ગ્રહણ કરાતું નથી." (નાગપુરીયગચ્છ પ્રત્યાખ્યાન ભાષ્ય)

અનાહારપણાથી વ્યવહાર કરાતાં દ્રવ્યોને પણ પ્રસંગથી બતાવે છે. તે આ પ્રમાણે – પંચાંગનિંબ, ગુડૂચી, કડુકરિયાતું, અતિવિષ, ચીડિસૂકડિ, રક્ષા, હરિદ્રા, રોહિણી, ઉપલોટ, વજ, ત્રિફલા, બાઉલછલ્લી એ પ્રમાણે અન્ય કહે છે. ધમાસો, નાહિઆ, સંધિરીંગણી, એળીયો, ગુગ્ગુલ, હરડીદલ, વઉણિ, બદરી, કંથેરિકરીરમૂલ, પૂંઆડ, મજીઠ, બોલ, બીઉ, કુંઆરી, ચીત્રક, કુંદરુ વગેરે અનિષ્ટ સ્વાદવાળા રોગાદિ આપત્તિમાં ચતુર્વિધ આહારમાં પણ=ચતુર્વિધ આહારના ત્યાગમાં પણ, આ=પૂર્વમાં વર્ણન કર્યા એ અણાહારી પદાર્થો કલ્પે છે. (શ્રાદ્ધવિધિવૃત્તિ પ. ૪૫) પ્રસંગથી સર્યું.

અહીં=પચ્ચક્ખાણમાં, નિયમભંગના ભયથી આકારોને કહે છે. 'અન્નત્થણાભોગેણં સહસાગારેણં', અહીં=અન્નત્થણાભોગેણં સહસાગારેણં આગારમાં પંચમીના અર્થમાં તૃતીયા છે. અન્યત્ર= અન્નત્થણાભોગેણંમાં રહેલ અન્નત્થ શબ્દ પરિવર્જન માટે છે=એ આગારોને છોડીને એ પ્રમાણે બતાવવા અર્થે છે જે પ્રમાણે "દ્રોણ-ભીષ્મથી અન્યત્ર સર્વ યોદ્ધા પરાઙ્મુખ હતા=યુદ્ધમાં પરાઙ્મુખ

હતા. એ પ્રમાણે અનાભોગ અને સહસાકારથી અન્યત્ર=આ બે ને છોડીને પ્રતિજ્ઞા છે એ પ્રકારનો અર્થ છે. ત્યાં=અનાભોગ અને સહસાકારમાં અનાભોગ અત્યંત વિસ્મૃતિ છે. સહસાકાર અતિપ્રવૃત્ત યોગનું અનિવર્તન છે=પૂર્વમાં જે યોગ પ્રવર્તતો હોય તેનું અનિવર્તન થવાથી વ્રત ભંગ ન થાય. માટે સહસાકાર આગાર છે."

હવે પોરિસીનું પ્રત્યાખ્યાન બતાવે છે –

'પોરુસિં પચ્ચક્ખાઇ, ઉગ્ગએ સૂરે ચઉવ્વિહંપિ આહારં અસણં ૪, અણ્ણત્થણાભોગેણં સહસાગારેણં પચ્છન્નકાલેણં દિસામોહેણં સાહૂવયણેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઇ' । **(પ્રત્યાખ્યાન આવશ્યક, હારિભદ્રીવૃત્તિ પ. ૮૫૨)**

પોરિસીનો અર્થ કરે છે. પુરુષ પ્રમાણ આની તે પોરિસી છાયા કેવી રીતે ? એથી કહે છે. કર્ક સંક્રાંતિમાં પૂર્વાહ્નમાં અથવા અપસહ્નમાં જ્યારે શરીર પ્રમાણ છાયા થાય ત્યારે પોરિસી, તેનાથી યુક્ત=તે છાયાથી યુક્ત કાલ પણ પૌરુષી=પ્રહર એ પ્રમાણે અર્થ છે. જેનાથી ઉત્તરાયતા એવી તેની રેખાને=છાયાની રેખાને, જ્યારે દેહછાયા પર્યંત સ્પર્શે છે ત્યારે સર્વ દિવસોમાં પોરિસી છે અથવા ઊભા રહેલા પુરુષના દક્ષિણ કર્ણમાં નિવેશિત એવા સૂર્યના દક્ષિણ આયનના આદ્ય દિનમાં જ્યારે જાનુ છાયા બે પદવાળી થાય છે ત્યારે પૌરુષી. જે પ્રમાણે –

"અષાઢ માસમાં દ્વિપદા, પોષ માસમાં ચાર પદા, ચૈત્ર અને આસો માસમાં ત્રણ પદા પોરિસી હોય છે." **(ઓઘનિર્યુક્તિ-૨૮૪),**

'ઇતિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

વળી હાનિ-વૃદ્ધિ આ પ્રમાણે છે –

"સાત રાતથી એક અંગુલ, વળી પક્ષથી=પખવાડિયાથી બે-અંગુલ વૃદ્ધિ અથવા હાનિ કરવી જોઈએ. માસથી ચાર અંગુલ છે." **(ઓઘનિર્યુક્તિ-૨૮૫)**

'ઇતિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

અને સાધુના વચનથી એ પ્રકારના આગારના વચનમાં પાદોન પ્રહરથી પણ અધિકાર છે. અર્થાત્ પોરિસીના સમય પહેલા પચ્ચક્ખાણ પારે તોપણ વ્રતભંગ નથી; કેમ કે સાધુના વચનથી અર્થાત્ 'બહુપડિપુન્ના પોરિસી' એ પ્રકારના સાધુના વચનથી પોરિસી થઈ એમ માની પચ્ચક્ખાણ પારે છે. તેથી આગારને કારણે ભંગ નથી. આથી ત્યાં પૌરુષીની છાયાની ઉપરમાં આ પ્રક્ષેપ છે.

"જેઠ-અષાઢ-શ્રાવણ રૂપ જિટ્ઠામૂલમાં છ અંગુલથી પ્રતિલેખના થાય છે. બીજી ત્રિકમાં=ભાદરવો-આસો-કારતક રૂપ બીજી ત્રિકમાં આઠ અંગુલ વડે પ્રતિલેખના થાય છે. તઇએ=ત્રીજી ત્રિકમાં માગસર-પોષ-મહા રૂપ ત્રીજી ત્રિકમાં ૧૦ અંગુલ વડે પ્રતિલેખના થાય છે. ચોથી ત્રિકમાં=ફાગણ-ચૈત્ર-વૈશાખ રૂપ ચોથી ત્રિકમાં આઠ અંગુલ વડે પ્રતિલેખના થાય છે." **(યતિદિનચર્યા-૪૮)**

પોરિસી પ્રત્યાખ્યાન સમાન પ્રત્યાખ્યાનવાળી સાઢપોરિસી વળી આ પ્રમાણે છે.

"પોષ માસમાં દેહની છાયામાં નવ પદ વડે વળી સાઢપોરિસી તે બેની એક હાનિ યાવત્ અષાઢ માસમાં ત્રણ પદો"

પૂર્વાર્ધના અગ્રમાં પ્રમાણપ્રસ્તાવથી વક્ષ્યમાણ પણ અહીં જ વિજ્ઞેય છે.

પુરિમાર્ધમાં=પુરિમુડ્ઢ પચ્ચક્ખાણમાં, પોષ માસમાં વિહત્થિ છાયા બાર અંગુલ પ્રમાણ છે. મહિને-મહિને બે અંગુલ હાનિ છે. અષાઢ માસમાં સર્વ નિષ્ઠિત છે=શૂન્ય છે."

હવે સૂત્રશેષ વ્યાખ્યાન કરાય છે. પોરિસીનું પચ્ચક્ખાણ કરે છે. કેવી રીતે કરે છે ? તેથી કહે છે. ચાર પ્રકારના અશન, પાન, ખાદ્ય-સ્વાદ્ય લક્ષણ આહારને વાપરવાનો ત્યાગ કરે છે. એ પ્રમાણે ઉત્તરની સાથે સંબંધ છે=પચ્ચક્ખાણના અંતિમ ભાગ 'વોસિરઈ' સાથે સંબંધ છે. અને અહીં=પોરિસીના પચ્ચક્ખાણમાં છ આગારો છે. પ્રથમ બે પૂર્વની જેમ છે=નવકારશીના પચ્ચક્ખાણની જેમ છે. પ્રચ્છન્નકાલ, સાધુવચન, દિગ્મોહ અને સર્વસમાધિ પ્રત્યય આગારથી અન્યત્ર=એ આગારોને છોડીને, હું પચ્ચક્ખાણ કરું છું એમ અન્વય છે. અને કાલની પ્રચ્છન્નતા જ્યારે વાદળ વડે, રજ વડે, પર્વત વડે, અંતરિતપણું હોવાને કારણે સૂર્ય દેખાતો નથી ત્યાં પોરિસીને પૂર્ણ જાણીને=સંયોગ અનુસાર પૌરુષી પૂર્ણ થઈ છે એ પ્રમાણે નિર્ણય કરીને, અપૂર્ણ પણ તેમાં=પોરિસીમાં વાપરનારને ભંગ નથી=પોરિસીના પચ્ચક્ખાણનો ભંગ નથી. વળી જાણીને અર્ધ ખાધેલા વડે પણ તે પ્રમાણે જ=ખાધા વગર જ રહેવું જોઈએ અર્થાત્ પોરિસીનું પચ્ચક્ખાણ થયું છે એમ જાણીને વાપરવાનું શરૂ કર્યું હોય અને કોઈક રીતે જાણવામાં આવે કે પોરિસીનો સમય થયો નથી તો અર્ધ ખાધેલું જ મૂકીને પોરિસીના કાળ સુધી ખાવાનું છોડી દેવું જોઈએ. અર્થાત્ જ્યાં સુધી પોરિસી પૂર્ણ થાય ત્યાં સુધી તે પ્રમાણે જ બેસી રહેવું જોઈએ. પૂર્ણ થયે છતે=પોરિસી પૂર્ણ થયે છતે, ત્યારપછી વાપરવું જોઈએ. પૂર્ણ નથી એમ જણાયે છતે વાપરનારને ભંગ જ છે. વળી દિગ્મોહ પણ જ્યારે પૂર્વમાં પણ=પૂર્વ દિશામાં પણ પશ્ચિમ દિશા છે એ પ્રમાણે જાણે છે ત્યારે, અપૂર્ણ પણ પોરિસીમાં મોહથી=દિશામોહથી, વાપરનારને ભંગ નથી. વળી મોહના વિગમમાં=દિશામોહના નિવર્તનમાં પૂર્વની જેમ જ અર્ધ વાપરેલા પણ રહેવું જોઈએ. નિરપેક્ષપણાથી વાપરનારને ભંગ જ છે=પચ્ચક્ખાણનો ભંગ જ છે. સાધુવચન 'ઉદ્ઘાટા પોરિસી' ઈત્યાદિક વિભ્રમનું કારણ છે. તેને સાંભળીને વાપરનારને ભંગ નથી. વળી, વાપરનાર વડે જ્ઞાત થયે છતે=પોરિસી આવી નથી તે પ્રમાણે જણાયે છતે અથવા અન્ય વડે કહેવાયે છતે પૂર્વની જેમ તે પ્રમાણે જ રહેવું જોઈએ=અર્ધ વાપરેલા જ રહેવું જોઈએ અને કૃત પોરિસી પચ્ચક્ખાણવાળાને સમુત્પન્ન તીવ્ર શૂલાદિ દુઃખપણાને કારણે ઉત્પન્ન થયેલા આર્ત્ત-રૌદ્ર ધ્યાનમાં સર્વથા નિરાસ સર્વસમાધિ છે=આર્ત્ત-રૌદ્ર ધ્યાનનું સર્વથા નિવારણ સર્વસમાધિ છે. તેનું પ્રત્યય=કારણ, તે જ આગાર છે=પ્રત્યાખ્યાનનો અપવાદ છે. તે સર્વસમાધિ પ્રત્યય આકાર છે. સમાધિ નિમિત્ત ઔષધ પથ્યાદિ પ્રવૃત્તિમાં અપૂર્ણ પણ પોરિસીમાં વાપરે છે ત્યારે ભંગ નથી. એ પ્રમાણે અર્થ છે. અથવા કૃત પોરિસીવાળા વૈદ્યાદિ અન્ય આતુરને=અન્ય ગ્લાન સાધુને સમાધિ નિમિત્તે જ્યારે અપૂર્ણ પણ પોરિસીમાં વાપરે ત્યારે ભંગ નથી. વળી, અર્ધ મુક્ત અવસ્થામાં આતુરની સમાધિ થયે છતે અથવા મરણ ઉત્પન્ન થયે છતે તે પ્રકારે જ=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે જ, ભોજનનો ત્યાગ કરે=કોઈ વૈદ્ય કે વૈયાવચ્ચ કરનારે પોરિસીનું પચ્ચક્ખાણ કરેલું હોય અને કોઈ ગ્લાન સાધુની સમાધિ માટે જવાનું

હોય અને પોરિસી કર્યા વગર પોતે જઈ શકે તેમ ન હોય ત્યારે પોરિસીનું પચ્ચક્ખાણ પૂર્ણ થતા પહેલાં વાપરવા બેસે તોપણ પચ્ચક્ખાણનો ભંગ નથી તે બતાવવા માટે સર્વસમાધિ પ્રત્યય આગાર રાખેલ છે. અને પોરિસીના પચ્ચક્ખાણ પૂર્વે વૈદ્યાદિ વાપરવા બેસે અને સમાચાર મળે કે ગ્લાનને સ્વસ્થતા થઈ છે અથવા ગ્લાનનું મરણ થયું છે તો પોરિસીના પચ્ચક્ખાણ સુધી અર્ધ વાપરેલા ભોજનનો ત્યાગ કરે અને પોરિસીનું પચ્ચક્ખાણ પૂર્ણ થાય ત્યારપછી શેષ આહાર વાપરે.

સાઢપોરિસી પચ્ચક્ખાણ પોરિસીના પ્રત્યાખ્યાનમાં જ અંતર્ભાવ પામે છે. અર્થાત્ પોરિસીના પ્રત્યાખ્યાનની જેમ જ સાઢપોરિસીનું પ્રત્યાખ્યાન ગ્રહણ થાય છે. ફક્ત પચ્ચક્ખાણના સૂત્રમાં 'પોરિસી' શબ્દના બદલે 'સાઢપોરિસી' શબ્દ બોલાય છે. અન્ય કોઈ આગારનો ભેદ નથી.

હવે પૂર્વાર્દ્ધ પ્રત્યાખ્યાનને કહે છે=પુરિમુડ્ઢના પચ્ચક્ખાણને કહે છે.

"सूरे उग्गए पुरिमड्ढं पच्चक्खाइ, चउव्विहंपि आहारं असणं पाणं खाइमं साइमं, अन्नत्थणाभोगेणं सहसागारेणं पच्छन्नकालेणं दिसामोहेणं साहुवयणेणं महत्तरागारेणं सव्वसमाहिवत्तिआगारेणं वोसिरइ" ।

પૂર્વ એવું તે અર્ધ પૂર્વાર્દ્ધ દિવસના આદ્ય પ્રહરદ્વય પૂર્વાર્દ્ધ છે. તેનું પ્રત્યાખ્યાન કરે છે. તે પૂર્વાર્દ્ધ પ્રત્યાખ્યાન છે. છ આગારો પૂર્વની જેમ છે. 'મહત્તરાગારેણં' એ પ્રકારે સાતમો આગાર છે. તેનો અર્થ કરે છે. મહત્તર=પ્રત્યાખ્યાનના અનુપાલનથી લભ્ય જે નિર્જરા તેની અપેક્ષાએ બૃહત્તર નિર્જરા લાભના હેતુભૂત પુરુષાંતરથી અસાધ્ય ગ્લાન-ચૈત્ય અને સંઘાદિ પ્રયોજનવાળું મહત્તર છે. તે જ આગાર પ્રત્યાખ્યાનનો અપવાદ છે=પ્રત્યાખ્યાનનો અપવાદ મહત્તરાગાર છે. તેનાથી પણ અન્યત્ર=તે આગારને પણ છોડીને પ્રત્યાખ્યાન કરું છું એ પ્રમાણે યોગ છે. અને જે આમાં જ=પુરિમુડ્ઢના પચ્ચક્ખાણમાં જ, મહત્તરાકારનું કથન છે. નમસ્કાર સહિત આદિમાં નથી. તેમાં કાલનું અલ્પપણું અને મહત્પણું કારણ કહે છે=નવકારશી આદિ પચ્ચક્ખાણનો અલ્પકાળ છે. અને પુરિમુડ્ઢમાં દિવસનો અડધો ભાગ છે. તેથી મહાન ભાગ છે તેને કારણે નવકારશી આદિના પચ્ચક્ખાણમાં 'મહત્તરાગારેણં' આગાર નથી. અને પુરિમુડ્ઢમાં 'મહત્તરાગારેણં' આગાર છે. એમ શાસ્ત્રમાં કહ્યું છે.

હવે એકાશન પ્રત્યાખ્યાન બતાવે છે. ત્યાં આઠ આગારો છે=એકાશન પ્રત્યાખ્યાનમાં આઠ આગારો છે. જે કારણથી સૂત્ર છે.

"एगासणं पच्चक्खाइ, चउव्विहंपि आहारं असणं पाणं खाइमं साइमं, अन्नत्थणाभोगेणं सहसागारेणं सागारिआगारेणं आउंटणपसारणेणं गुरुअब्भुट्ठाणेणं पारिट्ठावणियागारेणं महत्तरागारेणं सव्वसमाहिवत्तियागारेणं वोसिरइ" । (પ્રત્યાખ્યાન આવશ્યકહરિભદ્રીવૃત્તિ પ. ૮૫૩)

એક=સકૃત, અશન=ભોજન અને એક એવું આસન=પુતાચાલનથી=પુતના અચાલનથી, જેમાં છે તે એક અશન અને એક આસન, પ્રાકૃતમાં બંનેનું પણ=એક વખતનું ભોજન અને એક આસન એ બંનેનું પણ એગાસણ એ પ્રમાણે રૂપ છે. તેનું પ્રત્યાખ્યાન કરે છે=એગાસણનું પ્રત્યાખ્યાન કરે છે. આમાં=એકાસણામાં, આદ્ય અને અંતના બે આગારો પૂર્વની જેમ છે. વચ્ચેના આગારોનું સ્વરૂપ

બતાવે છે. 'સાગારિયાગારેણં'=આગાર સહિત વર્તે તે સાગાર=ગૃહ સહિત વર્તે છે એ સાગાર તે જ સાગરિક=ગૃહસ્થ, તે જ આગાર=પ્રત્યાખ્યાનનો અપવાદ સાગારિક આકાર છે. તેનાથી અન્યત્ર=તેને છોડીને પચ્ચક્ખાણ છે. હિ=જે કારણથી, સાધુને ગૃહસ્થ સમક્ષ વાપરવું કલ્પતું નથી; કેમ કે પ્રવચનના ઉપઘાતનો સંભવ છે. આથી જ કહેવાયું છે.

"છ કાયના દયાવાળા પણ સંયત=સાધુ, બોધિને દુર્લભ કરે છે. શેમાં બોધિ દુર્લભ કરે છે એથી કહે છે. આહારમાં-નિહારમાં અને દુર્ગંછિત પિંડ ગ્રહણમાં સાધુ બોધિને દુર્લભ કરે છે." (ઓઘનિર્યુક્તિ ગા. ૪૪૩)

અને તેથી=ગૃહસ્થની સમક્ષ સાધુએ ભોજન કરવું જોઈએ નહિ તેથી, વાપરતા એવા સાધુને જ્યારે ગૃહસ્થ આવે છે જો=ગૃહસ્થ ચલ છે=જઈ રહ્યો છે તો સાધુ ક્ષણ પ્રતીક્ષા કરે. હવે સ્થિર છે=ગૃહસ્થ જ્યાં સાધુ વાપરે છે ત્યાં જ આવીને બેસે છે, ત્યારે સ્વાધ્યાયાદિનો વિઘાત ન થાય અર્થાત્ ગૃહસ્થ લાંબો સમય બેસે તેટલો સમય સાધુ વાપર્યા વગર બેસી રહે તો સ્વાધ્યાયાદિનો વ્યાઘાત થાય તે ન થાય તેથી તે સ્થાનથી=જે સ્થાનમાં બેસી સાધુ એકાસણું કરે છે તે સ્થાનથી અન્યત્ર બેસીને વાપરનાર સાધુને ભંગ નથી=એકાસણાના પચ્ચક્ખાણનો ભંગ નથી; કેમ કે સાગારિક નામનો આગાર છે. વળી, ગ્રહસ્થને જેનાથી જોવાયેલ ભોજન પચે નહિ તે વગેરે સાગારિક છે. અર્થાત્ તુચ્છ અન્ય કોઈ માણસ આવેલ હોય અને ગૃહસ્થ એકાસણું કરે છે ત્યારે તે માણસની દૃષ્ટિને કારણે પોતાને શારીરિક નુકસાન થવાની સંભાવના જણાય તો ગૃહસ્થ પણ એકાસણામાં તે સ્થાનને છોડી અન્યત્ર બેસે તો 'સાગારિયાગારેણં' નામનો આગાર હોવાથી પચ્ચક્ખાણનો ભંગ નથી.

'આઉંટણપસારણેણં' આઉંટણ=આકુંચન=જંઘાદિનું સંકોચન અને તેનું જ પ્રસારણ=જંઘાદિનું પ્રસારણ=સંકોચાયેલાનું ઋજુકરણ=લાંબા કરવું અને અસહિષ્ણુપણાથી આકુંચન-પ્રસારણ કરાયે છતે કંઈક આસન ચલે છે. તેનાથી=તે ચલનથી અન્યત્ર=તે ચલનને છોડીને, પચ્ચક્ખાણ છે, તેથી પચ્ચક્ખાણનો ભંગ નથી.

'ગુરુઅબ્ભુટ્ઠાણેણં' ગુરુનું=અભ્યુત્થાનને યોગ્ય એવા આચાર્યનું અથવા પ્રાધૂર્ણકનું અભ્યુત્થાન તેને આશ્રયીને આસનનું ત્યજન ગુરુઅભ્યુત્થાન છે, તેનાથી અન્યત્ર=તે અભ્યુત્થાનને છોડીને, પચ્ચક્ખાણ છે અને અભ્યુત્થાનનું અવશ્ય કર્તવ્યપણું હોવાથી વાપરતા પણ સાધુ વડે અથવા વાપરતા પણ શ્રાવક વડે કર્તવ્ય છે=અભ્યુત્થાન કર્તવ્ય છે. એથી તેમાં=વાપરતાં-વાપરતાં એકાસણા સમયે ઊભા થવામાં, પ્રત્યાખ્યાનનો ભંગ નથી.

'પારિટ્ઠાવણિયાગારેણં' પારિસ્થાપનિકા આગાર સાધુને જ છે જે પ્રમાણે પરિષ્ઠાપન=સર્વથા ત્યજન પ્રયોજન છે આને તે પારિષ્ઠાપનિકઅન્ન તે જ આગાર છે=પારિષ્ઠાપનિક આગાર છે. તેનાથી અન્યત્ર=તેને છોડીને=તે આગારને છોડીને, પચ્ચક્ખાણ છે. હિ=જે કારણથી, તેનો ત્યાગ કરાયે છતે=પારિષ્ઠાપનિક અન્નનો ત્યાગ કરાયે છતે, બહુ દોષનો સંભવ હોવાથી અને તેનું આશ્રયણ કરાયે છતે=પરઠવવા યોગ્ય અન્નનું કોઈ સાધુ ભોજન રૂપે આશ્રયણ કરે છતે, આગમિક ન્યાયથી ગુણનો

સંભવ હોવાથી તેનું=પરઠવવા યોગ્ય આહારનો, ગુરુની આજ્ઞાથી ફરી વાપરનારને ભંગ નથી. અર્થાત્ એકાસણું પૂર્ણ થયું હોય અને ઊઠી ગયેલા સાધુ ફરી તે પરઠવવા યોગ્ય આહાર વાપરે તોપણ પારિષ્ઠાપનિક આગાર હોવાને કારણે પચ્ચક્ખાણનો ભંગ નથી.

"વિધિથી ગૃહીત=વિધિથી ગ્રહણ કરાયેલ આહાર, વિધિથી વપરાયેલ હોય જે અશનાદિ ઉદ્ધરિત હોય=વધેલા હોય, તે અશનાદિ ગુરુથી અનુજ્ઞાત એવા આયંબિલ આદિ વાળા સાધુને કલ્પે છે." **(આવશ્યકનિર્યુક્તિ-૧૬૧૧)**

વળી, શ્રાવક અખંડસૂત્રપણું હોવાને કારણે ઉચ્ચારે છે=પારિષ્ઠાપનિક આગાર ઉચ્ચારે છે. વસ્તુતઃ શ્રાવકને તે આગાર નથી. 'वोसिरइ' એના દ્વારા અનેક આસન અને અનેક અશનાદિ આહારનો પરિહાર કરે છે.

હવે એક સ્થાનક=એક સ્થાનમાં હલ્યા વગર બેસીને કરવાના એકલઠાણાનું પચ્ચક્ખાણ છે. ત્યાં=એકલઠાણામાં, સાત આગારો છે. હવે સૂત્ર બતાવે છે. 'एगट्ठाणं पच्चक्खाई'=એકલઠાણાનું પચ્ચક્ખાણ કરું છું. ઈત્યાદિ એક આસનવાળા આકુંચન-પ્રસારણના આકારથી વર્જ્ય છે. એક=અદ્વિતીય અંગ વિન્યાસ રૂપ સ્થાન છે જેમાં તે એક સ્થાન પ્રત્યાખ્યાન જે 'યથા'થી બતાવે છે. ભોજનકાલમાં અંગ-ઉપાંગ સ્થાપિત છે તેમાં તે પ્રમાણે સ્થાપિત જ વાપરવું જોઈએ. મુખનું અને હાથનું અશક્ય પરિહારપણું હોવાથી ચલન પ્રતિષિદ્ધ નથી. આકુંચન અને પ્રસારણ આગારનું વર્જન એકાસણાથી ભેદજ્ઞાપન માટે છે. અન્યથા=આકુંચન-પ્રસારણનું વર્જન ન કરે તો એકાસણું થાય.

હવે આચામામ્લંનું પચ્ચક્ખાણ બતાવે છે. ત્યાં=આયંબિલના પચ્ચક્ખાણમાં આઠ જ આગાર છે. હવે સૂત્ર આયંબિલના પચ્ચક્ખાણનું સૂત્ર બતાવે છે.

"आयंबिलं पच्चक्खाइ, अन्नत्थणाभोगेणं सहसागारेणं लेवालेवेणं गिहत्थसंसट्ठेणं उक्खित्तविवेगेणं पारिट्ठावणियागारेणं महत्तरागारेणं सव्वसमाहिवत्तिआगारेणं वोसिरइ" ।

આચામ=અવશ્રાવણ અમ્લરસ=ચતુર્થ રસ, તે પ્રાયઃ કરીને વ્યંજનમાં હોય છે. જે ઓદન-કુલ્માષ-સક્તુ વગેરે ભોજનમાં તે આચામામ્લં હોય તેને સમય પરિભાષાથી=શાસ્ત્રીય ભાષાથી આચામમ્લ કહેવાય છે. તેનું પ્રત્યાખ્યાન કરે છે=આચામ અને અમ્લ બે વસ્તુનું પ્રત્યાખ્યાન કરે છે તે આચામમ્લ પ્રત્યાખ્યાન કહેવાય. એ પ્રકારનો અર્થ છે. પ્રથમના બે આગારો અને અંતના ત્રણ આગારો પૂર્વની જેમ છે=આઠ આગારમાંથી પાંચ આગારો એકાસણાના પચ્ચક્ખાણની જેમ છે.

'लेवालेवेणं' આગારનો અર્થ કરે છે.

લેવાલેવેણ-લેપ ભોજનના ભાજનની વિકૃતિ આદિથી અથવા તીમનાદિથી આચામામ્લ પ્રત્યાખ્યાન કરનારને અકલ્પનીય હોવાને કારણે લિપ્તતા છે. અને અલેપ=વિકૃતિ આદિથી લિપ્તપૂર્વ એવા ભોજનના ભાજનનું જ હસ્તાદિ દ્વારા સંલેખનાથી અલિપ્તતા છે. લેપ અને અલેપ લેપાલેપ છે તેને છોડીને પચ્ચક્ખાણ છે. ભાજનમાં વિકૃતિ આદિ અવયવોના સદ્ભાવમાં પણ પચ્ચક્ખાણનો ભંગ નથી, એ પ્રમાણે અર્થ છે.

'ઉક્ખિત્તવિવેગેણં' આગારનો અર્થ કરે છે. ઉક્ખિત્તવિવેગેણં-શુષ્ક ઓદન આદિ ભક્તમાં=ભોજનમાં, પતિત પૂર્વ એવા આચામામ્લ પ્રત્યાખ્યાનવાળાઓને અયોગ્ય અદ્રવ વિકૃતિ આદિ દ્રવ્ય એવા ઉત્ક્ષિપ્તનું=ઉદ્ધતનો વિવેક=નિઃશેષપણાથી ત્યાગ, તે ઉત્ક્ષિપ્ત વિવેક છે=આયંબિલમાં કલ્પે તેવા દ્રવ્ય ઉપર પૂર્વમાં ન કલ્પે તેવું દ્રવ્ય નાખેલું હોય અને તેને વિવેકપૂર્વક સંપૂર્ણ ઉત્ક્ષિપ્ત કરી જુદું પાડે તેવા દ્રવ્યને છોડીને પચ્ચક્ખાણ છે. અર્થાત્ તેવું દ્રવ્ય આયંબિલમાં ગ્રહણ કરવામાં દોષ નથી. તેનો જ અર્થ સ્પષ્ટ કરે છે. આયંબિલમાં ભોક્તવ્ય દ્રવ્યનો અભોક્તવ્ય દ્રવ્યના સ્પર્શથી પણ ભંગ નથી. એ પ્રકારનો અર્થ છે. વળી, જે દ્રવ્ય ઉત્ક્ષિપ્ત કરવા માટે શક્ય નથી તેના ભોજનમાં ભંગ છે.

'ગિહત્થસંસટ્ઠેણં' આગારનો અર્થ કરે છે.

ગિહત્થસંસટ્ઠેણં=ગૃહસ્થના સંસર્ગથી=ભોજનના આપનાર એવા ગૃહસ્થના સંબંધી કરોટિકાદિ ભાજન વિકૃતિ આદિ દ્રવ્યથી ઉપલિપ્ત ગૃહસ્થ સંસૃષ્ટ કહેવાય. તેને છોડીને='ગિહત્થસંસટ્ઠેણં' આગારને છોડીને, વિકૃતિ આદિ સંસૃષ્ટ ભાજન વડે અપાતું ભક્ત=ભોજન, અકલ્પ્ય દ્રવ્યના અવયવથી મિશ્ર છે. અને તેને વાપરનારને પણ ભંગ નથી=આયંબિલના પચ્ચક્ખાણનો ભંગ નથી. જો અકલ્પ્ય દ્રવ્યનો રસ બહુ જણાય નહિ તો ભંગ નથી એમ અન્વય છે. વોસિરાવે છે=આચામ અને અમ્લ એવા આહારનો ત્યાગ કરે છે.

❖ અહીં 'વોસિરઇ' પછી અનાચામ્લને બદલે આચામ્લ દ્રવ્યને વોસિરાવે છે એ પ્રમાણે પાઠ જોઈએ. પાઠ ઉપલબ્ધ નથી.

હવે અભક્તાર્થ પ્રત્યાખ્યાન બતાવે છે. ત્યાં=અભક્તાર્થ પ્રત્યાખ્યાન રૂપ ઉપવાસમાં પાંચ આગારો છે, જેનું સૂત્ર આ પ્રમાણે છે.

'સૂરે ઉગ્ગએ અભત્તટ્ઠં પચ્ચક્ખાઇ, ચઉવ્વિહંપિ આહારં અસણં પાણં ખાઇમં સાઇમં, અન્નત્થણાભોગેણં સહસાગારેણં પારિટ્ઠાવણિઆગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં વોસિરઇ' ।

સૂરે ઉગ્ગએ=સૂર્યના ઉદ્ગમથી માંડીને અને આના દ્વારા=સૂર્ય ઊગે એ વચન દ્વારા, ભોજન અનંતર પ્રત્યાખ્યાનનો નિષેધ છે એને કહે છે=સવારના સૂર્યોદય પછી કોઈએ ભોજન કર્યું હોય ત્યારપછી અભક્તાર્થનું પ્રત્યાખ્યાન થઈ શકે નહિ. પરંતુ ભોજન કર્યા પૂર્વે જ પચ્ચક્ખાણ થઈ શકે તે સૂરે ઉગ્ગએ શબ્દ બતાવે છે. ભક્તથી=ભોજનથી, અર્થ=પ્રયોજન, ભક્તાર્થ છે ન ભક્તાર્થ અભક્તાર્થ છે અથવા ભક્તાર્થ=ભોજનનું પ્રયોજન જે પ્રત્યાખ્યાન વિશેષમાં વિદ્યમાન નથી તે અભક્તાર્થ=ઉપવાસ છે. આગારો પૂર્વની જેમ છે=આગારોનો અર્થ પૂર્વની જેમ છે. ફક્ત 'પારિષ્ઠાપનિક આગાર'માં વિશેષ છે. જો ત્રણ આહારનું પ્રત્યાખ્યાન છે=તિવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ છે. તો પારિષ્ઠાપનિક કરવા યોગ્ય અન્ય સાધુનો આહાર ગુરુની અનુજ્ઞાથી તિવિહાર ઉપવાસવાળાને કલ્પે છે. અને જો ચતુર્વિધ આહારનું પ્રત્યાખ્યાન છે=ચઉવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ છે અને પાનક નથી=પરઠવવા યોગ્ય વધારાનું પાણી નથી તો કલ્પતું નથી=આહાર ગ્રહણ કરવો કલ્પતો નથી. વળી, ઉદ્ધરિત પાનક હોતે છતે=આહારની જેમ પાણી પણ વધેલું હોવાથી પરઠવવું પડે તેવા સંયોગ સાધુને હોય

તો પારિષ્ઠાપનિક આહાર ચઉવિહાર ઉપવાસમાં કલ્પે છે. વોસિરઈ=ભક્તાર્થ અને અશનાદિનો હું ત્યાગ કરું છું.

હવે પાનકના આગારો બતાવે છે. ત્યાં=પાનકમાં, પોરિસી પૂર્વાર્દ્ધ-એકાસણું-એકલઠાણું, આયંબિલ અને અભક્તાર્થ પ્રત્યાખ્યાનમાં ઉત્સર્ગથી ચતુર્વિધ આહારનું પ્રત્યાખ્યાન ન્યાય છે=પોરિસી આદિનું પચ્ચક્ખાણ કરીને ભોજન કર્યા પછી ચારેય પ્રકારના આહારનો ત્યાગ કરવો તે ઉત્સર્ગમાર્ગ છે. વળી, જો ત્રિવિધ આહારનું પ્રત્યાખ્યાન કરે છે તો પાનકને આશ્રયી છ આગારો છે, જેનું સૂત્ર છે.

"पाणस्स लेवाडेण वा अलेवाडेण वा अच्छेण वा बहुलेण वा ससित्थेण वा असित्थेण वा वोसिरइ" ।

અહીં=પાનકના છ આગારોમાં, 'अन्यत्र' એ પ્રકારના શબ્દની અનુવૃત્તિ હોવાથી=સસિત્થેણ વા અસિત્થેણ પછી 'અન્યત્ર' શબ્દ પચ્ચક્ખાણના પૂર્વના અંશમાંથી અનુવૃત્તિ રૂપે ગ્રહણ કરવાનો હોવાથી, તૃતીયાનું=લેવાડેણ ઈત્યાદિ શબ્દમાં વપરાયેલ તૃતીયા વિભક્તિનું પંચમીનું અર્થપણું હોવાથી 'લેવાડેણ વા' એ છોડીને વોસિરાવું છું એમ અન્વય છે. 'લેવાડેણ વા'નો અર્થ કરે છે. કૃતલેપ હોવાથી=ભાજન આદિનું પિચ્છલપણું હોવાથી, શેનાથી પિચ્છલપણું ? તેથી કહે છે. ઉપલેપકને કરનારા ખજૂરાદિના પાણીનું પિચ્છલપણું હોવાને કારણે તેનાથી અન્યત્ર=તેને છોડીને, ત્રિવિધ આહારનું હું પચ્ચક્ખાણ કરું છું એમ અન્વય છે. અર્થાત્ કોઈ ગૃહસ્થે ખજૂરાદિનું પાનક જે ભાજનમાં કરેલું હોય અને તે ખજૂરાદિનું પાણી તેમાંથી કાઢીને અન્યત્ર તેનો ઉપયોગ કર્યો હોય છતાં ખજૂરાદિના પાણીથી ભીના તે ભાજનમાં અચિત્ત પાણી કોઈક રીતે મૂકાયેલું હોય તેથી તે અચિત્ત પાણી ખજૂરના પાણીવાળા લેપાયેલ ભાજનમાં હોવાથી અચિત્ત પાણી કંઈક લેપવાળું છે છતાં તેવું પાણી સાધુને તિવિહાર ઉપવાસમાં કલ્પે તે બતાવવા માટે લેપથી અન્યત્ર ત્રણ આહારનું પચ્ચક્ખાણ કરે છે. 'વા' શબ્દ લેપકૃત પાનકની અપેક્ષાએ અવર્જનીયત્વનું અવિશેષ દ્યોતન માટે છે=લેપવાળું પાણી જેમ અવર્જનીય છે તેમ અલેપવાળા ભાજનમાં રહેલ પણ પાણી અવર્જનીય છે તે બતાવવાર્થે છે=અલેપકારી એવા ખરડાયેલા ભાજનમાં મૂકાયેલ પાણી જેમ સાધુને ઉપવાસમાં કલ્પે તેમ લેપકારી એવા પાણીથી પણ ઉપવાસ આદિનો ભંગ નથી એ ભાવ છે. એ રીતે અલેપકૃતથી= અવિચ્છલ એવા સૌવીર આદિથી અથવા અચ્છ એવા નિર્મલ ઉષ્ણ પાણી આદિથી અથવા બહુલ એવા ગંડુલ-તિલ-તંદુલના ધાવન આદિથી અથવા સસિકથથી=ભક્ત પુલાકથી યુક્ત અવશ્રાવણ આદિથી અથવા અસિક્થથી=સિક્તથી વર્જિત એવા પાનક-આહારને છોડીને અન્ય ત્રણ પ્રકારના આહારનો હું ત્યાગ કરું છું.

હવે ચરમ=ચરમ અંતિમભાગ છે. અને તે=ચરમ, દિવસનું અને ભવનું એમ બે પ્રકારે છે. તદ્વિષયક=અંતિમભાગ વિષયક, પ્રત્યાખ્યાન પણ ચરમ પ્રત્યાખ્યાન છે. અહીં ભવચરમ જાવજ્જીવ હોય છે. ત્યાં=ચરમ પ્રત્યાખ્યાનમાં, બંને પ્રકારમાં પણ=દિવસચરમ અને ભવચરમ રૂપ બંને પ્રકારના પ્રત્યાખ્યાનમાં પણ, ચાર આગારો હોય છે. જે કારણથી સૂત્ર છે.

"दिवसचरमं भवचरमं वा पच्चक्खाइ, चउव्विहंपि आहारं असणं पाणं खाइमं साइमं, अन्नत्थणाभोगेणं सहसागारेणं महत्तरागारेणं सव्वसमाहिवत्तियागारेणं वोसिरइ" ।

'ननु'થી શંકા કરે છે. દિવસચરમ પ્રત્યાખ્યાન નિષ્ફળ છે; કેમ કે એકાસણા આદિના પ્રત્યાખ્યાનથી જ ગતાર્થપણું છે=સવારમાં એકાસણાદિનું પચ્ચક્ખાણ લીધું છે. તેનાથી જ રાત્રિભોજનના ત્યાગનું પ્રાપ્તપણું છે. એ પ્રમાણે ન કહેવું=દિવસચરિમ પચ્ચક્ખાણ એકાસણા આદિથી પ્રાપ્ત હોવાને કારણે ફરી સાંજના દિવસચરિમ પચ્ચક્ખાણ કરવાની આવશ્યકતા નથી એમ ન કહેવું; કેમ કે એકાસણા આદિ આઠ આદિ આગારવાળા જ છે અને આ=દિવસચરિમ પચ્ચક્ખાણ ચાર આગારવાળું છે. આથી આગારોનું સંક્ષેપકરણ હોવાથી સફળ જ છે. આથી જ એકાસણાદિ દૈવસિક જ હોય છે; કેમ કે રાત્રિભોજનનું ત્રિવિધ-ત્રિવિધથી જાવજ્જીવનું પ્રત્યાખ્યાતપણું છે અર્થાત્ સાધુએ સંયમ ગ્રહણ કર્યું ત્યારથી રાત્રિભોજનનું ત્રિવિધ-ત્રિવિધથી પચ્ચક્ખાણ ગ્રહણ કરેલ છે છતાં દિવસે એકાસણા આદિનું પચ્ચક્ખાણ કરે છે. તેથી એકાસણા આદિનું પચ્ચક્ખાણ દિવસ સંબંધી જ છે. વળી, ગૃહસ્થની અપેક્ષાએ આ=દિવસચરિમ પચ્ચક્ખાણ આદિત્યના ઉદ્ગમના અંતવાળું છે=સૂર્યના ઉદયના અંતવાળું છે, તેથી આજે સાંજના લીધેલું દિવસચરિમ પચ્ચક્ખાણ સવારના સૂર્યનો ઉદય ન થાય ત્યાં સુધીની મર્યાદાવાળું છે.

અહીં પ્રશ્ન થાય કે દિવસચરિમ એટલે દિવસના અંતે ગ્રહણ કરેલું એ પ્રકારનો અર્થ પ્રાપ્ત થાય એથી આખી રાત્રિનું પચ્ચક્ખાણ છે તે કેવી રીતે નક્કી થાય ? અર્થાત્ આખી રાતના આહારત્યાગનું પચ્ચક્ખાણ છે તે કેવી રીતે નક્કી થાય ? તેથી કહે છે –

દિવસ શબ્દ અહોરાત્ર એ પ્રકારના પર્યાયપણાથી પણ વપરાય છે. તેથી પ્રસ્તુતમાં દિવસચરિમ પચ્ચક્ખાણ ગ્રહણ કરનારને આખી રાતની મર્યાદા સુધીનું પચ્ચક્ખાણ છે તેવો અર્થ થઈ શકે છે. અને ત્યાં=રાત્રિભોજનના વિષયમાં, જેઓને રાત્રિભોજનનો નિયમ છે=રાત્રિભોજનના ત્યાગનો નિયમ છે તેવા શ્રાવકોને આ=દિવસચરિમ પચ્ચક્ખાણ સાર્થક છે; કેમ કે અનુવાદપણાથી સ્મારકપણું છે=રાત્રિભોજનના ત્યાગનો નિયમ કરેલો છે તેનું ફરી દિવસચરિમ પચ્ચક્ખાણ વખતે અનુવાદ થાય છે. જેથી રાત્રિભોજનનો ત્યાગ છે તેનું સ્મરણ થાય છે. વળી ભવચરમ=ભવચરમ પચ્ચક્ખાણ, બે આગારવાળું પણ છે. જ્યારે જાણે છે=ભવચરમ પ્રત્યાખ્યાન કરનાર જ્યારે જાણે છે, મહત્તર અને સર્વસમાધિ પ્રત્યયરૂપ આગારનું પ્રયોજન નથી ત્યારે અનાભોગ-સહસાત્કાર બે આગારો હોય છે; કેમ કે અંગુલી આદિનું અનાભોગથી કે સહસાત્કારથી મુખ પ્રક્ષેપનો સંભવ છે. આથી જ, આ=ભવચરમ પચ્ચક્ખાણ આગાર વગરનું પણ કહેવાય છે; કેમ કે આગાર બેનું=અનાભોગ-સહસાત્કાર રૂપ આગાર બે નું અપરિહાર્યપણું છે. તેથી તે બે આગાર સિવાય બીજા કોઈ આગાર નહિ હોવાથી ભવચરિમ પચ્ચક્ખાણ આગાર વગરનું પચ્ચક્ખાણ કહેવાય છે.

હવે અભિગ્રહ પ્રત્યાખ્યાન અને તે=અભિગ્રહનું પચ્ચક્ખાણ, દંડપ્રમાર્જના આદિ નિયમરૂપ છે. તેમાં=અભિગ્રહના પચ્ચક્ખાણમાં, ચાર આગારો હોય છે. તે આ પ્રમાણે –

"अन्नत्थणाभोगेणं सहसागारेणं महत्तरागारेणं सव्वसमाहिवत्तियागारेणं वोसिरइ" ।

વળી, જ્યારે અપ્રાવરણનો અભિગ્રહ ગ્રહણ કરે છે=દંડપ્રમાર્જનામાં રહેલા આદિ પદથી પ્રાપ્ત કોઈક સાધુ આજે વસ્ત્ર પહેરવાં નહિ એ રૂપ અપ્રાવરણનો અભિગ્રહ ગ્રહણ કરે છે ત્યારે 'चोलपट्टगागारेणं'= ચોલપટ્ટગ આગાર, એ પ્રમાણે પાંચમો આગાર હોય છે. ચોલપટ્ટગ આગારથી અન્યત્ર એ પ્રકારનો અર્થ છે=ચોલપટ્ટાને છોડીને હું વસ્ત્ર ગ્રહણ કરીશ નહિ એ પ્રકારનો અર્થ છે.

હવે વિકૃતિનું પ્રત્યાખ્યાન છે. ત્યાં=વિકૃતિના પ્રત્યાખ્યાનમાં નવ અથવા આઠ આગારો છે જે કારણથી સૂત્ર છે.

"विगईओ पच्चक्खाइ, अण्णत्थणाभोगेणं सहसागारेणं लेवालेवेणं गिहत्थसंसट्ठेणं उक्खित्तविवेगेणं पडुच्चमक्खिएणं पारिट्ठावणियागारेणं महत्तरागारेणं सव्वसमाहिवत्तिआगारेणं वोसिरइ" ।

મનની વિકૃતિનું હેતુપણું હોવાથી વિકૃતિઓ છે અને તે વિકૃતિઓ દસ છે જેને કહે છે.

"દૂધ, દહીં, માખણ, ઘી, તેલ, ગોળ, મદ્ય, મધ, માંસ તથા ઉગ્ગાહિઅ=તળેલું, વિગઈઓ છે." **(પંચવસ્તુક-૩૭૧)**

ત્યાં=૧૦ પ્રકારની વિગઈમાં, પાંચ પ્રકારનાં દૂધ વિગઈ છે; કેમ કે ગાય, ભેંસ, બકરી, ઊંટ, ઘેટાના સંબંધીના ભેદથી છે. પાંચ પ્રકારનાં દૂધ વિગઈ છે. દહીં, માખણ અને ઘીના ચાર ભેદો છે; કેમ કે ઊંટડીના, તેનો અભાવ છે=ઊંટડીના દૂધના દહીં આદિનો અભાવ છે. તેલ ચાર પ્રકારનાં વિગઈરૂપ છે. તલનું, અળસીનું, લટ્ટાનું, સરસિયા સંબંધીના ભેદથી ચાર પ્રકારના તેલ વિગઈરૂપ છે. વળી, શેષ તેલો વિગઈઓ નથી પરંતુ લેપકૃત હોય છે. ગોળ-ઈક્ષુરસનો ક્વાથ છે. તે બે પ્રકારનો છે. પિંડ અને દ્રવ. મદ્ય બે પ્રકારનું છે; કેમ કે કાષ્ઠથી અને પિષ્ટ=લોટથી, ઉદ્ભવપણું છે. મધ ત્રણ પ્રકારનું છે. માખીનું, કૌત્તિકનું અને ભમરીનું. માંસ ત્રણ પ્રકારનું છે; કેમ કે જલ, સ્થલ, ખેચર જંતુથી ઉદ્ભવપણું છે. અથવા માંસ ત્રણ પ્રકારનું છે. ચર્મ=ચામડી, રુધિર=લોહી અને માંસના ભેદથી ત્રણ પ્રકારનું છે.

અવગાહથી=સ્નેહના બોલનથી કરાયેલું અવગાહિમ પક્વાન્ન છે. જે ઘી આદિથી પૂર્ણ એવી તાપિકામાં=તાવડીમાં, ચલાચલ ખાદ્યાદિ પકાવાય છે. તે જ તાપિકામાં તે જ ઘીથી બીજું અથવા ત્રીજું ખાદ્યાદિ વિકૃતિ છે. ત્યારપછી પક્વાન્નો=ત્યારપછી તળાયેલાં પક્વાન્નો અયોગવાહી એવા સાધુઓને નિર્વિકૃતિના પ્રત્યાખ્યાનમાં પણ કલ્પે છે. હવે એક જ પૂપકથી તાપિકા પુરાય છે ત્યારે બીજું પક્વાન્ન નિર્વિકૃતિ પ્રત્યાખ્યાનમાં પણ કલ્પે છે. વળી, લેપકૃત થાય છે. એ વૃદ્ધ સામાચારી છે.

આ રીતે શેષ પણ વિકૃતિગત જાણવા અને તે આ છે.

"હવે પેયા, દુગ્ધઘાટી, દુગ્ધવલેહી, દુગ્ધસાડી દૂધમાં ખીર સહિત આદિ પાંચ વિગઈગત છે. અંબિલયુક્ત દૂધમાં, દુગ્ધઘાટી દ્રાક્ષ મિશ્રમાં રંધાયેલ, પયઃશાટી, તથા તંદુલચૂર્ણથી સિદ્ધમાં અવલેહી." **(પ્રવચનસારોદ્ધાર-૨૨૭-૨૨૮)**

વ્યાખ્યા – પ્રવચનસારોદ્ધારના ઉદ્ધરણની વ્યાખ્યા બતાવે છે.

(૧) થોડા ચોખા સહિત દૂધમાં રંધાયેલ 'પેયા' કહેવાય છે. વળી, (૨) અમ્લયુક્તમાં=અમ્લયુક્ત દૂધમાં જે રંધાયેલું હોય તે, દુગ્ધાટી કહેવાય છે. અન્ય વળી 'બલહિકા' કહે છે. (૩) તંદુલના ચૂર્ણયુક્તમાં રંધાયેલ ચાવલેખિકા કહેવાય છે. (૪) દ્રાક્ષા સહિત દૂધમાં રંધાયેલી હોય તો પયઃશાટી કહેવાય છે. અને (૫) ઘણા તંદુલયુક્ત દૂધમાં રંધાયેલ છતે 'ક્ષૈરેયી' એ પ્રમાણે કહેવાય છે. આ પાંચ દૂધના વિકૃતિગત છે. વિકૃતિગતની વ્યુત્પત્તિ કરે છે. વિકૃતિ ગઈ છે જેમાંથી એ વિકૃતિગત=નિર્વિકૃતિક= નીવિયાતું, એ પ્રમાણે અર્થ છે.

હવે દહીંમાં વિકૃતિગત બતાવે છે.

"દહીંમાં વિકૃતિગત – ૧ ઘોલવડાં ૨ ઘોલ ૩ શિખરણિ ૪ કરંભો ૫ લવણકણ સહિત મથિત અપતિત પણ સાંગરિકા આદિમાં વિકૃતિગત છે." **(પ્રવચનસારોદ્ધાર-૨૨૪)**

(૧) વસ્ત્રથી ગાલિત=ગાળેલું, દહીંના ઘોલથી યુક્ત વડાં ઘોલવડાં છે. (૨) વસ્ત્રથી ગાલિત દહીં ઘોલ છે. (૩) કરથી મથિત ખંડયુક્ત દહીં શિખરણિ છે=હાથથી ભાંગી નંખાયેલું દહીં શિખરણિ છે. (૪) કરંભો દહીંથી યુક્ત કૂર નામના ધાન્યથી નિષ્પન્ન પ્રસિદ્ધ છે. (૫) કરથી મથિત દહીં અને મીઠાના કણથી યુક્ત રાજિકાખાટ છે. અને તે=રાજિકાખાટ, અપતિત પણ સાંગરિકા આદિ હોતે છતે વિકૃતિગત થાય છે. વળી, તેમાં સાંગરિકા આદિ પતિત હોય તો વિકૃતિગત થાય જ છે. આ પાંચ દહીંનાં નીવિયાતાં છે.

"(૧) પક્વ ઘી, (૨) ઘીની કિટ્ટી, (૩) પક્વ ઔષધિ ઉપરમાં તરતું ઘી, (૪) નિર્ભજન, (૫) વિસ્પંદન તે ઘીના વિગઈગત છે=નીવિયાતા છે." **(પ્રવચનસારોદ્ધાર-૨૩૦)**

(૧) પક્વ ઘી આમલક આદિ સંબંધી=આંબળા આદિ નાંખીને પકાવેલું ઘી, (૨) ઘીની કિટ્ટી પ્રસિદ્ધ છે, (૩) ઘીમાં પક્વ ઔષધિતરિકા છે, (૪) પક્વાન્નથી ઉત્તીર્ણ દગ્ધ ઘી નિર્ભજન છે=પક્વાન્નમાંથી નીતરેલું ઘી નિર્ભજન છે, (૫) દધિતરિકા કણિકાથી નિષ્પન્ન દ્રવ્ય વિશેષ વિસ્પંદન છે. આ પાંચ ઘીની નિર્વિકૃતિ છે=પાંચ ઘીનાં નીવિયાતાં છે. બૃહત્કલ્પ અને પંચવસ્તુમાં વળી વિસ્પંદન એટલે અર્ધનિર્દગ્ધ ઘીમાં નાખેલ તંદુલથી નિષ્પન્ન છે. એ પ્રમાણે કહેવાયું છે.

ततः किं ..... इति निष्कर्षः । ત્યાર પછી=ઉચિત વિધિપૂર્વક ધર્મશ્રવણ કર્યા પછી શું કરવું જોઈએ ?=શ્રાવકે શું કરવું જોઈએ ? એથી કહે છે. અશનાદિનું નિમંત્રણ કરવું જોઈએ. અશનાદિથી આહાર, પાણી, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપુંછન, પ્રાતિહારિ, પીઠ, ફલક, શય્યા=વસતિ, સંસ્તારક=સંથારો, ઔષધ, ભેષજ આદિ વડે નિમંત્રણ કરવું જોઈએ. પ્રસ્તાવથી ગુરુને જ નિમંત્રણ કરવું જોઈએ અને તે=નિમંત્રણ, ગુરુને પગે લાગીને ઇચ્છકારી ભગવાન્ ! પ્રસાદ કરી પ્રાસુક, એષણીય, આહાર-પાણી-ખાદિમ-સ્વાદિમ-વસ્ત્ર, પ્રતિગ્રહ=પાત્રુ, કંબલ-પાદપુંછન-પ્રાતિહારિ-પીઠ-ફલગ-વસતિ-સંથારા વડે અને ઔષધ અને ભેસજ વડે હે ભગવન્ ! અનુગ્રહ કરવો જોઈએ. એ પ્રમાણે પાઠપૂર્વક ભક્તિથી કહેવું જોઈએ. અને આ શેષકૃત્ય અને પ્રશ્નનું પણ ઉપલક્ષણ છે. જે કારણથી દિનકૃત્યમાં કહેવાયું છે.

"અને પચ્ચક્ખાણ કરીને શેષકૃત્યોને પૂછે. મનથી કરીને કરવાં જોઈએ=રુચિપૂર્વક તે કૃત્યો કરવાં જોઈએ. ત્યારપછી અન્ય આ કરે." **(શ્રાદ્ધદિનકૃત્ય ૨-૮૪)**

'इति' ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

पुच्छए ઇત્યાદિ પૂછે છે. શું પૂછે છે ? તેથી કહે છે. સાધુધર્મ નિર્વાહ શરીર નિરાબાધની વાર્તા આદિ અશેષકૃત્યોની પૃચ્છા કરે છે. એ પ્રમાણે શ્રાદ્ધવિધિના શ્લોકનો અર્થ છે. જે પ્રમાણે તમારી સંયમયાત્રા નિર્વાહ પામે છે, તમારી રાત્રિ સુખપૂર્વક પસાર થઈ છે ? શરીરથી તમે નિરાબાધ છો ? તમને કોઈ

વ્યાધિ બાધા કરતી નથી ને ? કોઈ ઔષધ આદિનું પ્રયોજન નથી ? કોઈ પથ્યાદિથી પ્રયોજન નથી ? ઇત્યાદિ શેષકૃત્યોની પૃચ્છા કરવી જોઈએ એમ અન્વય છે. અને આ પ્રકારનો પ્રશ્ન મહાનિર્જરાનો હેતુ છે. જે કારણથી કહેવાયું છે.

"અભિગમન, વંદન, નમસ્કારથી સાધુની પ્રતિપૃચ્છાથી ચિરસંચિત કર્મ ક્ષણથી વિરલપણાને પામે છે=નાશ પામે છે."

અને પૂર્વના વંદનના અવસરમાં સામાન્યથી સુખરાત્રિ, સુખતપ, શરીર નિરાબાધ ઇત્યાદિ પ્રશ્નના કરણમાં પણ વિશેષથી અહીં=ઉપદેશ સાંભળ્યા પછી અહીં, પ્રશ્ન સમ્યક્ સ્વરૂપ પરિજ્ઞાન માટે છે અને તેના ઉપાયના કરણ માટે છે. એથી પ્રશ્નપૂર્વક નિમંત્રણ યુક્તિવાળું જ છે.

વળી હમણાં આ નિમંત્રણ ગુરુને બૃહદ્ વંદન કર્યા પછી શ્રાવકો કરે છે. અને જેના વડે ગુરુની સાથે પ્રતિક્રમણ કરાયું હોય તે સૂર્યોદય પછી જ્યારે સ્વગૃહાદિમાં જાય છે ત્યારે તે=નિમંત્રણ કરે છે અને જેના વડે પ્રતિક્રમણ તથા બૃહદ્ વંદન એ ઉભય પણ કરાયું નથી તેના વડે પણ=તે શ્રાવક વડે પણ, વંદન આદિ અવસરમાં આ પ્રમાણે નિમંત્રણ કરાય છે. અને ત્યાર પછી યથાવિધિ સાધુ આદિ ચતુર્વિધ સંઘને વંદન કરે છે એ પ્રમાણે શ્રાવકદિનકૃત્યમાં કહેવાયું છે અને તે પ્રમાણે=શ્રાવક ચતુર્વિધ સંઘને વંદન કરે છે, તેનો ગ્રંથ છે.

"સાધુ-સાધ્વી આદિને યથાઉચિત કરીને શ્રમણોપાસક આદિને વંદન કરે=હું વંદન કરું છું, હું વંદન કરું છું એ પ્રમાણે બોલે=સર્વ શ્રાવક-શ્રાવિકા આદિને નમસ્કાર કરું છું એ પ્રમાણે બોલે." **(શ્રાદ્ધદિનકૃત્ય ૨-૮૫)**

વૃત્તિ :– જે પ્રમાણે સાધુ-સાધ્વી આદિને અને 'આદિ' શબ્દથી અવમગ્નોને; કેમ કે નિશ્રાકૃત ચૈત્યમાં તેમનો પણ ભાવ છે=અવમગ્નોનો પણ સદ્ભાવ છે. યથોચિત=યથાયોગ્ય વંદન, છોભવંદન, વાગ્ નમસ્કાર આદિ કરીને શ્રમણોપાસકને વંદે એમ અન્વય છે. અહીં 'આદિ' શબ્દથી અવમગ્ન=નિશ્રાકૃત ચૈત્યમાં રહેલા શિથિલસાધુ, તેમને કેમ નમસ્કાર કર્યો ? એથી કહે છે. જે કારણથી અવમગ્ન સાધુને પણ કારણથી સૂત્રમાં નમસ્કાર આદિનું ઉક્તપણું છે અને જે કારણથી ચોદકપ્રશ્નપૂર્વક યતિને આશ્રયીને આર્ષ છે.

"જો લિંગ અપ્રમાણ છે તો શ્રમણલિંગને જોઈને નિશ્ચયથી ક્યો ભાવ છે તે જણાતો નથી=આ સાધુમાં ભાવસાધુપણું છે કે નહિ તે ભાવ જણાતો નથી. વળી સાધુ વડે શું કરવું જોઈએ ?" **(આવશ્યકનિર્યુક્તિ-૧૧૨૪)**

વ્યાખ્યા :– જો લિંગ=દ્રવ્યલિંગ, અપ્રમાણ=વંદન પ્રવૃત્તિમાં, અકારણ છે આ રીતે તો નિશ્ચયથી નિર્ણય થતો નથી=પરમાર્થથી છદ્મસ્થજીવ વડે નિશ્ચય થતો નથી. શું નિશ્ચય થતો નથી ? તેથી કહે છે. કોનો ક્યો ભાવ છે ? તેનો નિર્ણય થતો નથી. જે કારણથી અસંયત પણ=ભાવસાધુપણા વિના પણ, લબ્ધિ આદિ નિમિત્ત સંયત, સાધુની જેમ ચેષ્ટા કરે છે અને સંયત સાધુ પણ કારણથી=અપવાદ કારણથી અસંયતની જેમ ચેષ્ટા કરે છે. તે કારણથી આ રીતે વ્યવસ્થિત હોતે છતે=અસંયત પણ

સાધુની જેમ ક્યારેક આચરે છે અને સંયત પણ ક્યારેક અસંયતની જેમ આચરે છે તે કારણથી આ રીતે, શ્રમણલિંગ=સાધુલિંગને, જોઈને સાધુ વડે શું કરવું જોઈએ ? આ પ્રમાણે ચોદક વડે=પ્રશ્નકાર વડે, પુછાયેલા આચાર્ય કહે છે.

"અપૂર્વ જોઈને=પૂર્વમાં નહિ જોયેલા એવા સાધુને જોઈને, અભ્યુત્થાન કરવું જોઈએ. દૃષ્ટપૂર્વ સાધુમાં=પૂર્વે જોએલા સાધુ=પરિચિત સાધુ ફરી દેખાય તો, યથાયોગ્ય જેને જે યોગ્ય છે તે કરવું જોઈએ." **(આવશ્યકનિર્યુક્તિ-૧૧૨૫)**

અદૃષ્ટપૂર્વ સાધુને જોઈને આભિમુખ્યથી અભ્યુત્થાન આસનત્યાગ લક્ષણ તુ શબ્દથી દંડાદિનું ગ્રહણ કરવું જોઈએ=આસન ત્યાગ કરી ઊભા થઈ સન્મુખ જઈ દંડાદિનું ગ્રહણ કરવું જોઈએ. કેમ? એથી કહે છે. કદાચિત્ વિદ્યાતિશયસંપન્ન આચાર્ય આદિ તેના=વિદ્યાના, પ્રદાન માટે જ આવેલા હોય. પ્રશિષ્ય પાસે આચાર્ય કાલિકની જેમ વિદ્યા આપવા માટે આવેલા હોય એમ અન્વય છે. તે= આવેલ આચાર્ય, અવિનીતની સંભાવના કરીને તેને=વિદ્યાદિને, આપે નહિ. તેથી અભ્યુત્થાન આદિ કરવું જોઈએ, એમ અન્વય છે. અને વળી દૃષ્ટપૂર્વ સાધુ=પૂર્વ પરિચિત સાધુ, બે પ્રકારના છે. ઉદ્યતવિહારી અને શીતલવિહારી. ત્યાં દૃષ્ટપૂર્વ એવા ઉદ્યતવિહારીમાં યથાયોગ્ય=અભ્યુત્થાન, વંદન આદિ જે બહુશ્રુતાદિને જે યોગ્ય છે તે કરવું જોઈએ. જે વળી શીતલવિહારી છે=શિથિલાચારી છે, તેમને અભ્યુત્થાન વંદન આદિ ઉત્સર્ગથી કંઈ કરવું જોઈએ નહિ.

હવે કારણથી=અપવાદિક કારણથી, શીતલવિહારીગત વિધિના પ્રતિપાદન માટે સંબંધ ગાથાને કહે છે.

"મુક્તધુરાવાળા સમપ્રગટસેવી ચરણકરણપ્રભ્રષ્ટ લિંગઅવશેષમાત્રવાળા સાધુમાં જે કરવું જોઈએ તે ફરી હું કહું છું." **(બૃહત્કલ્પભાષ્ય-૪૫૪૪)**

મુક્ત છે સંયમની ધુરા જેના વડે તે મુક્તધુરા છે. સમ્પ્રકટ=પ્રવચન ઉપઘાત નિરપેક્ષ જ મૂલ-ઉત્તરગુણના સમૂહને વિપરીત રીતે સેવવા માટેનો સ્વભાવ છે જેને તે સમપ્રકટ સેવી. ત્યાર પછી દ્વંદ્વ=દ્વંદ્વ સમાસ કરવો=મુક્તધુરાવાળા અને સમપ્રકટસેવી, આના દ્વારા=મુક્તધુરાવાળા અને સમપ્રકટસેવી અવંદ્ય છે એમ કહ્યું એના દ્વારા, સાલંબન પ્રતિસેવી વંદ્ય છે એ પ્રમાણે આપન્ન છે=પ્રાપ્ત છે. કલ્પભાષ્યમાં પણ પાર્શ્વસ્થોના વંદ્ય-અવંદ્યત્વના વિવેકના પ્રસ્તાવમાં કહેવાયું છે.

"સંકીર્ણ અપરાધપદમાં=ઘણા અપરાધપદના સેવનમાં, અને અપરાધમાં અનાનુતાપી આલંબન વર્જિત=કારણ વિના, ઉત્તરગુણ પ્રતિસેવી વર્જ્ય છે=વંદન કરવા યોગ્ય નથી." **(બૃહત્કલ્પભાષ્ય-૪૫૪૫)**

મૂલગુણ પ્રતિસેવી નિયમથી અચારિત્રી છે. અને તે સ્પષ્ટ જ અવંદનીય છે. એથી તેની વિચારણા નથી. વળી ઉત્તરગુણ પ્રતિસેવીની વિચારણા છે એ પ્રમાણે ભાવ છે=બૃહત્કલ્પભાષ્યની ગાથાનો ભાવ છે.

'નનુ'થી કોઈ શંકા કરે છે. આ રીતે અર્થથી સાલંબન ઉત્તરગુણ પ્રતિસેવી પણ વંદનીય છે એ

પ્રમાણે પ્રાપ્ત થયું. સૂરિ કહે છે. કેવલ તે જ વંદ્ય નથી=કેવલ ઉત્તરગુણસેવી વંદ્ય છે તેવું નથી પરંતુ મૂલગુણ પ્રતિસેવી પણ સાલંબન સહિત વંદનીય છે. કેવી રીતે આલંબન સહિત મૂલગુણ પ્રતિસેવી વંદનીય છે ? એથી કહે છે.

"અધોસ્થાનમાં રહેલો પણ પ્રાવચનિક ગચ્છના અનુગ્રહ માટે અધરમાં=આત્યંતિક કારણની ઉપસ્થિતિમાં, કૃતયોગી જે સેવે છે તે આદિ નિર્ગ્રંથની જેમ પૂજ્ય છે=પુલાક નિર્ગ્રંથની જેમ તે પૂજ્ય છે." **(બૃહત્કલ્પભાષ્ય-૪૫૨૫)**

બૃહત્કલ્પભાષ્યની ગાથાના કેટલાક શબ્દનો અર્થ કરે છે. પ્રાવચનિક આચાર્ય ગચ્છના અનુગ્રહ માટે અધરમાં=આત્યંતિક કારણ ઉત્પન્ન થયે છતે, કૃતયોગી=શક્ય ઉપાય કર્યા છે તેવા ગીતાર્થ જે અપવાદ સેવે છે તે પૂજ્ય છે એમ અન્વય છે.

"કટકને કરતો પણ=સેનાને મંથન કરતો પણ, કૃતકરણવાળો પુલાક દોષને પ્રાપ્ત કરતો નથી. અલ્પ દ્વારા=અલ્પ વ્યય દ્વારા બહુને ઈચ્છે છે=ઘણા સંયમને ઈચ્છે છે, વિશુદ્ધ આલંબનવાળો શ્રમણ છે." **(બૃહત્કલ્પભાષ્ય-૪૫૨૬)**

દૃષ્ટાંત સહિત ફલિતને કહે છે –

તુચ્છ આલંબનવાળો=અપુષ્ટ આલંબનવાળો અને નિરાલંબનવાળો દુર્ગતિમાં પડે છે. સાલંબન-નિરાલંબન સેવનારમાં અહ=આ, દૃષ્ટાંત છે. **(બૃહત્કલ્પભાષ્ય-૪૫૩૧)**

આથી જ

"દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપવિનય જેમાં=જે પાસત્થામાં જેટલું જિનપ્રજ્ઞપ્ત જણાય તેને તેટલા ભાવથી ભક્તિથી પૂજે." **(બૃહત્કલ્પભાષ્ય-૪૫૫૩)**

આ રીતે પ્રસક્ત-અનુપ્રસક્તથી સર્યું. સંબંધગાથાના જ શેષઅર્થને અમે કહીએ છીએ= બૃહત્કલ્પભાષ્યની ગાથા-૪૫૪૪. મુક્કધુરા ..... વોચ્છં ના શેષઅર્થને અમે કહીએ છીએ. અને ચરણ-કરણ દ્વારા પ્રકર્ષથી ભ્રષ્ટ, ત્યાર પછી પૂર્વની સાથે દ્વંદ્વ કરવો=મુક્તધુરા સમપ્રકટસેવી એ રૂપ શ્લોકના પૂર્વાર્ધની સાથે ચરણકરણ પ્રભ્રષ્ટનો દ્વંદ્વ સમાસ કરવો. આવા પ્રકારના લિંગઅવશેષ માત્રમાં=કેવલ દ્રવ્યલિંગયુક્ત સાધુમાં, જે કંઈ પણ કરાય છે તે વળી અમે કહીએ છીએ. "પુનઃ" શબ્દ વિશેષણ અર્થવાળો છે. શું વિશેષ બતાવે છે ? તે કહીએ છીએ. કારણની અપેક્ષાએ=કારણને આશ્રયીને જે કરાય છે=જે વંદન આદિ કરાય છે તે અમે કહીએ છીએ. વળી કારણના અભાવના પક્ષમાં=પાસત્થા આદિને વંદન કરવાના કારણના અભાવના પક્ષમાં, પ્રતિષેધ કરાયો જ છે=વંદન કરવાનો નિષેધ કરાયો જ છે. તે શું કરાય છે ?=કારણને આશ્રયીને જે વંદન કરાય છે તે શું કરાય છે ? એથી કહે છે.

"વાચાથી નમસ્કાર=હું વંદન કરું છું એ પ્રકારે ઉચ્ચારણ કરાય છે અથવા હસ્તનો ઉત્સેધ=બે હાથ જોડીને નમસ્કાર કરાય છે અથવા શીશનમન, સંપૃચ્છન=શરીરની શાતાદિનું પૃચ્છન, અંછણં=શરીરની વાર્તા પૂછીને ક્ષણભર

તેની પાસે બેસવું. છોભવંદન અથવા વંદન=સંપૂર્ણ વંદન." **(બૃહત્કલ્પભાષ્ય-૪૫૪૫)**

વાચાથી=નિર્ગમભૂમિ આદિમાં, જોઈને વાણીથી અભિલાષ કરાય છે. કેવા પ્રકારના તમે છો ? ઈત્યાદિ સંપ્રચ્છન=કુશલની પૃચ્છા, અંછણું=કેટલોક કાળ તેની પાસે બેસવા રૂપ બહુમાન, આ બહિર્દૃષ્ટની વિધિ છે=રસ્તામાં પાસત્થા આદિ મળે ત્યારે અપવાદથી વંદનની વિધિ છે. વળી કારણવિશેષમાં તેના ઉપાશ્રયમાં પણ જવાય છે. ત્યાં પણ આ જ વિધિ છે=પૂર્વમાં કહી તે વિધિ છે અને આગળની પણ છે=છોભવંદન આદિ આગળની વિધિ છે. કારણો કહે છે.

"પરિવાર, પર્ષદ, પુરુષ, ક્ષેત્ર, કાલ અને આગમને જાણીને કારણ જાત=કારણો=કુલ-ગણાદિનાં પ્રયોજન, થયે છતે=ઉત્પન્ન થયે છતે, યથાયોગ્ય જેને જે=જેને જે યોગ્ય છે, તે કરવું જોઈએ." **(બૃહત્કલ્પભાષ્ય-૪૫૫૦)**

પર્યાય, બ્રહ્મચર્ય જેના વડે ઘણો કાળ પાલન કરાયું છે (આ અર્થ બૃહત્કલ્પભાષ્ય પ્રમાણે બરાબર નથી.) પરંતુ 'પરિવાર' શબ્દનું ગ્રહણ, બૃહત્કલ્પભાષ્ય પ્રમાણે ઉચિત છે. પર્ષદા=પાસત્થાની સાથે સંબંધવાળી વિનીત સાધુ સંતતિ, પુરુષને જાણીને કેવી રીતે ?=કુલ, ગણ, સંઘનાં કાર્યો આને આધીન છે એને જાણીને, એ રીતે તેને=પુરુષને, આધીન ક્ષેત્રને, અવમકાલ=દુષ્કાળમાં, પ્રતિજાગરણનો આનો ગુણ છે=બીજાને સંભાળવાનો આ પાસત્થાનો ગુણ છે એને જાણીને અપવાદથી વંદન કરવું જોઈએ એમ અન્વય છે. આગમ=સૂત્ર-અર્થ ઉભયરૂપ આને છે એને જાણીને અપવાદથી યથાયોગ્ય વંદન કરવું જોઈએ એમ અન્વય છે. હવે આના અકરણમાં=પાસત્થા આદિને વંદનનાં અપવાદિક કારણ ઉપસ્થિત હોવા છતાં વંદન નહિ કરવાના દોષને કહે છે.

"આ વગેરેને યથાયોગ્ય નહિ કરતો=બૃહત્કલ્પભાષ્યની ગાથા-૪૫૪૫માં કહેલ અપવાદિક વંદનોને યથાયોગ્ય નહિ કરતો, અરિહંત દેશિત માર્ગમાં પ્રવચનની ભક્તિ થતી નથી. અભક્તિમત્વાદિ દોષો થાય છે." **(બૃહત્કલ્પભાષ્ય-૪૫૪૯)**

અને

"કારણ ઉત્પન્ન થયે છતે પાસત્થા આદિને જે બે પ્રકારનું કૃતિકર્મ કરતો નથી તેને ૪ ઉપઘાતમાસ પ્રાયશ્ચિત્ત આવે છે." **(બૃહત્કલ્પભાષ્ય-૪૫૪૦)**

બંને પણ=અભ્યુત્થાન અને વંદન લક્ષણ પણ કરતો નથી તેને પ્રાયશ્ચિત્ત છે એમ અન્વય છે. પ્રસંગથી સર્યું. અમે પ્રકૃતને અનુસરીએ છીએ. તથા શ્રમણોપાસક આદિને અને આદિ શબ્દથી શ્રાવિકાઓને હું વંદન કરું છું. અને વંદે વંદે એ પ્રકારે અપભ્રંશભાષાથી બોલે છે. અથવા હું વંદું છું હું વંદું છું એ પ્રકારે ક્રિયા છે. બે વખત 'વંદે' બોલવામાં સર્વ શ્રાવકોને અને શ્રાવિકાઓને નમસ્કાર કરું છું એ પ્રકારનો અર્થ છે. હવે કદાચિત્ સૂરિ ત્યાં=ચૈત્યમાં આવ્યા ન હોય તો ઉપાશ્રયમાં સ્વઋદ્ધિ વડે જઈને વંદન આદિ સકલ પણ વિધિ કરવી જોઈએ. જે કારણથી 'દિનકૃત્ય'માં કહેવાયું છે.

"હવે ધર્મદેશના માટે ત્યાં=ચૈત્યમાં, સૂરિ આવ્યા ન હોય તો પૂર્વમાં કહેવાયેલ વિધાનથી વસતિમાં જવું જોઈએ= ઉપાશ્રયમાં જવું જોઈએ." **(શ્રાદ્ધદિનકૃત્ય-૧૪૬) 'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.**

ત્યાર પછી શું કરવું જોઈએ ? એથી કહે છે=મૂળ શ્લોકમાં ધર્મદેશના શ્રવણ આદિ ક્રિયા કર્યા પછી શું કરવું જોઈએ ? એથી કહે છે. 'તથેત્યાદિ'=શ્લોકના અંતે રહેલો 'તથા' શબ્દ ધર્માંતરના સમુચ્ચય અર્થ વાળો છે. યથાઉચિત=યથાયોગ્ય હટ્ટાદિ સ્થાનમાં જઈને, 'ધર્મ્યં'=ધર્મથી, અવિરુદ્ધ=સ્વયં સ્વીકૃત વ્રત અભિગ્રહ આદિ રૂપ ધર્મથી અથવા વ્યવહારશુદ્ધિ આદિથી અનપેત=તેની મર્યાદાથી યુક્ત, એ પ્રકારની વ્યુત્પત્તિ હોવાથી ધર્મ અવિરુદ્ધ અર્થ અર્જન=દ્રવ્ય ઉપાર્જન કરવું જોઈએ. અન્વય પૂર્વની જેમ છે. યથાઉચિત એ કથનથી જો રાજાદિ છે તો ધવલગૃહ છે, જ્યારે અમાત્ય આદિ ત્યારે કરણ=જો રાજાદિ શ્રાવક હોય તો ધવલગૃહ=રાજસભામાં જાય, જો અમાત્ય આદિ હોય તો કરણ સ્થાને જાય. હવે વણિક આદિ હોય તો આ પણ=બજાર એ યથાઉચિત સ્થાન છે.

વળી બહુકાલ ચૈત્ય આયતનમાં અવસ્થિતિ દોષ માટે છે. જે કારણથી સાધુને ઉદ્દેશીને વ્યવહારભાષ્યમાં કહેવાયું છે.

"જો કે આધાકર્મ નથી=જિનાલય આધાકર્મ નથી. ભક્તિ માટે કરાયેલું છે=શ્રાવકોએ ભગવાનની ભક્તિ અર્થે કરેલ છે. તોપણ વર્જન કરતા એવા સાધુ વડે=ચૈત્યમાં નિવાસનું વર્જન કરતા એવા સાધુ વડે, જિનેશ્વરોની ભક્તિ કરાયેલી થાય છે. લોકમાં પણ વળી દૃષ્ટાંત જોવા મળે છે." ॥૧॥

"આઠ પડવાળા શુદ્ધ વસ્ત્રથી મુખને બાંધીને હજામ પાર્થિવને=રાજાની, વૃત્તિ નિમિત્તે અથવા ભયાદિથી, ઉપાસના કરે છે=હજામત આદિ કરે છે." ॥૨॥

પાર્થિવ સ્થાનીય=રાજા સ્થાનીય, તીર્થંકરની પ્રતિમાની ભક્તિ નિમિત્તે જિનાલયમાં સાધુઓ પ્રવેશે છે પરંતુ ત્યાં જ રહેતા નથી. એ પ્રમાણે તેની વૃત્તિ છે. કેમ ? એથી કહે છે=કેમ સાધુ જિનાલયમાં રહેતા નથી ? એથી કહે છે.

"દુર્ભિગંધ પરિશ્રાવી, અપ્પેસણહાણિઅ=અપાનવાયુ=બે પ્રકારના વાયુને, વહન કરનાર શરીર છે. તે કારણથી ચૈત્યમાં સાધુઓ રહેતા નથી." ॥૩॥

"અથવા જ્યાં સુધી ત્રણ શ્લોકવાળી ત્રણ થોય બોલે છે ત્યાં સુધી જિનાલયમાં અનુજ્ઞા છે=સાધુને રહેવાની અનુજ્ઞા છે. કારણથી પર વડે પણ=વધારે કૃત્ય વડે પણ, અનુજ્ઞાત છે." ॥૪॥

આનો આ=આ બે શ્લોકોનો, ભાવાર્થ છે. સાધુઓ ચૈત્યગૃહમાં રહેતા નથી. અથવા ચૈત્યવંદન અંત્ય શક્રસ્તવ આદિ અનંતર ત્રણ સ્તુતિ શ્લોક ત્રણ પ્રમાણ પ્રણિધાન માટે જ્યાં સુધી કરે છે, પ્રતિક્રમણ પછી મંગલ માટે સ્તુતિત્રય પાઠની જેમ ત્રણ સ્તુતિ કરે છે એમ અન્વય છે. ત્યાં સુધી ચૈત્યગૃહમાં સાધુને અનુજ્ઞાત છે. નિષ્કારણ વધુ અનુજ્ઞાત નથી=વધુ રહેવાની અનુજ્ઞા નથી. વળી 'સિદ્ધાણં' ઈત્યાદિ શ્લોકત્રય માત્રના અંતપાઠમાં=સિદ્ધાણં-બુદ્ધાણં સૂત્રની માત્ર ત્રણ ગાથા સુધીના અંતપાઠમાં, સંપૂર્ણ વંદનનો અભાવ જ પ્રાપ્ત થશે. અર્થાત્ સંપૂર્ણ વંદન પ્રણિધાન સૂત્ર=જયવીયરાય સૂત્ર, સુધી છે. તેથી સિદ્ધાણં-બુદ્ધાણંની પ્રથમ ત્રણ ગાથા બોલ્યા પછી સાધુ ચૈત્યગૃહમાં ન રહે તો સંપૂર્ણ વંદનનો જ અભાવ પ્રાપ્ત થાય; કેમ કે શ્લોકત્રયના પાઠ અનંતર ચૈત્યગૃહમાં અવસ્થાનનો

અનનુજ્ઞાત હોવાથી=સાધુને રહેવાનો નિષેધ હોવાથી પ્રણિધાનનો અસદ્ભાવ છે અર્થાત્ ચૈત્યવંદનના અંતમાં કરાતા પ્રણિધાન સૂત્રનો અસદ્ભાવ છે અને આગમમાં કહેવાયું છે વંદનના અંતમાં પ્રણિધાન. જે પ્રમાણે વંદન કરે છે, નમસ્કાર કરે છે એ પ્રમાણે સૂત્ર છે. વૃત્તિ=આગમના ઉદ્ધરણની વૃત્તિ છે તે પ્રતિમાઓને પ્રસિદ્ધ એવી ચૈત્યવંદનાદિની વિધિ વડે વંદન કરે છે પશ્ચાત્ પ્રણિધાનયોગથી નમસ્કાર કરે છે એથી ત્રણ સ્તુતિઓ અહીં=ચૈત્યવંદનમાં, પ્રણિધાન સ્વરૂપ જાણવી. અહીં=ચૈત્યવંદનના વિષયમાં, અભિનિવેશને છોડીને પૂર્વાપરના અવિરોધથી પ્રવચનનું ગાંભીર્ય સર્વથા પરિભાવન કરવું જોઈએ એ પ્રમાણે સંઘાચારની વૃત્તિમાં છે. અર્થાત્ ત્રણ થોય બોલવા સુધી ચૈત્યમાં રહેવાનું વિધાન છે. અને પ્રણિધાન અર્થવાળું ચૈત્યવંદન છે તેથી કોઈને પ્રશ્ન થાય કે ત્રણ થોય સુધી જ ચૈત્યમાં બેસાય તો ચૈત્યવંદન પૂર્ણ થાય નહિ તે વચનના વિરોધના અભિનિવેશને મૂકીને પ્રવચનના ગાંભીર્યનું પરિભાવન કરવું જોઈએ. જેથી પ્રણિધાનના અંત સુધી સૂત્ર સ્વીકારવામાં વિરોધ આવે નહિ. તાવત્કાલ જ જિનમંદિરમાં યતિઓને=સાધુઓને, અવસ્થાન અનુજ્ઞાત છે. વળી કારણથી ધર્મશ્રવણાદિ માટે ઉપસ્થિત ભવિકજનના ઉપકારાદિ કારણથી, પરથી પણ=ચૈત્યવંદનના આગળથી પણ=ચૈત્યવંદનના કાળથી અધિક પણ, સાધુઓને અવસ્થાન અનુજ્ઞાત છે. શેષકાલમાં સાધુઓને જિન આશાતના આદિના ભયથી તીર્થંકર-ગણધરો વડે અવસ્થાન અનુજ્ઞાત નથી. (વસ્તુતઃ ધર્મશ્રવણાદિ પ્રવૃત્તિ સાધુ ચૈત્યગૃહમાં શ્રાવકોને કરાવતા નથી પરંતુ રંગમંડપમાં જ ધર્મશ્રવણાદિની પ્રવૃત્તિ કરે છે. જ્યારે ત્રણ થોયથી અધિક ધ્યાન-જપ આદિના પ્રયોજનથી સાધુઓને ચૈત્યગૃહમાં અવસ્થાન અનુજ્ઞાત છે એમ યોજન કરવું ઉચિત જણાય છે. તત્ત્વ બહુશ્રુત જાણે.) તેથી વ્રતીઓ વડે પણ= સાધુઓ વડે પણ, આ રીતે=પ્રયોજન વગર ત્રણ થોયથી અધિક જિનમંદિરમાં બેસવાનો પરિહાર કરે છે એ રીતે, આશાતનાનો પરિહાર કરાય છે, તો વળી ગૃહસ્થો વડે અત્યંત પરિહાર કરાવો જોઈએ. તે કારણથી ચૈત્યાલયથી યથાઉચિત સ્થાનમાં ગમન યુક્તિવાળું છે.

અને અહીં=મૂળ શ્લોકમાં ધર્મથી અવિરુદ્ધ અર્થ-અર્જન કરવું જોઈએ એ વાક્યમાં, અર્થનું અર્જન એ અનુવાદ્ય છે. પરંતુ ઉપદેશ્ય નથી=અર્થ-અર્જન કરવાનો ઉપદેશ અપાયો નથી; કેમ કે તેનું સ્વયં સિદ્ધપણું છે. વળી, 'ધર્મ્ય' એ વિશેષણ વિધેય છે=ઉપદેશ્ય છે; કેમ કે અપ્રાપ્તપણું છે. હિ=જે કારણથી અપ્રાપ્તમાં શાસ્ત્ર અર્થવાળું છે. હિ=જે કારણથી, ગૃહસ્થ અર્થ અર્જન કરે. ભૂખ્યો આહાર કરે એ પ્રકારના કથનમાં શાસ્ત્રનો ઉપયોગ નથી જ. વળી, અપ્રાપ્ત એવા આમુષ્મિકમાર્ગમાં નૈસર્ગિક મોહરૂપી અંધકારને કારણે વિલુપ્ત અવલોકનવાળા લોકને શાસ્ત્ર જ પરમચક્ષુ છે. એ રીતે આગળમાં પણ અપ્રાપ્ત વિષયમાં ઉપદેશ સફલ છે એ પ્રમાણે ચિંતન કરવું જોઈએ. અર્થાત્ પ્રસ્તુત સ્થાન સિવાય અન્ય સ્થાનમાં પણ અપ્રાપ્ત વિષયમાં ઉપદેશ સફલ છે એ પ્રમાણે યોજન કરવું જોઈએ. અને સાવદ્ય આરંભમાં શાસ્ત્રકારોની વાચનિકી પણ અનુમોદના યુક્ત નથી. અર્થાત્ ધન-અર્જન કરવું જોઈએ એ પ્રમાણે વાચનિકી અનુમોદના શાસ્ત્રકારોને ઇષ્ટ નથી. પરંતુ ધર્મપૂર્વક ધન-અર્જન કરવું જોઈએ એમાં ધર્મ અંશમાં જ વાચનિકી અનુમોદના શાસ્ત્રકારોને યુક્ત છે, જેને કહે છે –

"સાવદ્ય-અનવદ્ય વચનોને જે વિશેષ જાણતો નથી તેને બોલવું યુક્ત નથી. શું વળી દેશના આપવા માટે ? કહેવું=દેશના આપવી જોઈએ નહિ." ।।૧।।

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

દરિદ્ર અને શ્રીમંતમાં માન્ય અને અમાન્યમાં, ઉત્તમ અને અધમના વિષયમાં રાજાના માધ્યસ્થ્યના કારણે ન્યાયના દર્શનથી ધર્મમાં અવિરોધ જાણવો. નિયોગીનો=મંત્રી આદિનો, ધર્મનો અવિરોધ રાજા અને પ્રજાના અર્થના સાધનથી અભયકુમાર આદિની જેમ જાણવો. અને વણિક આદિનો ધર્મ-અવિરોધ વ્યવહારશુદ્ધિ અને દેશાદિ વિરુદ્ધ કૃત્યના પરિહારથી ઉચિત કાર્યની આચરણા દ્વારા આજીવિકાને કરતા થાય છે. અને તે પ્રમાણે જ કહેવાયું છે=વણિકનો ધર્મ-અવિરોધ જે પ્રકારનો છે તે પ્રકારનો જ કહેવાયો છે.

"તે કારણથી વ્યવહારશુદ્ધિ, દેશાદિ વિરુદ્ધના ત્યાગથી ઉચિત આચરણા છે. નિજધર્મનો નિર્વાહ કરતો શ્રાવક અર્થચિંતાને કરે છે." ।।૧।।

વ્યાખ્યા :– આજીવિકા સાત ઉપાયો વડે થાય. ૧. વાણિજ્યથી ૨. વિદ્યાથી ૩. કૃષિથી ૪. શિલ્પથી ૫. પશુપાલનથી ૬. સેવાથી અને ૭. ભિક્ષાથી. ત્યાં=સાત પ્રકારની આજીવિકામાં, વણિકોને વેપારથી આજીવિકા છે. વૈદ્યોને વિદ્યાથી આજીવિકા છે. ખેડૂત આદિને ખેતીથી આજીવિકા છે. ગોવાળિયા આદિને પશુપાલનથી આજીવિકા છે. ચિત્રકાર આદિને શિલ્પથી આજીવિકા છે. સેવકોને સેવાથી આજીવિકા છે. ભિક્ષાચરોને ભિક્ષાથી આજીવિકા છે. અને આ બધામાં=આજીવિકા કરનારાઓમાં, વણિકોને વાણિજ્ય જ મુખ્યવૃત્તિથી અર્થ ઉપાર્જનનો ઉપાય શ્રેય છે.

કહેવાયું છે પણ

"વાસુદેવના વક્ષસ્થલમાં અને કમલાકરમાં સિરી=લક્ષ્મી, વસતિ નથી. પરંતુ પુરુષોના વ્યવસાયસાગરમાં વસે છે અને સુભટોના તીરમાં=બાણમાં, વસે છે." ।।૧।।

વાણિજ્ય પણ પોતાની સહાય, નીતિબલ, સ્વભાગ્યના ઉદયકાલ આદિને અનુરૂપ જ કરવું જોઈએ. અન્યથા સહસા ત્રુટિ આદિની પ્રાપ્તિ થાય=નુકસાનની પ્રાપ્તિ થાય. અને વાણિજ્યમાં વ્યવહારશુદ્ધિ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવના ભેદથી ચાર પ્રકારની છે. ત્યાં

(૧) દ્રવ્યથી :–

પંદર કર્માદાનાદિ બહુઆરંભાદિના કારણ એવા ભાંડ=વેપારની સામગ્રી, સર્વથા ત્યાગ કરવી જોઈએ. સ્વલ્પ આરંભવાળા જ વાણિજ્યમાં યત્ન કરવો જોઈએ. વળી દુર્ભિક્ષ આદિમાં અનિર્વાહ હોતે છતે જો બહુ આરંભવાળા ખરકર્માદિ પણ આચરે છે ત્યારે અનિચ્છાવાળો શ્રાવક પોતાની નિંદા કરતો=સંયમ પોતે લઈ શક્યો નહિ તેથી આવા આરંભનાં કૃત્યો કરવાં પડે છે એવી પોતાના આત્માની નિંદા કરતો, સશૂકપણાથી જ=પાપ પ્રત્યેના સૂગપણાથી જ, કરે છે. ભાવશ્રાવકના લક્ષણમાં જે કહેવાયું છે.

"તીવ્ર આરંભનું વર્જન કરે છે. અકામવાળો અને અનિર્વાહવાળો કરે છે=અનિચ્છાપૂર્વક અનિર્વાહવાળો તીવ્ર આરંભ કરે છે. સર્વજીવોમાં દયાલુ એવો શ્રાવક નિરારંભ જીવોની સ્તુતિ કરે છે." ॥૧॥

કઈ રીતે નિરારંભજીવોની સ્તુતિ કરે છે ? તે બતાવે છે –

"મહામુનિ ધન્ય છે. જેઓ મનથી પણ પરપીડાને કરતા નથી. આરંભના પાપથી વિરત એવા સાધુઓ ત્રિકોટી પરિશુદ્ધ આહારને વાપરે છે." ॥૨॥

અદૃષ્ટ અને અપરીક્ષિત પણ્યને=વેપારનો માલ, સ્વીકારવું જોઈએ નહિ. સમુદિત અને શંકાસ્પદ સમુદિતો વડે જ ગ્રહણ કરવું જોઈએ. પરંતુ એકાકીએ ગ્રહણ કરવું જોઈએ નહિ; કેમ કે વિષમ પરિસ્થિતિ પ્રાપ્ત થયે છતે તે પ્રકારની સહાયતા આદિની પ્રાપ્તિ થાય.

(૨) ક્ષેત્રથી :-

સ્વચક, પરચક, માંદ્ય=માંદગી, વ્યસન આદિ ઉપદ્રવ રહિત=સ્વચકનો ઉપદ્રવ ન હોય, પરચકનો ઉપદ્રવ ન હોય, માંદગીનો ઉપદ્રવ ન હોય, આપત્તિઓનો ઉપદ્રવ ન હોય તેવા ક્ષેત્રમાં અને ધર્મસામગ્રી સહિત ક્ષેત્રમાં વ્યવહાર કરવો જોઈએ. પરંતુ અન્યત્ર=ઉપદ્રવવાળા અને ધર્મ સામગ્રી રહિત એવા ક્ષેત્રમાં, બહુલાભ હોવા છતાં પણ રહેવું જોઈએ નહિ.

(૩) કાલથી :-

અષ્ટાહ્નિકાત્રય=ત્રણ અટ્ઠાઈ, પર્વતિથિ આદિમાં વ્યાપારનો ત્યાગ કરવો જોઈએ. અને વર્ષાદિ કાલ વિરુદ્ધ પણ વ્યાપારનો ત્યાગ કરવો જોઈએ=વર્ષાકાલમાં જે વેપારમાં ઘણો આરંભ હોય તેવા વેપારનો ત્યાગ કરવો જોઈએ.

(૪) ભાવથી :-

વળી, અનેક પ્રકારના ક્ષત્રિય આદિ સાયુધવાળાની સાથે સ્વલ્પ પણ વ્યવહાર પ્રાયઃ ગુણ માટે નથી. અને નટ-વિટ આદિ ખરાબ કૃત્યો કરનારાની સાથે ઉધારનો વ્યવહાર કરવો જોઈએ નહિ. કલાંતરનો વ્યવહાર પણ=વ્યાજથી આપવાનો વ્યવહાર પણ, સમધિક ગ્રહણના આદાન આદિથી જ ઉચિત છે; કેમ કે અન્યથા તેના માંગવા આદિ હેતુ દ્વારા ક્લેશ, વિરોધ, ધર્મહાનિ આદિ અનેક અનર્થનો પ્રસંગ છે. વળી અનિર્વાહવાળો જો ઉધારમાં વ્યવહાર કરે તો સત્યવાદી સાથે જ કરે. કલાંતરમાં પણ=વ્યાજ લેવામાં પણ, દેશ-કાલાદિની અપેક્ષાથી જ એક-બે-ત્રણ-ચાર-પાંચ વૃદ્ધિ આદિ રૂપ વિશિષ્ટ જનથી અનિંદિત જ ગ્રહણ કરવું જોઈએ. અથવા સ્વયં વૃદ્ધિથી=વ્યાજથી, ધન ગ્રહણ કર્યે છતે તેના દાયકની અવધિથી જ=જ્યારે પણ આપવાની શરત કરી હોય તે અવધિની પૂર્વે જ, પાછું આપવું જોઈએ. કદાચિત્ ધનહાનિ આદિ દ્વારા તે પ્રમાણે અશક્ત પણ ધીરે-ધીરે તેના અર્પણમાં જ યત્ન કરે. અન્યથા વિશ્વાસની હાનિથી વ્યવહારભંગનો પ્રસંગ છે. અને ઋણચ્છેદમાં વિલંબન કરવું જોઈએ નહિ, તે કહેવાયું છે.

"ધર્મના આરંભમાં, ઋણના ઉચ્છેદમાં, કન્યાદાનમાં, ધનના આગમનમાં, શત્રુના ઘાતમાં, અગ્નિમાં અને રોગમાં કાલક્ષેપ કરવો જોઈએ નહિ."

"સ્વ નિર્વાહના અસમર્થપણાને કારણે ઋણને આપવામાં અશક્ત એવા પુરુષ વડે=કરજદાર વડે, લેણદારના ઘરમાં કર્મકરણ આદિથી પણ=તેનાં કૃત્યો આદિ કરવા વડે પણ ઋણનો ઉચ્છેદ કરવો જોઈએ; કેમ કે અન્યથા=ઋણ ઉચ્છેદ કરવામાં ન આવે તો, ભવાંતરમાં તેના ઘરમાં નોકર, પાડો, બળદ, ઊંટ, રાસભ આદિપણાનો પણ સંભવ છે. અને લેણદાર વડે પણ સર્વથા ઋણદાનમાં અશક્ત એવો પુરુષ ધનની યાચના કરાવો જોઈએ નહિ; કેમ કે વ્યર્થ આર્તધ્યાનના ક્લેશ દ્વારા પાપવૃદ્ધિ આદિનો પ્રાદુર્ભાવ છે. પરંતુ જ્યારે સમર્થ થશે ત્યારે આપશે. જો નહિ આપે તો આ મારું લેણું ધર્મપદમાં થાઓ. એ પ્રમાણે વિચારવું જોઈએ. પરંતુ ચિરકાલ સુધી ઋણનો સંબંધ સ્થાપવો જોઈએ નહિ; કેમ કે તે પ્રકારના આયુષ્યની સમાપ્તિમાં=ગમે ત્યારે આયુષ્ય સમાપ્ત થાય તે પ્રકારની આયુષ્યની સમાપ્તિમાં, ભવાંતરમાં બંનેના પરસ્પરના સંબંધમાં વેરની વૃદ્ધિ આદિની આપત્તિ છે. અન્યત્ર પણ વ્યવહારમાં પોતાના ધનના અવલનમાં=પોતાનું ધન પાછું પ્રાપ્ત નહિ થવામાં, ધર્માર્થ આ છે. એ પ્રમાણે વિચારવું જોઈએ. આથી ધર્માર્થીએ મુખ્યવૃત્તિથી સાધર્મિકોની જ સાથે વ્યવહાર કરવો ન્યાય્ય છે; કેમ કે તેમની પાસે રહેલા પોતાના ધનનો ધર્મઉપયોગીપણાનો સંભવ છે. અને પરનું મત્સર પણ ન કરવું જોઈએ=બીજાની અધિક સંપત્તિ જોઈને ઈર્ષ્યા ન કરવી જોઈએ. હિ=જે કારણથી, કર્મને આધીન સંપત્તિ છે અર્થાત્ તેના પુણ્યને કારણે તેની પાસે અધિક સંપત્તિ છે. ભવદ્વયમાં પણ=આ ભવમાં પણ અને પરભવમાં પણ, દુઃખને કરનારા વ્યર્થ મત્સરથી પણ શું ? અને ધાન્ય, ઔષધ, વસ્ત્રાદિ વસ્તુના વિક્રયમાં પ્રવૃત્ત હોતે છતે પણ દુર્ભિક્ષ, વ્યાધિવૃદ્ધિ, વસ્ત્રાદિ વસ્તુના ક્ષય આદિ જગતના દુઃખને કરનારા સર્વથા ઈચ્છા કરે નહિ=ધાન્યનો ઘણો સંચય કર્યો હોય તો દુષ્કાળ પડે તો ઘણો લાભ થશે. એ પ્રમાણે ઈચ્છા કરે નહિ. ઔષધ પોતાની પાસે પ્રચુર હોય તો વ્યાધિની વૃદ્ધિ થાય એ પ્રકારે અભિલાષ કરે નહિ. વસ્ત્રાદિ વસ્તુના વેચનાર વસ્ત્રાદિ વસ્તુનો ક્ષય થાય તો અધિક ધન મળે એ પ્રકારે અભિલાષ કરે નહિ; કેમ કે દુર્ભિક્ષાદિ જગતના દુઃખને કરનાર છે. વળી ભાગ્યયોગે દુષ્કાળ આદિ થાય તો અનુમોદના કરે નહિ; કેમ કે વ્યર્થ મનના માલિન્ય આદિની આપત્તિ છે. તેને કહે છે."

"ઉચિતકલાને છોડીને અને પ્રાપ્ત થયેલા દ્રવ્યાદિ ઉત્કર્ષને છોડીને=ઉચિત વ્યાજને છોડીને અને ખરીદાયેલા દ્રવ્યોના ભાવ સંયોગ આદિ અનુસાર દ્વિગુણ આદિ થાય તે રૂપ પામેલા દ્રવ્યાદિ ઉત્કર્ષને છોડીને, નિબિડ પણ પરસત્કને જાણતો=અત્યંત આ પરસંબંધી છે એ પ્રમાણે જાણતો ગ્રહણ કરે નહિ." ॥૧॥

હવે ઉદ્ધરણની વ્યાખ્યા કરે છે. ઉચિત કલાશત પ્રત્યે=ઉચિત વ્યાજને આશ્રયીને, ચાર-પાંચ વૃદ્ધિ આદિ રૂપ; કેમ કે 'વ્યાજમાં દ્વિગુણ વિત્ત થાય છે.' એ પ્રમાણે કહેવાયે છતે દ્વિગુણ દ્રવ્ય અથવા ત્રિગુણ ધાન્યાદિનું તેને છોડીને પરસત્ક ગ્રહણ કરે નહિ. એમ શ્લોકમાં અન્વય છે. અને દ્રવ્ય ગણિમ-ધરિમ આદિ છે. 'આદિ' શબ્દથી તે તે ગત અનેક ભેદોનું ગ્રહણ છે. તે દ્રવ્યાદિનું દ્રવ્યક્ષય

લક્ષણ ક્રમથી આવેલો=પ્રાપ્ત થયેલો જે ઉત્કર્ષ=અર્થવૃદ્ધિ રૂપ ઉત્કર્ષ, તેને છોડીને શેષ દ્રવ્ય ગ્રહણ કરે નહિ. શું અર્થ છે ? એથી કહે છે. જો કોઈક રીતે સોપારી આદિ દ્રવ્યોનો ક્ષય થવાથી=તે દેશમાં ઉપલબ્ધિ અલ્પ થવાથી દ્વિગુણાદિનો લાભ થાય=ખરીદેલી વસ્તુના ભાવ કરતાં બે ગણો કે ત્રણ ગણો લાભ થાય ત્યારે તેને અદુષ્ટ આશયપણાથી=સારું થયું કે સોપારી આદિ દ્રવ્યની અછત થઈ ઇત્યાદિ કુવિકલ્પરૂપ દુષ્ટ આશયના વર્જનથી, ગ્રહણ કરે. પરંતુ આ પ્રમાણે વિચારે નહિ, સુંદર થયું. જે કારણથી સોપારી આદિ ફલોનો ક્ષય થયો. અને પડેલું પરસત્ક જાણતો પણ=આ ધન પડ્યું છે તે પ્રમાણે જાણતો પણ, ગ્રહણ કરે નહિ. કલાંતર આદિમાં=વ્યાજ આદિમાં અને ક્રય-વિક્રય આદિમાં દેશકાલાદિની અપેક્ષાએ જે ઉચિત, શિષ્ટજનથી અનિંદિત લાભ થાય તે જ ગ્રહણ કરવું જોઈએ. એ પ્રમાણે આદ્ય પંચાશકની વૃત્તિમાં કહેવાયું છે. અને કૂટતોલ, કૂટમાપ, ન્યૂન-અધિક વાણિજ્ય=આપતી વખતે ન્યૂન આપવું અને લેતી વખતે અધિક લેવું એ રૂપ વાણિજ્ય, રસમેલ=સારા-ખરાબ રસની ભેળસેળ કરવી, વસ્તુનો મેલ=સારી ખરાબ વસ્તુની ભેળસેળ કરવી, અનુચિત વ્યાજથી ગ્રહણ, લંચાના પ્રદાનથી ગ્રહણ=લાંચ આપીને ગ્રહણ કરવું, કૂટકરકર્ષણ=ક્રૂર રીતે કરવું ગ્રહણ કરવું, કૂટ ઘૃષ્ટનાણકાદિનું અર્પણ=ખોટા નાણાદિનું આપવું, પરકીય ક્રય-વિક્રયનું ભંજન=કોઈ ખરીદ-વેચાણ કરતો હોય તેમાં વિઘ્ન કરવું, પરકીય ગ્રાહકનું વ્યુદ્ગ્રાહણ=બીજાના ઘરાકને ગ્રહણ કરી પોતાના કરવા, વર્ણિકાંતર દર્શન=જે વસ્તુ આપે તેના કરતાં અન્ય વર્ણવાળી વસ્તુ બતાવે, સાંધકાર સ્થાન વસ્ત્રાદિ વાણિજ્ય=અંધકારવાળા સ્થાનમાં વસ્ત્રાદિનું વાણિજ્ય, મસીભેદાદિથી=અક્ષરભેદાદિથી, સર્વથા પરનું વંચન વર્જવું જોઈએ=કૂટતોલમાપાદિ સર્વ પ્રકારે બીજાને ઠગવાનો ત્યાગ કરવો જોઈએ. જે કારણથી કહેવાયું છે.

"વિવિધ ઉપાયો દ્વારા માયા કરીને જે પરને ઠગે છે. તેઓ સ્વર્ગ અને મોક્ષનાં સુખોનું વંચન કરે છે. અહો ! મોહથી કરાયેલાં કાર્યો કેવાં છે ?" ॥૧॥

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

સ્વામી, મિત્ર, વિશ્વસ્ત, દેવ, ગુરુ, વૃદ્ધ, બાલનો દ્રોહ, ન્યાસનો અપહાર=કોઈકે થાપણ આપી હોય તો તેનો અપલાપ કરવો આદિ તેની હત્યા પ્રાયઃ=તેની હત્યા જેવાં મહાપાતકો સર્વથા વિશેષ કરીને વર્જવાં જોઈએ. અહીં પાપ બે પ્રકારનાં છે. ગોપ્ય અને સ્પષ્ટ. ગોપ્ય પણ બે પ્રકારનું છે. નાનું અને મોટું. ત્યાં નાનું કૂટતોલ માન આદિ છે=ખોટા તોલ-માપ આદિ નાના પ્રકારનાં ગુપ્ત પાપો છે. મહાન વિશ્વાસઘાતાદિ છે=વિશ્વાસઘાત કરવો આદિ મોટા પ્રકારનાં ગુપ્ત પાપો છે. સ્પષ્ટ પણ પાપો બે પ્રકારના છે. કુલાચારથી અને નિર્લજ્જત્વ આદિપણાથી. કુલાચારથી ગૃહસ્થોના આરંભ-સમારંભનાં સ્પષ્ટ પાપો છે અને મ્લેચ્છ આદિનાં હિંસાદિ સ્પષ્ટ પાપો છે. વળી નિર્લજ્જપણાથી સાધુવેશવાળા મુનિના હિંસાદિ પાપો છે. ત્યાં=સાધુવેશમાં, નિર્લજ્જત્વાદિ દ્વારા સ્પષ્ટ અનંત સંસારીપણું પણ છે; કેમ કે પ્રવચનના ઉડ્ડાહ આદિનું હેતુપણું છે. વળી કુલાચારથી સ્ફુટમાં=કુલાચારથી સ્પષ્ટ પાપોમાં થોડો કર્મબંધ છે=ગૃહકાર્યના આરંભ-સમારંભમાં થોડો કર્મબંધ છે. વળી ગોપ્યમાં=બીજાને ઠગવા

આદિની ક્રિયા કરવા રૂપ ગોપ્ય પાપમાં, તીવ્ર કર્મબંધ છે; કેમ કે અસત્યમયપણું છે=કૂટતોલમાપ આદિ સર્વત્ર પાપોમાં અસત્યમયપણું છે અને અસત્ય મોટું પાપ છે. જે કારણથી યોગશાસ્ત્રના અંતર શ્લોકમાં કહેવાયું છે.

"એકત્ર અસત્યથી થયેલું પાપ અને અન્યથી નિઃશેષ પાપ=અસત્ય સિવાયનાં સર્વપાપ, તુલામાં ધારણ કરાયેલાં બંને પાપોમાં આદ્ય જ=અસત્યથી થયેલું જ પાપ, અતિશયવાળું છે." **(યોગશાસ્ત્રવૃત્તિ-૨/૬૪)**

અને પ્રીતિપદમાં=જેની સાથે પ્રીતિ હોય તેવી વ્યક્તિમાં, સર્વ પ્રકારના અર્થના સંબંધ આદિનું વર્જન કરવું જોઈએ=ધન આપવા-લેવાના સંબંધો વગેરે વર્જવા જોઈએ; કેમ કે પ્રીતિભંગનું કારણ બને છે. અને સાક્ષી વગર મિત્રના ઘરમાં પણ સ્થાપનિકા મૂકવી જોઈએ નહિ=થાપણ મૂકવી જોઈએ નહિ. મિત્રાદિના હાથમાં દ્રવ્ય પ્રેષણાદિ પણ યુક્ત નથી; કેમ કે અવિશ્વાસનું અર્થમૂલપણું છે. અને વિશ્વાસનું અનર્થમૂલપણું છે. અર્થાત્ થાપણ મિત્રાદિને ત્યાં મૂકતાં પણ અવિશ્વાસ રાખીને સાક્ષી રાખે તો નુકસાન થવાનો સંભવ રહે નહિ. અને વિશ્વાસ રાખે તો દ્રોહ થવા આદિનો પ્રસંગ પ્રાપ્ત થાય તો વિશ્વાસ અનર્થનું મૂલ બને છે. જે તે પ્રકારે સોગન આદિ ગ્રહણ કરવા જોઈએ નહિ. વિશેષ કરીને દેવ-ગુરુ આદિના વિષયમાં સોગન ગ્રહણ કરવા જોઈએ નહિ. વળી પરના પ્રતિભૂત્વાદિના સંકટમાં પ્રવેશ કરવો જોઈએ નહિ=આના તરફથી હું આ કાર્યનો ઉકેલ કરવા માટે ઉપસ્થિત થયો છું એ પ્રકારના સંકટમાં પ્રવેશ કરે નહિ; કેમ કે અનેક પ્રકારના ક્લેશનો સંભવ છે. અથવા સમુદિત ક્રય-વિક્રયાદિના પ્રારંભમાં અવિઘ્નથી અભિમત લાભાદિ કાર્યની સિદ્ધિ માટે પંચપરમેષ્ઠિનું સ્મરણ, શ્રી ગૌતમાદિના નામનું ગ્રહણ કેટલીક તે વસ્તુ કે લક્ષ્મી દેવ-ગુરુ આદિના ઉપયોગીત્વકરણાદિ કરવા જોઈએ=વેપારમાં ક્રય-વિક્રય આદિના પ્રારંભકાળમાં વિઘ્ન વગર ઈચ્છિત ધનની પ્રાપ્તિ થાય તેના માટે નવકારનું સ્મરણ, શ્રી ગૌતમાદિના નામનું ગ્રહણ, પોતાને લાભ થાય તેમાંથી કેટલીક વસ્તુ કે લક્ષ્મી દેવ-ગુરુ આદિના ઉપયોગમાં હું આપીશ એ પ્રમાણે કરવું જોઈએ; કેમ કે ધર્મના પ્રાધાન્યથી જ સર્વત્ર સાફલ્ય છે=સર્વ કૃત્યોમાં સફળતા પ્રાપ્ત થાય છે. અને ધન અર્જન કરતા શ્રાવકે સાત ક્ષેત્રમાં વ્યય આદિ વિષયક ધર્મના મનોરથો મહાન જ નિત્ય કરવા જોઈએ. અર્થાત્ જો આ વેપારથી આટલો લાભ થશે તો આટલું ધન સાત ક્ષેત્રમાં વાપરીશ એ પ્રકારના ભાવો કરવા જોઈએ અને લાભ સંભવ હોતે છતે=તે પ્રમાણે લાભ થયે છતે, તેઓને=ધર્મના મનોરથોને, સફલ પણ કરવા જોઈએ=તે પ્રમાણે સાત ક્ષેત્રમાં ધનનો વ્યય કરવો જોઈએ.

"વ્યવસાયના ફલવાળો વૈભવ છે=ધન અર્જનમાં વ્યવસાય કરે તેના ફલવાળો વૈભવ છે. વૈભવનું ફલ સુપાત્ર વિનિયોગ છે. તેના અભાવમાં=સુપાત્રમાં ધનના વ્યયના અભાવમાં, વ્યવસાય અને વૈભવ પણ દુર્ગતિનું નિમિત્ત છે." ॥૧॥

અને આ રીતે=ધન અર્જન કર્યા પછી ઉચિત રીતે સ્વશક્તિ અનુસાર સાત ક્ષેત્રમાં વ્યય કરે એ રીતે, ધર્મની ઋદ્ધિ થાય છે. અન્યથા વળી ભોગની ઋદ્ધિ અથવા પાપની ઋદ્ધિ થાય છે અને કહેવાયું છે.

"ધર્મની ઋદ્ધિ, ભોગની ઋદ્ધિ, પાપની ઋદ્ધિ અહીં=સંસારમાં, ત્રણ પ્રકારની ઋદ્ધિ છે. ધર્મની ઋદ્ધિ તે કહેવાય છે કે જે ધર્મકાર્યોમાં વપરાય છે. ભોગઋદ્ધિ તે કહેવાય છે કે જેનાથી શરીરના ભોગમાં ઉપયોગ છે. દાનભોગ રહિત જે છે તે અનર્થ ફલવાળી પાપઋદ્ધિ છે." ।।૧-૨।।

આથી દેવપૂજા, દાન આદિ નિત્ય કૃત્યો વડે સંઘપૂજા, સાધર્મિક વાત્સલ્ય આદિ, અવસરે કરવા યોગ્ય પુણ્ય વડે પોતાની ઋદ્ધિ પુણ્ય ઉપયોગી કરવી જોઈએ=પુણ્યબંધનું કારણ બને તેવી કરવી જોઈએ. અવસરમાં પુણ્યકરણ પણ નિત્ય પુણ્યકરણ કરનારનું ઉચિતીકર જ છે=ઉચિત કર્તવ્ય જ છે. વળી, લાભની ઈચ્છા સ્વભાગ્યાનુસાર જ કરવી જોઈએ=પોતાના સંયોગાનુસાર જે પોતે પ્રાપ્ત કરી શકે તેવી જ લાભની ઈચ્છા વ્યાપાર આદિમાં કરવી જોઈએ. અન્યથા આર્ત્તધ્યાનની પ્રવૃદ્ધિ થાય. અને તેથી વ્યર્થ કર્મબંધ જ થાય=પોતાના પ્રયત્નથી જે ધન પ્રાપ્ત કરી શકે તેવો અભિલાષ રાખીને પંચપરમેષ્ઠિ આદિના સ્મરણપૂર્વક લાભની ઈચ્છા રાખવી જોઈએ. પરંતુ પોતાની શક્તિના અતિશયવાળી લાભની ઈચ્છા રાખવી જોઈએ નહિ; કેમ કે પોતાની શક્તિથી અધિક લાભની ઈચ્છા રાખવાથી પુણ્યાનુસાર પ્રાપ્તિમાં પણ હંમેશાં અતૃપ્તિનો અનુભવ થાય છે. જેનાથી આર્ત્તધ્યાનની વૃદ્ધિ થાય છે, જેથી વ્યર્થ કર્મબંધની પ્રાપ્તિ થાય છે. અને વ્યય આયઉચિત કરવો જોઈએ=પોતાની શક્તિ અનુસાર જે અર્થ અર્જન થાય તેને અનુરૂપ જ ધનનો વ્યય કરવો જોઈએ. જે કારણથી કહેવાયું છે.

"પા ભાગ નિધિને કરે, પા ભાગ ધનવૃદ્ધિ માટે કરે. ધર્મ અને ઉપભોગમાં પા ભાગ વાપરે અને ભર્તવ્યના પોષણમાં પા ભાગ વાપરે." ।।૧।।

કેટલાક કહે છે –

"આયથી અડધું સમધિક ધર્મમાં નિયોજન કરે. તેનાથી શેષ=લાભ થયો હોય તેમાંથી અડધાથી અધિક ધર્મમાં વાપર્યા પછી શેષ રહેલું હોય તેનાથી, તુચ્છ ઐહિક શેષ=શેષ સર્વ કૃત્યો, યત્નથી કરે=વિવેકપૂર્વક કરે." ।।૧।।

નિઃદ્રવ્ય અને સદ્રવ્યોનો આ વિભાગ છે=અલ્પ દ્રવ્યવાળા કે અધિક દ્રવ્યવાળા જીવોને આશ્રયીને પૂર્વમાં કહેલા ધનવ્યયનો આ વિભાગ છે એમ એક કહે છે. અહીં=ધનના વ્યયના વિષયમાં, ન્યાયઅર્જિત વિત્ત-સત્પાત્રમાં વિનિયોગ દ્વારા ચતુર્ભાંગી છે. ત્યાં=ચતુર્ભંગીમાં, ન્યાયાર્જિત વૈભવ અને સત્પાત્રમાં વિનિયોગ રૂપ પુણ્યાનુબંધી પુણ્યનો હેતુ પ્રથમ ભાંગો છે. શાલીભદ્ર આદિની જેમ. ન્યાયથી આવેલો વૈભવ જે તે પાત્રના પોષ્યરૂપ બીજો ભાંગો છે તે પાપાનુબંધી પુણ્યનો હેતુ છે. લક્ષના ભોજ્યને કરનાર વિપ્રની જેમ=લાખ બ્રાહ્મણોને ભોજન કરાવનાર બ્રાહ્મણની જેમ. અન્યાયથી પ્રાપ્ત થયેલા વૈભવથી, સત્પાત્રના પોષ્યરૂપ ત્રીજો ભાંગો છે. રાજાદિ બહુઆરંભીઓને અનુજ્ઞાત છે=રાજાદિ બહુઆરંભીઓ અન્યાયથી ધન મેળવીને સત્પાત્રની ભક્તિ કરે છે. તે શાસ્ત્રસંમત છે. અને તે ત્રીજા ભાંગારૂપ છે. અન્યાય ઉપાર્જિત અર્થ કુપાત્રના પોષ્યરૂપ ચોથો ભાંગો છે. વિવેકી વડે ત્યાજ્ય જ છે. આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, ન્યાયથી અર્થઅર્જનમાં યત્ન કરવો જોઈએ. અને વ્યવહારશુદ્ધિથી જ સર્વ પણ ધર્મ સફલ છે જે કારણથી દિનકૃત્યમાં કહેવાયું છે.

"વ્યવહારશુદ્ધિ ધર્મનું મૂલ છે. જે કારણથી સર્વજ્ઞ વડે કહેવાયેલા શુદ્ધ વ્યવહારથી અર્થશુદ્ધિ થાય છે." ।।૧।।

"અને શુદ્ધ અર્થથી જ આહાર શુદ્ધ થાય છે. જે કારણથી શુદ્ધ આહારથી દેહશુદ્ધિ થાય છે." ।।૨।।

અને

"શુદ્ધ દેહથી જ ધર્મ યોગ્ય થાય છે. વળી જે જે કૃત્યો કરે છે તે તે તેનું સફલ થાય છે." ।।૩।।

"અન્યથા=વ્યવહારશુદ્ધિ આદિ ન કરવામાં આવે તો અફલ થાય છે=જે જે કૃત્યો કરે છે તે સર્વ નિષ્ફળ થાય છે. જે કારણથી જે જે કૃત્ય વ્યવહારશુદ્ધિ રહિત તે કરે છે, ધર્મ નિંદાપાત્ર બને છે." ।।૪।।

"ધર્મની નિંદા કરાવનારને પોતાને અને પરને પરમ અબોધિ થાય છે. એ પ્રમાણે સૂત્રમાં પણ કહેવાયું છે." ।।૫।।

"તે કારણથી સર્વ પ્રયત્નથી વિચક્ષણ તે તે કરે જેનાથી ધર્મની નિંદા અબુધ જન કરે નહિ." ।।૬।। **(શ્રાદ્ધદિનકૃત્ય-૧૫૯થી ૧૬૪)**

આથી વ્યવહારશુદ્ધિ માટે સમ્યક્ ઉપક્રમ્ય છે=સમ્યક્ યત્ન કરવો જોઈએ. એ પ્રમાણે વ્યવહારશુદ્ધિનું સ્વરૂપ છે.

અને દેશાદિ વિરુદ્ધનો પરિહાર=દેશ, કાલ, રાજા, લોક અને ધર્મ વિરુદ્ધનું વર્જન કરવું જોઈએ. જે કારણથી 'હિતોપદેશમાલા'માં કહેવાયું છે.

"દેશનું પ્રતિકૂલ, કાલનું પ્રતિકૂલ, રાજાનું પ્રતિકૂલ, લોકનું પ્રતિકૂલ અને ધર્મનું પ્રતિકૂલ વર્જન કરતો નર=પુરુષ, ધર્મને સમ્યક્ પ્રાપ્ત કરે છે." ।।૧।।

ત્યાં=દેશાદિ વિરુદ્ધમાં, જ્યાં જે દેશમાં શિષ્ટજનો વડે અનાચીર્ણ છે તે ત્યાં=તે દેશમાં, દેશવિરુદ્ધ છે. જે પ્રમાણે સૌવીર દેશોમાં કૃષિકર્મ ઈત્યાદિ=ખેતી વગેરે, દેશવિરુદ્ધ છે. અથવા જાતિ, કુલાદિની અપેક્ષાથી અનુચિત દેશવિરુદ્ધ છે. જે પ્રમાણે બ્રાહ્મણોને સુરાપાન ઈત્યાદિ.

વળી કાલવિરુદ્ધ આ પ્રમાણે છે. શીતઋતુમાં હિમાલયના પરિસરમાં જવું, ગ્રીષ્મઋતુમાં મરુભૂમિમાં જવું, વર્ષાઋતુમાં અપરદક્ષિણ સમુદ્રપર્યંત ભૂમિભાગમાં જવું. મહારણ્યમાં અથવા રાત્રિના પ્રારંભકાળમાં પ્રસ્થાન કરવું અને ફાગણમાસ પછી તલનું પીલવું અને તેના વ્યવસાય આદિ કરવા અથવા વર્ષાઋતુમાં પત્ર-શાક આદિનું ગ્રહણ=ભાજીપાલાનું ગ્રહણાદિ, કાલવિરુદ્ધ જાણવું.

અને રાજવિરુદ્ધ રાજાને સંમતોનું અસન્માન, રાજાને અસંમતોની સંગતિ રાજવિરુદ્ધ છે. વૈરી સ્થાનોમાં=રાજાના શત્રુનાં સ્થાનોમાં, લોભથી ગમન, વૈરી સ્થાનોથી આવેલા સાથે=રાજાના શત્રુના સ્થાનથી આવેલાની સાથે, વ્યવહાર આદિ રાજવિરુદ્ધ છે. રાજાને આપવા યોગ્ય એવું શુલ્ક આદિ=કર આદિનું ખંડન=છુપાવવું, ઈત્યાદિ રાજવિરુદ્ધ છે.

વળી લોકવિરુદ્ધ લોકની નિંદા, વિશેષ કરીને ગુણસમૃદ્ધની નિંદા એ લોકવિરુદ્ધ છે.. અને આત્માનો ઉત્કર્ષ=સ્વપ્રશંસા, એ લોકવિરુદ્ધ છે. જે કારણથી કહેવાયું છે.

"પરપરિભવ કરે એવા પરિવાદથી=બીજાનો પરિભવ કરે એવી નિંદાથી, અને આત્માના ઉત્કર્ષથી=પોતાની પ્રશંસાથી, પ્રતિભવ અનેક ભવકોટી સુધી દુઃખે કરીને છૂટે એવું નીચગોત્રકર્મ બંધાય છે." **(પ્રશમરતિ-૧૦૦)**

અને ઋજુ જીવોનો ઉપહાસ=સરળ જીવોનો ઉપહાસ લોકવિરુદ્ધ છે. ગુણવાનનો મત્સર, કૃતઘ્નપણું, બહુજન વિરોધીઓ સાથે સંગતિ=મિત્રતા, જનમાન્ય પુરુષોની અવજ્ઞા, ધર્મીઓની અથવા સ્વજનોની આપત્તિમાં તોષ=શક્તિ હોતે છતે તેનો અપ્રતિકાર=ધર્મીજનની કે સ્વજનની આપત્તિના નિવારણ માટેનો અપ્રયત્ન, દેશાદિ ઉચિત આચરણાનું ઉલ્લંઘન, ધન આદિના અનનુસારથી અતિઉદ્ભટ, અતિ મલિન વેશાદિનું કરણ, એ વગેરે=પૂર્વમાં વર્ણન કર્યું એ વગેરે, લોકવિરુદ્ધ આ લોકમાં અપકીર્તિ આદિને કરનાર છે જેને વાચકમુખ્ય કહે છે –

"સર્વ ધર્મચારીઓનો લોક ખરેખર આધાર છે તે કારણથી લોકવિરુદ્ધ અને ધર્મવિરુદ્ધનો ત્યાગ કરવો જોઈએ." ।।૧।। (પ્રશમરતિ-૧૩૧)

અને તેના ત્યાગમાં=લોકવિરુદ્ધના ત્યાગમાં, લોકોનો અનુરાગ અને સ્વધર્મના નિર્વાહરૂપ ગુણ થાય છે અને કહે છે –

"આમને પરિહાર કરતો=લોકવિરુદ્ધ અને ધર્મવિરુદ્ધને પરિહાર કરતો, સર્વજનને વલ્લભ થાય છે. વળી મનુષ્યનું જગવલ્લભપણું સમ્યક્ત્વરૂપ મોક્ષનું બીજ છે=સમ્યક્ત્વ ઉચિતપ્રવૃત્તિઓથી પ્રાપ્ત થાય છે અને ઉચિતપ્રવૃત્તિ કરનારા જીવો જગવલ્લભ બને છે. માટે સમ્યક્ત્વ રૂપ મોક્ષનું બીજ જગવલ્લભપણું છે."

અને હવે ધર્મવિરુદ્ધ આ પ્રમાણે છે. મિથ્યાત્વકૃત્ય=મિથ્યાત્વની પુષ્ટિ કરે એવા અસમંજસ કૃત્યો, ગાય આદિને નિર્દય તાડન-બંધનાદિ=દયા રહિત ગાય આદિને મારવું, વગેરે અને નિરાધાર એવાં જૂ અને માંકડ આદિને તડકામાં નાખવાં, મસ્તકમાં મહાકંકતનો ક્ષેપ=જૂ વગેરેના નાશ માટેના ઔષધનો ક્ષેપ. લિક્ષાસ્ફોટનાદિ=લીખ આદિને મારી નાખવાં, ઉનાળાના કાલમાં ત્રણ અને શેષકાલમાં બે જાડા-મોટા ગળણાથી સંખારાદિને સત્યાપનાદિ યુક્તિથી=બચાવવાના ઉપાયથી પાણી ગાળવામાં સમ્યક્ અપ્રવૃત્તિ તે ધર્મવિરુદ્ધ છે, એમ અન્વય છે. વળી ધાન્ય, બળતણ, શાક, તાંબૂલ, ફલાદિના શોધનાદિમાં સમ્યક્ અપ્રવૃત્તિ=જીવરક્ષાને અનુકૂળ અપ્રવૃત્તિ ધર્મવિરુદ્ધ છે. અક્ષત=તોડ્યા વગર સોપારી, ખારેક, વાલુ, ઓલિ, ફલક આદિનો મુખમાં ક્ષેપ કરવો, એ ધર્મવિરુદ્ધ છે; કેમ કે તોડ્યા વગર આખી સોપારી આદિમાં જીવોની સંભાવના રહે છે. નળથી અથવા ધારાથી જલાદિનું પાન ધર્મવિરુદ્ધ છે; કેમ કે નળ કે ધારાથી પીતી વખતે સૂક્ષ્મ ત્રસાદિ જંતુ પાણીની સાથે મુખમાં જવાની સંભાવના રહે છે. રાંધવામાં, ખાંડવામાં, પીસવામાં, ઘર્ષણમાં, મલ-મૂત્ર, શ્લેષ્મ-કોગળા આદિના ત્યાગમાં અને જલ તાંબૂલાદિના ત્યાગાદિમાં સમ્યક્ અયતના ધર્મવિરુદ્ધ છે. ધર્મકૃત્યોમાં અનાદર, દેવ-ગુરુ અને સાધર્મિકાદિમાં વિદ્વેષ ઈત્યાદિ ધર્મવિરુદ્ધ છે અને દેવદ્રવ્યનો પરિભોગ, ગુરુદ્રવ્યનો પરિભોગ અને સાધારણ દ્રવ્યનો પરિભોગ ધર્મવિરુદ્ધ છે. નિર્દ્ધર્મજીવોની સાથે સંસર્ગ=અધર્મીજીવોની સાથે સંબંધ ધર્મવિરુદ્ધ છે. ધાર્મિક જીવોનો ઉપહાસ ધર્મવિરુદ્ધ છે. કષાય બાહુલ્ય=સંસારની જીવન પ્રવૃત્તિઓમાં અસમંજસ કષાયની પ્રવૃત્તિ ધર્મવિરુદ્ધ છે. બહુ દોષવાળી વસ્તુનો ક્રય-વિક્રય=ઘણા આરંભ-સમારંભવાળી વસ્તુનો વ્યાપાર ધર્મવિરુદ્ધ છે. ખરકર્મોમાં=હિંસક કૃત્યોમાં અને પાપમય અધિકાર આદિમાં પ્રવૃત્તિ, એ વગેરે ધર્મવિરુદ્ધ છે. દેશાદિ વિરુદ્ધોનું પણ ધર્મવાળાથી આચરણામાં

ધર્મનિંદાની ઉપપત્તિ હોવાથી ધર્મવિરુદ્ધતા જ છે=જેઓ દેશ-કાલાદિની વિરુદ્ધ આચરણા કરતા હોય અને ધર્મની પ્રવૃત્તિ કરતા હોય તેઓની દેશકાલાદિ વિરુદ્ધ આચરણાથી ધર્મની નિંદા થતી હોવાને કારણે તેઓની દેશકાલાદિ વિરુદ્ધ આચરણામાં ધર્મવિરુદ્ધતાની જ પ્રાપ્તિ છે. સર્વ કથનનું નિગમન 'तदेवं'થી કરે છે. આ રીતે પાંચ પ્રકારના વિરુદ્ધનો શ્રાવકે પરિહાર કરવો જોઈએ. એ દેશાદિવિરુદ્ધનો ત્યાગ છે.

અને ઉચિત જીવોનાં ઉચિત કાર્યોનું આચરણ=કરણ ઉચિત આચરણ છે. અને તે પિત્રાદિ વિષયક નવ પ્રકારનું છે=ઉચિત એવાં પિત્રાદિ વિષયક ઉચિત કાર્ય નવ પ્રકારનાં છે. અહીં પણ સ્નેહવૃદ્ધિ કીર્તિ આદિનો હેતુ છે. તે હિતોપદેશમાલાની ગાથાઓ વડે બતાવાયું છે.

"અહીં=સંસારમાં, સામાન્ય મનુષ્યપણું હોતે છતે=બધા મનુષ્યોમાં મનુષ્યપણું સમાન હોવા છતાં, કેટલાક જે કીર્તિને પ્રાપ્ત કરે છે તે નિર્વિકલ્પ ઉચિત આચરણાનું માહાત્મ્ય તું જાણ=વિકલ્પ રહિત તે જીવની ઉચિત આચરણાનું માહાત્મ્ય જાણ." ॥૧॥

"તે વળી પિતામાં, માતામાં, ભાઈમાં, પત્નીમાં, અવચ્ચમાં અને સ્વજનમાં=પુત્રમાં અને સ્વજનમાં, ગુરુજનમાં, નાયકમાં અને પરતીર્થિકોમાં પુરુષ વડે કરવું જોઈએ=ઉચિત વર્તન કરવું જોઈએ." ॥૨॥

ત્યાં=નવ જન વિષયક, ઔચિત્યમાં પિતૃ વિષયક કાયા, વાણી અને મનને આશ્રયીને ત્રિવિધ ઔચિત્યના ક્રમને કહે છે.

"પિતાના શરીરની શુશ્રૂષા કિંકરની જેમ સ્વયં વિનયથી કરે. તેમનું વચન પણ વચનથી અપ્રતિપતિત સ્વીકારે=લેશ પણ વિકલ્પ કર્યા વગર તે તેમજ છે તે પ્રમાણે સ્વીકારે." ॥૩॥

ચરણનું ધોવું, દબાવવું, ઉત્થાપન=ઊભા કરવા, બેસાડવા આદિ રૂપ શરીરની શુશ્રૂષાને સ્વયં કરે એમ અન્વય છે. દેશ-કાલના સાત્મ્યના ઔચિત્યથી ભોજન, શયન, વસ્ત્ર અંગ રાગાદિ સંપાદનરૂપ શરીરની શુશ્રૂષાને વિનયથી કરે પરંતુ પરના આગ્રહથી કે અવજ્ઞાદિથી નહિ પરંતુ વિનયથી સ્વયં કરે=પિતાની સેવા સ્વયં કરે પરંતુ માણસો પાસે કરાવે નહિ. જે કારણથી કહેવાયું છે.

"બેઠેલા ગુરુની આગળ=પિતાની આગળ, પુત્રની જે શોભા થાય છે તે ઊંચા સિંહાસનમાં બેઠેલા પુત્રની શતાંશથી પણ ક્યાંથી હોય ! અર્થાત્ હોઈ શકે નહિ." ॥૧॥

ઉદ્ધરણના શ્લોક-૩માં રહેલા 'अपडिअं'નો અર્થ કરે છે. મુખથી અપતિત ઉચ્ચારણ કરાતો જ આદેશ પ્રમાણ આ કરે છે=પુત્ર કરે છે. એ પ્રમાણે સાદર સ્વીકારે છે પરંતુ નહિ સાંભળેલાની જેમ શિરોધૂનન, કાલક્ષેપ, અર્ધ=અડધું કાર્ય કરવું આદિ વડે અવજ્ઞા કરતો નથી.

"ચિત્ત પણ સર્વ પ્રયત્નથી સર્વ કાર્યોમાં અનુવર્તન કરે છે. જેનાથી શું પ્રાપ્ત થાય ? તે બતાવે છે. બુદ્ધિના ગુણોને પ્રાપ્ત કરે છે=પિતા પાસેથી વિનયસંપન્ન પુત્ર શુશ્રૂષા આદિ બુદ્ધિના ગુણોને પ્રાપ્ત કરે છે. કેમ પ્રાપ્ત કરે છે ? એથી કહે છે. પુત્રના વિનયગુણને અવધારણ કરીને વિવેકસંપન્ન પિતા નિજ સદ્‌ભાવનું પ્રકાશન કરે છે=પોતે જીવનમાં જે બુદ્ધિગુણોને પ્રાપ્ત કર્યા છે તે સર્વ વિનયસંપન્ન પુત્રને પ્રાપ્ત થાય તે અર્થે પ્રકાશન કરે છે. માટે વિવેકી પુત્રે સર્વ કાર્યમાં પિતાનું અનુવર્તન કરવું જોઈએ." ॥૪॥

પોતાની બુદ્ધિથી વિચારિત અવશ્ય વિધેય પણ કાર્ય તે જ આરંભ કરે છે=પુત્ર તે જ કાર્ય કરે કે જે પિતાના મનને અનુકૂળ છે. એ પ્રમાણે ભાવ છે=ઉદ્ધરણના શ્લોકના પૂર્વાર્ધનો ભાવ છે. વસ્તુતઃ વિવેકસંપન્ન પિતા હોય અને વિવેકસંપન્ન પુત્ર હોય તેઓને સામે રાખીને પ્રસ્તુત કથન છે. વિવેકસંપન્ન પુત્ર પોતાની બુદ્ધિથી ક્યું કાર્ય મારે કરવું જોઈએ ? જેથી આ લોક અને પરલોકમાં મારું હિત થાય તેમ વિચારીને કૃત્યનો પ્રારંભ કરવા ઇચ્છે છતાં સ્વમતિથી આ લોક અને પરલોકને અનુચિત કૃત્ય ન થાય તે માટે વિવેકી પિતાના મનને અનુકૂળ શું છે ? તેમ વિચારીને જ ઉચિત કાર્ય કરે એ પ્રકારનો ભાવ ઉદ્ધરણના શ્લોકના પૂર્વાર્ધનો છે. તેનાથી પુત્રને શો લાભ થાય ? તે શ્લોકના ઉત્તરાર્ધથી બતાવે છે. સકલ વ્યવહારના વિષયવાળા શુશ્રૂષાદિ બુદ્ધિના ગુણોને તે પુત્ર પ્રાપ્ત કરે છે=પિતાના અનુસરણથી પોતાના જીવનમાં અભ્યાસ કરે છે; કેમ કે ઉત્તમકુળના વિવેકસંપન્ન પિતા જીવનમાં આ લોક અને પરલોકમાં હિત કેમ થાય ? એ પ્રકારે વ્યવહારો કરીને અનુભવથી પરિણતબુદ્ધિવાળા હોય છે અને પુત્ર હજી એ પ્રકારે પરિણતબુદ્ધિવાળો થયો નથી. તેથી પોતાની બુદ્ધિથી મારે શું કરવું ઉચિત છે ? જેથી આ લોકમાં પણ ક્લેશ રહિત જીવન પ્રાપ્ત થાય. અને પરલોકમાં પણ હિત થાય તેવા ધર્મ-અર્થ અને કામની પ્રવૃત્તિ કરે છે. છતાં પિતાના મનને જાણીને તે પ્રમાણે કરે તો પિતાની પક્વ બુદ્ધિને કારણે પુત્રને પણ સ્વકૃત્ય વિષયક શુશ્રૂષાદિ બુદ્ધિના આઠ ગુણોની પ્રાપ્તિ થાય છે. કેમ પિતાથી પુત્રને બુદ્ધિના આઠ ગુણોની પ્રાપ્તિ થાય છે ? એથી કહે છે. બહુદૃષ્ટિવાળા પિતા વગેરે=પોતાના ઘણાં વર્ષોના અનુભવના બળથી પારિણામિકબુદ્ધિ પ્રગટ થઈ છે તેથી બહુદૃષ્ટિવાળા પિતા વગેરે સમ્યક્ આરાધન કરાયેલાં=પુત્ર દ્વારા સમ્યક્ આરાધન કરાયેલાં, કાર્યોના રહસ્યને પ્રકાશન કરે જ છે=પોતાના સદ્ભાવવાળાં ચિત્તના અભિપ્રાયને બતાવે છે. અર્થાત્ આવા સંયોગોમાં આ કૃત્ય કરવાથી જ આ લોકમાં અને પરલોકમાં હિત છે. એ પ્રકારના પોતાના નિર્ણય રૂપ નિજ સદ્ભાવ સ્વરૂપ ચિત્તના અભિપ્રાયને બતાવે છે. જેથી વિનયથી આરાધન કરાયેલ પિતા, પુત્રના આ લોક અને પરલોકના એકાંત હિતનું કારણ બને એ દૃષ્ટિને આશ્રયીને પિતૃ વિષયક ઔચિત્યનું સર્વ વર્ણન છે.

"પૂછીને પ્રવર્તે છે=પિતાને પૂછીને પ્રવર્તે છે. કૃત્યોનો નિષેધ કરાયેલો પુત્ર રહે છે=પ્રવૃત્તિ કરતો નથી. ખલિતમાં=અનુચિત પ્રવૃત્તિ કરવામાં કઠોર પણ કહેવાયેલો=પિતાથી કઠોર પણ કહેવાયેલો, વિનયનું ઉલ્લંઘન કરતો નથી." ॥૫॥

"તેમના=પિતાના ધર્માનુગત મનોરથોને સવિશેષ પૂરે છે. આ વગેરે ઉચિત કરણ પિતાનું છે તે પ્રમાણે જ માતાનું પણ છે." ॥૬॥

તેમના=પિતાના અને ઇતરના પણ=માતાના પણ, મનોરથોને પૂરે છે. શ્રેણિક અને ચેલ્લણાના મનોરથોને અભયકુમારે પૂર્યા તેની જેમ. સુદેવની પૂજા, ગુરુની પર્યુપાસ્તિ, ધર્મનું શ્રવણ, વિરતિની પ્રતિપત્તિ, આવશ્યક પ્રવૃત્તિ, સાત ક્ષેત્રમાં ધનનો વ્યય, તીર્થયાત્રા, દીન-અનાથનું ઉદ્ધરણ આદિ ધર્માનુગત મનોરથોને=માતા-પિતાના ધર્માનુગત મનોરથોને, સવિશેષ પૂરે છે=બહુ આદરથી પૂર્ણ કરે છે. અને અહીં=આ લોકમાં, લોકગુરુ એવા પિતા આદિમાં સુંદર પુત્રોનું આ કર્તવ્ય જ છે=પૂર્વમાં

વર્ણન કરાયેલા માતા-પિતાના ધર્માનુગત મનોરથોને સવિશેષથી પૂરવા એ કર્તવ્ય જ છે. અને અત્યંત દુષ્પ્રતિકાર એવા તેઓમાં=પિતા આદિમાં, અર્હદ્ ધર્મના સંયોજન વગર=ભગવાનના શાસનની પ્રવૃત્તિમાં પિતા આદિના સંયોજન વગર અન્ય પ્રત્યુપકારનો પ્રકાર નથી. અને તે પ્રમાણે સ્થાનાંગ સૂત્ર છે=માતા-પિતાનો ઉપકાર દુષ્પ્રતિકાર છે તે પ્રમાણે સ્થાનાંગ સૂત્ર છે.

"હે આયુષ્યમાન શ્રમણ ! ત્રણ દુષ્પ્રતિકાર છે. તે આ પ્રમાણે – ૧. માતા-પિતાનો ૨. ભર્તાનો ૩. ધર્માચાર્યનો." **(સ્થાનાંગ સૂત્ર-૩-૧-૧૩૫) ઈત્યાદિ સમગ્ર પણ આલાપક વાચ્ય છે=સ્થાનાંગ સૂત્રનો સંપૂર્ણ આલાવો ગ્રહણ કરવો.**

હવે માતા વિષયક ઔચિત્યમાં વિશેષને કહે છે.

"જે કારણથી સ્ત્રીસ્વભાવસુલહ=સ્ત્રીસહજસ્વભાવ પરાભવને વહન કરતી નથી=માતા સહન કરતી નથી. તે કારણથી ફક્ત તે=પુત્ર, અપ્રતિપતિત ભાવાનુવૃત્તિને સવિશેષ કરે છે=માતાના ભાવોનું અનુસરણ વિશેષથી કરે છે." ॥૭॥

ઉપરના ઉદ્ધરણના શ્લોકમાં 'સવિશેષ' એ પ્રમાણે કેમ કહ્યું ? એથી કહે છે. પિતાથી માતાનું પૂજ્યપણું છે=પિતાથી પણ અધિક માતા પૂજ્ય છે. તેથી માતાની ભાવાનુવૃત્તિ સવિશેષથી કરે છે. વળી જે કારણથી 'મનુ' કહે છે. તે કારણથી માતા અધિક પૂજ્ય છે એમ અન્વય છે.

"દસ ઉપાધ્યાય=એક આચાર્ય, ૧૦૦ આચાર્ય=એક પિતા, વળી હજાર પિતા=એક માતા. એથી ગૌરવથી ઉત્તર-ઉત્તરના અધિક છે." ॥૧॥ **(મનુસ્મૃતિ-૨-૧૪૫)**

"આ પણ=ઉચિત વર્તન, સહોદરમાં=ભાઈમાં, ઉચિત છે. જે કારણથી પોતાના સમાન આને=ભાઈને, નિઅઈ=જુએ છે. અથવા કનિષ્ઠ પણ=નાનોભાઈ પણ, સર્વ કાર્યોમાં જ્યેષ્ઠને=મોટાભાઈને બહુ માને છે." ॥૮॥

ઉદ્ધરણના શ્લોકમાં રહેલ 'નિઅઇ'નો અર્થ કરે છે. નિઅઇ=જુએ છે. 'જિટ્ઠં'=જ્યેષ્ઠ ભ્રાતા=મોટાભાઈ, પિતા તુલ્ય છે તેની જેમ=પિતાની જેમ, મોટાભાઈને માને છે અને

"પુઢોભાવને બતાવે નહિ=પૃથક્ભાવને બતાવે નહિ. સદ્ભાવને કહે. તેને પૂછે છે અને વ્યવહારમાં પ્રવર્તે છે=ભાઈને પૂછીને વ્યવહારમાં પ્રવર્તે છે. થોડું પણ દ્રવ્ય છુપાવતો નથી=ભાઈથી છુપાવીને પોતાનું રાખતો નથી." ॥૯॥

ઉદ્ધરણના શ્લોકના કેટલાક શબ્દો સ્પષ્ટ કરે છે. પ્રવર્તે છે=વ્યવહારમાં પ્રવર્તે છે પરંતુ અવ્યવહારમાં પ્રવર્તતો નથી. નિગૂહન કરે છે=દ્રોહબુદ્ધિથી છુપાવતો નથી પરંતુ સંકટમાં નિર્વાહ અર્થે ધનનિધિને કરે જ છે=ધનના સંગ્રહને કરે જ છે. અર્થાત્ ભાઈની સાથે વિવેકપૂર્વક ઉચિત વ્યવહાર કરવાથી ક્લેશની અપ્રાપ્તિ થાય તેના માટે ધર્મી શ્રાવકે શું કરવું જોઈએ ? તે બતાવતાં કહે છે. પોતે જુદો છે તે પ્રકારનો ભાવ ભાઈને ક્યારેય બતાવે નહિ અને વ્યવહારમાં સર્વત્ર સદ્ભાવથી તેને કહે. તેને પૂછીને ઉચિત વ્યવહારમાં પ્રવૃત્તિ કરે પરંતુ અનુચિત વ્યવહારમાં ભાઈ કહે તોપણ પ્રવર્તે નહિ. અને દ્રોહબુદ્ધિથી થોડું પણ ધન ભાઈથી છુપાવે નહિ પરંતુ ભાઈ વિવેકસંપન્ન ન હોય તો સંકટ સમયે નિર્વાહ માટે ભાઈથી ગુપ્ત રાખીને પણ ધનનો સંચય કરે છે.

કુસંસર્ગ આદિથી અવિનીત ભાઈ હોતે છતે શું કરવું જોઈએ ? એથી કહે છે.

"અવિનીતનું=કુસંસર્ગથી અવિનીત એવા ભાઈનું, અનુવર્તન કરે છે=કઈ રીતે ભાઈ માર્ગમાં આવે ? એ રીતે ઉચિત અનુવર્તન કરે છે. એકાંતમાં મિત્રોથી ઉપાલંભ=ઠપકો આપે છે. સ્વજનજનથી અન્યના વ્યપદેશથી શિક્ષાને અપાવે છે=આવું જે અકાર્ય કરે તે અનુચિત છે. એ પ્રકારે અન્યના વ્યપદેશથી સ્વજનોને કહીને તે ભાઈને શિક્ષા અપાવે છે." ॥૧૦॥

"હૃદયમાં સ્નેહવાળો પણ તેના ઉપર=અવિનીત ભાઈ ઉપર, પોતાનો ક્રોધ પ્રગટ કરે છે. અછદ્મ પ્રીતિપદ=હૈયાની પ્રીતિવાળો એવો પોતે, પ્રતિપન્ન વિનયમાર્ગવાળા એવા તેને બોલાવે છે=ભાઈને સ્નેહથી બોલાવે છે." ॥૧૧॥

ઉપરના ઉદ્ધરણના શ્લોકના કેટલાક શબ્દોનો અર્થ કરે છે. અછદ્મ=નિશ્ચિત પ્રેમવાળો, આ રીતે પણ=શ્લોકમાં કહ્યું એ રીતે પણ, અગૃહીત વિનયવાળા તે ભાઈને જોઈને આ આની પ્રકૃતિ છે એ પ્રમાણે જાણતો છતો ઉદાસીન જ રહે છે=ઉપેક્ષા કરે છે.

"તેની=ભાઈનાં પત્ની-પુત્રાદિમાં અને સાવક્કંમિ=અપર માતાવાળા ભાઈમાં સમાન દૃષ્ટિવાળો દાન-સન્માન કરે છે=પોતાનાં પત્ની-પુત્રાદિની જેમ દાન-સન્માન કરે છે. આનાથી=પોતાનાં પત્ની-પુત્રાદિથી, સર્વ પણ સવિશેષ કરે છે." ॥૧૨॥

ઉદ્ધરણના શ્લોકના કેટલાક શબ્દોનો અર્થ કરે છે. સમદિટ્ઠિ=સ્વપત્ની-પુત્રાદિની જેમ સમાન દૃષ્ટિ સાવક્કંમિ=અપરમાતા છે જેને એવા ભાઈમાં, ત્યાં થોડું પણ અંતર વ્યક્ત કરાયે છતે તેનું વિપરીત ચિત્ત અને જનઅપવાદ થાય, (તે ન થાય) માટે સર્વ પણ વિશેષ કરવું જોઈએ એમ અન્વય છે. આ રીતે પિતા તુલ્યમાં, માતા તુલ્યમાં અને ભાઈ તુલ્યમાં પણ યથાયોગ્ય ઔચિત્યનો વિચાર કરવો જોઈએ, જે કારણથી કહેવાયું છે.

"પિતા અને ઉપકર્તા=ઉપકારી, વળી જે વિદ્યાને દેનાર, અન્નને આપનાર અને પ્રાણને દેનાર આ પાંચ પિતા કહેવાયા છે." ॥૧॥

"રાજાની પત્ની, ગુરુની પત્ની અને પત્નીની માતા તે પ્રમાણે સ્વમાતા અને ઉપમાતા=ઉછેર કરનાર માતા, આ પાંચ માતા કહેવાઈ છે." ॥૨॥

"સહોદર=ભાઈ, સહાધ્યાયી, મિત્ર અથવા રોગમાં પાલન કરનાર, માર્ગમાં વાણીનો મિત્ર જે છે એ પાંચ ભાઈઓ કહેવાયા છે." ॥૩॥

અને ભાઈઓથી પરસ્પર ધર્મકાર્યના વિષયમાં સ્મારણાદિ સમ્યક્ કરાવવું જોઈએ=ઉચિત ધર્મકાર્યો કરાવવાનું સ્મરણ કરાવું જોઈએ. પ્રમાદ કરનારને પ્રેરણા કરવી જોઈએ અને યોગ્ય ઉપાય દ્વારા ધર્મકાર્યમાં સ્થિર કરવો જોઈએ, જે કારણથી કહેવાયું છે.

"પ્રમાદના અગ્નિથી બળતા એવા ભવગૃહ મધ્યમાં મોહનિદ્રાથી સૂતેલાને ઉઠાડે છે તે તેનો પરમબંધુ જન છે." ॥૧॥

માટે ભાઈઓએ ધર્મકાર્ય વિષયમાં પોતાના ભાઈને સ્મારણાદિ કરાવવું જોઈએ એમ યોજન છે.

ભાઈઓની જેમ મિત્રમાં પણ આ રીતે જ અનુસરવું જોઈએ=ધર્મકાર્યના વિષયમાં સ્મારણ આદિ કરાવવા રૂપે અનુસરણ કરવું જોઈએ.

"આ રીતે ભાઈ વિષયક ઉચિત છે=પૂર્વમાં કહ્યું એ રીતે ભાઈ વિષયક ઉચિત છે. પત્ની વિષયક પણ કંઈક અમે કહીએ છીએ. સપ્રણયવચનના સન્માનથી=લાગણીપૂર્વકના વચનના સન્માનથી, તેણીને=પત્નીને સન્મુખ કરે=ધર્મને અભિમુખ કરે." ।।૧૩।।

"શુશ્રુષાદિમાં પ્રવર્તાવે. વસ્ત્ર-આભરણ આદિ સમુચિત આપે. જનસંમર્દવાળા=લોકોના સમૂહવાળા, નાટકપ્રેક્ષણ આદિમાં વારણ કરે=પત્નીને વારણ કરે." ।।૧૪।।

"રાત્રિમાં પ્રચારને કરે=રાત્રિમાં બહિર્ગમનને રોકે. કુશીલ=પાખંડીના સંસર્ગનું અપનયન કરે=કુશીલ-પાખંડીના સંસર્ગથી દૂર રાખે. ગૃહકાર્યોમાં નિયોજન કરે. પોતાની સાથે વિયોગ ન કરાવે=પોતાની સાથે પત્નીને વિયોગ ન કરાવે." ।।૧૫।।

ઉદ્ધરણના શ્લોકના કેટલાક શબ્દોનો અર્થ કરે છે.

રાત્રિમાં રાજમાર્ગ, બીજાનાં ઘરોમાં ગમન આદિ રૂપ પ્રચારનો નિરોધ કરે અને ધર્મ આવશ્યકાદિ પ્રવૃત્તિ નિમિત્ત માતા-ભગિની આદિ સુશીલ, લલિત સમૂહ એવા સ્ત્રીના મધ્યગત જવા માટે અનુજ્ઞા આપે જ, વિયોગ કરાવે નહિ. જે કારણથી દર્શનાચાર પ્રાયઃ પ્રેમ છે=પ્રતિદિન પરસ્પરના દર્શનથી પ્રેમ સચવાય છે, જે કારણથી કહેવાયું છે.

"અવલોકનથી, આલાપનથી, ગુણના કીર્તનથી, દાનથી, છંદથી=ઇચ્છાથી, વર્તમાનને નિર્ભર પ્રેમ થાય છે=અત્યંત પ્રેમ થાય છે." ।।૧।।

"અદર્શનથી, અતિદર્શનથી, જોયેલાને નહિ બોલાવવાથી, માનને વશ અને અપમાનથી પાંચ પ્રકારે પ્રેમ દૂર થાય છે." ।।૨।।

"અપમાનને પ્રકાશિત ન કરે=પોતાનું વડીલ આદિ કોઈનાથી થયેલા અપમાનનું પત્ની આગળ પ્રકાશન કરે નહિ. સ્ખલિતમાં=કોઈક અપરાધમાં, શિક્ષા આપે=પત્નીને ઉચિતબોધ કરાવે. કુપિત એવી પત્નીને અનુનયન કરે=શાંત કરે. ધનહાનિના અને વૃદ્ધિના સ્થાન અંતરંગ વ્યતિકરને પ્રગટ કરે નહિ." ।।૧૬।।

ઉદ્ધરણ-૧૬ના કેટલાક શબ્દોનો અર્થ સ્પષ્ટ કરે છે. નિર્હેતુક અપમાનને=કોઈનાથી થયેલ અપમાનને આને=સ્ત્રીને, પ્રદર્શિત કરે નહિ. સ્ખલિતમાં=કોઈક અપરાધમાં, અત્યંત શિક્ષા આપે. અને કુપિત એવી સ્ત્રીને અનુનયન કરે=શાંત કરે. અન્યથા સહસાકારીપણાને કારણે કૂવામાં પાતાદિ પણ અનર્થને કરે. ધનહાનિના વ્યતિકરને=વ્યવસાયમાં ધનાદિની હાનિ થઈ હોય તે પ્રસંગને પત્ની પાસે પ્રગટ કરે નહિ. વળી ધનહાનિના પ્રસંગને પ્રગટ કરાયે છતે તુચ્છપણાને કારણે સર્વત્ર તે વૃત્તાંતને સ્ત્રી અભિવ્યક્ત કરે છે. અને ધનવૃદ્ધિના વ્યતિકરને વ્યક્ત કરાયે છતે=કોઈક રીતે વિશેષ ધન પ્રાપ્ત થાય અને પત્નીને કહેવામાં આવે તો નિરર્ગલવ્યયમાં પ્રવર્તે છે=અત્યંત ધનવ્યયમાં સ્ત્રી પ્રવર્તે છે. તેથી જ ઘરમાં સ્ત્રીનું પ્રાધાન્ય કરવું જોઈએ નહિ.

"સુકુલગત=સુકુલમાં ઉત્પન્ન થયેલ, પરિણત વયવાળી=પ્રૌઢા, માયા વગર ધર્મમાં નિરત સમાન ધર્મવાળી સ્વજન સ્ત્રીઓ સાથે પ્રીતિને પ્રાપ્ત કરાવે=પોતાની પત્નીને સ્વજન સ્ત્રીઓ સાથે પ્રીતિ પ્રાપ્ત કરાવે." ॥૧૭॥

ઉદ્ધરણના શ્લોક-૧૭માં રહેલ 'પાઉણઇ' શબ્દનો અર્થ પ્રાપ્ત કરાવે છે.

"રોગાદિમાં ઉપેક્ષા કરે નહિ=રોગાદિમાં પત્નીની ઉપેક્ષા કરે નહિ. ધર્મકાર્યોમાં સુસહાય થાય. આ વગેરે પત્નીગત પ્રાયઃ પુરુષને ઉચિત છે." ॥૧૮॥

"વળી પુત્ર પ્રત્યે ઉચિતને કહે છે. બાળપણમાં પ્રીતિથી લાલન કરે=પાલન કરે. ઉન્મીલિતબુદ્ધિગુણવાળા પુત્રને= પ્રગટ થયેલા બુદ્ધિના ગુણવાળા પુત્રને, ક્રમસર કલાઓમાં કુશલ કરે." ॥૧૯॥

"ગુરુનો, દેવનો, ધર્મનો, સુખી સ્વજનનો પરિચય નિત્ય પણ પુત્રને કરાવે. ઉત્તમલોકોની સાથે મૈત્રીભાવને રચાવે=ઉત્તમલોકો સાથે પુત્રની મિત્રતા કરાવે." ॥૨૦॥

"સમાન કુલમાં જન્મેલ રૂપવાળી કન્યાનું પાણિગ્રહણ કરાવે. ઘરના ભારમાં યોજન કરે. ક્રમસર પ્રભુપણાને વિતરણ કરે=પુત્રને ઘરનો સ્વામી બનાવે." ॥૨૧॥

"પ્રત્યક્ષ પ્રશંસા કરે નહિ. વ્યસનથી ઉપહતોની દુરવસ્થાને કહે=વ્યસનમાં પડેલા જીવોને સંસારમાં ક્યા પ્રકારની ખરાબ અવસ્થા આવે છે તેનું કથન કરે. પોતાના સ્વમાનને ધારણ કરતો આયવ્યય અને અવશેષનું પુત્ર પાસેથી શોધન કરે છે=પોતાનું પુત્રો ઉપર પ્રભુત્વ રહે તે માટે પુત્ર જે ખર્ચ કરે, વ્યય કરે કે જે ધનસંચય કરે તેની પૃચ્છા કરે." ॥૨૨॥

"પ્રત્યક્ષમાં ગુરુ સ્તુત્ય છે. પરોક્ષમાં મિત્ર અને બાંધવો સ્તુત્ય છે. કૃત્યના અંતમાં દાસ અને નોકરો સ્તુત્ય છે. પુત્ર સ્તુત્ય નથી જ. મરેલી સ્ત્રી સ્તુત્ય છે=સ્ત્રીના મૃત્યુ પછી સ્ત્રી સ્તુત્ય છે." ॥૧॥

એ પ્રકારનું વચન હોવાથી પુત્રની પ્રશંસા યુક્ત નથી. અન્યથા નિર્વાહાદર્શનાદિ હેતુથી જો કરે= પુત્રની પ્રશંસા ન કરવામાં આવે તો પુત્ર પોતાનો નિર્વાહ કરે તેમ નથી કે પોતાની સન્મુખ પણ જોવે તેમ નથી એવા કારણે જો તેની પ્રશંસા કરે તોપણ પ્રત્યક્ષ કરે નહિ; કેમ કે ગુણવૃદ્ધિનો અભાવ, અભિમાન આદિ દોષોની પુત્રને પ્રાપ્તિ છે. જુગાર આદિ વ્યસનીઓના નિર્ધનત્વ, ત્યત્કાર=તિરસ્કાર, તર્જન, તાડન આદિ દુરવસ્થાનું શ્રવણ કરાયે છતે, તેઓ પણ=પુત્રો પણ, વ્યસનમાં પ્રવર્તતા નથી જ. આયવ્યય અને વ્યયથી ઉત્કલિત=બચાવેલું, શેષ પુત્રો પાસેથી શોધન કરે છે=પુત્રોને પૃચ્છા કરે છે. એ રીતે=પુત્રો પાસેથી આયવ્યય આદિનો હિસાબ ગ્રહણ કરે એ રીતે, પોતાનું અપ્રભુપણું અને પુત્રોનું સ્વચ્છંદપણું દૂર કરાયેલું થાય છે.

"રાજાની સભાનો પરિચય કરાવે=પુત્રને પરિચય કરાવે. દેશાંતરભાવોનું પ્રગટન કરે=ક્યા ક્યા દેશમાં કેવા કેવા વ્યાપારો વગેરે કરવાથી ધનાદિની પ્રાપ્તિ થાય છે ઇત્યાદિ પ્રગટ કરે. એ વગેરે પુત્રગત પિતાનું ઉચિત જાણવું." ॥૨૩॥

"સ્વજનોમાં આ સમુચિત છે. જે કારણથી તેઓ=સ્વજનો, પોતાના ઘરની વૃદ્ધિનાં કાર્યોમાં સદા પણ સન્માન કરાવા જોઈએ=પુત્રાદિના જન્મ આદિ પ્રસંગમાં સન્માન કરાવા જોઈએ. વળી, હાનિમાં સમીપ કરાવા જોઈએ=આપત્તિમાં રહેલા સ્વજન આદિને સહાય કરવી જોઈએ." ॥૨૪॥

ઉદ્ધરણના શ્લોક-૨૪ના કેટલાક શબ્દોનો અર્થ સ્પષ્ટ કરે છે.

પુરુષોને પિતૃપક્ષથી, માતૃપક્ષથી, પત્નીપક્ષથી ઉદ્‌ભવ પામેલાં સ્વજનો છે. વૃદ્ધિકાર્યો પુત્ર-જન્માદિ પ્રસંગો છે. તે પ્રસંગોમાં સ્વજનોનું સન્માન કરાવું જોઈએ એમ ઉદ્ધરણના શ્લોક સાથે સંબંધ છે.

"સ્વયં પણ વ્યસન ઉપગત એવા તેઓમાં=આપત્તિને પામેલા એવા સ્વજનોમાં, સદા તેઓની પાસે થવું જોઈએ=આપત્તિમાં સદા સ્વજનોનો ખ્યાલ રાખવો જોઈએ. ક્ષીણ વિભવવાળા, રોગથી યુક્ત એવા તેઓનું=સ્વજન આદિનું, ઉદ્ધરણ કરવું જોઈએ=ઉદ્ધાર કરવો જોઈએ." ॥૨૫॥

"પીઠના માંસને ખાવું જોઈએ નહિ=સ્વજનની હાજરી ન હોય ત્યારે તેઓની નિંદા કરવી જોઈએ નહિ. અને તેઓ સાથે શુષ્ક કલહ કરવો જોઈએ નહિ=હાસ્યાદિ કરવાં જોઈએ નહિ. તેઓના અમિત્રોની સાથે=દુશ્મનોની સાથે, મૈત્રી કરવી જોઈએ નહિ. મિત્રોની સાથે=તેઓના મિત્રોની સાથે, મૈત્રી કરવી જોઈએ." ॥૨૬॥

ઉદ્ધરણના શ્લોક-૨૬માં રહેલ 'શુષ્ક કલહ' શબ્દનો અર્થ ઝઘડો નથી પરંતુ હાસ્યાદિ દ્વારા મશ્કરી કરવા રૂપ શુષ્ક કલહ સ્વજનો સાથે કરવો જોઈએ નહિ.

"તેના અભાવમાં=સ્વજનના અભાવમાં, તેના ઘરે જાય નહિ. અર્થ સંબંધનો ત્યાગ કરે=સ્વજનની સાથે ધનની લેવડ-દેવડનો સંબંધ ત્યાગ કરે. ગુરુનાં, દેવનાં, ધર્મનાં કાર્યોમાં એકચિત્તપણાથી થવું જોઈએ=સ્વજનો સાથે થવું જોઈએ." ॥૨૭॥

ઉદ્ધરણના શ્લોક-૨૭માં રહેલ 'वइज्ज' શબ્દનો અર્થ જાય નહિ=સ્વજનના ઘરમાં જાય નહિ.

"આ વગેરે સ્વજનને ઉચિત છે. હવે ધર્માચાર્યને ઉચિત અમે કહીએ છીએ. ભક્તિ-બહુમાનપૂર્વક તેઓને=ધર્માચાર્યને, ત્રિસંધ્યા પણ પ્રણિપાત કરવો જોઈએ." ॥૨૮॥

"અને તેમણે બતાવેલ નીતિથી=વિધિથી, આવશ્યક વગેરે કૃત્ય કરવું જોઈએ. ધર્મોપદેશનું શ્રવણ તેમની પાસે શુદ્ધ શ્રદ્ધાથી કરવું જોઈએ." ॥૨૯॥

"આદેશને=ધર્માચાર્યના આદેશને, બહુમાનપૂર્વક સ્વીકારવો જોઈએ. મનથી પણ એમનો=ધર્માચાર્યનો, અવર્ણવાદ કરે નહિ. અવર્ણવાદનો રોધ કરે. હંમેશાં પણ સ્તુતિવાદને પ્રવર્તાવે." ॥૩૦॥

"છિદ્રપેક્ષી થાય નહિ=ધર્માચાર્યનાં છિદ્રો જોનારો થાય નહિ. મિત્રની જેમ સુખ-દુઃખમાં અનુવર્તન કરે=ધર્માચાર્યની ચિંતા કરે, પ્રત્યનીકના પ્રત્યપાયને=અનર્થોને સર્વ પ્રયત્નથી વારે." ॥૩૧॥

ઉદ્ધરણના શ્લોક-૩૧માં રહેલા 'सुहिव्व'નો અર્થ કરે છે. સુહૃદની જેમ અનુવર્તન કરે.

"ખલિતમાં=સ્ખલનામાં, ગુરુજનથી પ્રેરણા કરાયેલો સર્વ પણ તે પ્રકારે માને=જે પ્રમાણે ધર્માચાર્ય કહે તે પ્રમાણે સ્વીકારે. પ્રમાદથી સ્ખલિત હોતે છતે એકાંતમાં ગુરુજનને પણ પ્રેરણા કરે." ॥૩૨॥

चोएइ=ગુરુજનને પ્રેરણા કરે. એ અર્થ સ્પષ્ટ કરે છે. હે ભગવન્ ! સત્ચારિત્રવાળા ત્યાં વર્તતા આપને શું આ ઉચિત છે ? ઇત્યાદિ પ્રેરણા કરે.

"ભક્તિથી સમયને સમુચિત સર્વ વિનય ઉપચારને કરે. હૃદયમાં માયા રહિત ગાઢ ગુણાનુરાગને વહન કરે છે." ॥૩૩॥

ઉદ્ધરણ શ્લોક-૩૩માં રહેલ 'सव्वं'નો અર્થ સ્પષ્ટ કરે છે. સન્મુખ આગમન, અભ્યુત્થાન, આસનદાન, સંવાહન=પગ દબાવવા વગેરે અને શુદ્ધ વસ્ત્ર-પાત્ર-આહાર વગેરેના પ્રદાનાદિ સર્વ સમયને ઉચિત ભક્તિથી કરે છે, એમ અન્વય છે.

"એમનો=ધર્માચાર્યનો, ભાવ ઉપકાર દેશાંતરમાં ગયેલો પણ શ્રાવક સદા સ્મરણ કરે છે. આ વગેરે ગુરુજનને સમુચિત એવું ઉચિત જાણવું." ।।૩૪।।

ઉદ્ધરણના શ્લોક-૩૪માં રહેલ 'ભાવોપકાર' શબ્દનો અર્થ સમ્યક્ત્વદાનાદિ છે.

"જે નગરમાં સ્વયં વસે છે ત્યાં જ ખરેખર સમાનવૃત્તિવાળા જેઓ વસે છે તેઓ નાયરયા=નાગરિકો, કહેવાય છે." ।।૩૫।।

ઉદ્ધરણના શ્લોક-૩૫માં રહેલ સ્વસમાનવૃત્તિવાળાનો અર્થ વણિકવૃત્તિથી જીવનારા કર્યો છે.

"તેઓના વિષયમાં=નાગરિકોના વિષયમાં, આ સમુચિત છે. જે કારણથી એક ચિત્તવાળા, સમસુખદુઃખવાળા, વ્યસન અને ઉત્સવમાં તુલ્ય ગમનાગમનવાળા એવા તેઓની સાથે નિત્ય પણ વર્તવું જોઈએ=સમાન રીતે વર્તવું જોઈએ=સમાન વ્યવસાય કરનારા નાગરિકોની સાથે-એકચિત્તથી સમસુખદુઃખપણાથી અને આપત્તિ-ઉત્સવમાં સમાન ગમનાગમનથી નિત્ય વર્તવું જોઈએ." ।।૩૬।।

"કાર્યમાં પણ એકલાથી પ્રભુનું=રાજાનું, દર્શન કરવું જોઈએ નહિ. મંત્રભેદ કરવો જોઈએ નહિ=કોઈની ગુપ્ત વાત પ્રગટ કરવી જોઈએ નહિ. પેસુન્ન=ચાડીનો પરિહાર કરવો જોઈએ." ।।૩૭।।

"ક્ષણ ઉપસ્થિત વિવાદમાં તુલાની સમાન થવું જોઈએ=પક્ષપાતી થયા વગર ઉચિત ન્યાયમાં યત્ન કરવો જોઈએ. કારણથી સાક્ષી થવા દ્વારા ન્યાયમાર્ગનો ત્યાગ કરવો જોઈએ નહિ." ।।૩૮।।

ઉદ્ધરણના શ્લોક-૩૮માં રહેલ 'કારણ'નો અર્થ કરે છે. સ્વજન સંબંધી, અને જ્ઞાતિ સંબંધી લાંચ કે ઉપકારાદિ સાપેક્ષથી નયમાર્ગ=ઉચિતમાર્ગ, ત્યાગ કરવો જોઈએ નહિ=કારણે સાક્ષી થવું પડે ત્યારે આ સ્વજન છે, આ સંબંધી છે, આ જ્ઞાતિવાળો છે ઈત્યાદિ સ્વીકારીને તેના લાંચ કે ઉપકારાદિની અપેક્ષાથી નીતિમાર્ગનો ત્યાગ કરવો જોઈએ નહિ પરંતુ મધ્યસ્થતાપૂર્વક સત્યનો પક્ષપાત કરવો જોઈએ.

"બલવાન વડે દુર્બળજનનો શુલ્કકરાદિ વડે અભિભવ કરવો જોઈએ નહિ. થોડા અપરાધ દોષમાં પણ દંડભૂમિએ લઈ જવો જોઈએ નહિ." ।।૩૯।।

ઉદ્ધરણના શ્લોક-૩૯માં રહેલ શુલ્કકરાદિનો અર્થ સ્પષ્ટ કરે છે. શુલ્કકર આધિક્ય નૃપદંડાદિ વડે પીડાતા લોકો પરસ્પર વિરક્ત થયેલા સંહતિને=સમૂહને, છોડે છે. પરંતુ તે=સંહતિને છોડવી જોઈએ નહિ; કેમ કે સંહતિ જ શ્રેયસ્કારી છે. અર્થાત્ કોઈ રાજાનો અધિકારી હોય અને તે પણ બલવાન હોય અને દુર્બલ એવી પ્રજા ઉપર દંડાદિ કર ગ્રહણ કરે અને અલ્પ અપરાધમાં આધિક્યને કારણે રાજાદિ પાસે દંડાદિ અપાવે. એ રીતે દુર્બલ જનનો અભિભવ કરવો જોઈએ નહિ અને થોડા અપરાધમાં તેને દંડ આપવા માટે રાજાદિ પાસે લઈ જવો જોઈએ નહિ; કેમ કે આ રીતે દંડના, કર

આદિના આધિક્યને કારણે રાજાદિના દંડાદિથી પીડાતા લોકો પરસ્પર વિરક્તભાવવાળા થાય છે. તેથી પરસ્પર ઉચિત રીતે મળીને હિત કરી શકતા નથી. માટે દયાળુ શ્રાવકે તે સર્વ નાગરિકો સાથે ઉચિત વર્તન કરવું જોઈએ.

"તે કારણથી अप्पहिअं अहिलसंतेहिं=આત્મહિતને ઇચ્છતા એવા જીવોએ, કારણિકોની સાથે=રાજ્યના અધિકારીઓની સાથે, અર્થનો સંબંધ કરવો જોઈએ નહિ. વળી રાજાની સાથે શું કહેવું ? અર્થાત્ રાજાની સાથે પણ અર્થનો સંબંધ કરવો જોઈએ નહિ." ।।૪૦।।

"આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, પરસ્પર નાગરિકોનું પ્રાયઃ કરીને સમુચિત આચરણ છે. હવે પરતીર્થિકોનું સમુચિત આચરણ લેશથી કંઈક અમે કહીએ છીએ." ।।૪૧।।

"સ્વગૃહમાં ભિક્ષા માટે ઉપસ્થિત થયેલા આ તીર્થિકોનું=પરતીર્થિકોનું, ઉચિત કૃત્ય કરવું જોઈએ. વિશેષથી રાજપૂજિત એવા પરતીર્થિકોનું ઉચિત કૃત્ય કરવું જોઈએ." ।।૪૨।।

ઉદ્ધરણના શ્લોક-૪૨માં રહેલ ઉચિતકૃત્યનો અર્થ યથાયોગ્ય દાનાદિ છે.

"જો કે મનમાં ભક્તિ નથી. અને તદ્ગત ગુણોમાં પક્ષપાત નથી તોપણ ઘરમાં આવેલાઓના વિષયમાં ગૃહસ્થનો આ ધર્મ ઉચિત છે." ।।૪૩।।

ઉદ્ધરણના શ્લોક-૪૩માં રહેલ કેટલાક શબ્દનો અર્થ સ્પષ્ટ કરે છે.

પક્ષપાત=અનુમોદના, ધર્મ=આચાર=ગૃહસ્થનો આ આચાર છે.

"અને વ્યસનમાં પડેલા=આપત્તિમાં મૂકાયેલા, ઘરમાં આવેલાઓનું સમુદ્ધરણ ઉચિત છે. દુઃખીઓની દયા એ સર્વના વિષયમાં સમાન ધર્મ છે." ।।૪૪।।

ઉદ્ધરણના શ્લોક-૪૪માં રહેલ 'ઉચિત' શબ્દનો અર્થ સ્પષ્ટ કરે છે. પુરુષની અપેક્ષાએ મધુર આલાપ-આસન નિમંત્રણા કાર્યનો અનુયોગ તેના નિર્માણ આદિ નિપુણો વડે ઉચિત આચરવા જોઈએ. અન્યત્ર પણ કહેવાયું છે.

"સર્વત્ર ઉચિતકરણ, ગુણાનુરાગ, જિનવચનમાં રતિ, અગુણવાળા જીવોમાં=ગુણ રહિત જીવોમાં, મધ્યસ્થ સમ્યગ્દૃષ્ટિનાં લિંગો છે." ।।૧।।

"સમુદ્ર મર્યાદાને છોડતો નથી. પર્વતો પણ ચલાયમાન થતા નથી. ક્યારેય પણ ઉત્તમપુરુષો ઉચિત આચરણાનું ઉલ્લંઘન કરતા નથી." ।।૪૫।।

"તે કારણથી જ જગત્ગુરુ તીર્થંકરો પણ ગૃહસ્થાવાસમાં માતા-પિતાદિનું ઉચિત અભ્યુત્થાનાદિ કરે છે." ।।૪૬।।

આ પ્રકારે=અત્યાર સુધી વર્ણન કર્યું એ પ્રકારે, નવ પ્રકારથી ઔચિત્ય છે. અને એ રીતે=ઔચિત્યથી સર્વત્ર પ્રવૃત્તિ કરવી જોઈએ એ રીતે, વ્યવહારશુદ્ધિ આદિથી અર્થનું ઉપાર્જન વિશેષથી ગૃહસ્થધર્મ છે. એ પ્રકારનો નિષ્કર્ષ છે. ।।૬૩।।

ભાવાર્થ :-

શ્રાવક સદ્‌ગુરુ પાસે ધર્મશ્રવણ કરે. ત્યાર પછી આહારાદિ માટે તેમને નિમંત્રણા કરે. ત્યાર પછી ઉચિતસ્થાને જઈને ધર્મને અવિરુદ્ધ અર્થ-અર્જન કરે એમ શ્લોકમાં કહ્યું. એથી ધર્મથી અવિરુદ્ધ અર્થ-ઉપાર્જનની વિધિ સાથે શ્રાવકે સ્વજનો સાથે કઈ રીતે ઉચિત વર્તન કરવું જોઈએ જેથી ક્લેશ ન થાય તેનું વિસ્તારથી પ્રસ્તુત શ્લોકમાં વર્ણન કરેલ છે અને અર્થ ઉપાર્જનમાં પણ કઈ રીતે અલ્પ આરંભ-સમારંભ થાય કે જેથી ક્લિષ્ટ કર્મબંધ ન થાય તેની વિચારણા ગ્રંથકારશ્રીએ કરેલ છે. તેથી વિવેકસંપન્ન શ્રાવકે ક્લેશ પરિહાર અર્થે અને સર્વત્ર ઉચિતપ્રવૃત્તિ કરવાર્થે શું શું ઉચિત કરવું જોઈએ તેનું નિપુણ પ્રજ્ઞાથી ભાવન કરવું જોઈએ. જેથી ગૃહસ્થજીવનમાં પણ અસમંજસ કષાય થાય નહિ. અને સ્વભૂમિકાનુસાર ઉચિતપ્રવૃત્તિ કરવાની નિર્મળ પ્રજ્ઞા પ્રગટે તે પ્રકારનું પ્રસ્તુત ગાથાના વર્ણનનું તાત્પર્ય છે. **॥૬૩॥**

અવતરણિકા :-

साम्प्रतं मध्याह्नादिविषयं यत्कर्त्तव्यं तद्दर्शयन्नाह –

અવતરણિકાર્થ :-

મધ્યાહ્ન આદિ વિષયક જે કર્તવ્ય છે=શ્રાવકનાં જે ઉચિત કર્તવ્ય છે તેને બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

मध्याह्नेऽर्चा च सत्पात्रदानपूर्वं तु भोजनम् ।
संवरणकृतिस्तद्विज्ञैः, सार्द्धं शास्त्रार्थचिन्तनम् ।।६४।।

અન્વયાર્થ :-

च=વળી, मध्याह्ने अर्चा=મધ્યાહ્નમાં ભગવાનની પૂજા, सत्पात्रदानपूर्वं तु=સત્પાત્રદાનપૂર્વક જ, भोजनम्=ભોજન કરે, संवरणकृतिः=ભોજન કર્યા પછી ઉચિત પચ્ચકખાણ કરવું, तद् विज्ञैः=તેના જાણનારાઓની સાથે=શાસ્ત્રને જાણનારાઓની સાથે, शास्त्रार्थचिन्तनम्=શાસ્ત્રાર્થનું ચિંતન, શ્રાવકે કરવું જોઈએ. ॥૬૪॥

શ્લોકાર્થ :-

વળી, મધ્યાહ્નમાં અર્ચા=ભગવાનની પૂજા, સત્પાત્રદાનપૂર્વક જ ભોજન કરે, સંવરણની કૃતિ=ભોજન કર્યા પછી ઉચિત પચ્ચકખાણ કરવું જોઈએ. તેના જાણનારાઓની સાથે=શાસ્ત્રને જાણનારાઓની સાથે શાસ્ત્રાર્થનું ચિંતન શ્રાવકે કરવું જોઈએ. ॥૬૪॥

टीका :-

'मध्याह्ने' मध्याह्नकाले, 'चः' पुनरर्थे, पूर्वोक्तविधिना विशिष्य च प्रधानशाल्योदनादिनिष्पन्न-विशेषरसवतीढौकनादिना द्वितीयवारमित्यर्थः, 'अर्चा' पूजा श्रावकाधिकारप्रस्तावाज्जिनपूजा विशेषतो गृहिधर्मो भवतीत्यन्वयः, एवमग्रेऽपि, तथा सत्पात्रं साध्वादि, तस्मिन्, दानपूर्वं=दानं दत्त्वेत्यर्थः, 'भोजनम्' अभ्यवहरणम् 'तुः' एवकारार्थस्ततः सत्पात्रदानपूर्वमेव भोजनमिति निष्कर्षः, अन्वयस्तूक्त एव, अत्र च भोजनमित्यनुवादः, माध्याह्निकपूजाभोजनयोश्च न कालनियमः, तीव्रबुभुक्षोर्हि बुभुक्षाकालो भोजनकाल इति रूढेर्मध्याह्नादर्वागपि गृहीतं प्रत्याख्यानं तीरयित्वा देवपूजापूर्वकं भोजनं कुर्वन्न दुष्यति अत्र चायं विधिः-भोजनवेलायां साधून्निमन्त्र्य तैः सह गृहमायाति, स्वयमागच्छतो वा मुनीन् दृष्ट्वा सम्मुखं गमनादिकं करोति, साधूनां हि प्रतिपत्तिपूर्वकं प्रतिलम्भनं न्याय्यं श्रावकाणाम्, सा चेत्थं योगशास्त्रे–

"अभ्युत्थानं तदाऽऽलोकेऽभियानं च तदागमे ।
शिरस्यञ्जलिसंश्लेषः, स्वयमासनढौकनम् ।।१।।"
'आसनाभिग्रहो भक्त्या, वन्दना पर्युपासनम् ।
तद्यानेऽनुगमश्चेति, प्रतिपत्तिरियं गुरोः ।।२।।" **[३-१२५-६]**

दिनकृत्येऽपि–

"आसणेण निमंतेत्ता, तओ परिअणसंजुओ ।
वंदए मुणिणो ताहे, खंताइगुणसंजुए ।।१।।" **[श्राद्धदिनकृत्ये १७३]**

एवं प्रतिपत्तिं विधाय सविनयं संविग्नाऽसंविग्नभावितक्षेत्रं १ सुभिक्षदुर्भिक्षादिकालं २ सुलभदुर्लभादि देयं च द्रव्यं ३ विचार्य आचार्योपाध्यायगीतार्थतपस्विबालवृद्धग्लानसहाऽसहादिपुरुषाद्यपेक्षया च स्पर्द्धामहत्त्वमत्सरस्नेहलज्जाभयदाक्षिण्यपरानुवर्त्तनाप्रत्युपकारेच्छामायाविलम्बाऽनादरविप्रियोक्ति-पश्चात्तापदीननानादिदोषवर्ज्जमेकान्तात्मानुग्रहबुद्ध्या द्विचत्वारिंशद्भिक्षादोषाद्यदूषितं निःशेषनिजात्र-पानवस्त्रादेर्भोजनाद्यनुक्रमेण स्वयं दानं दत्ते दापयति वा पार्श्वे स्थित्वा भार्यादिपार्श्वाद् । यतो दिनकृत्ये–

"देसं खित्तं तु जाणित्ता, अवत्थं पुरिसं तहा ।
विज्जुव्व रोगिअस्सेव, तओ किरिअं पउंजए ।।१।।" **[श्राद्धदिनकृत्ये १७४]**

देशं मगधाऽवन्त्यादि साधुविहारयोग्यायोग्यरूपम् १, क्षेत्रं संविग्नैर्भावितमभावितं वा, तुशब्दात् द्रव्यमिदं सुलभं दुर्लभं वा, अवस्थां सुभिक्षदुर्भिक्षादिकाम्, पुरुषमाचार्योपाध्यायबालवृद्धग्लान-

सहाऽसहादिकं च ज्ञात्वा, 'विज्जुव्व रोगिअस्स'त्ति, यथा किल भिषग् देशकालादि विचार्य व्याधिमतश्चिकित्सां करोत्येवं श्रावकोऽपि ततः क्रियामाहारादिदानरूपां प्रयुङ्क्त इति' तद्वृत्तिः [श्राद्धदिनकृत्यवृत्तौ प. २९३] ।

तत्र च साधूनां यद्योग्यं तत्तत्सर्वं विहारयितुं प्रत्यहं नामग्राहं कथयति, अन्यथा प्राक्कृतनिमन्त्रणस्य वैफल्यापत्तेः, नामग्राहं कथने तु यदि साधवो न विहरन्ति, तथापि कथयितुः पुण्यं स्यादेव, अकथने तु विलोक्यमानमपि साधवो न विहरन्तीति हानिः एवं गुरून्प्रतिलभ्य वन्दित्वा च गृहद्वारादि यावदनुव्रज्य च निवर्त्तते साध्वभावे त्वनभ्रवृष्टिवत्साध्वागमनं जातु स्यात्तदा कृतार्थः स्यामिति दिगालोकं कुर्यात्, तथा चाहुः–

"जं साहूण न दिण्णं, कहिंपि तं सावया न भुंजंति ।
पत्ते भोअणसमए, बारस्सालोअणं कुज्जा ।।१।।"

दानक्रियायामुत्सर्गापवादौ त्वेवम्–

"संथरणंमि असुद्धं, दुण्हवि गिण्हंतदिंतयाणऽहिअं ।
आउरदिट्ठंतेणं, तं चेव हिअं असंथरणे ।।१।।" **[श्राद्धदिनकृत्ये १७५]**

संस्तरणे प्रासुकैषणीयाहारादिप्राप्तौ साधूनां निर्वाहे सति, अशुद्धं द्विचत्वारिंशद्दोषदूषितमाहारादि, द्वयोरपि गृहीतृ-दात्रोः, अहितं संसारप्रवृद्धेरल्पायुष्कतायाश्च हेतुत्वादपथ्यं स्याद् । यदागमः–

"जो जह व तह व लद्धं, गिण्हइ आहारमुवहिमाईअं ।
समणगुणमुक्कजोगी, संसारपवड्ढओ भणिओ ।।१।।"

तथा दायकस्य–"कहण्णं भंते! जीवा अप्पाउत्ताए कम्मं पकरिंति? गोअमा! पाणे अइवाइत्ता भवइ, मुसं वइत्ता भवइ, तहारूवं समणं वा माहणं वा अफासुएणं अणेसणिज्जेणं असणपाण-खाइमसाइमेण पडिलाभित्ता भवइ, एवं खलु जीवा अप्पाउअत्ताए कम्मं पकरेंति" **[भगवतीसूत्रे २०३] त्ति ।**

इत्थं चोत्सर्गत उभयोरपि दोषदुष्टमहितमेव, अपवादतस्तु आउरेत्यादि, आतुरो रोगी, तस्य दृष्टान्तस्तेन, यथा हि रोगिणः कामप्यवस्थामाश्रित्य पथ्यमप्यपथ्यं स्यात्, काञ्चित्पुनः समाश्रित्यापथ्यमपि पथ्यं स्याद्, एवमत्र 'तं चेव'त्ति तदेवाशुद्धमपि ग्रहीतृदात्रोर्हितमवस्थोचितत्वात् पथ्यं स्यात्, क्वेत्याह- असंस्तरणेऽनिर्वाहे, दुर्भिक्षग्लानाद्यवस्थायामित्यर्थः, अयमभिप्रायो–यद्यप्येतत्कर्मबन्धहेतुर्वर्णितम्, तथापि–

"सव्वत्थ संजमं संजमाओ अप्पाणमेव रक्खिज्जा ।
मुच्चइ अइवायाओ, पुणो विसोही न याविरई ।।१।।" **[ओघनिर्युक्तौ ४७]**

इत्याद्यागमाभिज्ञैर्यथावसरं बहुतरगुणलाभकाङ्क्षया गृह्यमाणं दीयमानं च न दोषाय, तथा चागमः-

"अप्पेण बहुमेसेज्जा, एअं पंडिअलक्खणं ।
सव्वासु पडिसेवासु, एअं अट्ठापयं विऊ ।।१।।"

"काहं अछित्तिं अदुवा अहीहं, तवोवहाणेसु अ उज्जमिस्सं ।
गणं च निईइ व सारविस्सं, सालंबसेवी समुवेइ मुक्खं ।।१।।" **इति ।**

दायकस्य गुणो यथा-

"समणोवासयस्स णं भंते! तहारूवं समणं वा माहणं वा अफासुएणं अणेसणिज्जेणं असणपाणखाइमसाइमेणं पडिल्लाभेमाणस्स किं कज्जइ? गोअमा! बहुतरिया से णिज्जरा कज्जइ, अप्पतरए से पावकम्मे कज्जइत्ति" । **[भगवतीसूत्रे २६३]**

तथा

"पहसंतगिलाणेसुं, आगमगाहीसु तहय कयलोए ।
उत्तरपारणगम्मि अ, दिण्णं सुबहुप्फलं होइ ।।१।।"

इदमत्रावधेयम्-सकलोऽप्ययं दानविधिः ऋद्धिमच्छ्रावकमाश्रित्य ज्ञेयः, यतः स हि स्वपरपक्षाद्यविशेषेण सर्वसाधुभ्योऽन्नपानवस्त्रपात्रादि सर्वं ददाति दरिद्रश्रावकस्तु तथादानाशक्तौ दानश्रद्धालुगृहाणि साधुभ्यो दर्शयति, तुच्छो ह्यविशेषेण दातुमशक्तोऽतोऽसौ धर्मगुरूणां दुष्प्रतिकारतया विशेषपूजनीयत्वात्तेभ्यस्तत्परिवाराय वा ददाति, शेषसाधुभ्यो गृहाण्युपदर्शयतीतिभावः अत एवोच्यत-

"सड्ढेणं सइ विहवे, साहूणं वत्थमाइ दायव्वं ।
गुणवंताणऽविसेसो, दिसाइ तत्थवि न जेसत्थि ।।१।।"

तुच्छेन दिशा देयम्, तत्रापि येषां साधूनां वस्त्रादि नास्ति तेभ्यो देयमित्यर्थः तदुक्तं प्रत्याख्यानपञ्चाशके-

"संतेअरलद्धिजुएअराइभावेसु होइ तुल्लेसुं ।
दाणं दिसाइभेए, तीएऽदिंतस्स आणाई ।।१।।" **[५-४३]**

व्याख्या-इहाविशेषेण साधुभ्यो दानं दातव्यं श्रावकेण, अथ तुच्छद्रव्यत्वादविशेषेण दानाशक्तिः, ते च सद्वस्त्रत्वादिभिर्द्धर्मैस्तुल्यास्तदा को विधिः?, अत्रोच्यते, सन्तेत्ति सत्=विद्यमानं वस्त्रादि, इतरच्च=अविद्यमानं वस्त्राद्येव, तदसत्त्वेऽपि लब्धियुतश्च=वस्त्रादिलाभयोग्यतायुतः, इतरश्च=तद्विकल इति द्वन्द्वः, ते आदिर्येषां ते तथा, आदिशब्दात् सपक्षसत्त्वेन संभाव्यमानवस्त्रादिलाभतदितरादिग्रहः एतानि च सदादिपदानि लुप्तभावप्रत्ययानि द्रष्टव्यानि । ततश्च ते भावाश्च=साधूनामवस्थाः

सदितरलब्धियुतेतरादिभावास्तेषु तुल्येषु=समेषु सत्सु, किमित्याह–भवति=वर्त्तते तुच्छस्येति प्रक्रमः, दानं=वस्त्रादिवितरणम्, दिगादिभेदे दिगादिभिर्भेदे सति दिगाद्यपेक्षयेत्यर्थः, तथाहि–द्वयोः साध्वोः सद्वस्त्रत्वे सति यो दिशाऽऽसन्नस्तस्मै देयम्, एवमसद्वस्त्रत्वे लब्धियुतत्वे तदितरत्वे चेति, अथ तुल्येऽपि भावे दिशमतिक्रम्य ददतः किं स्यादित्याह-तया दिशाऽददतः=अप्रयच्छत आज्ञाभङ्गानवस्था-मिथ्यात्वविराधनालक्षणा दोषा भवन्तीति गाथार्थः । [पञ्चाशक टीका प. १०६]

आभवद्व्यवहारापेक्षया च दिग् गृहस्थस्य प्रविव्रजिषोरुत्प्रव्रजितस्य वाऽऽगमे दृश्यते, नान्यस्य, यत इयं कल्पव्यवहारोक्ता दिग्व्यवस्था-यः प्रव्रजितुकामः सामायिकादिपाठप्रवृत्तः स त्रीणि वर्षाणि यावत् प्रतिबोधकाचार्यस्यैव सत्को भवति, यदाह–

"सामाइआइए खलु, धम्मायरिअस्स तिण्णि जा वासा ।
नियमेण होइ सेहो, उज्जमओ तदुवरिं भयणा ।।१।।"

यस्तु निह्नवादिर्भूत्वा पुनः प्रव्रजति, तस्य स्वेच्छया दिक्, अत्यक्तसम्यक्त्वस्तूत्प्रव्रज्य यः प्रव्रजति स त्रीणि वर्षाणि यावत्पूर्वाचार्यस्यैव, आह च–

"परलिंगिनिण्हए वा, सम्मद्दंसणजढे उ उवसंते ।
तद्दिवसमेव इच्छा, सम्मत्तजुए समा तिण्णि ।।१।।"

उत्प्रव्रजितस्तु द्विधा-सारूपी गृहस्थश्च, तत्र सारूपी रजोहरणवर्जसाधुवेषधारी, स च यावज्जीवं पूर्वाचार्यस्य, तन्मुण्डीकृतानि च, यानि च तेन न मुण्डितानि केवलं बोधितान्येव, तानि यमाचार्यमिच्छन्ति तस्यासौ ददाति, तदीयानि च तानि भवन्ति ।

अपत्यानां चायं विधिः-तदपत्यानि पूर्वाचार्यस्यैव, आह च–

"सारूवी जाजीवं, पुव्वायरिअस्स जे अ पव्वावे ।
अपव्वाविए सछंदो, इच्छाए जस्स सो देइ ।।१।।"

गृहस्थः पुनर्द्विविधो-मुण्डितः सशिखश्च, स च द्विविधोऽपि पूर्वाचार्यस्य, यानि च तेनोत्प्रव्रजनानन्तरं वर्षत्रयाभ्यन्तरे बोधयित्वा मुण्डीकृतानि तानि चेति, आह च–

"जो पुण गिहत्थमुंडो, अहवाऽमुंडो उ तिण्ह वरिसाणं ।
आरेणं पव्वावे, सयं च पुव्वायरिअ सव्वो ।।१।।" इति कृतं प्रसक्तानुप्रसक्तेन

अत्र चोपयोगी साधुनिमन्त्रणभिक्षाग्रहणादिविशेषोऽतिथिसंविभागव्रताधिकार उक्त एव इदं च सुपात्रदानं दिव्यौदारिकाद्यभीष्टसुखसमृद्धिसाम्राज्यादिसंयोगप्राप्तिपूर्वकनिर्विलम्बनिर्वाणपदप्राप्तिफलं, यतः–

"अभयं सुपत्तदाणं, अणुकंपाऽचिअकीत्तिदाणं च ।
दोहिवि मुक्खो भणिओ, तिण्णिवि भोगाइअं दिंति ।।१।।"

पात्रता त्वेवमुक्ता–

"उत्तमपत्तं साहू, मज्झिमपत्तं च सावया भणिआ ।
अविरयसम्मद्दिट्ठी, जहन्नपत्तं मुणेअव्वं ।।१।।"

तथा च–

"मिथ्यादृष्टिसहस्रेषु, वरमेको ह्यणुव्रती ।
अणुव्रतिसहस्रेषु, वरमेको महाव्रती ।।१।।"

"महाव्रतिसहस्रेषु, वरमेको हि तात्त्विकः ।
तात्त्विकस्य समं पात्रं, न भूतं न भविष्यति ।।२।।"

एवं साध्वादिसंयोगेऽवश्यं सुपात्रे दानं विवेकिना विधेयम्, तथा यथाशक्ति तदवसराद्यायात-साधर्मिकानपि सह भोजयति, तेषामपि सुपात्रत्वात् वात्सल्यमपि महते फलाय, यतो दिनकृत्ये–

"साहम्मिआण वच्छल्लं, कायव्वं भत्तिनिब्भरं ।
देसिअं सव्वदंसीहिं, सासणस्स पभावणं ।।१।।" **[श्राद्धदिनकृत्ये]**

तद्विधिस्तु वार्षिककृत्याधिकारे वक्ष्यते तथा ददात्यौचित्येनान्येभ्योऽपि द्रमकादिभ्यः, न प्रत्यावर्त्तयति तान्निराशान्, न कारयति कर्मबन्धम्, न भवति निष्ठुरहृदयः, भोजनावसरे हि द्वारपिधानादि न महतां दयावतां वा लक्षणम्, यतः–

"नेव दारं पिहावेइ, भुंजमाणो सुसावओ ।
अणुकंपा जिणिंदेहिं, सड्ढाणं न निवारिआ ।।१।।"

"दट्ठुण पाणिनिवहं, भीमे भवसायरंमि दुक्खत्तं ।
अविसेसओऽणुकंपं, दुहावि सामत्थओ कुणइ ।।२।।" [ ]

दुहावित्ति द्रव्यभावाभ्यां द्विधा, द्रव्यतो यथार्हमन्नादिदानेन, भावतस्तु धर्ममार्गप्रवर्त्तनेन, श्रीपञ्चमाङ्गादावपि श्राद्धवर्णनाधिकारे–'अवंगुयदुवारा' इत्युक्तम्, श्रीजिनेनापि सांवत्सरिकदानेन दीनोद्धारः कृत एव नतु केनापि प्रतिषिद्धः

"सव्वेहिंपि जिणेहिं, दुज्जयजिअरागदोसमोहेहिं ।
अणुकंपादाणं सड्ढयाण न कहिंपि पडिसिद्धं ।।१।।"

न कहिंपित्ति न कस्मिन् सूत्रे प्रतिषिद्धं, प्रत्युत देशनाद्वारेण राजप्रश्नीयोपाङ्गे केशिनोपदेशितम्, तथाहि–

"मा णं तुमं पएसी! पुव्विं रमणिज्जे भवित्ता पच्छा अरमणिज्जे भविज्जासि"

इत्यादि ।

तथा मातृपितृभ्रातृभगिन्यादीनामपत्यस्नुषादीनां ग्लानबद्धगवादीनां च भोजनाद्युचितचिन्तां कृत्वा पञ्चपरमेष्ठिप्रत्याख्याननियमस्मरणपूर्वं सात्म्याविरोधेन भुञ्जीत यतः–

"पितुर्मातुः शिशूनां च, गर्भिणीवृद्धरोगिणाम् ।
प्रथमं भोजनं दत्त्वा, स्वयं भोक्तव्यमुत्तमैः ।।१।।
चतुष्पदानां सर्वेषां, धृतानां च तथा नृणाम् ।
चिन्तां विधाय धर्मज्ञः, स्वयं भुञ्जीत नान्यथा ।।२।।"

सात्म्यलक्षणं च पञ्चत्रिंशद्गुणेषूक्तमेव इत्थं च लौल्यपरिहारेणाभक्ष्यानन्तकायादिबहुसावद्यवस्तुवर्जं यथाग्निबलं भुञ्जीत, नीतिशास्त्रे त्वेवमुक्तम्–

"अधौत्तमुखहस्ताङ्घ्रिर्नग्नश्च मलिनांशुकः ।
सव्येन हस्तेनानात्तस्थालो भुञ्जीत न क्वचित् ।।१।।"

"एकवस्त्रान्वितश्चार्द्धवासावेष्टितमस्तकः ।
अपवित्रोऽतिगर्ह्यश्च, न भुञ्जीत विचक्षणः ।।२।।"

"उपानत्सहितो व्यग्रचित्तः केवलभूस्थितः ।
पर्यङ्कस्थो विदिग्याम्याननो नाद्यात्कृशाननः ।।३।।"

"आसनस्थपदो नाद्यात्, श्वचण्डालैर्निरीक्षितः ।
पतितैश्च तथा भिन्ने, भाजने मलिनेऽपि च ।।४।।"

"अमेध्यसम्भवं नाद्यादृष्टं भ्रूणादिघातकैः ।
रजस्वलापरिस्पृष्टमाघ्रातं गोश्वपक्षिभिः ।।५।।"

"अज्ञातागममज्ञातं, पुनरुष्णीकृतं तथा ।
युक्तं चबचबाशब्दैर्नाद्याद्वक्रविकारवान् ।।६।।"

"आह्वानोत्पादितप्रीतिः, कृतदेवाभिधास्मृतिः ।
समे पृथावनत्युच्चैर्निविष्टो विष्टरे स्थिरे ।।७।।"

"मातृष्वस्रम्बिकाजामिभार्याद्यैः पक्तमादरात् ।
शुचिभिर्युक्तिमद्भिश्च, दत्तं चाद्याज्जनेऽसति ।।८।।"

"कृतमौनमवक्राङ्गं, वहद्दक्षिणनासिकम् ।
प्रतिभक्ष्यं समाघ्राणहतदृग्दोषविक्रियम् ।।९।।"

"नातिक्षारं नचात्यम्लं, नात्युष्णं नातिशीतलम् ।
नातिगौल्यं नातिशाकं, मुखरोचकमुच्चकैः ।।१०।।"

तथा–

"अङ्गमर्दननीहारभारोत्क्षेपोपवेशनम् ।
स्नानाद्यं च कियत्कालं, भुक्त्वा कुर्यान्न बुद्धिमान् ।।११।।"

"भुक्त्वोपविशतस्तुन्दं, बलमुत्तानशायिनः ।
आयुर्वामकटिस्थस्य, मृत्युर्धावति धावतः ।।१२।।"

"भोजनानन्तरं वामकटिस्थो घटिकाद्वयं ।
शयीत निद्रया हीनं, यद्वा पदशतं व्रजेत् ।।१३।।" **इति ।**

अथोत्तरार्द्धव्याख्या–'संवरणेति(त्यादि') भोजनानन्तरं संवरणं=प्रत्याख्यानं दिवसचरमं ग्रन्थिसहितादि वा, तस्य कृतिः=करणम्, सति सम्भवे देवगुरुवन्दनपूर्वमित्यनुक्तमप्यवसेयम्, यतो दिनकृत्ये–

'देवं गुरुं च वन्दित्ता, काउ संवरणं तदा' [श्राद्धदिनकृत्ये] **इति ।**

तथा 'ततः' प्रत्याख्यानकरणानन्तरं, शास्त्रार्थानां=शास्त्रप्रतिपादितभावानां, चिन्तनं=स्मरणं विचारणं वा इदमित्थं भवति नवेति संप्रधारणमितियावत् कथम्? 'सार्द्धं' सह, कैः? 'तज्ज्ञैः,' तं शास्त्रार्थं जानन्तीति तज्ज्ञास्तैर्गीतार्थयतिभिः प्रवचनकुशलश्राद्धपुत्रैर्वेत्यर्थः गुरुमुखाच्छ्रुतान्यपि शास्त्रार्थरहस्यानि परिशीलनाविकलानि न चेतसि सुदृढप्रतिष्ठानि भवन्तीतिकृत्वा ।।६४।।

टीकार्थ :-

'मध्याह्ने' ..... भवन्तीतिकृत्वा । 'च' पुनः अर्थमां छे. मध्याह्नमां=मध्याह्नकालमां, पूर्वोक्त विधि द्वारा विशेष करीने शाली-ओदनादिथी निष्पन्न विशेष रसवतीना अर्पणादि द्वारा बीजीवार= सवारमां भगवानની पूजा करी फरी बीजीवार, अर्चा=पूजा=श्रावक अधिकारना प्रस्तावथी जिनपूजा, विशेषथी गृहस्थधर्म थाय छे એ प्रमाणे अन्वय छे. એ रीते अग्रमां पण जाणवुं=सत्पात्र दानादिमां विशेष गृहस्थधर्म थाय छे એ प्रमाणे आगळमां पण जाणवुं. अने सत्पात्र साधु आदि छे. तेमां दानपूर्वक=साधुने दान आपीने, भोजन करवुं. श्लोकमां रहेल 'तु' शब्द 'एव'कार अर्थवाळो छे तेथी

સત્પાત્રદાનપૂર્વક જ શ્રાવકે ભોજન કરવું જોઈએ એ પ્રમાણે નિષ્કર્ષ છે. વળી અન્વય કહેવાયેલો જ છે=વિશેષથી ગૃહસ્થધર્મ છે એ પ્રમાણે અન્વય પહેલાં કહેવાયેલો જ છે. અને અહીં ભોજન કરવું એ અનુવાદ છે અર્થાત્ કર્તવ્ય નથી પરંતુ શ્રાવક ભોજન કરે છે તે મધ્યાહ્નની અર્ચા પછી કરવું જોઈએ એ પ્રકારે અનુવાદ=કથન છે. મધ્યાહ્નની પૂજા અને ભોજનનો કાલનિયમ નથી. હિ=જે કારણથી, તીવ્રબુભુક્ષાવાળાની ભૂખનો કાલ ભોજનકાલ છે એ પ્રકારની રૂઢિ હોવાથી મધ્યાહ્નથી પૂર્વમાં પણ ગ્રહણ કરાયેલ પ્રત્યાખ્યાનને પૂર્ણ કરીને દેવપૂજાપૂર્વક ભોજનને કરતો શ્રાવક દોષ પામતો નથી. અને અહીં=સુપાત્રદાનના વિષયમાં આ વિધિ છે. ભોજનવેલામાં સાધુઓને નિમંત્રણ કરીને તેઓની સાથે ઘરે આવે છે અથવા સ્વયં મુનિને આવતા જોઈને સન્મુખ ગમનાદિ કરે છે. હિ=જે કારણથી, સાધુઓને પ્રતિપત્તિપૂર્વક=સત્કારપૂર્વક, વહોરાવવું શ્રાવકોને ન્યાય્ય છે. અને તે=પ્રતિપત્તિ, યોગશાસ્ત્રમાં આ પ્રમાણે છે.

"અભ્યુત્થાન=સાધુ આવે ત્યારે ઊભા થવું અને ત્યારે=સાધુ આવે ત્યારે આલોકમાં=સાધુના અવલોકનમાં અભિયાન=સન્મુખ ગમન, તેના આગમનમાં=સાધુના આગમનમાં, મસ્તક ઉપર અંજલિનો સંશ્લેષ=હાથ જોડવા, સ્વયં આસન આપે." **(યોગશાસ્ત્ર-૩-૧૨૫)**

"ભક્તિથી આસનનું ગ્રહણ, વંદના, પર્યુપાસના તેમના જવામાં=સાધુના જવામાં, અનુગમ=સાધુની પાછળ જવું, એ ગુરુની પ્રતિપત્તિ છે=ગુરુની ભક્તિ છે." **(યોગશાસ્ત્ર-૩-૧૨૬)**

દિનકૃત્યમાં પણ કહેવાયું છે.

"આસનથી નિમંત્રણ કરે=સાધુઓને બેસવા નિમંત્રણ કરે ત્યાર પછી પરિજનથી સંયુક્ત એવો શ્રાવક ક્ષમાદિ ગુણયુક્ત મુનિના ચરણમાં વંદન કરે." **(શ્રાદ્ધદિનકૃત્ય-૧૭૩)**

શ્લોકમાં 'ताहे' શબ્દના સ્થાને 'पाहे' પાઠ છે.

આ પ્રમાણે=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે, સવિનય પ્રતિપત્તિને કરીને=ઉચિત ભક્તિ કરીને, સંવિગ્ન-અસંવિગ્ન ભાવિત ક્ષેત્રનો, સુભિક્ષ-દુર્ભિક્ષ આદિ કાલનો, સુલભ-દુર્લભ આદિ દેય દ્રવ્યનો=આપવા યોગ્ય દ્રવ્યનો વિચાર કરીને આચાર્ય-ઉપાધ્યાય-ગીતાર્થ-તપસ્વી-બાલ-વૃદ્ધ-ગ્લાન-સહ=સમર્થ, અસહ=અસમર્થ આદિ પુરુષાદિની અપેક્ષાથી સ્પર્ધા-મહત્ત્વ-મત્સર-સ્નેહ-લજ્જા-ભય-દાક્ષિણ્ય-પરાનુવર્તના=બીજાનું અનુસરણ, પ્રત્યુપકારની ઇચ્છા, માયા, વિલંબ, અનાદર, વિપ્રિયઉક્તિ=કટુવચનો, પશ્ચાત્તાપ, દીનતા આદિ દોષના વર્જનવાળું એકાંત આત્મા અનુગ્રહ બુદ્ધિથી ભિક્ષાના ૪૨ દોષાદિથી અદૂષિત સંપૂર્ણ પોતાનું અન્ન-પાન-વસ્ત્ર-ભોજન આદિના અનુક્રમથી સ્વયં દાન આપે અથવા પાસે રહીને પત્ની આદિ પાસેથી અપાવે, જે કારણથી દિનકૃત્યમાં કહેવાયું છે.

"વળી દેશ-ક્ષેત્રને જાણીને તે પ્રકારે પુરુષઅવસ્થાને જાણીને જેમ રોગીની વૈદ્ય ચિકિત્સા કરે છે તેમ ત્યાર પછી ક્રિયાનો પ્રયોગ કરે છે=શ્રાવક સાધુને આહારદાનાદિની ક્રિયા કરે છે." **(શ્રાદ્ધદિનકૃત્ય-૧૭૪)**

'દેશ મગધ, અવંતી આદિ સાધુ વિહાર યોગ્યાયોગ્ય રૂપ છે. ક્ષેત્ર સંવિગ્ન ભાવિત અથવા

અભાવિત છે. 'તુ' શબ્દથી આ દ્રવ્ય સુલભ છે અથવા દુર્લભ છે. અવસ્થા સુભિક્ષ-દુર્ભિક્ષ આદિ છે. પુરુષ આચાર્ય-ઉપાધ્યાય-બાલ-વૃદ્ધ-ગ્લાન-સહ=સમર્થ, અસહ=અસમર્થ, છે. તે સર્વને જાણીને ખરેખર જે પ્રમાણે દેશકાલાદિનો વિચાર કરીને વૈદ્ય વ્યાધિવાળાની ચિકિત્સાને કરે છે એ પ્રમાણે શ્રાવક પણ ત્યાર પછી=દેશ-કાલાદિને જાણ્યા પછી, આહારાદિ દાનરૂપ ક્રિયાનો પ્રયોગ કરે છે=આહારાદિનું દાન આપે છે. એ પ્રમાણે તેની વૃત્તિ છે. (શ્રાદ્ધદિનકૃત્ય વૃત્તિ પ. ૨૯૩)

વિવેકસંપન્ન શ્રાવક શાસ્ત્રથી પરિષ્કૃત મતિવાળા હોય છે. તેથી જેમ વિવેકસંપન્ન વૈદ્ય રોગીની ચિકિત્સા અત્યંત વિવેકપૂર્વક કરે છે, જેથી રોગીને આરોગ્યની પ્રાપ્તિ થાય તેમ વિવેકસંપન્ન શ્રાવક સુસાધુને ભાવઆરોગ્યની પ્રાપ્તિ કેમ થાય તેના માટે સંયમના અંગભૂત ઉચિત આહાર વસ્ત્રાદિનું દાન પણ નિપુણતાપૂર્વક હિતાહિતનો વિચાર કરીને આપે છે. તેથી દેશ-ક્ષેત્ર-પુરુષની અવસ્થા, પુરુષનું બળ વિચારીને વિવેકી વૈદ્ય તેના રોગનું ઔષધ આપે છે, જેથી રોગીનું કોઈ પ્રકારનું અહિત થાય નહિ તેમ વિવેકસંપન્ન શ્રાવક સાધુને કઈ રીતે આહારાદિનું દાન કરે છે તેનું વર્ણન પ્રસ્તુતમાં કરેલ છે. વળી કઈ રીતે પોતાના અધ્યવસાયની શુદ્ધિપૂર્વક દાન કરે છે તે બતાવવા માટે શ્રાદ્ધદિનકૃત્યની ગાથા-૧૭૩ની ટીકામાં કહ્યું કે સ્પર્ધા-મત્સર આદિ ભાવોના વર્જનપૂર્વક એકાંતે આત્માનુગ્રહની બુદ્ધિથી આપે છે. તેથી એ પ્રાપ્ત થાય કે દાનકાળમાં અન્ય કોઈની સાથે સ્પર્ધાથી દાન આપતો નથી. પોતાનું દાનવીર તરીકે મહત્ત્વ બતાવવા દાન આપતો નથી. કોઈકના પ્રત્યે મત્સરભાવથી હું તેનાથી અધિક છું તે બતાવવા માટે દાન આપતો નથી. સાધુના પ્રત્યે કૌટુંબિક સંબંધના સ્નેહભાવથી દાન આપતો નથી. હું દાન નહિ આપું તો ખરાબ દેખાશે એ પ્રકારની લજ્જાથી દાન આપતો નથી. ભયથી દાન આપતો નથી. અર્થાત્ દાન નહિ આપું તો મારી લોકો નિંદા કરશે એ પ્રકારની દાક્ષિણ્ય બુદ્ધિથી દાન આપતો નથી. અન્ય કોઈ દાન આપતું હોય તેના અનુસરણથી દાન આપતો નથી. હું દાન આપીશ તો મહાત્મા મને સારી રીતે બોલાવશે એ પ્રકારના પ્રત્યુપકારની ઈચ્છાથી દાન આપતો નથી. હું દાનવીર છું એ પ્રકારની માયાથી દાન આપતો નથી. વળી સારી વસ્તુ આપું કે નહિ એ પ્રકારના વિલંબનથી, અનાદરથી કે વિપ્રિય કથનથી દાન આપતો નથી. દાન આપ્યા પછી પશ્ચાત્તાપ-દીનતાદિ કરતો નથી. પરંતુ ગુણવાનના ગુણની ભક્તિથી મારા આત્માનો નિસ્તાર થશે એ પ્રકારની અનુગ્રહબુદ્ધિથી દાન આપે છે. તેથી અતિ વિવેકી શ્રાવક કેવા અધ્યવસાયથી દાન આપે તેનો બોધ પ્રસ્તુત કથનથી ગ્રંથકારશ્રીએ કરાવેલ છે.

અને ત્યાં=સાધુને દાન આપે છે ત્યાં, સાધુને જે યોગ્ય છે તે તે સર્વ વહોરાવવા માટે દરેકના નામગ્રહણપૂર્વક કહે છે. અન્યથા=જો નામગ્રહણપૂર્વક દરેક વસ્તુ કહે નહિ તો, પૂર્વમાં કરાયેલા નિમંત્રણના વૈફલ્યની આપત્તિ છે. વળી, નામગ્રહણપૂર્વક કથનમાં જો સાધુઓ વહોરે નહિ તોપણ કહેનારા શ્રાવકને પુણ્ય થાય જ. અર્થાત્ વહોરાવવાનો અધ્યવસાય હોવાથી તત્કૃત લાભ થાય જ. વળી અકથનમાં=નામપૂર્વક કથન ન કરે તો તે તે વસ્તુને જોતાં પણ સાધુઓ ગ્રહણ ન કરે એ હાનિ થાય. આ રીતે ગુરુને વહોરાવીને અને વંદન કરીને ઘરના દ્વારાદિ સુધી પાછળ જઈને નિવર્તન પામે

છે. વળી સાધુના અભાવમાં=ભોજન કરતા પૂર્વે આહાર ગ્રહણ કરવાર્થે સાધુની ઉપસ્થિતિના અભાવમાં વળી વાદળા વગરની વૃષ્ટિની જેમ સાધુનું આગમન જો થાય તો હું કૃતાર્થ થાઉં એ પ્રમાણે દિશાનું આલોકન કરે=સાધુ કોઈ આવી રહ્યા છે કે નહિ, આવતા હોય તો નિમંત્રણ કરી વહોરાવું એ પ્રકારના અભિલાષથી દિશાનું અવલોકન કરે છે. અને તે પ્રમાણે કહેવાયું છે.

"જે સાધુને કોઈક રીતે અપાયું નથી તેને શ્રાવક વાપરતા નથી. ભોજન સમયને પ્રાપ્ત કરે છતે દ્વારનું આલોકન કરવું જોઈએ. અર્થાત્ કોઈ સાધુ આવે છે કે નહિ એ પ્રકારના અભિલાષથી દ્વારનું આલોકન કરે." ।।૧।।

વળી દાનક્રિયાના અવસરમાં ઉત્સર્ગ-અપવાદ આ પ્રમાણે છે.

"સંસ્તરણ હોતે છતે=સાધુના સંયમનો નિર્વાહ હોતે છતે, અશુદ્ધ દાન ગ્રહણ કરનારા અને આપનારા બંનેને પણ અહિત છે. આતુરના દૃષ્ટાંતથી તે જ=અશુદ્ધ દાન જ, અસંસ્તરણમાં હિત છે=સંયમના અનિર્વાહમાં હિત છે." **(શ્રાદ્ધદિનકૃત્ય-૧૭૫)**

સંસ્તરણમાં=પ્રાસુક એષણીય આહારાદિની પ્રાપ્તિમાં, સાધુના સંયમનો નિર્વાહ થયે છતે બેતાલીસ દોષથી દૂષિત અશુદ્ધ આહારાદિ બંનેને પણ=ગ્રહણ કરનાર સાધુને અને આપનારા શ્રાવકને અહિત છે; કેમ કે સંસારની પ્રવૃદ્ધિ હોવાથી અને અલ્પ આયુષ્યનું હેતુપણું હોવાથી અપથ્ય થાય. જે કારણથી આગમ છે.

"જે સાધુ જે તે પ્રમાણે પ્રાપ્ત થયેલા આહાર-ઉપધિ આદિને ગ્રહણ કરે છે, સાધુના ગુણથી મુક્ત યોગવાળા તે સંસારના પ્રવર્ધક કહેવાયા છે. માટે ગ્રહણ કરનાર સાધુને અશુદ્ધભિક્ષા અહિત છે. એમ પૂર્વના કથન સાથે સંબંધ છે." ।।૧।।

હવે દાયકને અશુદ્ધ દાન કઈ રીતે અલ્પ આયુષ્યપણાનો હેતુ છે તે સ્પષ્ટ કરે છે. "હે ભગવન્ ! જીવો ક્યાં કર્મોથી અલ્પ આયુષ્યપણાને બાંધે ? હે ગૌતમ ! પ્રાણનો અતિપાત કરવાથી અલ્પ આયુષ્યપણું થાય છે. મૃષાવાદ કરવાથી અલ્પ આયુષ્યપણું થાય છે. તેવા પ્રકારના શ્રમણ અથવા માહણને=સુસાધુને, અપ્રાસુક, અનેષણીય, અશન-પાન-ખાદિમ-સ્વાદિમ વડે પ્રતિલાભન કરવાથી=વહોરાવવાથી, થાય છે=અલ્પ આયુષ્યપણું થાય છે. આ પ્રમાણે જીવો અલ્પ આયુષ્યપણાથી કર્મ બાંધે છે." **(ભગવતી સૂત્ર-૨૦૩)**

'ત્તિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

અને આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે ઉત્સર્ગથી બંનેને પણ=ભિક્ષા લેનાર સાધુ અને ભિક્ષા આપનાર શ્રાવક બંનેને પણ, દોષદુષ્ટ અહિત જ કહેવાયું=અશુદ્ધ ભિક્ષા અહિત જ કહેવાઈ. વળી, અપવાદથી આતુર=રોગી, તેના દૃષ્ટાંતથી અસંસ્તરણમાં હિત છે એમ અન્વય છે. જે પ્રમાણે રોગીની કોઈપણ અવસ્થાને આશ્રયીને પથ્ય પણ અપથ્ય થાય છે. વળી કોઈ અવસ્થાને આશ્રયીને અપથ્ય પણ પથ્ય થાય છે. આ રીતે=રોગીના દૃષ્ટાંતમાં બતાવ્યું એ રીતે, અહીં=શ્રાવકના દાનમાં, તે જ અશુદ્ધ પણ ગ્રહીતૃ અને દાતૃનું=સાધુ અને શ્રાવકનું હિત થાય=અવસ્થાનું ઉચિતપણું હોવાથી પથ્ય થાય. ક્યારે પથ્ય થાય ? એથી કહે છે. અસંસ્તરણમાં=દુર્ભિક્ષ-ગ્લાનાદિ અવસ્થામાં સંયમનો

અનિર્વાહ થયે છતે, અશુદ્ધ પણ ભિક્ષાદિ પથ્ય થાય. આ અભિપ્રાય છે. જો કે આ=અશુદ્ધ દાન, કર્મબંધનો હેતુ વર્ણન કરાયો છે. તોપણ –

"સર્વત્ર=સર્વ પ્રવૃત્તિઓમાં, સંયમનું રક્ષણ કરવું જોઈએ=ષટ્કાયના પાલનને અનુકૂળ ઉચિત પ્રયત્ન કરવો જોઈએ. સંયમથી=સંયમનું પાલન અશક્ય જણાય=બાહ્ય જીવરક્ષા અશક્ય જણાય ત્યારે પોતાના આત્માનું રક્ષણ કરવું જોઈએ=પોતાના ભાવસંયમના પરિણામથી યુક્ત એવા દેહરૂપ આત્માનું રક્ષણ કરવું જોઈએ. અતિપાતથી=દેહના વિનાશથી, મૂકાય છે=બાહ્ય સંયમને ગૌણ કરીને સંયમના અંગભૂત દેહનું રક્ષણ કરવાથી પ્રાણનાશના અતિપાતથી સાધુ મૂકાય છે. ફરી વિશોધિ થાય છે=સંયમના અંગભૂત દેહનું રક્ષણ કરવા માટે જે અશુદ્ધ ભિક્ષાદિ ગ્રહણ કર્યા તેની પ્રાયશ્ચિત્તાદિથી વિશુદ્ધિ થાય છે. અને અવિરતિ નથી=ભાવસંયમના અંગભૂત દેહના રક્ષણ માટે બાહ્યશુદ્ધિ ગૌણ કરવાથી સાધુને અવિરતિની પ્રાપ્તિ નથી." **(ઓઘનિર્યુક્તિ-૪૭) એ વગેરે આગમના જાણનારા વડે યથા અવસર બહુતરગુણના લાભની ઇચ્છાથી ગ્રહણ કરાતું=અશુદ્ધ આહારાદિ અપાતું દોષ માટે નથી. અને તે પ્રમાણે આગમ છે.**

"સર્વ પ્રતિસેવામાં આ પ્રકારના અર્થપદને જાણીને અલ્પના વ્યયથી બહુ પ્રાપ્ત કરે એ પંડિતનું લક્ષણ છે=બુદ્ધિમાનનું લક્ષણ છે." ।।૧।।

"હું અછિત્તિને કરીશ=અપવાદથી દોષિત આદિને ગ્રહણ કરીને શાસ્ત્રોના ગંભીર અર્થોને ભણીને તેની અવિચ્છિત્તિને કરીશ. અથવા અધિક તપ-ઉપધાનમાં ઉદ્યમ કરીશ. અને નીતિથી ગણની સારણા કરીશ. આ પ્રકારે આલંબન સેવનાર સાધુ દોષિત ભિક્ષા ગ્રહણ કરીને પણ મોક્ષને પ્રાપ્ત કરે છે." ।।૧।।

દાયકને=શ્રાવકને, અશુદ્ધ ભિક્ષા આપવામાં ગુણ છે જે 'યથા'થી બતાવે છે.

"હે ભગવંત ! તેવા પ્રકારના શ્રમણ અથવા માહણને અપ્રાસુક, અનેષણીય, અશન-પાન-ખાદિમ-સ્વાદિમને વહોરાવતા શ્રમણોપાસકને=શ્રાવકને, શું પ્રાપ્ત થાય ? હે ગૌતમ ! તેને=વહોરાવનાર શ્રાવકને, બહુત્તર નિર્જરા છે અને અલ્પતર પાપકર્મ બંધાય છે." **(ભગવતી સૂત્ર-૨૬૩)**

અને

"પથથી શ્રાંત થયેલા ગ્લાન સાધુમાં, આગમગ્રાહીમાં=આગમ ભણનારા સાધુમાં, કૃત લોચવાળા સાધુમાં અને તપના પારણામાં અપાયેલું સુબહુ ફલવાળું થાય છે." ।।૧।।

આ ભગવતીના સાક્ષીપાઠ વિષયક ગંભીર અર્થની સ્પષ્ટતા ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સા.ની પ્રથમ બત્રીસી-દાનબત્રીસીમાં કરેલ છે. જિજ્ઞાસુએ વિશેષ ત્યાંથી જોવું.

અહીં=દાનવિધિમાં, આ જાણવું. સકલ પણ આ દાનવિધિ ઋદ્ધિવાળા શ્રાવકને આશ્રયીને જાણવી. જે કારણથી તે=દાનવિધિ કરનારો શ્રાવક, સ્વ-પર પક્ષાદિના અવિશેષથી સર્વ સાધુઓને અન્ન-પાન-વસ્ત્ર-પાત્રાદિ સર્વ આપે છે. વળી દરિદ્ર શ્રાવક, તેવા પ્રકારના દાનમાં અશક્તિ હોતે છતે સાધુને દાનશ્રદ્ધાલુ શ્રાવકોનાં ઘરોને બતાવે છે. હિ=જે કારણથી, તુચ્છ=દરિદ્ર શ્રાવક, અવિશેષથી આપવા માટે અશક્ત છે=દરિદ્ર શ્રાવક સર્વ સાધુઓને સમાન રીતે આપવા માટે અસમર્થ છે આથી આ=દરિદ્ર શ્રાવક, ધર્મગુરુનું દુષ્પ્રતિકારપણું હોવાને કારણે વિશેષથી પૂજનીયપણું હોવાથી તેઓને=ઉપકારી

ધર્મગુરુના, પરિવારને આપે છે=આહાર-પાણી આપે છે. શેષ સાધુઓને ઘર બતાવે છે=દાનશ્રદ્ધાલુ શ્રાવકનાં ઘર બતાવે છે. એ પ્રકારનો ભાવ છે. આથી જ કહેવાય છે.

"વૈભવ હોતે છતે શ્રાવક વડે ગુણવાન સાધુઓને અવિશેષ વસ્ત્રાદિ આપવા જોઈએ. दिसाइ=તુચ્છ વૈભવવાળા શ્રાવકે દિશાદિથી=જેનાથી પોતાને સન્માર્ગ પ્રાપ્તિરૂપ ઉપકાર થયો છે તેઓને શક્તિ અનુસાર દાન કરવું જોઈએ. तत्थवि न जेसत्थि ત્યાં પણ=અલ્પ વૈભવવાળો શ્રાવક દાન કરે ત્યાં પણ, જે સાધુ પાસે જે નથી તે આપે." ॥૧॥

ઉદ્ધરણના શ્લોકમાં રહેલા 'दिसाइ'નો અર્થ કરે છે. તુચ્છ શ્રાવકે=દરિદ્ર શ્રાવકે, દિશાથી દેવું જોઈએ=જે ગુરુ આદિ સાથે પોતાને ઉપકારનો સંબંધ છે તે સંબંધને આશ્રયીને દાન દેવું જોઈએ. ત્યાં પણ=પોતાની શક્તિ અનુસાર શ્રાવક દાન કરે ત્યાં પણ, જે સાધુઓને વસ્ત્રાદિ નથી તેઓને આપવાં જોઈએ=તેઓને વસ્ત્રાદિ આપવાં જોઈએ. એ પ્રકારનો અર્થ છે. તે પ્રત્યાખ્યાન પંચાશકમાં કહેવાયું છે.

"संत=વિદ્યમાન વસ્ત્ર આદિ વાળા इअर=ઇતર=અવિદ્યમાન વસ્ત્રાદિવાળા, લબ્ધિયુક્ત ઇતર=લબ્ધિ વગરના આદિ ભાવવાળા તુલ્ય સાધુ હોતે છતે દિશાદિના ભેદથી=દિશાદિની અપેક્ષાથી દાન=તુચ્છ શ્રાવકે દાન કરવું જોઈએ. तीए=દિશાદિથી નહિ આપતા શ્રાવકને આજ્ઞાદિ છે=આજ્ઞાભંગ આદિ દોષો છે." **(પંચાશક-૫-૪૩)**

વ્યાખ્યા :– અહીં=સાધુના દાનના વિષયમાં, અવિશેષથી સાધુઓને દાન આપવું જોઈએ. હવે તુચ્છ દ્રવ્યપણું હોવાથી=અલ્પઋદ્ધિ હોવાથી, અવિશેષથી=સમાન રીતે, દાનની અશક્તિ છે અને તેઓ=તે સાધુઓ, સદ્વસ્ત્રત્વાદિથી અને ધર્મથી સમાન છે ત્યારે શું વિધિ છે ? એ પ્રકારના પ્રશ્નનો ઉત્તર આપે છે. सत्=વિદ્યમાન વસ્ત્રાદિ અને ઇતર=અવિદ્યમાન વસ્ત્રાદિ જ છે. તેના અસત્ત્વમાં પણ=વસ્ત્રાદિના અભાવમાં પણ, લબ્ધિયુક્ત છે=વસ્ત્રાદિના લાભની યોગ્યતાવાળા છે. અને ઇતર= તદ્વિકલ=લબ્ધિ રહિત છે. એ પ્રકારનો દ્વંદ્વ સમાસ છે. તે આદિ છે જેઓને તે તેવા છે. આદિ શબ્દથી=શ્લોકમાં રહેલા 'संतेअरलद्धिजुएअराइभावेसु'માં રહેલ 'આદિ' શબ્દથી સપક્ષના સત્ત્વથી સંભાવ્યમાન વસ્ત્રાદિ લાભવાળા અને તેનાથી ઇતરાદિનું ગ્રહણ છે. અને આ સદાદિપદો લુપ્ત ભાવ પ્રત્યયવાળા જાણવા અને તેથી તે ભાવો સાધુઓની અવસ્થા છે=સદિતરલબ્ધિયુક્તઇતરાદિ ભાવો છે તેઓમાં સમાન હોતે છતે શું કરવું જોઈએ ? એથી કહે છે. તુચ્છને=દરિદ્ર શ્રાવકને, એ પ્રકારનો પ્રક્રમ છે. એથી તુચ્છ વસ્ત્રાદિ વિતરણરૂપ દાન વર્તે છે. દિગાદિભેદ હોતે છતે=દિગાદિથી અપેક્ષાએ તુચ્છનું દાન વર્તે છે તે આ પ્રમાણે – બે સાધુઓનું સદ્વસ્ત્રપણું હોતે છતે, જે દિશા આસન્ન છે તેને આપવું જોઈએ. એ રીતે અસદ્વસ્ત્રપણું હોતે છતે લબ્ધિયુક્ત અને તદ્ ઇતરમાં પણ જે ઇતર છે તેને વસ્ત્ર આપવું જોઈએ. હવે તુલ્ય પણ ભાવ હોતે છતે=દાન આપવાના શ્રાવકને ભાવ હોતે છતે, દિશાને અતિક્રમીને સામાન્ય શ્રાવક દાન આપે તો શું થાય ? એથી કહે છે. तया=તેનાથી=દિશાથી નહિ આપતા એવા શ્રાવકને આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ, વિરાધના રૂપ દોષો થાય છે. એ પ્રમાણે ગાથાર્થ છે. (પંચાશક ટીકા, પ. ૧૦૬)

પ્રસ્તુત શ્લોકથી એ પ્રાપ્ત થાય કે અલ્પઋદ્ધિવાળા શ્રાવકે સાધુના દાન વિષયક દિશાદિના ભેદથી દાન કરવું જોઈએ. તેથી જે ગુરુ આદિનો પોતાના ઉપર ઉપકાર વિશેષ હોય તેવા ઉપકારી ગુરુના

ભેદથી દાન કરવું જોઈએ. આથી જ પૂર્વમાં કહ્યું કે ધર્મગુરુનો પ્રતિકાર દુષ્કર છે. તેથી જેનાથી પોતાને સન્માર્ગની પ્રાપ્તિ થઈ હોય તેવા ગુરુ વિશેષ પૂજનીય છે. માટે ઋદ્ધિવાન શ્રાવક માટે ઉપકારી ગુરુ કે સુસાધુ ગુણથી સમાન હોય તો પક્ષપાત વગર સર્વની ભક્તિ કરવી જોઈએ અને અલ્પ ઋદ્ધિમાન શ્રાવક બધા સાધુઓની સમાન રીતે ભક્તિ કરી શકે નહિ તેથી જેનાથી પોતાને સન્માર્ગની પ્રાપ્તિ થઈ હોય તેવા ઉપકારી ગુરુને દાન કરે અને અન્ય સાધુઓ માટે દાનશ્રદ્ધાલુ શ્રાવકનાં ઘર બતાવે. આ પ્રકારે શાસ્ત્રમર્યાદા છે. અને તેનો ભંગ કરે તો શ્રાવકને પણ આજ્ઞાભંગ આદિ દોષોની પ્રાપ્તિ થાય છે.

અને આભવદ્વ્યવહારની અપેક્ષાથી પ્રવ્રજ્યાની ઇચ્છાવાળા ગૃહસ્થને અથવા ઉત્પ્રવ્રજિત ગૃહસ્થને= દીક્ષા છોડેલ ગૃહસ્થને, દિગ્ આગમમાં દેખાય છે, અન્યને દેખાતી નથી. અર્થાત્ આ ગૃહસ્થ કોની પાસે દીક્ષા ગ્રહણ કરે ? અને કોની પાસે નહિ ? તેના વિષયમાં આભવદ્ અને અનાભવદ્નો વ્યવહાર શાસ્ત્રમાં છે તે અપેક્ષાએ જે ગૃહસ્થ કોઈક ગુરુથી પ્રતિબોધ પામેલ હોય અને દીક્ષા લેવા તત્પર થયેલો હોય તે ગૃહસ્થનો તે ગુરુ સાથે દિગ્ સંબંધ છે. અને જેણે દીક્ષા છોડી દીધી છે તેનો તે ગુરુ સાથે દિગ્સંબંધ છે એમ આગમમાં દેખાય છે. અન્યનો=અન્ય શ્રાવકનો, કોઈ ગુરુ સાથે દિગ્સંબંધ દેખાતો નથી. યતઃ=જે કારણથી, આ કલ્પ વ્યવહારમાં કહેવાયેલી દિગ્ વ્યવસ્થા છે. જે શ્રાવક દીક્ષા લેવાની ઇચ્છાવાળો છે, સામાયિકાદિ પાઠમાં પ્રવૃત્ત છે તે ત્રણ વર્ષ સુધી પ્રતિબોધક આચાર્યનો જ સત્ક થાય=તે આચાર્યનો આભવદ્ થાય છે. તેથી તે આચાર્ય જ તેને ત્રણ વર્ષની અંદર પોતાના શિષ્ય તરીકે ગ્રહણ કરી શકે. ત્રણ વર્ષ સુધી અન્ય તેને પોતાનો શિષ્ય કરી શકે નહિ, જેને કહે છે.

"સામયિકાદિથી ધર્માચાર્યનાં જે ત્રણ વર્ષો છે. ઉદ્યમથી શૈક્ષ નિયમથી થાય છે=ત્રણ વર્ષ સુધી તેમનો શિષ્ય નિયમથી થાય છે. તેની ઉપરમાં=ત્રણ વર્ષ પછી, ભજના છે=તેમને શિષ્ય થાય કે ન પણ થાય." ।।૧।।

વળી જે નિહ્નવાદિ થઈને ફરી પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે તેને સ્વઈચ્છાથી દિગ્ છે. વળી અત્યક્ત સમ્યક્ત્વવાળો ઉત્પ્રવ્રજ્યા કરીને=દીક્ષા છોડીને જે ફરી પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે તે ત્રણ વર્ષ સુધી પૂર્વાચાર્યનો જ થાય છે=જેની પાસે પૂર્વે દીક્ષા લીધી હતી તે ગુરુનો શિષ્ય થાય છે અને કહે છે.

"सम्मद्दंसणजढे=સમ્યગ્દર્શનનો ત્યાગ કરાયે છતે, परलिंगिनिण्हए वा=પરલિંગી અને નિહ્નવ થયે છતે, ઉપશાંતમાં=મિથ્યાત્વના ઉપશાંતમાં, તે જ દિવસમાં ઇચ્છા=દીક્ષા ત્યાગ કર્યા પછી તે દિવસમાં સંયમની ઇચ્છા છે. સમ્યક્ત્વયુક્તમાં तिण्णि समा=ત્રણ વર્ષ પોતાના ગુરુનો દિક્બંધ છે." ।।૧।।

ઉદ્ધરણના શ્લોકનો અર્થ આ પ્રમાણે છે. કોઈક વ્યક્તિ સાધુપણામાં મિથ્યાત્વને પામ્યો હોય અને પરદર્શનનો સંન્યાસી થયો હોય અથવા નિહ્નવ થયો હોય તેઓને પોતાના ગુરુ સાથે દિગ્બંધ નથી તેથી ફરી દીક્ષાનો પરિણામ થાય ત્યારે સ્વઈચ્છા અનુસાર જ્યાં યોગ્ય જણાય ત્યાં દીક્ષા ગ્રહણ કરે અને ઉપશાંતમાં=મિથ્યાત્વનો જેને ઉપશમ છે અને જેણે દીક્ષાનો ત્યાગ કર્યો છે તે સાધુને જે દિવસે દીક્ષા લેવાની ઇચ્છા થાય તો સમ્યક્ત્વયુક્ત એવા તેને ત્રણ વર્ષ સુધી પોતાના ઉપકારી ગુરુ સાથે દિગ્બંધ છે.

વળી ઉત્પ્રવ્રજિત બે પ્રકારના છે. સારૂપી અને ગૃહસ્થ. ત્યાં=દીક્ષાને ત્યાગ કરનારાના બે ભેદમાં, સારૂપી રજોહરણ વગરના સાધુ વેશધારી છે. અને તે=સારૂપી જાવજ્જીવ પૂર્વાચાર્યના છે=સારૂપી ફરી દીક્ષા લેવા તત્પર થાય તો સારૂપીને જાવજ્જીવ સુધી પૂર્વાચાર્યનો દિક્બંધ છે અને તે સારૂપીથી મુંડન કરાયેલા જે શિષ્યો છે અને જે તેના વડે મુંડન કરાયેલા નથી, કેવલ સારૂપીથી બોધ કરાયેલા જ છે=ધર્મમાં સ્થિર કરાયેલા જ છે. તેઓ=સારૂપીથી મુંડન કરાયેલા કે બોધ કરાયેલા ગૃહસ્થો, જે આચાર્યને ઇચ્છે છે તેને=તે આચાર્યને, આ=સારૂપી, આપે છે. અને તેના તેઓ થાય છે=સારૂપીએ જેઓનું મુંડન કર્યું છે અને જેઓને માર્ગનો બોધ કરાવ્યો છે તેઓ તેના થાય છે=સારૂપીના થાય છે.

અને અપત્યોની આ વિધિ છે=સારૂપીના શિષ્યોની, આ વિધિ છે. તેના અપત્યો=સારૂપીના શિષ્યો, પૂર્વાચાર્યના જ થાય છે અને કહે છે.

"સારૂપી જાવજ્જીવ પૂર્વાચાર્યનો છે=પૂર્વાચાર્ય સાથે દિક્બંધવાળો છે અને જેઓને પ્રવ્રજ્યા આપેલ છે તેઓ પૂર્વાચાર્યના છે. નહિ પ્રવ્રજ્યા અપાયેલા મુંડન કરાયેલા કે બોધ કરાયેલા જીવોના વિષયમાં સ્વચ્છંદ છે=તેઓની દીક્ષા આપવાના વિષયમાં સારૂપી સ્વતંત્ર છે. ઇચ્છાથી જેને=જે આચાર્યને, તે=સારૂપી, આપે=મુંડન કરાયેલા કે બોધ કરાયેલાને આપે તેઓ, તે આચાર્યના થાય છે." ॥૧॥

આ કથનથી એ ફલિત થાય કે જેઓ ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધાવાળા છે. તેઓ ભગવાનના વચનાનુસાર જ આત્મહિત સાધવાના અર્થી છે પરંતુ પ્રવ્રજ્યા પાલન કરવા માટે અસમર્થ છે. તેથી દીક્ષા છોડે છે અને રજોહરણ મૂક્યા પછી પણ સાધુના વેશમાં રહીને સ્વભૂમિકાનુસાર ધર્મની આરાધના કરે છે. તેવા સારૂપી કોઈક નિમિત્તથી ફરી સંયમના પરિણામવાળા થાય તો તેઓ પોતાના મનસ્વીપણાથી જ્યાં ત્યાં દીક્ષા ગ્રહણ ન કરે પરંતુ શાસ્ત્રમર્યાદાનુસાર પ્રવ્રજ્યા ગ્રહણ કરે અને પોતાના પૂર્વાચાર્ય ભગવાનના વચનાનુસાર ચાલનારા છે તેવો સ્થિર નિર્ણય હોય તો સારૂપી પોતાના ઉપકારી એવા પૂર્વાચાર્ય સાથે જ દિગ્બંધથી બંધાયેલા છે તેથી શાસ્ત્રમર્યાદાનુસાર તેમણે તેમની પાસે જ દીક્ષા લેવી જોઈએ. તેથી વિવેકી સારૂપીને જો ફરી દીક્ષા ગ્રહણ કરવાનો પરિણામ થાય તો શાસ્ત્રમર્યાદાનુસાર પૂર્વાચાર્ય પાસે જ દીક્ષા ગ્રહણ કરે અને સારૂપીકે દીક્ષા છોડ્યા પૂર્વે જેઓને શિષ્ય કર્યા છે તે સર્વ શિષ્યો તે સારૂપીના ગુણવાન ગુરુના શિષ્યો થાય છે. તેથી તેઓને સારૂપી અન્ય પાસે જવાનું શાસ્ત્રમર્યાદાનુસાર ક્યારેય કહે નહિ અને સારૂપીકે જેઓનું મુંડન કર્યું છે અને જેઓને સન્માર્ગનો બોધ કરાવ્યો છે તેઓ પણ સારૂપીના ઉપકારથી પામ્યા છે તેથી સારૂપીને પૂછીને પોતાને ક્યાં સંયમ લેવું ? તેની વિચારણા કરે છે. અને તેઓ જે આચાર્ય પાસે દીક્ષા લેવા ઇચ્છતા હોય તેની પાસે તેઓનું હિત થશે તેવું સારૂપીને જણાય તો તે મુંડન કરાયેલા કે બોધ કરાવેલા જીવોને સારૂપી તે આચાર્યને આપે છે; કેમ કે સારૂપીના જે શિષ્યો હતા તે પૂર્વાચાર્યના થયા પરંતુ સારૂપીથી જે મુંડન કરાયેલા છે અને બોધ કરાયેલા છે તે સારૂપીના જ છે. તેથી સારૂપી શાસ્ત્રમર્યાદાનુસાર તેઓને ઉચિતસ્થાને સોંપવા માટે સ્વતંત્ર છે. તેથી પોતાના પૂર્વાચાર્ય ગુણવાન હોવા છતાં પોતાનાથી બોધ પામેલા જીવો અન્યને ઇચ્છતા હોય અને તેઓનું ત્યાં હિત થાય તેમ છે

તેવું સારૂપીને જણાય તો સારૂપી તેઓને તે ધર્માચાર્યને સોંપે છે. તેથી આ દિગ્બંધની મર્યાદા ગુણવાન ગુરુ અને ગુણવાન શિષ્યએ શું ઉચિતપ્રવૃત્તિ કરવી ? તેને આશ્રયીને છે. આથી જ કોઈક રીતે નિર્ગુણગુરુને પામેલા હોય તે અંગારમર્દકના શિષ્યોએ જેમ તે ગુરુનો ત્યાગ કર્યો તેમ ગુણના અર્થી એવા શિષ્યો તે ગુરુનો ત્યાગ પણ કરે છે. તેથી સારૂપી થયા પછી પણ જો ગુરુ ગુણવાન નથી અથવા પોતાને યોગમાર્ગમાં પ્રવર્તાવવા માટે સમર્થ નથી તેવું જણાય તેને આશ્રયીને પ્રસ્તુતમાં બતાવેલ મર્યાદા નથી પરંતુ સામાન્યથી ગુણવાન ગુરુ હોય અને કોઈક સારૂપી થયેલ હોય અને કોઈક રીતે ફરી દીક્ષા લેવાનો પરિણામ થાય ત્યારે શું શાસ્ત્રમર્યાદા છે તે આભવદ્વ્યવહારની અપેક્ષાએ પ્રસ્તુતમાં બતાવેલ છે.

વળી, ગૃહસ્થ=દીક્ષા છોડીને થયેલ ગૃહસ્થ, બે પ્રકારના છે. મુંડિત અને સશિખ. અને તે=મુંડિત અને સશિખ એવા બે પ્રકારના પણ ગૃહસ્થ પૂર્વાચાર્યના છે=પૂર્વાચાર્યના દિગ્બંધવાળા છે અને જેઓ તેના વડે=દીક્ષા છોડી ગૃહસ્થ થયેલા વડે, ઉત્પ્રવજ્યા પછી ત્રણ વર્ષની અંદરમાં બોધ કરાવીને મુંડન કરાયા છે તેઓ, પૂર્વાચાર્યના છે=પૂર્વાચાર્યના દિક્બંધવાળા છે અને કહે છે.

"જે વળી ગૃહસ્થ મુંડ અથવા અમુંડ છે=દીક્ષા છોડેલ ગૃહસ્થ મુંડ છે અથવા અમુંડ છે. ત્રણ વર્ષની અંદર પ્રવ્રજ્યા આપે. અને સ્વયં ગ્રહણ કરે, સર્વ પૂર્વાચાર્યના થાય." ॥૧॥

એ પ્રમાણે પ્રસક્ત-અનુપ્રસક્તથી સર્યું. અને અહીં ઉપયોગી સાધુનિમંત્રણભિક્ષાગ્રહણાદિનો વિશેષ અતિથિસંવિભાગવ્રતના અધિકારમાં કહેવાયેલો જ છે. અને આ=સુપાત્રદાન દિવ્યઔદારિકાદિ અભીષ્ટ સુખસમૃદ્ધિના સામ્રાજ્યાદિના સંયોગની પ્રાપ્તિપૂર્વક શીઘ્ર નિર્વાણપદ પ્રાપ્તિ ફલવાળું છે= સુપાત્રદાન સદ્ગતિઓની પરંપરા દ્વારા મોક્ષફલવાળું છે, જે કારણથી કહેવાયું છે.

"અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન, ઉચિતદાન, કીર્તિદાન. બંને પણ મોક્ષફલવાળાં કહેવાયાં છે=અભયદાન અને સુપાત્રદાન બંને પણ મોક્ષફલવાળા કહેવાયા છે. ત્રણેય પણ=અનુકંપાદાન, ઉચિતદાન અને કીર્તિદાન ત્રણેય પણ ભોગાદિને આપે છે. અર્થાત્ જેઓ ષટ્કાયનું પાલન કરે છે તેવા સુસાધુ અભયદાન આપે છે. વિવેકસંપન્ન શ્રાવકો ગુણવાન પાત્રોને ગુણવાન રૂપે જાણીને સુપાત્રદાન આપે છે. તે બંને દાન સંયમના પરિણામથી સંવલિત હોવાને કારણે મોક્ષફલવાળાં છે. વળી, જેઓ સ્વજનાદિ સાથે કે પરિચિત સાથે સંબંધ હોવાને કારણે તેઓનાં દુઃખ દૂર કરવાર્થે ઉચિતદાન કરે છે. વળી, જેઓ કોઈક કીર્તિના અર્થી છે. છતાં સારા પાત્રોમાં દાન કરે છે, તેઓ તે દાનમાં કંઈક શુભભાવને કારણે ભોગાદિ પ્રાપ્ત કરે છે. સુપાત્રદાન સદ્ગતિની પરંપરા દ્વારા મોક્ષફલવાળું છે તેમ પૂર્વ સાથે સંબંધ છે."

વળી પાત્રતા=સુપાત્રદાનના વિષયભૂત ભક્તિ યોગ્ય જીવોમાં વર્તતી પાત્રતા આ પ્રમાણે કહેવાય છે=આગળમાં બતાવાશે એ પ્રમાણે કહેવાય છે.

"ઉત્તમપાત્ર સાધુ છે અને મધ્યમપાત્ર શ્રાવક કહેવાયો છે=સુશ્રાવક કહેવાયા છે. અવિરત સમ્યગ્દૃષ્ટિ જઘન્ય પાત્ર જાણવું." ॥૧॥

અને તે પ્રમાણે કહે છે=પૂર્વમાં ત્રણ પાત્રો બતાવ્યાં તે સુપાત્ર છે, તેઓને કહે છે.

"હજારો મિથ્યાદૃષ્ટિમાં એક અણુવ્રતી શ્રેષ્ઠ છે. હજારો અણુવ્રતીમાં એક મહાવ્રતી શ્રેષ્ઠ છે." ।।૧।।

"હજાર મહાવ્રતીઓમાં એક તાત્ત્વિક શ્રેષ્ઠ છે=અસંગ અનુષ્ઠાનવાળા શ્રેષ્ઠ છે. તાત્ત્વિક સમાન પાત્ર ભૂતમાં નથી અને ભવિષ્યમાં નથી." ।।૨।।

આ રીતે સાધુ આદિનો સંયોગ હોતે છતે=પૂર્વમાં સુપાત્રદાન શ્રાવકને કર્તવ્ય છે એમ બતાવ્યું એ રીતે સાધુ આદિનો સંયોગ હોતે છતે, વિવેકી પુરુષે અવશ્ય સુપાત્રદાન કરવું જોઈએ. અને યથાશક્તિ તેના અવસરાદિથી આવેલા સાધર્મિકોને પણ સાથે ભોજન કરાવે; કેમ કે તેઓનું પણ સુપાત્રપણું છે. વાત્સલ્ય પણ=સાધર્મિકની ભક્તિ પણ મહાફલને માટે છે. જે કારણથી 'દિનકૃત્ય'માં કહેવાયું છે.

"ભક્તિનિર્ભર વત્સલ સાધર્મિકોનું કરવું જોઈએ. સર્વદર્શી વડે=ભગવાન વડે શાસનની પ્રભાવના બતાવી છે=સાધર્મિક વાત્સલ્યને શાસનની પ્રભાવના કહી છે." **(શ્રાદ્ધદિનકૃત્ય)**

વળી તેની વિધિ=સાધર્મિક વાત્સલ્યની વિધિ, વાર્ષિકકૃત્ય અધિકારમાં કહેવાશે અને ઔચિત્યથી પણ અન્ય દ્રમકાદિને આપે છે=દાન આપે છે. તેઓને નિરાશ પાછા ફેરવતો નથી. કર્મબંધ કરાવતો નથી. નિષ્ઠુર હૃદયવાળો શ્રાવક થતો નથી. હિ=જે કારણથી, ભોજનના અવસરમાં દ્વારનું બંધ કરવું આદિ પણ મોટા પુરુષનું અથવા દયાવાળાનું લક્ષણ નથી. જે કારણથી કહેવાયું છે.

"ભોજન કરતો શ્રાવક દ્વારને બંધ કરે જ નહિ. ભગવાન વડે સુશ્રાવકને અનુકંપા નિવારણ કરાઈ નથી." ।।૧।।

"ભયંકર એવા ભવસાગરમાં દુઃખથી આર્ત્ત એવા પ્રાણીસમૂહને જોઈને સામર્થ્યથી=શક્તિ અનુસાર અવિશેષથી બંને પણ અનુકંપા કરે=સમાન રીતે દ્રવ્યાનુકંપા અને ભાવ અનુકંપા બંને પણ શ્રાવક કરે." ।।૨।। ()

બંને પણ=દ્રવ્ય અને ભાવ દ્વારા બંને પણ અનુકંપા શ્રાવક કરે, એમ અન્વય છે. દ્રવ્યથી યથાયોગ્ય અન્ન આદિ દાન દ્વારા અનુકંપા કરે. વળી, ભાવથી ધર્મમાર્ગના પ્રવર્તનથી અનુકંપા કરે. શ્રી પંચમ અંગ-ભગવતી સૂત્રમાં પણ શ્રાવકના વર્ણનના અધિકારમાં 'અભંગદ્વારવાળા' શ્રાવક હોય છે, એ પ્રમાણે કહેવાયું છે. ભગવાન વડે પણ સાંવત્સરિક દાનથી દીનનો ઉદ્ધાર કરાયો જ છે. વળી કોઈના વડે પણ પ્રતિષિદ્ધ નથી=અનુકંપાદાન પ્રતિષિદ્ધ નથી.

"દુર્જયજિતરાગદોસમોહવાળા સર્વ પણ જિનો વડે અનુકંપાદાન શ્રાવકોને ક્યારેય પણ પ્રતિષિદ્ધ નથી." ।।૧।।

ક્યારેય પણ=કોઈપણ સૂત્રમાં પ્રતિષિદ્ધ નથી. ઊલટું દેશના દ્વારા 'રાજપ્રશ્નીય ઉપાંગ'માં કેશીગણધર વડે ઉપદેશ અપાયો છે, તે આ પ્રમાણે –

"હે પ્રદેશી ! તું પૂર્વમાં રમણીય થઈને=દાનવીર થઈને પછી અરમણીય થઈશ નહિ=દાનધર્મનો ત્યાગ કરીશ નહિ." **ઈત્યાદિ.**

અને માતા-પિતા-ભાઈ-ભગિની આદિના, પુત્ર-પુત્રવધૂ આદિના અને ગ્લાન બદ્ધ ગાય આદિના ભોજનાદિની ઉચિત ચિંતા કરીને પંચપરમેષ્ઠિના અને પ્રત્યાખ્યાનના નિયમના સ્મરણપૂર્વક સાત્મ્યના અવિરોધથી=આરોગ્યના અવિરોધથી, ભોજન કરે, જે કારણથી કહેવાયું છે.

"પિતાને, માતાને, બાળકોને, ગર્ભિણી=ગર્ભવતીને, વૃદ્ધને, રોગીને પ્રથમ ભોજન આપીને ઉત્તમપુરુષોએ સ્વયં ભોજન કરવું જોઈએ." ।।૧।।

"અને ધારણ કરાયેલાં સર્વ ચતુષ્પદોની અને મનુષ્યોની ચિંતા કરીને ધર્મને જાણનાર સ્વયં ભોજન કરે. અન્યથા નહિ." ।।૨।।

અને સાત્મ્યનું લક્ષણ પાંત્રીસ ગુણોમાં કહેવાયું જ છે=પ્રથમ પ્રસ્તાવમાં ગૃહસ્થના પાંત્રીસ ગુણો બતાવ્યા તેમાં સાત્મ્યનું લક્ષણ કહેવાયું જ છે. અને આ રીતે=સાત્મ્યથી ભોજન કરે એમ કહ્યું એ રીતે, લૌલ્યના પરિહારથી અભક્ષ્ય, અનંતકાયાદિ, બહુસાવદ્ય વસ્તુના વર્જનપૂર્વક યથાગ્નિબલને=પોતાની ક્ષુધાને, અનુરૂપ ભોજન કરે. વળી નીતિશાસ્ત્રમાં આ પ્રમાણે કહેવાયું છે.

"અધૌત મુખ-હસ્તાંઘ્રિવાળો=નહિ ધોએલા મુખ-હસ્ત-પગવાળો, અને નગ્ન, મલિન વસ્ત્રવાળો, ડાબા હાથથી ઉપાડેલી થાળીવાળો ક્યારેય ભોજન કરે નહિ." ।।૧।।

"એક વસ્ત્રથી અન્વિત=એક વસ્ત્રથી યુક્ત, અર્ધવસ્ત્રથી વીંટળાયેલ મસ્તકવાળો, અપવિત્ર, અતિગર્હ્ય વિચક્ષણ ભોજન કરે નહિ." ।।૨।।

"જોડા સહિત, વ્યગ્રચિત્તવાળો, કેવલભૂમિકામાં રહેલો, પલંગમાં રહેલો, વિદિશા કે દક્ષિણ દિશામાં મુખવાળો=વિદિશા કે દક્ષિણ દિશા સન્મુખ રહેલો, કૃશ મુખવાળો ભોજન કરે નહિ." ।।૩।।

"આસનમાં રહેલા પગવાળો, કૂતરા-ચંડાલો વડે નિરીક્ષણ કરાતો, અને પતિત=પતિત જીવોથી નિરીક્ષણ કરાતો અને ભિન્ન=ભાંગેલા, અને મલિન પણ ભાજનમાં ભોજન કરે નહિ." ।।૪।।

"અમેધ્યના સંભવવાળું=અશુચિના સંભવવાળું, ભ્રૂણાદિ ઘાતક એવા જીવો વડે જોવાયેલું, રજસ્વલા સ્ત્રીથી સ્પર્શાયેલું, ગાય-કૂતરા-પક્ષીઓ વડે સૂંઘાયેલું ભોજન કરે નહિ." ।।૫।।

"અજ્ઞાત આગમવાળું=અજ્ઞાત પાસેથી આવેલું, અજ્ઞાત, ફરી ગરમ કરેલું અને ચબચબા શબ્દથી યુક્ત મુખના વિકારવાળો ભોજન કરે નહિ." ।।૬।।

"આહ્વાનથી ઉત્પાદિત પ્રીતિવાળો=ભોજન અર્થે બોલાવવા દ્વારા ઉત્પાદન કરાયેલ પ્રીતિવાળો, કર્યું છે દેવના નામનું સ્મરણ એવો પુરુષ સમાન પૃથ્વીમાં, સ્થિર આસનમાં અનતિઊંચાપણાથી બેઠેલો ભોજન કરે, એમ અન્વય છે." ।।૭।।

"માતા, સાસુ, અંબિકા, જામિ, ભાર્યા, પત્ની આદિ વડે આદરથી રંધાયેલું પવિત્ર અને યુક્તિવાળા જીવોથી=પીરસવામાં હોશિયાર એવા જીવો વડે અપાયેલું, જન નહિ હોતે છતે ભોજન કરે." ।।૮।।

❖ શ્લોક-૯-૧૦માં અશુદ્ધિ છે તેથી લખ્યા નથી.

અને

"અંગમર્દન, નીહાર, ભાર ઉત્ક્ષેપ=ભાર ઉપાડવો, ઉપવેશન=બેસી રહેવું અને સ્નાન આદિને ભોજન કરીને કેટલોક કાળ બુદ્ધિમાન કરે નહિ." ।।૧૧।।

"ભોજન કરીને બેસવાથી મોટું પેટ થાય છે=ફાંદ વધે છે. ચત્તા સૂઈ જનારનું બળ, વામ કટિસ્થનું આયુષ્ય અને દોડનારનું મૃત્યુ દોડે છે." ।।૧૨।।

"ભોજન પછી ડાબા પડખે બે ઘડી સુધી નિદ્રા વગર સૂઈ જાય અથવા ૧૦૦ પગલાં ચાલે." ।।૧૩।।

'इति' ઉદ્ધરણના શ્લોકોની સમાપ્તિ અર્થે છે.

હવે ઉત્તરાર્ધની વ્યાખ્યા કરે છે=મૂળ શ્લોક-૬૪ના ઉત્તરાર્ધની વ્યાખ્યા કરે છે. 'સંવરણ ઇત્યાદિ' ભોજન પછી સંવરણ=પ્રત્યાખ્યાન દિવસચરિમ અથવા ગ્રંથિ સહિત આદિ તેની કૃતિ=કરણ, સંભવ હોતે છતે દેવ-ગુરુના વંદનપૂર્વક પ્રત્યાખ્યાન કરે. શ્લોકમાં નહિ કહેવાયેલું હોવા છતાં પણ જાણવું. જે કારણથી 'દિનકૃત્ય'માં કહેવાયું છે.

'દેવને અને ગુરુને વંદન કરીને ત્યારે સંવરણ કરીને' **(શ્રાદ્ધદિનકૃત્ય) 'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.**

અને ત્યાર પછી=પચ્ચક્ખાણ કર્યા પછી, શાસ્ત્રાર્થોનું=શાસ્ત્રના પ્રતિપાદિત ભાવોનું ચિંતન કરે= સ્મરણ અથવા વિચારણા કરે. આ, આ પ્રમાણે છે કે નહિ એ પ્રમાણે નિર્ણય કરવો=શાસ્ત્રના પદાર્થો આ પ્રમાણે છે કે નહિ તેનો યથાર્થ નિર્ણય કરવો. કેવી રીતે નિર્ણય કરવો ? એથી કહે છે. તેના જાણનારાઓની સાથે=તે શાસ્ત્રાર્થને જાણે છે તે તજ્જ્ઞ, એવા ગીતાર્થ સાધુઓ પાસેથી અથવા પ્રવચનકુશલ શ્રાવકપુત્રો પાસેથી શાસ્ત્રાર્થ જાણે. એ પ્રમાણે અર્થ છે. ગુરુમુખથી સાંભળેલા પણ પરિશીલનાવિકલ=પરિશીલનથી રહિત, શાસ્ત્રાર્થનાં રહસ્યો ચિત્તમાં સુદૃઢ પ્રતિષ્ઠિત થતાં નથી. એથી કરીને શાસ્ત્રાર્થનું ચિંતન કરે એમ અન્વય છે. ।।૬૪।।

ભાવાર્થ :-

શ્રાવક બહુલતાએ શક્તિ હોય તો ત્રિકાળ પૂજા કરે તેથી મધ્યાહ્નકાલમાં ફરી વિધિપૂર્વક ભગવાનની પૂજા કરે એ પ્રકારે વિશેષ ગૃહસ્થધર્મ છે. વળી, શક્તિ અનુસાર અત્યંત વિવેકપૂર્વક સુપાત્રોને દાન કરે, ત્યાર પછી ભોજન કરે. જેથી સંયમ પ્રત્યે અત્યંત બહુમાન થાય અને ગુણોના પક્ષપાતને કારણે ગુણની વૃદ્ધિ થાય. વળી, ભોજન પણ સર્વ ઔચિત્યપૂર્વક તે રીતે કરે કે જેથી સ્વજનાદિ કે તેને આશ્રિત સર્વ જીવોને તે પ્રકારના ઉચિત વર્તનને કારણે શ્રાવકના ધર્મ પ્રત્યે બહુમાન થાય. વળી ભોજન કર્યા પછી શક્તિ અનુસાર ઉચિત પચ્ચક્ખાણ કરે અને યોગ્ય શાસ્ત્રના જાણનારાઓ સાથે શાસ્ત્રના સૂક્ષ્મ-પદાર્થોનું ચિંતન કરે જેથી પ્રાપ્ત થયેલો મનુષ્યભવ જિનવચનના રહસ્યને સૂક્ષ્મ-સૂક્ષ્મતર પ્રાપ્ત કરીને સફળ થાય. **॥૬૪॥**

અવતરણિકા :-

सम्प्रति सन्ध्याविषयं यत्कर्त्तव्यं तदाह –

અવતરણિકાર્થ :-

હવે સંધ્યા વિષયક જે કર્તવ્ય છે તેને કહે છે –

શ્લોક :-

सायं पुनर्जिनाभ्यर्चा, प्रतिक्रमणकारिता ।
गुरोर्विश्रामणा चैव, स्वाध्यायकरणं तथा ।।६५।।

અન્વયાર્થ :-

પુનઃ=વળી, સાયં=સંધ્યા સમયે, જિનાભ્યર્ચા=જિનઅર્ચના, પ્રતિક્રમણકારિતા=પ્રતિક્રમણનું કરણ, ચૈવ=અને, ગુરોઃ=ગુરુની, વિશ્રામણા=વિશ્રામણા, તથા=અને, સ્વાધ્યાયકરણ=સ્વાધ્યાયકરણ. ।।૬૫।।

શ્લોકાર્થ :-

વળી સંધ્યાસમયે જિનની અર્ચના, પ્રતિક્રમણકારિતા અને ગુરુની વિશ્રામણા અને સ્વાધ્યાયકરણ. ।।૬૫।।

ટીકા :-

'सायं' सन्ध्यासमयेऽन्तर्मुहूर्त्तादर्वाक्, पुनस्तृतीयवारमित्यर्थः 'जिनाभ्यर्चा' देवपूजनम्, विशेषतो गृहिधर्म इति सण्टङ्कः, एवमग्रेऽपि, अत्र चायं विशेष-उत्सर्गतः श्रावकेणैकवारभोजिनैव भाव्यम्, यदभाणि दिनकृत्ये–

"उस्सग्गेणं तु सड्ढो उ, सचित्ताहारवज्जओ ।
इक्कासणगभोई अ, बंभयारी तहेव य ।।१।।" **[श्राद्धदिनकृत्ये]**

यश्चैकभक्तं कर्त्तुं न शक्नोति, स दिवसस्याष्टमे भागेऽन्तर्मुहूर्त्तद्वयलक्षणे, यामिनीमुखादौ तु रजनीभोजनमहादोषप्रसङ्गादन्तर्मुहूर्त्तादर्वागेव वैकालिकं करोति, यतो दिनकृत्य एव–

"अह न सक्केइ काउं जो, एगभत्तं जओ गिही ।
दिवसस्सट्ठमे भागे, तओ भुंजे सुसावओ ।।१।।"

वैकालिकानन्तरं च यथाशक्ति दिवसचरमं सूर्योद्गमान्तं मुख्यवृत्त्या दिवसे सति द्वितीयपदे रात्रावपि करोति, कृत्वा च सन्ध्यायां अर्द्धबिम्बदर्शनादर्वाग् पुनरपि यथाविधि जिनं पूजयति सा च दीपधूपरूपाऽवसेयेति भावः, तथा प्रतिक्रमणस्य-सामायिकं १ चतुर्विंशतिस्तवो २ वन्दनकं ३ प्रतिक्रमणं ४ कायोत्सर्गः ५ प्रत्याख्यानं ६ चेति षड्विधावश्यकक्रियालक्षणस्य कारिता=करणं, विशेषतो गृहिधर्म इति सम्बन्धः, अयं भावः–सन्ध्यायां जिनपूजनानन्तरं श्रावकः साधुपार्श्वे पोषधशालादौ वा गत्वा प्रतिक्रमणं करोति, प्रतिक्रमणशब्दश्चावश्यकविशेषवाच्यपि अत्र सामान्येन सामायिकादि-षड्विधावश्यकक्रियायां रूढः, अध्ययनविशेषवाचिनोऽपि प्रतिक्रमणशब्दस्य नोआगमतो भावनिक्षेप-

मपेक्ष्य षडावश्यकरूपज्ञानक्रियासमुदायप्रवृत्तेरविरोधात्, क्रियारूप एकदेशे आगमस्याभावान्नोआगमत्वं, नोशब्दस्य देशनिषेधार्थत्वात्, उक्तं च–

"किरिआऽऽगमो ण होइ, तस्स णिसेधंमि नोसद्दोत्ति" [ ]

तत्र सामायिकम्=आर्त्तरौद्रध्यानपरिहारेण धर्मध्यानकरणेन शत्रुमित्रकाञ्चनादिषु समता, तच्च पूर्वमुक्तं, चतुर्विंशतिस्तवः=चतुर्विंशतेस्तीर्थकराणां नामोत्कीर्त्तनपूर्वकं गुणकीर्त्तनं, तस्य च कायोत्सर्गे मनसाऽनुध्यानं शेषकालं व्यक्तवर्णपाठः, अयमपि पूर्वमुक्तः, वन्दनं=वन्दनायोग्यानां धर्माचार्याणां पञ्चविंशत्यावश्यकविशुद्धं द्वात्रिंशद्दोषरहितं नमस्करणं, तदप्युक्तमेव ।

प्रतिक्रमणं=प्रतीत्युपसर्गः प्रतीपे प्रातिकूल्ये वा, 'क्रमू पादविक्षेपे' [धा. पा. ३८५] अस्य प्रतिपूर्वस्य भावे ल्युडन्तस्य प्रतीपं क्रमणं, अयमर्थः–शुभयोगेभ्योऽशुभयोगान्तरं क्रान्तस्य शुभेष्वेव क्रमणात् प्रतीपं क्रमणं प्रतिक्रमणं, यदाह–

"स्वस्थानाद्यत्परस्थानं, प्रमादस्य वशाद् गतः ।
तत्रैव क्रमणं भूयः, प्रतिक्रमणमुच्यते ।।१।।"

प्रतिकूलं वा गमनं प्रतिक्रमणं, यदाह–

"क्षायोपशमिकाद् भावादौदयिकवशं गतः ।
तत्रापि च स एवार्थः, प्रतिकूलगमात्स्मृतः ।।१।।"

प्रति प्रति क्रमणं वा प्रतिक्रमणम्, उक्तं च–

"प्रति प्रति वर्त्तनं वा, शुभेषु योगेषु मोक्षफलदेषु ।
निःशल्यस्य यतेर्यत्तद्वा ज्ञेयं प्रतिक्रमणम् ।।१।।"

तच्चातीतानागतवर्त्तमानकालत्रयविषयम्, नन्वतीतविषयमेव प्रतिक्रमणं, यत उक्तं–"अईअं पडिक्कमामि, पडुप्पन्नं संवरेमि, अणागयं पच्चक्खामी ति" [ ] **तत्कथं त्रिकालविषयता ?, उच्यते, अत्र प्रतिक्रमणशब्दोऽशुभयोगनिवृत्तिमात्रार्थः–**

"मिच्छत्तपडिक्कमणं, तहेव अस्संजमे पडिक्कमणं ।
कसायाण पडिक्कमणं, जोगाण य अप्पसत्थाणं ।।१।।" [**आवश्यकनिर्युक्तौ १२६४**]

ततश्च निन्दाद्वारेणाशुभयोगनिवृत्तिरूपमतीतविषयं प्रतिक्रमणम्, प्रत्युत्पन्नविषयमपि संवरद्वारेण, अनागतविषयमपि प्रत्याख्यानद्वारेणेति न कश्चिद्दोषः, इत्थं त्रिकालविषयं प्रतीपक्रमणादि प्रतिक्रमणमिति सिद्धम्, एतच्च व्युत्पत्तिमात्रम्, रूढिश्च क्वचिदावश्यकविशेषे, क्वचिच्च षडावश्यकक्रियायामित्युक्तमेव,

इत्थमेव च वक्ष्यमाणः प्रतिक्रमणविधिर्घटते ।

तच्च प्रतिक्रमणं दैवसिक १ रात्रिक २ पाक्षिक ३ चातुर्मासिक ४ सांवत्सरिक ५ भेदात्पञ्चविधम्, तत्र दिवसस्यान्ते दैवसिकमेतस्य कालस्तूत्सर्गेणैवमुक्तः–

"अद्धनिबुड्डे बिंबे, सुत्तं कड्ढंति गीअत्था ।
इअ वयणपमाणेणं, देवसिआवस्सए कालो ।।१।।" **[यतिदिनचर्यायाम् ३२४]**

रात्रेरन्ते रात्रिकं, तस्य चैवं कालः-

"आवस्सयस्स समए, निद्दामुद्दं चयंति आयरिआ ।
तह तं कुणंति जह दसपडिलेहाणंतरं सूरो ।।१।।"

अपवादतस्तु दैवसिकं दिवसतृतीयप्रहरादन्वर्द्धरात्रं यावत्, योगशास्त्रवृत्तौ, तु–

'मध्याह्नादारभ्यार्द्धरात्रं यावदि'त्युक्तं, **रात्रिकमर्द्धरात्रादारभ्य मध्याह्नं यावत्, उक्तमपि–**

"उग्घाडपोरिसिं जा, राइअमावस्सयस्स चूलाए ।
ववहाराभिप्पाया, तेण परं जाव पुरिमड्ढं ।।१।।"

पाक्षिकादित्रयं तु पक्षाद्यन्ते भवति, तत्रापि पाक्षिकं च चतुर्दश्यामेव, यदि पुनः पञ्चदश्यां स्यात्तदा चतुर्दश्यां पाक्षिके चोपवासस्योक्तत्वात्पाक्षिकमपि षष्ठेन स्यात्, तथा च 'अट्ठमछट्ठचउत्थं, संवच्छरचाउमासपक्खीसुं' [ ] **इत्याद्यागमविरोधः तथा यत्र चतुर्दशी गृहीता तत्र न पाक्षिकम्, यत्र च पाक्षिकं न तत्र चतुर्दशी, तथाहि–'अट्ठमीचउद्दसीसु उववासकरणमिति' [ ] पाक्षिकचूर्णौ, तथा 'सागरचंदो कमलामेलावि सामिपासे धम्मं सोऊण गहिआणुव्वयाणि सावगाणि संवुत्ताणि, तओ सागरचंदो अट्ठमिचउद्दसीसु सुण्णघरेसु मसाणेसु एगराइअं पडिमं ठाइ' इति । 'सो अट्ठमिचउद्दसीसु उववासं करेइ' [ ] इति ।** 'अट्ठमिचउद्दसीसु अरहंता साहुणो अ वंदेअव्वा' **इति चावश्यकचूर्णौ ।**

तथा–'संते बलवीरिअपुरिसक्कारपरक्कमे अट्ठमिचउद्दसीणाणपंचमीपज्जोसवणाचाउम्मासिए चउत्थछट्ठट्ठमे न करिज्जा पच्छित्तं' [ ] **इति महानिशीथ १ अध्ययने, इति पाक्षिककृत्योपलक्षितचतुर्दशीशब्द-प्रतिपादकाक्षराणि] तथा–**

'चउत्थछट्ठट्ठमकरणे अट्ठमिपक्खचउमासवरिसेसु' **इति व्यवहारभाष्यषष्ठोद्देशके च,** 'पक्खस्स अट्ठमी खलु, मासस्स य पक्खियं मुणेअव्वं [ ] **इत्यादिव्याख्यायां वृत्तौ चूर्णौ च पाक्षिकशब्देन चतुर्दश्येव व्याख्याता, ततश्चतुर्दशीपाक्षिकयोरैक्यमिति निश्चीयते, अन्यथा तु क्वचिदुभयोपादानमपि स्यादेव । चातुर्मासिकसांवत्सरिके तु पूर्वं पूर्णिमापञ्चम्योः क्रियमाणे अपि श्रीकालिकाचार्याचरणातश्चतुर्दशी-**

चतुर्थ्योः क्रियेते, प्रामाणिकं चैतत्, सर्वसंमतत्वाद्, उक्तं च कल्पभाष्ये–

"असढेण समाइण्णं, जं कत्थइ केणई असावज्जं ।
न निवारिअमन्नेहिं, बहुजणमयमेअमायरिअं ।।१।।" **इति ।**

तथा ध्रुवाध्रुवभेदाद्द्विधा प्रतिक्रमणम्, तत्र ध्रुवं भरतैरवतेषु प्रथमचरमतीर्थकरतीर्थेषु, अपराधो भवतु मा वा, परम् उभयकालं प्रतिक्रमणं कर्त्तव्यम्, अध्रुवं मध्यमतीर्थकरतीर्थेषु विदेहेषु च कारणे जाते प्रतिक्रमणम्, यदाह–

"सपडिक्कमणो धम्मो, पुरिमस्स य पच्छिमस्स य जिणस्स ।
मज्झिमगाण जिणाणं, कारणजाए पडिक्कमणं ।।१।।" **[कल्पपंचा. ३२]**

प्रतिक्रमणविधिश्चैवं प्रतिक्रमणहेतुगर्भादौ उक्तः–

"साधुना श्रावकेणापि अनुयोगद्वारगत 'तदप्पिअकरणे' इति पदस्य करणानि-तत्साधकतमानि देहरजोहरणमुखवस्त्रिकादीनि तस्मिन्नेव-आवश्यके यथोचितव्यापारनियोगेनार्पितानि=नियुक्तानि येन स तदर्पितकरणः, सम्यक्यथावस्थानन्यस्तोपकरण इत्यर्थः" **इति वृत्तिः ।**

तथा–"जो मुहपोत्तियं अपडिलेहित्ता वंदणं देइ, तो गरुअं तस्स पायच्छित्तं" **इति व्यवहारसूत्रम् ।**

"पोसहसालाए ठवित्तु ठवणायरियं मुहपत्तिअं पमज्ज तो सीहो गिण्हइ पोसहं" **इति व्यवहारचूलिका ।**

"पावरणं मोत्तूणं, गिण्हित्ता मुहपोत्तिअं ।
वत्थकायविसुद्धीए, करेइ पोसहाइअं ।।१।।"

इति च व्यवहारचूर्णिरित्येवमादिग्रन्थप्रामाण्यात् मुखवस्त्रिकारजोहरणादियुक्तेन द्विसन्ध्यं विधिना प्रमार्जितादौ स्थाने जातु तदभावेऽपि ससाक्षिकं कृतमनुष्ठानमत्यन्तं दृढं जायत इति गुरुसाक्षिकं तदभावे च नमस्कारपूर्वं स्थापनाचार्यं स्थापयित्वा पञ्चाचारविशुद्ध्यर्थं प्रतिक्रमणं विधेयम् ।

अत्राह कश्चित्–ननु

"गुरुविरहंमि उ ठवणा, गुरूवएसोवदंसणत्थं च ।
जिणविरहंमि व जिणबिंबसेवणामंतणं सहलं ।।१।।"

इत्यादिविशेषावश्यकवचनप्रमाणात् यतिसामायिकप्रस्तावे भदन्तशब्दं व्याख्यानयता भाष्यकृता साधुमाश्रित्य स्थापनाचार्यस्थापनमुक्तं न श्रावकमाश्रित्येति कुतस्तेषां स्थापनाधिकार इति चेत्र, भदन्तशब्दं भणतां तेषां स्थापनाचार्यस्थापनं युक्तमेव, अन्यथा भदन्तशब्दपठनं व्यर्थमेव स्यात्, अथ च स्थापनाचार्यस्थापनमन्तरेणापि वन्दनाद्यनुष्ठानं विधीयते, तदा वन्दनकनिर्युक्तौ–'आयप्पमाणमित्तो,

चउद्दिसि होइ उग्गहो गुरुणो' [ ] **इत्यक्षरैर्गुरोरवग्रहप्रमाणमुक्तं तत्कथं घटते?, न हि गुर्वभावे गुरुगतावग्रहप्रमाणं घटमानं स्याद्, ग्रामाभावे तत्सीमाव्यवस्थावत्, तथा तत्रैव यदपरमुक्तं**–'चउसिरं तिगुत्तं च, दुपवेसं एगनिक्खमणं' [**गुरुवन्दनभा. १९**] **इत्यादि, तदपि न युक्तं भवेद्, यतश्चतुःशीर्षत्वं वन्दनकदातृतत्प्रतीच्छकसद्भावे सति भवति, नतु साक्षाद् गुर्वभावे स्थापनाचार्यस्यानभ्युपगमे च, एवं द्विप्रवेशैकनिष्क्रमणे अपि दूरापास्ते एव, अवधिभूतगुरोः स्थापनाचार्यस्य वाऽभावात्, न च हृदयमध्य एव गुरुरस्तीति वाच्यम्, तथा सति प्रवेशनिर्गमयोरविषयत्वादिति, तस्मात्**

"अक्खे वराडए वा, कट्ठे पुत्थे अ चित्तकम्मे अ ।
सब्भावमसब्भावं, गुरुठवणा इत्तरावकहं ।।" [**गुरुवन्दनभा. २९**]

इतिवचनप्रमाणाच्च साधूनां श्रावकाणां स्थापनाचार्यस्थापनं समानमेवेति व्यवस्थितम् ।

ટીકાર્થ :-

'सायं' सन्ध्यासमये ..... व्यवस्थितम् । संध्यासमये=सूर्यास्तथी अंतर्मुहूर्त पूर्वे फरी त्रीजी वार जिनअर्चा=देवनुं पूजन, विशेषथी गृहस्थधर्म छे. ए प्रमाणे संटंक छे=योजन छे. ए रीते आगळमां पण=जिनार्चामां योजन कर्युं ए रीते प्रतिक्रमणकारिता आदिमां पण, विशेषथी गृहस्थधर्म छे ए प्रमाणे योजन करवुं. अने अहीं=विशेषथी गृहस्थधर्मना विषयमां आ विशेष छे. उत्सर्गथी श्रावके एक वखत ज भोजन करवुं जोईए. जे कारणथी 'दिनकृत्य'मां कहेवायुं छे.

"उत्सर्गथी वळी श्रावक सचित आहारनो वर्जक, एकासणानो भोजी=एकासणाथी भोजन करनारो अने ते ज प्रकारे ब्रह्मचारी होय." **(श्राद्धदिनकृत्य)**

जे=जे श्रावक एकभक्ति=एकासणुं, करवा समर्थ नथी ते=ते श्रावक दिवसना आठमा भागरूप अंतर्मुहूर्तद्वय लक्षणमां वैकालिकने करे=संध्यानुं भोजन करे एम अन्वय छे. वळी, यामिनी मुखादिमां= रात्रिना नजीकना भागमां वैकालिक करवामां आवे तो=संध्यानुं भोजन करवामां आवे तो, रात्रिभोजनना महादोषनो प्रसंग होवाथी अंतर्मुहूर्त पूर्वे ज=सूर्यास्तथी ४८ मिनिट पूर्वे ज, वैकालिकने करे छे=संध्यानुं भोजन करे छे. जे कारणथी दिनकृत्यमां ज कहेवायुं छे.

"हवे जे श्रावक जे कारणथी एकभक्त करवा माटे समर्थ नथी ते कारणथी दिवसना आठमा भागमां ते गृहस्थ सुश्रावक भोजन करे." ।।१।।

अने वैकालिक पछी=संध्याना भोजन पछी यथाशक्ति दिवसचरिम पच्चक्खाण करे=शक्ति अनुसार चउविहार के तिविहारनुं पच्चक्खाण करे. सूर्यना उद्गम-अंतवाळुं दिवसचरिम पच्चक्खाण मुख्यवृत्तिथी दिवस होते छते करे. बीजा पदमां=अपवाद पदमां, रात्रिमां पण करे=रात्रि थई गई होय तोपण दिवसचरिम पच्चक्खाण ग्रहण करे अने करीने=दिवसचरिम पच्चक्खाण करीने, संध्याकाळमां भगवानना बिंबना दर्शनथी अर्वाक्=सन्मुख=गभाराની અંદર નહિ પરંતુ ગભારાના

બહારના ભાગમાં, ફરી પણ યથાવિધિ જિનપૂજા કરે અને તે=સંધ્યાકાળની જિનપૂજા દીપ અને ધૂપ રૂપ જાણવી.

અને પ્રતિક્રમણની=સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન એ પ્રમાણે છ આવશ્યક ક્રિયા રૂપ પ્રતિક્રમણની, કારિતા=કરણ, વિશેષથી ગૃહસ્થધર્મ છે. એ પ્રમાણે સંબંધ છે. આ ભાવ છે. સંધ્યામાં જિનપૂજા પછી શ્રાવક સાધુ પાસે અથવા પૌષધશાલાદિમાં જઈને પ્રતિક્રમણ કરે છે. 'પ્રતિક્રમણ' શબ્દ આવશ્યક વિશેષનો વાચક પણ=ષડ્આવશ્યક અંતર્ગત પ્રતિક્રમણ નામના આવશ્યકનો વાચક પણ, અહીં=ગૃહસ્થધર્મમાં, સામાન્યથી સામાયિકાદિ છ પ્રકારની આવશ્યકક્રિયામાં રૂઢ છે; કેમ કે અધ્યયન વિશેષવાચી પણ પ્રતિક્રમણ શબ્દનો નોઆગમથી ભાવનિક્ષેપાને આશ્રયીને ષડ્આવશ્યકરૂપ જ્ઞાન-ક્રિયાના સમુદાયની પ્રવૃત્તિનો હોવાથી અવિરોધ છે. ક્રિયારૂપ એક દેશમાં આગમનો અભાવ હોવાથી નોઆગમવાળું છે; કેમ કે 'નો' શબ્દનું દેશનિષેધાર્થપણું છે અને કહેવાયું છે.

"ક્રિયા આગમ નથી. તેના નિષેધમાં=આગમના નિષેધમાં, 'નો'શબ્દ છે." ()

ત્યાં=છ આવશ્યકમાં, સામાયિક આર્ત્ત-રૌદ્રધ્યાનના પરિહારથી ધર્મધ્યાનના કરણ દ્વારા શત્રુ-મિત્ર-સુવર્ણાદિમાં સમતા છે.

અર્થાત્ ષડ્આવશ્યક કરનાર શ્રાવક મન-વચન-કાયાના યોગોને બાહ્યપદાર્થના અવલંબનથી અપ્રવૃત્ત કરીને આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનનો પરિહાર કરે છે. અને જિનવચનના અવલંબનથી જિનવચનના અર્થને સ્પર્શે તે રીતે ધર્મધ્યાન કરે છે. જેથી સામાયિક કાળમાં શ્રાવકનો રાગ સર્વભાવો પ્રત્યે સમભાવમાં વર્તે છે. તે સામાયિક આવશ્યક છે.

અને તે=સામાયિક આવશ્યક, પૂર્વમાં કહેવાયું=શ્રાવકનાં બાર વ્રત અંતર્ગત સામાયિક વ્રતના વર્ણનમાં કહેવાયું. ચતુર્વિંશતિસ્તવ=ચોવીશ તીર્થંકરોના નામના ઉત્કીર્તનપૂર્વક ગુણકીર્તન=ચોવીશ તીર્થંકરોના નામના બોલવાપૂર્વક તે તે ગુણવાચ્ય ગુણોની સ્તુતિ. તે ચતુર્વિંશતિસ્તવ અને તેનું= ચતુર્વિંશતિસ્તવનું, કાયોત્સર્ગમાં મનથી અનુધ્યાન છે=ચિંતન છે. શેષકાલમાં વ્યક્ત વર્ણપાઠ છે. સ્પષ્ટ ઉચ્ચારણપૂર્વક લોગસ્સ સૂત્ર દ્વારા બોલાય છે. આ પણ=ચતુર્વિંશતિસ્તવ પણ, પૂર્વમાં કહેવાયું છે=લોગસ્સ સૂત્રના વર્ણનમાં કહેવાયું છે. વંદન=વંદન કરવા યોગ્ય ધર્માચાર્યને પચીસ આવશ્યકથી વિશુદ્ધ, બત્રીસ દોષથી રહિત નમસ્કાર કરવાની ક્રિયા, તે પણ=વંદન પણ, વંદન સૂત્રના વર્ણનમાં કહેવાયું જ છે. પ્રતિક્રમણ=પ્રતિક્રમણ શબ્દમાં, 'પ્રતિ' એ ઉપસર્ગ પ્રતીપ અથવા પ્રતિકૂલ્ય અર્થમાં છે. 'ક્રમ' ધાતુ પાદવિક્ષેપમાં છે. (ધા.પા. ૩૮૫) 'પ્રતિ' ઉપસર્ગપૂર્વક આનું='ક્રમ' ધાતુનું, ભાવમાં 'લ્યુટ્' અંતવાળાનું પ્રતીપંક્રમણ=પાછા પગે જવું, એ પ્રકારનો અર્થ છે. તેનાથી શું પ્રાપ્ત થાય છે ? તે સ્પષ્ટ કરે છે. આ અર્થ છે – શુભયોગોથી=શ્રાવકના શ્રાવકાચાર રૂપ શુભયોગોથી, અશુભયોગાંતરના કાંતનું=અશુભયોગાંતરમાં ગયેલાનું, શુભ જ યોગમાં ક્રમણ થવાથી પ્રતીપંક્રમણ

પ્રતિક્રમણ છે=શ્રાવક દિવસ દરમિયાન સમ્યક્ત્વયુક્ત સ્વીકારાયેલાં વ્રતોની મર્યાદાની સ્મૃતિપૂર્વક સર્વ ઉચિત વ્યવહાર કરે ત્યારે શ્રાવક શુભયોગમાં વર્તે છે. જે શુભયોગના બળથી સતત સર્વવિરતિને અનુકૂળ બળસંચય કરે છે અને સ્વીકારાયેલા સમ્યક્ત્વયુક્ત વ્રતમાં અજ્ઞાનથી કે પ્રમાદથી સ્ખલના કરે ત્યારે અશુભયોગમાં જાય છે. તે અશુભયોગથી નિંદા-ગર્હા દ્વારા શુભયોગમાં પાછા ફરવાની ક્રિયા તે પ્રતિક્રમણની ક્રિયા છે, જેને કહે છે –

"પ્રમાદના વશથી સ્વસ્થાનથી જે પરસ્થાનમાં ગયેલો ત્યાં જ ફરી ક્રમણ=સ્વસ્થાનમાં ફરી ગમન, પ્રતિક્રમણ કહેવાય છે." ॥૧॥

અથવા પ્રતિકૂલગમન પ્રતિક્રમણ છે, જેને કહે છે –

ક્ષાયોપશમિકભાવોથી ઔદાયિકભાવોને વશ થયેલો અને ત્યાં પણ તે જ અર્થ છે=ઔદાયિકભાવોમાંથી ક્ષાયોપશમિકભાવોમાં ગમન કરે તે જ અર્થ. પ્રતિકૂલગમનથી સ્મરણ કરાયેલો છે. અર્થાત્ જિનવચનાનુસાર સમ્યક્ત્વના પરિણામથી યુક્ત શ્રાવક પોતાના વ્રતની મર્યાદાથી ગૃહસ્થ જીવન જીવે છે ત્યારે સંસારના રૌદ્રસ્વરૂપના જ્ઞાનપૂર્વક સર્વવિરતિની શક્તિનો સંચય થાય તે પ્રકારે સર્વ ઉચિત કાયિક, વાચિક, માનસિક આચરણા કરે છે ત્યારે તેના ક્ષાયોપશમિક ભાવના પરિણામરૂપ દેશવિરતિનું પાલન સર્વવિરતિને અનુકૂળ પ્રવર્તે છે. અને જ્યારે મનથી, વચનથી કે કાયાથી ઉપયોગની સ્ખલના થવાને કારણે વ્રતથી પ્રતિકૂલ ઔદાયિકભાવમાં વર્તે છે ત્યારે તે વ્રત મલિન થાય છે અને ઔદાયિકભાવને પામેલ શ્રાવક, ઔદાયિકભાવનું સ્મરણ કરીને ઔદાયિકભાવથી પ્રતિકૂળ એવા ક્ષાયોપશમિકભાવમાં ફરી આવે છે એવી અંતરંગ ક્રિયા અને તેને ઉપષ્ટંભક બાહ્યક્રિયા પ્રતિક્રમણ કહેવાય છે.

અથવા પ્રતિ પ્રતિ ક્રમણ પ્રતિક્રમણ છે=સન્મુખ સન્મુખ ગમન પ્રતિક્રમણ છે અને કહેવાયું છે.

"અથવા મોક્ષના ફલને દેનારા શુભયોગોમાં પ્રતિ પ્રતિ વર્તન=સન્મુખ-સન્મુખ ગમન નિઃશલ્યવાળા યતિનું જે છે તે પ્રતિક્રમણ જાણવું." અર્થાત્ મુનિ પ્રતિક્ષણ અપ્રમાદથી શુભયોગોમાં યત્ન કરે છે તે મોક્ષના લક્ષ્યની સન્મુખ ગમનની ક્રિયા હોવાથી પ્રતિક્રમણ છે જે પાપના અકરણ સ્વરૂપ છે. અને તે ઉત્સર્ગથી પ્રતિક્રમણ છે. અને તે=પ્રતિક્રમણ, અતીત-અનાગત અને વર્તમાનકાળના ત્રણ વિષયવાળું છે.

'ननु'થી શંકા કરે છે. અતીત વિષયવાળું જ પ્રતિક્રમણ છે. જે કારણથી કહેવાયું છે.

"અતીતનું પ્રતિક્રમણ કરું છું. વર્તમાનનું સંવરણ કરું છું, અનાગતનું પચ્ચક્ખાણ કરું છું."

તે કારણથી કેવી રીતે ત્રિકાલ વિષયતા થાય ?=પ્રતિક્રમણની ત્રિકાલ વિષયતા થાય નહિ. અર્થાત્ અતીત વિષયતા જ થાય, પ્રતિક્રમણની ત્રિકાલ વિષયતા થાય નહિ, તેનો ઉત્તર આપે છે. અહીં=ષડ્આવશ્યકમાં કહેવાતા પ્રતિક્રમણમાં, પ્રતિક્રમણ શબ્દ અશુભયોગ નિવૃત્તિ માત્ર અર્થવાળો છે.

"મિથ્યાત્વનું પ્રતિક્રમણ કરું છું તે પ્રમાણે જ અસંયમનું પ્રતિક્રમણ કરું છું. કષાયોનું પ્રતિક્રમણ કરું છું અને અપ્રશસ્તયોગોનું પ્રતિક્રમણ કરું છું." **(આવશ્યકનિર્યુક્તિ-૧૨૬૪)**

અને તેથી નિંદા દ્વારા અશુભયોગોની નિવૃત્તિ રૂપ અતીત વિષયવાળું પ્રતિક્રમણ છે. સંવર દ્વારા

પ્રત્યુપન્ન વિષયવાળું છે અને પ્રત્યાખ્યાન દ્વારા અનાગત વિષયવાળું છે. એથી કોઈ દોષ નથી='અઈઅં નિંદામિ'માં અતીતનું પ્રતિક્રમણ કહ્યું અને ષડ્આવશ્યકમાં અશુભયોગની નિવૃત્તિ માત્ર કરનાર પ્રતિક્રમણ શબ્દ છે એમ કહ્યું તેથી ત્રણકાલના વિષયવાળું પ્રતિક્રમણ સ્વીકારવામાં કોઈ દોષ નથી. આ રીતે=પૂર્વમાં કહ્યું કે અશુભયોગની નિવૃત્તિ માત્રરૂપ પ્રતિક્રમણ છે એ રીતે, ત્રિકાલ વિષયવાળું પ્રતિ પગલે પાછા ફરવારૂપ પ્રતિક્રમણ છે એ સિદ્ધ થયું. અને આ=પ્રતિ પગલે પાછા ફરવું એ વ્યુત્પત્તિ માત્ર છે=પ્રતિક્રમણ શબ્દની વ્યુત્પત્તિ માત્ર અર્થ છે અને રૂઢિ ક્યારેક આવશ્યક વિશેષમાં છે=ષડ્આવશ્યકમાંથી પ્રતિક્રમણ આવશ્યકમાં છે અને ક્યારેક ષડ્આવશ્યક ક્રિયામાં છે=પ્રતિક્રમણ શબ્દનો અર્થ છ આવશ્યકની ક્રિયા છે એ પ્રમાણે કહેવાયું છે. અને આ રીતે=છ આવશ્યકરૂપ પ્રતિક્રમણની ક્રિયા છે એ રીતે, આગળમાં કહેવાશે એ પ્રતિક્રમણ વિધિ ઘટે છે.

અને તે પ્રતિક્રમણ ૧. દૈવસિક, ૨. રાત્રિક, ૩. પાક્ષિક, ૪. ચાતુર્માસિક, ૫. સાંવત્સરિકના ભેદથી પાંચ પ્રકારનું છે. ત્યાં=પાંચ પ્રકારના પ્રતિક્રમણમાં, દિવસના અંતમાં દૈવસિક પ્રતિક્રમણ છે. વળી આનો કાલ=દૈવસિક પ્રતિક્રમણનો કાલ, ઉત્સર્ગથી આ પ્રમાણે કહેવાયો છે=ગાથામાં બતાવે છે એ પ્રમાણે કહેવાયો છે.

"અર્ધ ડૂબેલું બિંબ હોતે છતે=સાંજના સૂર્યાસ્ત વખતે અર્ધ ડૂબેલ સૂર્ય હોતે છતે, ગીતાર્થો સૂત્ર ભણે છે. એ પ્રકારના વચનના પ્રમાણથી દૈવસિક આવશ્યકનો=સાંજના દૈવસિક-પ્રતિક્રમણનો કાલ છે." ।।૧।। **(યતિદિનચર્યા-૩૨૪)**

રાત્રિના અંતે રાત્રિક કહેવાય=રાઈ પ્રતિક્રમણ કહેવાય. અને તેનો=રાત્રિક પ્રતિક્રમણનો, આ પ્રમાણે કાલ છે=ઉત્સર્ગથી આ પ્રમાણે કાલ છે.

"આવશ્યકના સમયમાં આચાર્યો નિદ્રા મુદ્રાનો ત્યાગ કરે છે અને તેને કરે છે=પ્રતિક્રમણને, કરે છે. જે પ્રમાણે દસ પડિલેહણ પછી=દસ વસ્ત્રની પડિલેહણા પછી, સૂર્ય ઊગે=સૂર્યનો ઉદય થાય." ।।૧।।

વળી, અપવાદથી દૈવસિક=દૈવસિક પ્રતિક્રમણ, દિવસના ત્રીજા પ્રહરથી પછી અર્ધરાત્રિ સુધી થાય છે. વળી યોગશાસ્ત્રની વૃત્તિમાં "મધ્યાહ્નથી માંડી અર્ધરાત્રિ સુધી" એ પ્રમાણે કહેવાયું છે. રાત્રિક પ્રતિક્રમણ અર્ધરાત્રિથી માંડીને મધ્યાહ્ન સુધી કહેવાયું છે. વળી કહેવાયું છે.

"આવશ્યકની ચૂલિકામાં રાઈ પ્રતિક્રમણ યાવત્ ઉગ્ઘાડપોરિસી સુધી થાય છે અને વ્યવહારના અભિપ્રાયથી=વ્યવહાર સૂત્રના અભિપ્રાયથી તેના પછી=ઉગ્ઘાડપોરિસી પછી, યાવત્ પુરિમુડ્ઢ સુધી થાય છે." ।।૧।।

વળી પાક્ષિકાદિત્રય પક્ષના અંતે થાય છે. ત્યાં પણ=પાક્ષિકાદિ ત્રણમાં પણ, પાક્ષિક પ્રતિક્રમણ ચતુર્દશીમાં જ થાય છે. વળી જો પૂનમમાં કે અમાસમાં થાય તો ચૌદશમાં અને પાક્ષિકમાં ઉપવાસનું ઉક્તપણું હોવાથી પાક્ષિક પણ છટ્ઠથી થાય અને તે રીતે=પાક્ષિક પ્રતિક્રમણ છટ્ઠથી થાય તેમ સ્વીકારવામાં આવે તે રીતે, 'અટ્ઠમ, છઠ, ચોથભક્ત=ઉપવાસ, કમસર સંવચ્છરી પ્રતિક્રમણમાં, ચોમાસી પ્રતિક્રમણમાં અને પક્ખી-પ્રતિક્રમણમાં છે.' એ પ્રકારના આગમનો વિરોધ થાય. અને જ્યાં

ચૌદશ ગ્રહણ કરી છે ત્યાં પાક્ષિક નથી અને જ્યાં પાક્ષિક છે ત્યાં ચૌદશ નથી તે આ પ્રમાણે – "આઠમ અને ચૌદશમાં ઉપવાસ કરવો જોઈએ. એ પ્રમાણે 'પાક્ષિકચૂર્ણિ'માં છે. અને સાગરચંદ્ર અને કમલામેલાએ પણ સ્વામી પાસે=નેમનાથ ભગવાન પાસે, ધર્મ સાંભળીને ગૃહીત અણુવ્રતવાળા શ્રાવકો થયા. ત્યારપછી સાગરચંદ્ર આઠમ અને ચૌદશમાં શૂન્યઘરોમાં, સ્મશાનમાં એક રાત્રિ પ્રતિમામાં રહે છે." "તે આઠમ અને ચૌદશના ઉપવાસ કરે છે. 'આઠમે અને ચૌદશે' અરિહંતોને અને સાધુઓને વંદન કરવું જોઈએ." એ પ્રમાણે આવશ્યકચૂર્ણિમાં છે. અને "બલ, વીર્ય, પુરુષકાર પરાક્રમ હોતે છતે આઠમ, ચૌદશ, જ્ઞાનપંચમી, પર્યુષણ અને ચોમાસીમાં ચતુર્થભક્ત=ઉપવાસ, છઠ, અટ્ઠમ ન કરે તો પ્રાયશ્ચિત્ત છે." એ પ્રમાણે મહાનિશીથ અધ્યયન-૧માં છે. એ પ્રમાણે પાક્ષિક કૃત્યથી ઉપલક્ષિત ચૌદશ શબ્દ પ્રતિપાદક અક્ષરો છે. માટે પાક્ષિક પ્રતિક્રમણ ચૌદશમાં જ થાય, પૂનમમાં નહિ એ પ્રકારનો અભિપ્રાય છે.

અને

આઠમ, પક્ષ=પક્ખી, ચઉમાસ=ચૌમાસી, વરિસ=સંવચ્છરીમાં ક્રમસર ઉપવાસ, છઠ, અટ્ઠમ કરવો જોઈએ. અને એ પ્રમાણે વ્યવહારભાષ્યના છટ્ઠા ઉદેશામાં છે. પક્ષનું અષ્ટમી અને માસનું પક્ખી જાણવું. ઈત્યાદિ વ્યાખ્યાઓમાં, વૃત્તિમાં અને ચૂર્ણિમાં=પૂર્વમાં વર્ણન કર્યું એ સર્વ વ્યાખ્યાઓમાં, વૃત્તિમાં અને ચૂર્ણિમાં પાક્ષિક શબ્દથી ચૌદશ જ વ્યાખ્યાન કરાય છે. તેથી ચૌદશ અને પાક્ષિકનું ઐક્ય છે એ પ્રમાણે નિશ્ચય થાય છે. અન્યથા વળી=ચૌદશ અને પાક્ષિકનો ભેદ કરી કથન કરવામાં આવે તો કોઈક સ્થાનમાં બંનેનું પણ ગ્રહણ થાય જ=ચૌદશ અને પાક્ષિક એ બંનેનું સ્વતંત્ર ગ્રહણ થાય જ, પરંતુ સ્વતંત્ર ગ્રહણ નથી માટે ચૌદશ જ પાક્ષિક પ્રતિક્રમણનો દિવસ છે. વળી પૂર્વમાં ચૌમાસી કે સંવચ્છરી પ્રતિક્રમણ પૂર્ણિમા અને પંચમીમાં કરાતાં હોવા છતાં પણ=કાલિકાચાર્યના પ્રસંગ પૂર્વે ચૌમાસી પ્રતિક્રમણ પૂનમે થતું હતું અને સંવચ્છરી પ્રતિક્રમણ પાંચમે થતું હતું તોપણ કાલિકાચાર્યની આચરણાથી ચૌદશ અને ચતુર્થીમાં=ચૌમાસી પ્રતિક્રમણ ચૌદશમાં અને સંવચ્છરી પ્રતિક્રમણ ચોથમાં કરાય છે. અને આ=ચૌમાસી પ્રતિક્રમણ ચૌદશમાં અને સંવચ્છરી પ્રતિક્રમણ ચોથમાં કરાય છે એ, પ્રામાણિક છે; કેમ કે સર્વસંમતપણું છે=કાલિકાચાર્ય પછીના બધા આચાર્યોએ સ્વીકારેલું છે અને કલ્પભાષ્યમાં કહેવાયેલું છે.

"અશઠથી કોઈના વડે ક્યાંય જે અસાવદ્ય સમાચીર્ણ છે=આચરાયેલું છે, અન્ય વડે નિવારણ કરાયેલું નથી એ આચરિત બહુજનને સંમત્ત છે." ॥૧॥

'ઇતિ' શબ્દ કલ્પભાષ્યના ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

અને ધ્રુવ-અધ્રુવના ભેદથી બે પ્રકારનું પ્રતિક્રમણ છે, ત્યાં=ધ્રુવ-અધ્રુવના ભેદથી બે પ્રકારના પ્રતિક્રમણમાં, ભરતક્ષેત્ર, ઐરાવત ક્ષેત્રમાં પ્રથમ અને ચરમ તીર્થંકરનાં તીર્થોમાં ધ્રુવ પ્રતિક્રમણ છે. અર્થાત્ અપરાધ થાય કે ન થાય ?=કોઈ શ્રાવક કે સાધુ દિવસ દરમિયાન નિરતિચાર પંચાચારનું પાલન કરે તો અપરાધ ન થાય. અને કોઈ અતિચાર લાગે તો અપરાધ થાય પરંતુ ઉભયકાલ

પ્રતિક્રમણ કરવું જોઈએ. મધ્યમ તીર્થંકરોના તીર્થોમાં અને મહાવિદેહોમાં અધ્રુવ પ્રતિક્રમણ છે=અતિચારરૂપ કારણ થયે છતે પ્રતિક્રમણ છે, જેને કહે છે –

"પ્રથમ અને ચરમજિનનો સપ્રતિક્રમણ ધર્મ છે=પ્રતિક્રમણ સહિત દેશવિરતિ કે સર્વવિરતિનો ધર્મ છે. મધ્યમ જિનોનો ધર્મ, કારણ થયે છતે=અતિચાર થયે છતે, પ્રતિક્રમણ છે." **(કલ્પપંચા. ૩૨)**

અને પ્રતિક્રમણ વિધિ આ પ્રમાણે 'પ્રતિક્રમણહેતુ ગર્ભ' આદિમાં કહેવાઈ છે.

"સાધુ વડે શ્રાવક વડે પણ અનુયોગદ્વારગત 'તદર્પિતકરણ' એ પ્રકારના પદના કરણો=તત્સાધકતમ દેહ, રજોહરણ, મુખવસ્ત્રિકા આદિ તે જ આવશ્યકમાં યથોચિત વ્યાપારનિયોગ દ્વારા અર્પિત છે=નિયોજન કરાયેલાં છે. જેના વડે તે તદ્અર્પિતકરણ છે=સમ્યક્ યથાવસ્થાનન્યસ્ત ઉપકરણવાળો સાધુ કે શ્રાવક છે."

એ પ્રકારનો અર્થ વૃત્તિમાં છે=સાધુએ કે શ્રાવકે પ્રતિક્રમણ કરતી વખતે પ્રતિક્રમણના અંગભૂત દેહ, રજોહરણ-મુખવસ્ત્રિકાદિ સર્વ ઉપકરણો જે પ્રકારે પ્રતિક્રમણની ક્રિયામાં વ્યાપૃત કરવાની ભગવાનની અનુજ્ઞા છે તે પ્રમાણે વ્યાપારવાળા કરે છે તે સાધુ કે શ્રાવક પ્રતિક્રમણને અનુકૂળ અર્પિત કરણવાળા છે અને જેઓ પ્રતિક્રમણની ક્રિયાકાળમાં તે તે અનુષ્ઠાનમાં દેહ-રજોહરણાદિ ઉપકરણોને જે પ્રમાણે શાસ્ત્રમાં કહ્યું છે તે પ્રમાણે પ્રવર્તાવતા નથી તેઓ પ્રતિક્રમણને અનુકૂળ 'અર્પિત કરણવાળા' નથી તે પ્રકારનો અર્થ છે.

"જે સાધુ કે શ્રાવક મુહપત્તિનું પડિલેહણ કર્યા વગર વંદન આપે છે. તેને તો તેનાથી=મુહપત્તિનું પડિલેહણ કર્યા વગર વંદનની ક્રિયા કરવાથી ગુરુ, પ્રાયશ્ચિત્ત આવે છે" **એ પ્રમાણે વ્યવહાર સૂત્ર છે.**

"પૌષધશાળામાં સ્થાપનાચાર્યને સ્થાપીને મુહપત્તિનું પ્રમાર્જન કરીને ત્યારપછી સીહ=સિંહ નામનો શ્રાવક, પૌષધ ગ્રહણ કરે છે" **એ પ્રમાણે વ્યવહારચૂલિકામાં છે.**

"પ્રાવરણને મૂકીને=ઉપરના ખેસને મૂકીને, ખુલ્લા દેહથી મુહપત્તિને ગ્રહણ કરીને વસ્ત્ર-કાયાની વિશુદ્ધિથી પૌષધાદિ કરે." **અને એ પ્રમાણે વ્યવહારચૂર્ણિ છે.**

એ વગેરે ગ્રંથના પ્રામાણ્યથી=પૂર્વમાં બતાવેલા ગ્રંથના પ્રામાણ્યથી, મુખવસ્ત્રિકા, રજોહરણાદિ યુક્ત એવા શ્રાવકે દ્વિસંધ્ય=સવાર-સાંજ, પ્રમાર્જિતાદિ સ્થાનમાં અને સાક્ષીક સહિત અનુષ્ઠાન અત્યંત દૃઢ થાય છે એથી ગુરુસાક્ષીક પ્રતિક્રમણ કરવું જોઈએ એમ અન્વય છે અને તેના અભાવમાં=ગુરુના અભાવમાં, નમસ્કારપૂર્વક સ્થાપનાચાર્ય સ્થાપીને પંચાચારની વિશુદ્ધિ માટે પ્રતિક્રમણ કરવું જોઈએ.

❖ ટીકામાં 'જાતુ તદભાવેઽપિ' એટલો પાઠ અધિક ભાસે છે એથી તેને છોડીને અર્થ કરેલ છે.

અહીં કોઈક કહે છે –

"ગુરુના વિરહમાં, ગુરુના ઉપદર્શન માટે સ્થાપના છે. જેમ જિનના વિરહમાં જિનબિંબની સેવા અને આમંત્રણ સફલ છે." ॥૧॥

ઇત્યાદિ વિશેષ આવશ્યકના વચનના પ્રમાણથી યતિના સામાયિકના પ્રસ્તાવમાં 'ભદંત' શબ્દની વ્યાખ્યા કરતાં ભાષ્યકારશ્રી વડે સાધુને આશ્રયીને સ્થાપનાચાર્યનું સ્થાપન કહેવાયું છે. શ્રાવકને

આશ્રયીને નહિ. એથી તેઓને=શ્રાવકોને, સ્થાપનાનો અધિકાર ક્યાંથી હોય ? એ પ્રકારે 'નનુ'થી શંકા કરનાર કોઈક કહે છે, તેને ગ્રંથકારશ્રી કહે છે – એમ ન કહેવું. 'ભદંત' શબ્દને કહેતા તેઓને= શ્રાવકોને, સ્થાપનાચાર્યનું સ્થાપન યુક્ત જ છે. અન્યથા=જો શ્રાવકોને, સ્થાપનાચાર્યનું સ્થાપન યુક્ત જ ન હોય તો 'ભદંત' શબ્દનું કથન=સામાયિકસૂત્રમાં બોલાતા, ભદંત શબ્દનું કથન વ્યર્થ જ થાય અને જો સ્થાપનાચાર્યની સ્થાપના વગર વંદનાદિ અનુષ્ઠાન કરાય છે. તો વંદનકનિર્યુક્તિમાં "આત્મપ્રમાણથી મિત=પોતાના દેહના પ્રમાણથી મપાયેલ, ચારે દિશામાં ગુરુનો અવગ્રહ હોય છે." એ અક્ષરો વડે ગુરુના અવગ્રહનું પ્રમાણ કહેવાયું છે તે કેવી રીતે ઘટે ? અર્થાત્ ઘટે નહિ. ગુરુના અભાવમાં ગુરુગત અવગ્રહનું પ્રમાણ ઘટમાન થાય નહિ જ; કેમ કે ગામના અભાવમાં તેની સીમાનું અવ્યવસ્થાન છે. તેમ ગુરુના અભાવમાં ગુરુના અવગ્રહનું અવ્યવસ્થાન છે. અને ત્યાં જ=વંદનકનિર્યુક્તિમાં જ, "ચાર શીર્ષ=ચાર વખત શીર્ષનમન, તિગુત્ત=ત્રણ ગુપ્તિથી ગુપ્ત, બે પ્રવેશ એક નિષ્ક્રમણ" (ગુરુવંદન ભાષ્ય-૧૯) ઈત્યાદિ જે બીજું કહેવાયું છે તે પણ યુક્ત થાય નહિ. જે કારણથી ચાર વખત શીર્ષનમનપણું, વંદનને આપનાર એવા શ્રાવક અને તત્પ્રતીચ્છક=વંદન લેનાર, એવા ગુરુનો સદ્ભાવ હોતે છતે થાય છે. વળી, સાક્ષાત્ ગુરુના અભાવમાં અને સ્થાપનાચાર્યના અનભ્યુપગમમાં આ રીતે= વંદનકનિર્યુક્તિમાં કહ્યું એ રીતે, બે પ્રવેશ અને એક નિષ્ક્રમણ પણ દુરાપાસ્ત જ થાય=અસંગત જ થાય; કેમ કે અવધિભૂત એવા ગુરુનો=પ્રવેશ અને નિષ્ક્રમણના અવધિભૂત એવા ગુરુનો અથવા સ્થાપનાચાર્યનો અભાવ છે. અને હૃદયમાં જ ગુરુ છે એમ ન કહેવું; કેમ કે તે પ્રમાણે હોતે છતે= હૃદયમાં ગુરુ હોતે છતે, પ્રવેશ-નિષ્ક્રમણનું=ગુરુના અવગ્રહમાં પ્રવેશ અને અવગ્રહથી નિર્ગમનનું અવિષયપણું છે. તે કારણથી=પૂર્વમાં સ્થાપન કર્યું કે સ્થાપનાચાર્ય સ્થાપીને પ્રતિક્રમણ કરવું જોઈએ તે કારણથી, અને

"અક્ષમાં, વરાડમાં=કોડીઓમાં, કાષ્ટમાં, પુત્થમાં=પુસ્તકમાં, ચિત્રકામમાં સદ્ભાવ-અસદ્ભાવ ગુરુની સ્થાપના ઈત્વર અને યાવત્ કથિત છે." **(ગુરુવંદન ભાષ્ય-૨૯)**

એ પ્રમાણે વચનના પ્રામાણ્યથી સાધુઓને અને શ્રાવકોને સ્થાપનાચાર્યનું સ્થાપન સમાન જ છે એ પ્રમાણે વ્યવસ્થિત છે.

પૂર્વમાં કહ્યું કે નમસ્કારપૂર્વક સ્થાપનાચાર્ય સ્થાપીને પંચાચારની વિશુદ્ધિ માટે પ્રતિક્રમણ કરવું જોઈએ. ત્યાં શંકા થઈ કે શ્રાવકને સ્થાપનાચાર્યની સ્થાપનાનો અધિકાર નથી તેનું સમાધાન અત્યાર સુધી કર્યું અને સ્થાપન કર્યું કે સાધુને અને શ્રાવકને સ્થાપનાચાર્યનું સ્થાપન સમાન જ છે. હવે પંચાચારની વિશુદ્ધિ માટે પ્રતિક્રમણ કરવું જોઈએ એમ કહ્યું તેથી તે પંચાચાર શું છે ? અને તેની વિશુદ્ધિ પ્રતિક્રમણથી કઈ રીતે થાય તે સ્પષ્ટ કરે છે.

ટીકા :-

पञ्चाचाराश्च ज्ञानदर्शनचारित्रतपोवीर्याचारा इति, तत्र सामायिकेन चारित्राचारस्य शुद्धिः क्रियते

१, चतुर्विंशतिस्तवेन दर्शनाचारस्य २, वन्दनकेन ज्ञानाद्याचाराणां ३, प्रतिक्रमणेन तेषामतिचारापनयनरूपा ४, प्रतिक्रमणेनाशुद्धानां तदतिचाराणां कायोत्सर्गेण ५, तपआचारस्य प्रत्याख्यानेन ६, वीर्याचारस्यैभिः सर्वैरपीति । यतश्चतुःशरणप्रकीर्णके –

"चारित्तस्स विसोही, कीरइ सामाइएण किरइहयं" [**गा. ४**] **इत्यादिगाथाः प्रसिद्धाः ।**

टीकार्थ :-

पञ्चाचाराश्च ..... प्रसिद्धाः । અને પંચાચાર જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર છે. ત્યાં=પંચાચારમાં, સામાયિકથી ચારિત્રાચારની શુદ્ધિ કરાય છે. ચતુર્વિંશતિ સ્તવથી દર્શનાચારની શુદ્ધિ કરાય છે. વંદનક દ્વારા જ્ઞાનાદિ આચારોની શુદ્ધિ કરાય છે. પ્રતિક્રમણ દ્વારા તેઓના=પંચાચારના અતિચારોની પ્રાપ્તિરૂપ દોષોની, શુદ્ધિ કરાય છે. પ્રતિક્રમણ દ્વારા અશુદ્ધ એવા તે તે અતિચારોનું=પ્રતિક્રમણ દ્વારા કંઈક શુદ્ધિ થવા છતાં જે અતિચારોની શુદ્ધિ થઈ નથી તે અતિચારોની કાયોત્સર્ગ દ્વારા શુદ્ધિ કરાય છે. તપાચારની પ્રત્યાખ્યાનથી શુદ્ધિ કરાય છે. અને વીર્યાચારની શુદ્ધિ આ સર્વ વડે પણ=છ આવશ્યક વડે પણ, કરાય છે=પ્રતિક્રમણના છ આવશ્યક દ્વારા વીર્યાચારની શુદ્ધિ કરાય છે. જે કારણથી ચતુઃશરણ પ્રકીર્ણકમાં કહેવાયું છે.

"ચારિત્રની વિશોધિ સામાયિકથી કરાય છે." **(ગા. ૪) ઇત્યાદિ ગાથા પ્રસિદ્ધ છે.**

ભાવાર્થ :-

પ્રતિક્રમણની ક્રિયા પંચાચારની શુદ્ધિ માટે કરાય છે અને પાંચ આચારો એ વીતરાગતાને અનુકૂળ સદ્વીર્યના પ્રવર્તનરૂપ છે. તેથી સાધુ કે શ્રાવક દિવસ દરમિયાન સ્વશક્તિ અનુસાર અવશ્ય નવું-નવું શ્રુત ભણે. જિનવચન જ સર્વ કલ્યાણનું એક કારણ છે. તે પ્રકારે સ્થિર બુદ્ધિ કરવાર્થે તેને અનુરૂપ સર્વ ઉચિત આચારો પાળે. શક્તિ અનુસાર સર્વવિરતિનું કારણ બને તે રીતે દેશવિરતિનું અધિક અધિક સંવરણ કરે. અર્થાત્ જે દેશવિરતિનું શ્રાવક પાલન કરે છે તે સર્વવિરતિનું કારણ બને તદર્થે સૂક્ષ્મ બુદ્ધિથી સાધુધર્મના પરિણામને ઉપસ્થિત કરીને તેનાથી આત્માને વાસિત કરે. વળી, સાધુ સુભટની જેમ મોહના નાશ માટે પ્રતિક્ષણ યત્ન કરે છે અને સર્વ કાયિક ચેષ્ટા કંટક આકીર્ણ ભૂમિમાં ગમનની જેમ કરે છે તેવા સુસાધુના સ્વરૂપથી ચિત્તને વાસિત કરે અને તેવો સંવરભાવ પોતાને કેમ શીઘ્ર પ્રાપ્ત થાય તે પ્રકારે અવસરે-અવસરે અંતરંગ યત્ન કરે તે દેશવિરતિનું અધિક અધિક સંવરણ છે. અને સ્વશક્તિ અનુસાર બાર પ્રકારના તપમાં યત્ન કરે. આ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપની સર્વ ક્રિયાઓ શક્તિને ગોપવ્યા વગર કરે તે વીર્યાચારરૂપ છે. અને આ પંચાચારનું પાલન સમ્યક્ કરીને શ્રાવક પ્રતિદિન સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે. વળી, ષડ્આવશ્યકમય સવાર-સાંજનું પ્રતિક્રમણ કરે છે ત્યારે સામાયિક કરે છે. તેના દ્વારા સંસારના સર્વભાવોથી મન-વચન-કાયાને ગુપ્ત કરીને જિનવચનથી આત્માને વાસિત કરે છે. જેથી પોતાનામાં વિદ્યમાન સંવરભાવ વિશુદ્ધ-વિશુદ્ધતર થાય છે જે ચારિત્રાચારની વિશુદ્ધિરૂપ છે. વળી, પ્રતિક્રમણના ક્રિયાકાળમાં જ્યારે જ્યારે

લોગસ્સ સૂત્ર બોલાય છે ત્યારે ત્યારે ચોવીશ તીર્થંકરોનું નામકીર્તન કરાય છે. તેના દ્વારા વીતરાગ પ્રત્યેના સુવિશુદ્ધ રાગની વૃદ્ધિ થાય છે જેનાથી દર્શનાચારની શુદ્ધિ થાય છે. વળી, પ્રતિક્રમણની ક્રિયામાં જ્યારે જ્યારે વાંદણાની ક્રિયા આવે છે ત્યારે ત્યારે નિર્મળકોટિના જ્ઞાનાદિ આચારવાળા ભાવાચાર્યને વંદન કરાય છે. તેથી પોતાનામાં જ્ઞાનાદિ આચારોની શુદ્ધિ થાય છે. વળી પ્રતિક્રમણની ક્રિયામાં જે આલોચનાનાં સૂત્રો આવે છે અને જે વંદિત્તા સ્વરૂપ પ્રતિક્રમણસૂત્ર આવે છે તે સર્વ દ્વારા પ્રમાદવશ દિવસ દરમિયાન થયેલા પંચાચારના અતિચારોની શુદ્ધિ કરાય છે. વળી પ્રતિક્રમણની ક્રિયા દરમિયાન આલોચના સૂત્ર અને વંદિત્તારૂપ પ્રતિક્રમણસૂત્ર બોલીને શ્રાવક દિવસ દરમિયાન થયેલા પંચાચારના અતિચારોની શુદ્ધિ કરવા યત્ન કરે છે છતાં ઉપયોગની મંદતાને કારણે આલોચનથી અનાલોચિત અને પ્રતિક્રમણથી અપ્રતિક્રાંત એવા અતિચારોની કાયોત્સર્ગથી શુદ્ધિ કરે છે. અર્થાત્ દૃઢ ઉપયોગપૂર્વક આલોચના કરવાથી દિવસ દરમિયાન પંચાચારના પાલનમાં થયેલા અતિચારો પ્રત્યે શ્રાવકને તીવ્ર જુગુપ્સા થાય છે. જેથી તે આલોચનાથી જ પ્રમાદથી થયેલા તે અતિચારોની શુદ્ધિ થાય છે છતાં આલોચનાકાળમાં પ્રમાદની સ્ખલનાને દૂર કરવાને અનુકૂળ દૃઢ વ્યાપાર ક્યાંક મંદ થયો હોય તો કેટલાક અતિચારોનું આલોચન શબ્દ માત્રથી થાય છે. પરંતુ તે અતિચારોનો નાશ થાય તેવો વિશુદ્ધ અધ્યવસાય ઉલ્લસિત થતો નથી. તેવા અતિચારો 'અનાલોચિત' કહેવાય છે. તેની શુદ્ધિ પ્રતિક્રમણસૂત્રમાં વર્તતા પ્રવર્ધમાન ઉપયોગ દ્વારા થાય છે છતાં પ્રતિક્રમણસૂત્ર બોલતી વખતે પણ કોઈક અતિચારોનો નાશ તે પ્રવર્ધમાન ઉપયોગથી ન થઈ શકે અર્થાત્ તે ઉપયોગ એટલો પ્રકર્ષવાળો ન હોય તો તે અતિચારોની શુદ્ધિ થાય નહિ, તેથી તે અતિચારો પ્રતિક્રમણસૂત્રથી અપ્રતિક્રાંત કહેવાય છે. અને તેવા અપ્રતિક્રાંત અતિચારોની શુદ્ધિ કાયોત્સર્ગથી કરાય છે. જે શ્રાવક પંચાચારની મર્યાદાને યથાર્થ જાણીને પ્રતિદિવસ શક્તિને ગોપવ્યા વગર પંચાચાર સેવતા હોય અને પંચાચારમાં થયેલા પ્રમાદકૃત અતિચારને સ્મૃતિમાં રાખીને પ્રતિક્રમણ અને કાયોત્સર્ગ કરતા હોય તો તે અતિચારોની શુદ્ધિ તે પ્રતિક્રમણની અને કાયોત્સર્ગની ક્રિયાથી અવશ્ય થાય છે. વળી, તપાચારની શુદ્ધિ પ્રત્યાખ્યાન આવશ્યકથી થાય છે. અર્થાત્ સવાર-સાંજના પ્રતિક્રમણમાં જે શ્રાવક શક્તિ અનુસાર પચ્ચક્ખાણ કરે છે તે વખતે તપ પ્રત્યેના પ્રવર્ધમાન રાગપૂર્વક ગ્રહણ કરાયેલા પચ્ચક્ખાણનું સુવિશુદ્ધ પાલન કરવા યત્ન કરે છે. અને સદા ભાવન કરે છે કે શક્તિ અનુસાર સેવાયેલો બાર પ્રકારનો તપ નિર્જરા દ્વારા મોક્ષનું કારણ છે માટે તે બાર પ્રકારના તપ પ્રત્યે પ્રવર્ધમાન રાગથી યુક્ત સાંજના અને સવારના પ્રતિક્રમણમાં શક્તિ અનુસાર પચ્ચક્ખાણ કરે છે. જેનાથી તપાચારની શુદ્ધિ થાય છે. વળી સવાર-સાંજના પ્રતિક્રમણમાં સામાયિકાદિ જે છ આવશ્યક છે તે છ આવશ્યકો અંતરંગ ઉપયોગ અને બહિરંગ ક્રિયાથી સુવિશુદ્ધ કરવા જે શ્રાવક યત્ન કરે છે તેનાથી વીર્યાચારની શુદ્ધિ થાય છે; કેમ કે શ્રાવકે શક્તિ અનુસાર જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપમાં વીર્ય પ્રવર્તાવવું જોઈએ અને જે શ્રાવક ઉપયોગપૂર્વક ષડ્આવશ્યકની ક્રિયા કરે છે તેઓનું સદ્વીર્ય જ્ઞાનાદિ ચાર આચાર વિષયક અપ્રમાદથી પ્રવર્તે તેવી વીર્યાચારની શુદ્ધિને પ્રાપ્ત કરે છે.

ટીકા :-

तत्र चावश्यकारम्भे चैत्यवन्दनाधिकारोक्तागमवचनप्रामाण्यात्,

"जइ गमणागमणाई, आलोइअ निंदिऊण गरहित्ता ।
हा दुट्ठऽम्हेहि कयं, मिच्छादुक्कडमिअ भणित्ता ।।१।।
तह काउस्सग्गेणं, तयणुरूवपच्छित्तमणुचरित्ता ण ।
जं आयहिअं चिइवंदणाइ णुट्ठिज्ज उवउत्तो ।।२।।
दव्वच्चणे पवित्तिं, करेइ जह काउ बज्झतणुसुद्धिं ।
भावच्चणं तु कुज्जा, तह इरिआए विमलचित्तो ।।३।।"

इत्यादियुक्तेश्च पूर्वमीर्यापथिकीं प्रतिक्रामति ।

ટીકાર્થ :-

तत्र ..... प्रतिक्रामति । અને ત્યાં આવશ્યકના આરંભમાં=ષડ્આવશ્યકરૂપ પ્રતિક્રમણના આરંભમાં, ચૈત્યવંદનના અધિકારમાં કહેવાયેલા આગમના વચનના પ્રામાણ્યથી અને 'जइ गमणागमणाई' ઈત્યાદિ યુક્તથી પૂર્વમાં ઈર્યાપથિકીનું પ્રતિક્રમણ કરે છે.

'जइ गमणागमणाई'..... ઈત્યાદિ ઉદ્ધરણનો અર્થ આ પ્રમાણે છે.

"જો ગમનાગમનનું આલોચન કરીને 'આ દુષ્ટ મારા વડે કરાયું' એ પ્રમાણે નિંદા કરીને, ગર્હા કરીને, મિચ્છામિ દુક્કડમ્ બોલીને અને કાઉસ્સગ્ગથી તેને અનુરૂપ પ્રાયશ્ચિત્તનું અનુસરણ કરીને ઉપયુક્ત એવો સાધુ કે શ્રાવક જે કારણથી આત્માના હિતરૂપ ચૈત્યવંદનાદિ અનુષ્ઠાન કરે. જે પ્રમાણે શરીરની બાહ્યશુદ્ધિને કરીને દ્રવ્ય અર્ચનમાં પ્રવૃત્તિ કરે છે=શ્રાવક કરે છે, તે પ્રમાણે ઈર્યાથી=ઈર્યા પ્રતિક્રમણથી, વિમલ ચિત્તવાળો શ્રાવક ભાવ અર્ચન કરે છે=ભાવસ્તવ કરે." ।।૧-૨-૩।।

આ રીતે જેમ ચૈત્યવંદન પૂર્વે ઈર્યાપથનું પ્રતિક્રમણ કરાય છે તેમ શ્રાવક પણ પ્રતિક્રમણ કરતા પૂર્વે ઈર્યાપથનું પ્રતિક્રમણ કરે છે.

❖ શ્લોક-૨માં 'ण' શબ્દ છે ત્યાં 'णं' શબ્દ વાક્ય-અલંકારમાં હોવો જોઈએ.

ભાવાર્થ :-

આ ઉદ્ધરણના શ્લોકોથી એ પ્રાપ્ત થાય કે આવશ્યકક્રિયાના પ્રારંભમાં શ્રાવક ઉપયોગપૂર્વક ઇરિયાવહિયા સૂત્ર, તસ્સ ઉત્તરી સૂત્રાદિ બોલી એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી પ્રગટ લોગસ્સ બોલે છે. તે આખી ક્રિયા ઈર્યા પ્રતિક્રમણની ક્રિયા છે. તેને જ પ્રસ્તુત શ્લોકોમાં બતાવવાર્થે કહે છે – શ્રાવક ચૈત્યવંદન કરતા પૂર્વે ત્રણ ગુપ્તિમાં જવા અર્થે ગમનાગમનની ક્રિયાનું આલોચન કરે છે. અને પૂર્વમાં જે સંસારની પ્રવૃત્તિઓ કરી છે તે સર્વ પ્રવૃત્તિઓ દુષ્ટ છે તે પ્રકારે નિંદા-ગર્હા કરે છે. અને તેમાં જે પોતાની શક્તિનો વ્યય થયો છે તે સર્વનું મિચ્છામિ દુક્કડમ્ આપે છે. જેથી પૂર્વમાં અગુપ્તિના પરિણામથી જે આરંભ-સમારંભ થયો છે તેની નિવૃત્તિ થાય છે અને ત્યારપછી તસ્સ ઉત્તરી-અન્નત્થ સૂત્ર બોલીને તે પાપની શુદ્ધિ અર્થે=પૂર્વમાં કરાયેલા આરંભ-સમારંભના પાપની શુદ્ધિ અર્થે, તેને અનુરૂપ એક લોગસ્સના કાઉસ્સગ્ગનું અનુસરણ કરે છે. જેથી

શુદ્ધ થયેલું ચિત્ત ભગવાનના ગુણોને અભિમુખ પરિણામવાળું થાય છે. ત્યારપછી ઉપયુક્ત થઈને આત્માના હિતનું કારણ બને તે રીતે ચૈત્યવંદન કરે છે. ચૈત્યવંદન પૂર્વે ઇરિયાવહિયા કેમ કરે છે ? તે સ્પષ્ટ કરતાં ત્રીજા શ્લોકમાં કહે છે – જેમ શ્રાવક ભગવાનના દ્રવ્યસ્તવ કરવાર્થે બાહ્ય શરીરની શુદ્ધિ કરે છે અને ત્યારપછી દ્રવ્યસ્તવમાં પ્રવર્તે છે તેમ ધ્યાન અને મૌન પથરૂપ ચૈત્યવંદનની ક્રિયાને અનુકૂળ વિમલચિત્ત શ્રાવક ઇરિયાવહિયાના પ્રતિક્રમણથી કરે છે. અને ત્યારપછી ભાવ અર્ચન કરે છે. અર્થાત્ ચૈત્યવંદનનાં સૂત્રોમાં દૃઢ પ્રણિધાનપૂર્વક પરમાત્માના ગુણોથી આત્માને ભાવિત કરી પરમાત્મા તુલ્ય થવાને અનુકૂળ ઉત્તમચિત્ત નિષ્પન્ન કરવા યત્ન કરે છે.

ટીકા :-

प्रतिक्रामता च तां मनसोपयोगं दत्त्वा त्रीन् वारान् पदन्यासभूमिः प्रमार्जनीया, एवं च तां प्रतिक्रम्य साधुः कृतसामायिकश्च श्रावक आदौ श्रीदेवगुरुवन्दनं विधत्ते, सर्वमप्यनुष्ठानं श्रीदेवगुरुवन्दनविनयबहुमानादिभक्तिपूर्वकं सफलं भवतीति, आह च–

"विणयाहीआ विज्जा, दिंति फलं इह परे अ लोगंमि ।
न फलंति विणयहीणा, सस्साणि व तोअहीणाणि ।।१।।"

"भत्तीइ जिणवराणं, खिज्जंती पुव्वसंचिआ कम्मा ।
आयरिअनमुक्कारेण, विज्जा मंता य सिज्झंति ।।२।।" **[प्रतिक्रमण-गर्भहेतुः १०-११] इतिहेतोः ।**

"पढमहिगारे वंदे, भावजिणे १ बीअए उ दव्वजिणे २ ।"

"इगचेइअठवणजिणे, तइअ ३ चउत्थंमि नामजिणे ४।।१।।"

"तिहुअणठवणजिणे पुण, पंचमए ५ विहरमाणजिण छट्ठे ६ ।
सत्तमए सुअनाणं ७, अट्ठमए सव्वसिद्धथुई ८।।२।।"

"तित्थाहिववीरथुई, नवमे ९ दसमे अ उज्जयंतथुई १० ।
अट्ठावयाइ इगदसि ११, सुदिट्ठिसुरसमरणा चरिमे १२।।३।।"

"नमु १ जेअईअ २ अरिहं ३ लोग ४ सव्व ५ पुक्ख ६ तम ७ सिद्ध ८ जोदेवा ९ ।
उज्जिं १० चत्ता ११ वेयावच्च १२ अहिगारपढमपया ।।४।।" **[चैत्य वं. भा. ४३-४५]**

इति चैत्यवन्दनाभाष्यगाथोक्तैर्द्वादशभिरधिकारैः पूर्वोक्तविधिना देवान् वन्दित्वा चतुरादिक्षमाश्रमणैः श्रीगुरून् वन्दते, लोकेऽपि हि राज्ञः प्रधानादीनां च बहुमानादिना स्वसमीहितकार्यसिद्धिर्भवति अत्र राजस्थानीयाः श्रीतीर्थकराः, प्रधानादिस्थानीया आचार्यादय इति, श्राद्धस्तु तदनु 'समस्तश्रावको वांदुं' इति भणति, ततः चारित्राचारादिशुद्धिं विधित्सुस्तत्सिद्धिमभिलषमाणश्चारित्राचाराद्याराधकान्

सम्यक् प्रणिपत्यातीचारभारभारित इवावनतकाययष्टिर्भूनिहितशिराः सकलातिचारबीजं 'सव्वस्सवि देवसिअ' इत्यादिसूत्रं भणित्वा मिथ्यादुष्कृतं दत्ते इदं च सकलप्रतिक्रमणबीजभूतं ज्ञेयम्,

ટીકાર્થ :-

પ્રતિક્રામતા ..... જ્ઞેયમ્, અને તેને=ઈર્યાપથિકી પ્રતિકમણને, પ્રતિકમણ કરતા શ્રાવક વડે મનથી ઉપયોગને આપીને=મનથી ઉપયુક્ત થઈને, પદન્યાસની ભૂમિ ત્રણ વખત પ્રમાર્જવી જોઈએ=પ્રતિકમણ પ્રારંભ કરવાના પૂર્વે જે સ્થાનમાં ઊભા રહીને ઈરિયાવહિયાદિ સૂત્રો બોલવાનાં છે તે સ્થાનમાં કોઈ જીવ નથી તેનો ઉપયોગ મૂકીને, તે ભૂમિની ત્રણ વખત પ્રમાર્જના કરવી જોઈએ. ત્યારપછી ત્યાં ઊભા રહીને સાધુ કે શ્રાવકે ઈર્યા પ્રતિકમણ કરવું જોઈએ અને આ રીતે=પૂર્વમાં બતાવ્યું એ રીતે ઈર્યાપથિકીનું પ્રતિકમણ કરી સાધુ અને કૃત સામાયિકવાળો શ્રાવક આદિમાં=પ્રતિકમણના આરંભમાં, દેવ-ગુરુને વંદન કરે છે. કેમ વંદન કરે છે ? એથી કહે છે – સર્વ પણ અનુષ્ઠાન દેવ-ગુરુના વંદન-વિનય-બહુમાન આદિ રૂપ ભક્તિપૂર્વક સફળ થાય છે અને કહે છે.

"વિનયને આધીન વિદ્યા આ લોકમાં અને પરલોકમાં ફળને આપે છે. જેમ પ્રાણી વગર ધાન્ય ફલને આપતાં નથી તેમ વિનયહીન વિદ્યા ફલને આપતી નથી." ॥૧॥

"જિનેશ્વરોની ભક્તિથી પૂર્વસંચિત કર્મ ક્ષય પામે છે. આચાર્યના નમસ્કારથી વિદ્યા અને મંત્રો સિદ્ધ થાય છે." ॥૨॥ **(પ્રતિકમણ ગર્ભહેતુ-૧૦-૧૧) એ હેતુથી સર્વ પણ અનુષ્ઠાન દેવ-ગુરુના વંદનાદિપૂર્વક સફલ થાય છે એમ પૂર્વના કથનની સાથે સંબંધ છે અને કહે છે.**

"પ્રથમ અધિકારમાં ભાવજિનને વંદન કરાય છે=પ્રતિકમણ વખતે ચાર થોયોથી જે ચૈત્યવંદન થાય છે તેમાં 'નમુત્થુણં' સૂત્ર રૂપ પ્રથમ અધિકારમાં ભાવજિનને વંદન કરાય છે. બીજા અધિકારમાં દ્રવ્યજિનને વંદન કરાય છે='જે અઈઆસિદ્ધા' ઇત્યાદિ વચનથી ભૂત-ભાવિના તીર્થંકરોને વંદન કરવા દ્વારા દ્રવ્યજિનને વંદન કરાય છે. એક ચૈત્યના સ્થાપનાજિનને ત્રીજા અધિકારમાં વંદન કરાય છે='અરિહંત ચેઈઆણં' આદિ સૂત્ર બોલીને કરાતા એક નવકારના કાઉસ્સગ્ગ દ્વારા એક ચૈત્યના એક સ્થાપનાજિનને ત્રીજા અધિકારમાં વંદન કરાય છે. ચોથા અધિકારમાં નામજિનને વંદન કરાય છે=એક ચૈત્યની સ્તુતિ કર્યા પછી 'લોગસ્સ સૂત્ર' દ્વારા ચોથા અધિકારમાં નામજિનને નમસ્કાર કરાય છે." ॥૧॥

આ રીતે ચાર અધિકાર દ્વારા ક્રમસર ભાવજિનને, દ્રવ્યજિનને, સ્થાપનાજિનને અને નામજિનને વંદન કરાય છે.

ત્યારપછી

"વળી ત્રણ ભુવનના સ્થાપનાજિનને પાંચમા અધિકારમાં વંદન કરાય છે='લોગસ્સ સૂત્ર' બોલ્યા પછી 'સવ્વલોએ અરિહંત ચેઈઆણં' આદિ સૂત્ર બોલીને નવકારના કાઉસ્સગ્ગપૂર્વક જે બીજી સ્તુતિ બોલાય છે તેનાથી ત્રણ ભુવનના સ્થાપનાજિનને વંદન કરાય છે. છટ્ઠા અધિકારમાં વિહરમાન જિનને વંદન કરાય છે=પુક્ખર-વર-દીવઢ્ઢે સૂત્રની પ્રથમ ગાથા દ્વારા અઢી દ્વીપમાં વર્તતા વિહરમાન જિનને વંદન કરાય છે. સાતમા અધિકારમાં શ્રુતજ્ઞાનને વંદન કરાય

છે=પ્રથમ ગાથા પછીના શેષ પુક્ખરવર-દીવઢ્ઢે સૂત્ર અને 'સુઅસ્સ ભગવઓ' આદિ સૂત્રો બોલીને એક નવકારના કાઉસ્સગ્ગપૂર્વક શ્રુતજ્ઞાનની સ્તુતિ બોલીને શ્રુતજ્ઞાનને વંદન કરાય છે. આઠમા અધિકારમાં સર્વ સિદ્ધોની સ્તુતિ કરાય છે='સિદ્ધાણં-બુદ્ધાણં' સૂત્રની પ્રથમ ગાથાથી સર્વ સિદ્ધોની સ્તુતિ આઠમા અધિકારમાં કરાય છે." ।।૨।।

"નવમા અધિકારમાં તીર્થના અધિપતિ વીર ભગવાનની સ્તુતિ કરાય છે='સિદ્ધાણં-બુદ્ધાણં'ની બીજી અને ત્રીજી ગાથા દ્વારા વીર ભગવાનની સ્તુતિ નવમા અધિકારમાં કરાય છે. દસમા અધિકારમાં ઉજ્જયંત પર્વત પર રહેલા નેમનાથ ભગવાનની સ્તુતિ કરાય છે='સિદ્ધાણં-બુદ્ધાણં' સૂત્રની ચોથી ગાથા દ્વારા ઉજ્જયંત પર્વત પર રહેલા નેમનાથ ભગવાનની સ્તુતિ દસમા અધિકારમાં કરાય છે. અગિયારમા અધિકારમાં અષ્ટાપદ પર રહેલા ચોવીશ તીર્થંકરોની સ્તુતિ કરાય છે='સિદ્ધાણં-બુદ્ધાણં' સૂત્રની છેલ્લી ગાથા દ્વારા અષ્ટાપદ પર રહેલા ૨૪ તીર્થંકરોની સ્તુતિ કરાય છે. ચરમ એવા બારમા અધિકારમાં સમ્યગ્દૃષ્ટિ દેવતાઓનું સ્મરણ કરાય છે." ।।૩।।

"૧. નમુ=નમુત્થુણં, ૨. જે અઈઅ=જે અઈઆ સિદ્ધા ૩. અરિહં=અરિહંત ચેઈઆણં, ૪. લોગ=લોગસ્સ, ૫. સવ્વ=સવ્વલોએ અરિહંત ચેઈઆણં..., ૬. પુક્ખ=પુક્ખરવર દીવઢ્ઢે, ૭. તમ=તમતિમિર, ૮. સિદ્ધ=સિદ્ધાણં-બુદ્ધાણં, ૯. જો દેવા=જો દેવાણ વિ દેવો, ૧૦. ઉજ્જિ=ઉજ્જિત સેલ સિહરે', ૧૧. ચત્તા=ચત્તાટિ અઠ્ઠ દસ દોય..., ૧૨. વૈયાવચ્ચ=વેયાવચ્ચ ગરાણં અધિકારનાં પ્રથમ પદો છે=બાર અધિકારનાં ક્રમસર પ્રથમ પદો છે."

(ચૈત્યવંદન ભાષ્ય-૪૩-૪૫)

એ પ્રમાણે ચૈત્યવંદન ભાષ્યની ગાથામાં કહેવાયેલા બાર અધિકારોથી પૂર્વોક્ત વિધિ દ્વારા દેવોને વંદન કરીને ચાર આદિ ખમાસમણાં વડે શ્રી ગુરુને વંદન કરે છે='ભગવાનહં' આદિ ચાર પદો દ્વારા ગુરુને વંદન કરે છે. હિ=જે કારણથી, લોકમાં પણ રાજાના અને પ્રધાન આદિના બહુમાનાદિથી સ્વસમીહિત કાર્યની સિદ્ધિ થાય છે. અહીં=ચૈત્યવંદનની ક્રિયામાં, રાજા સ્થાનીય તીર્થંકરો છે. પ્રધાનાદિ સ્થાનીય આચાર્ય આદિ છે. તેથી પ્રથમ તીર્થંકરોને વંદન કરીને ત્યારપછી ગુરુઓને વંદન કરાય છે. વળી શ્રાવક ત્યારપછી 'સર્વ શ્રાવકોને વાંદું છું' એ પ્રમાણે બોલે છે. ત્યારપછી ચારિત્રાચાર આદિની શુદ્ધિને કરવાની ઇચ્છાવાળો તેની સિદ્ધિની અભિલાષા કરતો=ચારિત્રાચારની શુદ્ધિની સિદ્ધિની અભિલાષા કરતો, ચારિત્રાચારાદિના આરાધકોને સમ્યક્ પ્રણિપાત કરીને=ચૈત્યવંદન, ગુરુવંદન અને શ્રાવકોને વંદન કરવા દ્વારા ચારિત્રાચારાદિના આરાધકોને સમ્યક્ વંદન કરીને, અતિચારના ભારથી ભારિત થયેલાની જેમ નમેલી કાયાવાળો ભૂમિ પર સ્થાપન કરેલા મસ્તકવાળો સકલ અતિચારના બીજ 'સવ્વસવિ દેવસિઅં' ઇત્યાદિ સૂત્ર બોલીને મિથ્યાદુષ્કૃત આપે છે. અને આ='સવ્વસવિ દેવસિઅં' સૂત્ર સકલ પ્રતિક્રમણના બીજરૂપ જાણવું.

ભાવાર્થ :-

પ્રતિક્રમણની ક્રિયા પાપની શુદ્ધિની ક્રિયારૂપ છે. અને 'સવ્વસવિ' સૂત્ર દ્વારા સકલ પાપની શુદ્ધિ સંક્ષેપથી કરાય છે. તેથી આગળમાં જે પ્રતિક્રમણ કરાશે તેના બીજરૂપ આ સૂત્ર છે. અને જે શ્રાવક દૃઢ પ્રણિધાનપૂર્વક અરિહંતોને નમસ્કાર કરીને અને ગુરુઓને નમસ્કાર કરીને, તેમના ગુણોથી રંજિત ચિત્તવાળા થયા છે અને પાપની શુદ્ધિના અર્થી છે તેથી જ પાપની શુદ્ધિ અર્થે નમેલી કાયાપૂર્વક 'સવ્વસવિ' સૂત્ર બોલે છે. ત્યારે તે

સૂત્રનાં પદો દ્વારા મન-વચન-કાયાથી થયેલા સર્વ અતિચારો પ્રત્યે તીવ્ર જુગુપ્સા થાય તે રીતે ઉપયુક્ત થઈને બોલે તો તત્ક્ષણ જ દિવસ દરમિયાન થયેલાં સર્વ પાપોનો નાશ થાય છે. અને પરિણામનો પ્રકર્ષ થાય તો ઘણા ભવનાં સંચિત કરાયેલાં પાપો તત્ક્ષણ જ નાશ પામે છે; કેમ કે મન-વચન-કાયાથી કરાયેલાં સર્વ દુષ્કૃત્યો પ્રત્યે થયેલી તીવ્ર જુગુપ્સાથી, મન-વચન-કાયાના ત્રણ યોગો દ્વારા ભૂતકાળમાં કરાયેલાં સર્વ પાપોથી વિરુદ્ધ નિષ્પાપ અધ્યવસાયને અભિમુખ સદ્વીર્ય ઉલ્લસિત થાય છે. જેથી સર્વ પાપો તત્ક્ષણ નાશ પામે છે. માટે કર્મનાશના અર્થીએ સૂત્રના પદેપદમાં ઉપયુક્ત થઈને તે સૂત્રથી વાચ્ય અર્થને સ્પર્શે તે પ્રકારે ઉપયોગપૂર્વક સૂત્ર બોલવા યત્ન કરવો જોઈએ.

પૂર્વમાં કહ્યું કે 'સવ્વસવિ દેવસિઅં' સૂત્ર સકલ પ્રતિક્રમણના બીજરૂપ છે. તેમ સ્વીકારવા માટે હેતુ કહે છે.

ટીકા :-

अन्यत्रापि च ग्रन्थादौ आदौ बीजस्य दर्शनात् तत उत्थाय ज्ञानादिषु चारित्रं गरिष्ठम्, तस्य मुक्तेरनन्तरकारणत्वात्, ज्ञानादेस्तु परम्पराकारणत्वात्, तथाहि–सर्वात्मना चारित्रं हि शैलेश्यवस्थायामेव, तदनन्तरं चावश्यं मुक्तिः, ज्ञानं तु सर्वात्मना क्षीणमोहानन्तरम्, न च तदनन्तरमवश्यं मुक्तिः, जघन्यतोऽप्यन्तराले प्रत्येकमान्तर्मुहूर्तिकगुणस्थानकद्वयभावात्, तथा–

"जम्हा दंसणनाणा, संपुण्णफलं न दिंति पत्तेयं ।
चारित्तजुया दिंति अ, विसिस्सए तेण चारित्तं ।।१।।"

तथा–

"सम्मत्तं अचरित्तस्स, हुज्ज भयणाइ निअमसो णत्थि ।
जो पुण चरित्तजुत्तो, तस्स उ निअमेण संमत्तं ।।२।।" **[आव. नि. ११७९, ११७४]**

तथा–

"गोत्रवृद्धैर्नरो नैव, सद्गुणोऽपि प्रणम्यते ।
अलङ्कृतनृपश्रीस्तु, वन्द्यते नतमौलिभिः ।।३।।"

"एवं न केवलज्ञानी, गृहस्थो नम्यते जनैः ।
गृहीतचारुचारित्रः, शक्रैरपि स पूज्यते ।।२।।"

"अतो दिशन्ति चारित्रं, केवलज्ञानतोऽधिकम् ।
तस्मिन् लब्धेऽपि तल्लब्धुं, तेन धावन्ति धीधनाः ।।३।।"

इति हेतोरादौ चारित्राचारविशुद्ध्यर्थं 'करेमि भंते सामाइअं' इत्यादिसूत्रत्रयं पठित्वा द्रव्यतो

वपुषा भावतश्च शुद्धपरिणामेनोच्छ्रितोच्छ्रितं वक्ष्यमाणलक्षणं कायोत्सर्गं कुर्यात्, कायोत्सर्गे च साधुः प्रातस्त्यप्रतिलेखनायाः प्रभृति दिवसातिचारांश्चिन्तयति, यतः–

"पाभाइअपडिक्कमणाणंतरमुहपुत्तिपमुहकज्जेसु ।

जाव इमो उस्सग्गो, अइआरे ताव चिंतेज्जा ।।१।।" **[यतिदिनचर्या ३३०] इति ।**

मनसा संप्रधारयेच्च सयणासणेत्यादिगाथाचिन्तनतः, श्राद्धस्तु 'नाणंमि दंसणंमीत्यादि-गाथाष्टकचिन्तनतः ।

टीकार्थ :-

अन्यत्रापि ..... चिन्तनतः । अने अन्यत्र पण ग्रंथादिमां आदिमां बीजनुं दर्शन छे.

અર્થાત્ ઘણા ગ્રંથોમાં ગ્રંથના પ્રારંભમાં જે કથન કરવાનું હોય તેનું સંક્ષેપ કથન પ્રથમ કરાય છે. જેમ તત્ત્વાર્થ સૂત્રમાં ગ્રંથના પ્રથમ સૂત્ર 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે.' એમ કહ્યું તે આખા તત્ત્વાર્થ ગ્રંથનું બીજભૂત છે. તેમ સકલ પ્રતિક્રમણની ક્રિયાનું બીજ 'सव्वसवि' સૂત્ર છે.

ત્યારપછી=બીજ દ્વારા પ્રતિક્રમણસૂત્રનો પ્રારંભ કર્યા પછી ઊઠીને જ્ઞાનાદિમાં ચારિત્ર ગરિષ્ઠ છે માટે ચારિત્રશુદ્ધિનો કાઉસ્સગ્ગ પ્રથમ કરાય છે એમ અન્વય છે. કેમ ચારિત્ર ગરિષ્ઠ છે ? એથી કહે છે – તેનું=ચારિત્રનું, મુક્તિનું અનન્ય કારણપણું છે. વળી જ્ઞાનાદિનું પરંપરાકારણપણું છે. તે આ પ્રમાણે. સંપૂર્ણ ચારિત્ર શૈલેષી અવસ્થામાં જ છે અને ત્યારપછી અવશ્ય મુક્તિ છે. વળી સંપૂર્ણ જ્ઞાન ક્ષીણમોહ અનંતર છે=કેવલજ્ઞાન વખતે છે અને ત્યારપછી અવશ્ય મુક્તિ નથી; કેમ કે જઘન્યથી પણ અંતરાલમાં પ્રત્યેક અંતર્મુહૂર્તિક ગુણસ્થાનક બેનો સદ્ભાવ છે=તેરમા અને ચૌદ ગુણસ્થાનકનો સદ્ભાવ છે.

અને

"જે પ્રમાણે દર્શન-જ્ઞાન પ્રત્યેક સંપૂર્ણ ફલ દેતા નથી. અને ચારિત્ર યુક્ત આપે છે=ચારિત્રયુક્ત દર્શન-જ્ઞાન ફલ આપે છે, તે કારણથી ચારિત્ર વિશેષિત છે." ।।૧।।

અને

"અચારિત્રીને સમ્યક્ત્વ ભજનાથી થાય છે. નિયમથી નથી. જે વળી ચારિત્રયુક્ત છે તેને નિયમથી સમ્યક્ત્વ છે." ।।૨।। **(આવશ્યકનિર્યુક્તિ-૧૧૭૯, ૧૧૭૪)**

માટે જ્ઞાનાદિ ત્રણમાં ચારિત્ર ગરિષ્ઠ છે એમ અન્વય છે. અને

"ગોત્રવૃદ્ધો વડે સદ્ગુણવાળો પણ મનુષ્ય પ્રણામ કરાતો નથી જ. વળી નમેલા મુકુટો વડે અલંકૃત રાજાની લક્ષ્મીવાળો વંદન કરાય છે." ।।૩।।

"એ પ્રમાણે કેવલજ્ઞાની ગૃહસ્થ લોકો વડે નમન કરાતા નથી. ગ્રહણ કરાયેલા સુંદર ચારિત્રવાળા તે=કેવલજ્ઞાની, ઇંદ્રો વડે પણ પૂજાય છે." ।।૨।।

"આથી ચારિત્ર કેવલજ્ઞાનથી અધિક કહેવાયું છે. તે કારણથી તે પ્રાપ્ત થયે છતે=કેવલજ્ઞાન પ્રાપ્ત થયે છતે, તેને પ્રાપ્ત કરવા માટે=ચારિત્રને પ્રાપ્ત કરવા માટે બુદ્ધિજનો દોડે છે." ॥૩॥

એ હેતુથી=જ્ઞાનાદિમાં ચારિત્ર ગરિષ્ઠ છે એમ પૂર્વમાં યુક્તિથી અને શાસ્ત્રવચનથી સ્થાપિત કર્યું એ હેતુથી, આદિમાં=પ્રતિક્રમણના બીજ 'સવ્વસવિ સૂત્ર'થી પ્રતિક્રમણનું સ્થાપન કર્યા પછી આદિમાં, ચારિત્રાચારની વિશુદ્ધિ માટે 'કરેમિ ભંતે સામાઈઅં' ઇત્યાદિસૂત્ર ત્રય બોલીને દ્રવ્યથી શરીર વડે અને ભાવથી શુદ્ધ પરિણામ વડે 'ઉચ્છ્રિત-ઉચ્છ્રિત' વક્ષ્યમાણ લક્ષણ કાયોત્સર્ગને કરે.

અર્થાત્ પ્રતિક્રમણ કરનાર શ્રાવક ચારિત્રની શુદ્ધિ અર્થે પ્રથમ 'કરેમિ ભંતે' સૂત્ર બોલે છે. જેના બળથી સ્વીકારેલા સામાયિકનો પરિણામ અત્યંત સ્થિર થાય છે અને સામાયિકના પરિણામ દ્વારા જ કરાયેલી ક્રિયા પાપની શુદ્ધિનું કારણ બને છે અને સામાયિકના પરિણામથી રહિત સૂત્રોનું સર્વ આલોચન નિષ્ફળ જાય છે. તેથી વિવેકી શ્રાવકે 'કરેમિ ભંતે' સૂત્ર દ્વારા નિષ્પાદિત સામાયિકના પરિણામને સ્થિર કરીને બોલાતા સૂત્રના અર્થમાં દૃઢ ઉપયોગ દ્વારા સામાયિકના પરિણામને ઉલ્લસિત કરવો જોઈએ. ત્યારપછી 'ઇચ્છામિ ઠામિ' આદિ આલોચના સૂત્ર દ્વારા સંક્ષેપથી અતિચારોનું આલોચન કરાય છે. ત્યારપછી અન્નત્થ આદિ સૂત્ર દ્વારા આગારપૂર્વક કાયોત્સર્ગ કરવાનું પ્રણિધાન કરાય છે. તે વખતે શ્રાવક દ્રવ્યથી શરીર દ્વારા ઊભા થઈને 'કરેમિ ભંતે' આદિ સૂત્ર બોલે છે. જેના બળથી અંતરંગભાવથી શુદ્ધ પરિણામ ઉલ્લસિત થાય છે. તેથી શુદ્ધ પરિણામને ઉલ્લસિત કરવાના ઉપયોગપૂર્વક શ્રાવક ઊભા-ઊભા જ આગળમાં કહેવાય છે એ લક્ષણવાળો કાઉસ્સગ્ગ કરે છે.

અને સાધુ કાયોત્સર્ગમાં સવારની પ્રતિલેખના આદિથી માંડીને દિવસના અતિચારોનું ચિંતન કરે છે=સવારનું પ્રતિક્રમણ કર્યા પછી જે પડિલેહણની વિધિ કહી ત્યારથી માંડીને દિવસ દરમિયાન થયેલા પંચાચારના પાલનમાં સ્ખલનાજન્ય અતિચારોનું ચિંતવન કરે છે. જે કારણથી કહ્યું છે –

"પ્રાભાતિક પ્રતિક્રમણ અનંતર મુહપત્તિ પ્રમુખ કાર્યોના વિષયમાં=સવારનું પ્રતિક્રમણ કર્યા પછી મુહપત્તિનું પડિલેહણ કર્યું ત્યારથી માંડીને વર્તમાનના કાયોત્સર્ગના પ્રારંભના કાળ સુધી જે જે કૃત્યો કર્યાં છે તે સર્વ કૃત્યના વિષયમાં, થયેલા અતિચારોને ત્યાં સુધી ચિંતન કરે જ્યાં સુધી આ કાયોત્સર્ગ છે." **(યતિદિનચર્યા-૩૩૦)**

અને મનથી 'સયણાસણે' ઇત્યાદિ ગાથાના ચિંતવનથી સંપ્રધારણ કરે='સયણાસણે' ગાથાના ચિંતવનથી શયન-આસન આદિ વિષયક જે પ્રમાદજન્ય સ્ખલનાઓ થઈ હોય તે સર્વને મનથી સ્મૃતિમાં લાવે. વળી, શ્રાવક 'નાણંમિ દંસણંમિ' ઇત્યાદિ ગાથાષ્ટકનું ચિંતવન કરે.

ભાવાર્થ :-

શ્રાવક 'નાણંમિ દંસણંમિ' ઇત્યાદિ ગાથાષ્ટકના ચિંતવનથી દિવસ દરમિયાન પંચાચારના પાલનમાં થયેલા અતિચારોનું ચિંતવન કરે છે. આથી જ પ્રસ્તુત કાઉસ્સગ્ગ અનિયત કાલમાનવાળો છે. અન્ય કાઉસ્સગ્ગની જેમ નિયત શ્વાસોચ્છ્વાસ પ્રમાણવાળો નથી. માટે આગળમાં કહેવાય છે એ નાણંમિની આઠ ગાથા બોલીને શ્રાવકે પોતાની શક્તિને ગોપવ્યા વગર અપ્રમાદથી દિવસ દરમિયાન પાંચ આચારો પોતે

સેવ્યા હોય તો વિચારે કે લેશ પણ પ્રમાદ વગર પંચાચારનું મેં શુદ્ધ પાલન કર્યું છે અને શક્તિ હોવા છતાં પ્રમાદને વશ જે જે આચારો સેવવામાં ઉપેક્ષા કરી હોય જેના કારણે સર્વવિરતિને અનુકૂળ શક્તિના સંચયમાં સ્ખલનાઓ થઈ હોય અથવા તે તે આચારોને સેવતી વખતે પણ મન-વચન-કાયાની યથાતથા પ્રવૃત્તિ કરી હોય તે સર્વ અતિચારોને સ્મૃતિમાં લાવીને ફરી પંચાચારનું પાલન પ્રમાદ વગર થાય જેથી સર્વવિરતિને અનુકૂળ પોતાની દેશવિરતિનું પાલન બને તેવા સુવિશુદ્ધ પરિણામપૂર્વક તે અતિચારોને સ્મૃતિમાં રાખે. જેથી આગળમાં આલોચનાકાળમાં તેની શુદ્ધિ સુખપૂર્વક થઈ શકે. સામાન્યથી શ્રાવકો અતિચારના આલોચનકાળમાં તે પ્રકારની કુશળતા અર્થે કોઈ પ્રયત્ન કરતા નથી તેથી અતિચારોનું આલોચન કઈ રીતે કરવું તેમાં કોઈ કુશળતાની પ્રાપ્તિ થતી નથી. પરંતુ જેમ શ્રાવકો વેપારના ક્ષેત્રમાં નિપુણતાપૂર્વકના અભ્યાસના બળથી પોતાના ક્ષેત્રમાં કુશળ બને છે તેમ તે શ્રાવકો પંચાચારના પાલન માટે શ્રાવકજીવનમાં કેવા પ્રકારના અતિચારો સંભવી શકે અને કેવા પ્રકારના પંચાચારના પાલનથી સર્વવિરતિને અનુકૂળ બળસંચય થાય છે તેનો સમ્યક્ ઊહાપોહ કરે અને પ્રતિદિન કઈ રીતે પંચાચારનું સેવન કરવાથી ભાવથી સર્વવિરતિના પરિણામને અનુકૂળ વીર્ય સંચય થાય તેને જાણવા માટે યત્ન કરે તેમજ પુનઃ પુનઃ તેના પરમાર્થને જાણી સ્થિર કરવા યત્ન કરે તો દિવસ દરમિયાન પોતાના પંચાચારના પાલનમાં ક્યા પ્રકારની સ્ખલનાઓથી પોતે સર્વવિરતિને અનુકૂળ ધનસંચયરૂપ અંતરંગ સંપત્તિને પ્રાપ્ત કરી શકતા નથી તેનો માર્ગાનુસારી બોધ થાય છે. તેથી દિવસ દરમિયાન પંચાચારના પાલનમાં થયેલી સ્ખલનાઓ સ્મૃતિમાં રહે છે, છતાં પ્રસ્તુત આઠ ગાથાના સ્મરણ દ્વારા ફરી પંચાચારનું સ્મરણ થવાથી અલ્પકાળમાં સુખપૂર્વક તે અતિચારોને પણ શ્રાવક સ્મૃતિમાં લાવી શકે છે. જેમ અભ્યાસસાધ્યભાવો અભ્યાસથી જ પ્રગટે છે અર્થાત્ ચિત્રકલા આદિ અભ્યાસિક ભાવો અભ્યાસથી જ પ્રગટે છે તેમ મોક્ષના અર્થી શ્રાવક સુભટની જેમ મોહની સામે લડનાર કંટક આકીર્ણ ભૂમિમાં ગમન કરનારા સુસાધુનું સ્મરણ કરીને તેમના જેવા નિર્મલ ચિત્તના અર્થી થઈને તેવું નિર્મલચિત્ત પોતાને પ્રગટ થાય તે રીતે પંચાચાર સેવું એ પ્રકારના પ્રણિધાનપૂર્વક જો શક્તિ અનુસાર પંચાચાર સેવતા હોય તો અવશ્ય પોતાના સ્વીકારાયેલા વ્રતના પાલનમાં સદા ભાવસાધુના ચિત્તનું પ્રતિસંધાન હોવાથી સર્વવિરતિની પ્રાપ્તિનું કારણ બને તે રીતે પંચાચારના સેવનનો અભ્યાસ કરી શકે છે. અને તે સેવનમાં થયેલ સ્ખલના પણ પ્રાયઃ તત્કાલ જ સ્મૃતિમાં રહે છે અને સંધ્યાકાળે પ્રતિક્રમણ વખતે પંચાચારનું સ્મરણ પ્રસ્તુત ગાથાઓથી થવાથી તે ગાથાઓ બોલ્યા પછી અલ્પકાળમાં જ શ્રાવક સુખપૂર્વક દિવસમાં થયેલા અતિચારોનું સ્મરણ કરી શકે છે. ફક્ત તે પ્રકારનો અભ્યાસ બહુલતાએ પ્રમાદી જીવો કરતા નથી. તેથી જ પ્રસ્તુત આઠ ગાથાના સ્મરણ દ્વારા શેનું સ્મરણ કરવું ? તેનું કોઈ પ્રતિસંધાન કરતા નથી માટે કલ્યાણના અર્થી જીવોએ શેષકાળમાં તે પ્રકારની કુશળતા પ્રાપ્ત કરવી જોઈએ જેથી પોતે પંચાચારના પાલનમાં સમ્યક્ યત્ન કરી શકે. અને સાધુએ પણ 'સયણાસણે' ગાથા દ્વારા નિરતિચાર ચારિત્રને અનુકૂળ શક્તિ સંચય થાય એ રીતે સંયમજીવનમાં થયેલી સ્ખલનાઓનું સ્મરણ કરવું જોઈએ. જેથી પ્રતિદિન પ્રતિક્રમણના બળથી અતિચારોની શુદ્ધિ કરીને સંયમજીવનની વિશુદ્ધિ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે. અન્યથા મુગ્ધબુદ્ધિથી કરાયેલું પ્રતિક્રમણ તેટલા જ ફળમાં વિશ્રાંત થાય છે, વિશિષ્ટ ફળની પ્રાપ્તિનું કારણ બનતું નથી.

ટીકા :-

તાશ્ચેમાઃ-

"नाणंमि दंसणंमि य, चरणंमि तवंमि तहय विरियंमि ।
आयरणं आयारो, इय एसो पंचहा भणिओ ।।१।।"

"काले विणए बहुमाणे, उवहाणे तह अनिण्हवणे ।
वंजणअत्थतदुभए, अट्ठविहो नाणमायारो ।।२।।"

"निस्संकिय निक्कंखिय, निव्वितिगिच्छा अमूढदिट्ठी य ।
उववूह थिरीकरणे, वच्छल्ल पभावणे अट्ठ ।।३।।"

"पणिहाणजोगजुत्तो, पंचहिं समिईहिं तीहिं गुत्तीहिं ।
एस चरित्तायारो, अट्ठविहो होइ नायव्वो ।।४।।"

"बारसविहंमिवि तवे, सब्भिंतरबाहिरे कुसलदिट्ठे ।
अगिलाई अणाजीवी, नायव्वो सो तवायारो ।।५।।"

"अणसणमूणोअरिया, वित्तीसंखेवणं रसच्चाओ ।
कायकिलेसो संलीणया य बज्झो तवो होइ ।।६।।"

"पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ ।
झाणं उस्सग्गोवि अ, अब्भिंतरओ तवो होइ ।।७।।"

"अणिगूहियबलविरिओ, परक्कमइ जो जहुत्तमाउत्तो ।
जुंजइ अ जहाथामं, नायव्वो वीरियायारो ।।८।।" **[दश वै. नि. १८१, १८४, १८२, १८५, १८६, ४७, ४८, १८७] इति ।**

एतदतिचारचिन्तनं मनसा, सङ्कलनं च श्रीगुरुसमक्षमालोचनार्थम्, अन्यथा तत्सम्यग् न स्यात् लोकेऽपि हि राजादीनां किमपि विज्ञप्यं मनसा संप्रधार्य कागदादौ लिखित्वा वा विज्ञप्यते इति । ततश्च नमस्कारपूर्वं कायोत्सर्गं पारयित्वा चतुर्विंशतिस्तवं पठेत्, तदनु जानुपाश्चात्यभागपिण्डिकादि प्रमृज्योपविश्य च श्रीगुरूणां वन्दनकदानार्थं मुखवस्त्रिकां कायं च द्वावपि प्रत्येकं पञ्चविंशतिधा प्रतिलिख्य पूर्वोक्तविधिना वन्दनके दद्यात् एतद्वन्दनकं च कायोत्सर्गावधारितातीचारालोचनार्थं ।

ટીકાર્થ :-

તાશ્ચેમાઃ- ..... લોચનાર્થં । અને તે આ છે=અતિચારોની આઠ ગાથા આ છે.

"જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં, તપમાં અને વીર્યમાં આચરણરૂપ આચાર છે, એ પાંચ પ્રકારનો કહેવાયો છે." ।।૧।।

કર્મનાશને અનુકૂળ શુદ્ધભાવોની નિષ્પત્તિને અર્થે જ્ઞાનાદિ પાંચ વિષયક આચરણા છે એથી પાંચ પ્રકારનો આચાર કહેવાયો છે.

"કાળ, વિનય, બહુમાન, ઉપધાન, તથા અનિન્હવ, વ્યંજન, અર્થ, તદુભય આઠ પ્રકારનો જ્ઞાનાચાર છે." ।।૨।।

ઉચિત કાળે વિનય અને બહુમાનપૂર્વક તથા ઉચિત તપપૂર્વક જે ગુરુ પાસે અભ્યાસ કર્યો હોય તેનો અપલાપ કર્યા વગર સૂત્ર-અર્થ અને સૂત્ર-અર્થ ઉભય વિષયક શક્તિ અનુસાર ઉચિત આચરણા તે જ્ઞાનાચાર નામનો આચાર છે.

"નિઃશંકિત, નિષ્કાંક્ષિત, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, ઉપબૃહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના આઠ છે= દર્શનાચાર આઠ પ્રકારનો છે." ।।૩।।

ભગવાનના વચનમાં સંદેહ કર્યા વગર, અન્યદર્શનની આકાંક્ષા કર્યા વગર, સાધુનાં મલિન વસ્ત્રાદિ જોઈને તેના પ્રત્યે જુગુપ્સા કર્યા વગર, સૂક્ષ્મ તત્ત્વને જાણવામાં મૂઢદૃષ્ટિ રહિત થઈને સંસારના સ્વરૂપનું અને મોક્ષના સ્વરૂપનું સૂક્ષ્મબુદ્ધિથી અવલોકન કરવામાં આવે તો દર્શનાચારની શુદ્ધિ થાય છે. વળી, સ્વદર્શનના રાગવાળા શ્રાવકો યોગ્ય જીવોને સન્માર્ગમાં પ્રવર્તતા જોઈને ઉપબૃહણા કરે છે. કોઈકને ભગવાનના શાસનમાં અસ્થિરતા થઈ હોય તો તેને સ્થિર કરે છે. ગુણવાન પ્રત્યે વાત્સલ્યભાવ ધારણ કરે. અને ભગવાનના શાસનમાં પ્રભાવના થાય તે પ્રકારે ઉચિત કૃત્યો કરે તે સર્વ વીતરાગપ્રણીત માર્ગ પ્રત્યે રાગનો અતિશય કરનાર હોવાથી દર્શનાચાર છે. વિવેકી શ્રાવક દિવસ દરમિયાન શક્તિ અનુસાર આઠ પ્રકારના દર્શનાચારનું સ્મરણ કરીને તે પ્રકારે દર્શનશુદ્ધિ માટે યત્ન કરે છે.

"પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિઓ વડે પ્રણિધાનયોગથી યુક્ત=મન-વચન-કાયાના સંવરભાવને અનુકૂળ દૃઢ પ્રકારના ઉપયોગથી યુક્ત પ્રવૃત્તિ, એ ચારિત્રાચાર આઠ પ્રકારનો જાણવો." ।।૪।।

શ્રાવક પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિવાળા મુનિ કઈ રીતે મોહની સામે સુભટની જેમ લડે છે અને કષાયોને ક્ષીણ-ક્ષીણતર કરે છે, કઈ રીતે કંટક આકીર્ણ ભૂમિમાં ગમનની જેમ કાયચેષ્ટા કરીને ષટ્કાયના પાલનનો પરિણામ ધારણ કરે છે અને તે પરિણામને અનુકૂળ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના પાલનમાં યત્ન કરે છે તેનું સ્મરણ કરીને પોતાનામાં પણ તેને અનુરૂપ શક્તિ સંચય થાય તે રીતે ગૃહસ્થના સર્વ આચારો પાળે છે તે ચારિત્રાચારનું પાલન છે. અને પાંચ સમિતિ - ત્રણ ગુપ્તિને આશ્રયીને ચારિત્રાચાર આઠ પ્રકારનો છે. તેથી શ્રાવક પણ સ્વભૂમિકાનુસાર ત્રણ ગુપ્તિઓ અને અન્ય પ્રવૃત્તિકાળમાં પાંચ સમિતિનું જે સમ્યક્ પાલન કરે તે દેશથી ચારિત્રાચાર છે.

"કુશીલ એવા ભગવાન વડે જોવાયેલ અભ્યંતર સહિત બાહ્ય બાર પ્રકારના તપના વિષયમાં અગ્લાન અને અનાશંસ ભાવવાળો તે તપાચાર જાણવો." ।।૫।।

"અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ, સંલીનતા બાહ્યતપ છે." ।।૬।।

"પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ પણ અભ્યંતર તપ છે." ॥૭॥

શ્રાવક છ પ્રકારના બાહ્ય અને છ પ્રકારના અભ્યંતર તપના સ્વરૂપને સૂક્ષ્મ રીતે જાણવા સદા યત્ન કરે છે અને જાણીને સદા સ્થિર કરવા યત્ન કરે છે અને ત્યારપછી શક્તિ અનુસાર બાહ્ય અને અભ્યંતર તપ સેવીને સંવર અને નિર્જરાની વૃદ્ધિ થાય તે પ્રકારે શક્તિ અનુસાર યત્ન કરે છે. તે પ્રકારની ઉચિત આચરણા દિવસ દરમિયાન સમ્યક્ થઈ છે કે નહિ તેનું સ્મરણ પ્રસ્તુત ગાથાથી કરીને તપાચારની સ્ખલનાની શુદ્ધિ કરવા યત્ન કરે છે.

"અનિગૃહીત બલવીર્યવાળો જે શ્રાવક જે પ્રમાણે કહ્યું છે એ પ્રમાણે ઉપયોગવાળો પરાક્રમ કરે છે. અને યથાશક્તિ વીર્યને જ્ઞાનાચાર આદિમાં યોજન કરે છે તે વીર્યાચાર જાણવો." **(દશ વૈ.નિ. ૧૮૧, ૧૮૪, ૧૮૨, ૧૮૫, ૧૮૬, ૪૭, ૪૮, ૧૮૭)**

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

શ્રાવક જ્ઞાનાચાર આદિ ચાર આચારો શક્તિના પ્રકર્ષથી સેવીને સર્વવિરતિની શક્તિનો સંચય કરવા યત્ન કરે છે ત્યારે ૧. પોતાના શરીરની શક્તિ અને ૨. ક્રિયા દ્વારા ભાવ-નિષ્પત્તિને અનુકૂળ વીર્યશક્તિ તે બંનેને ગોપવ્યા વિના દરેક અનુષ્ઠાનોમાં જે પ્રમાણે ઉપયોગપૂર્વક અનુષ્ઠાન કરવાથી ગુણનિષ્પત્તિ થાય તે પ્રમાણે ઉપયુક્ત થઈને અનુષ્ઠાનમાં યથાશક્તિ સદ્વીર્ય પ્રવર્તાવે છે. તેથી શક્તિને ગોપવ્યા વગર સર્વવિરતિને અનુકૂળ શક્તિસંચય થાય તે રીતે જ્ઞાનાદિ ચાર આચારોમાં વીર્યને પ્રવર્તાવે છે તે વીર્યાચાર છે.

મનથી આ અતિચારોનું ચિંતવન શ્રાવક કરે છે. અને શ્રી ગુરુ સમક્ષ આલોચના માટે સંકલન કરે છે=અતિચાર ક્રમસર સ્મૃતિમાં ઉપસ્થિત કરે છે. અન્યથા=કાયોત્સર્ગ દરમિયાન તે પ્રકારે અતિચારોનું ચિંતવન અને સંકલન ન કરે તો, તે સમ્યક્ ન થાય=તે કાયોત્સર્ગ સમ્યક્ ન થાય. હિ=જે કારણથી, લોકમાં પણ રાજાદિને કંઈ પણ વિજ્ઞપ્ય હોય તે મનથી સંપ્રધારણ કરીને અથવા કાગળ આદિમાં લખીને વિજ્ઞાપન કરાય છે, તેમ શ્રાવકે પણ અતિચારોનું ચિંતવન કરીને ગુરુ પાસે પ્રકાશન કરવું જોઈએ એમ યોજન છે. ત્યારપછી=કાયોત્સર્ગમાં અતિચારની આઠ ગાથાનું ચિંતવન કર્યા પછી, નમસ્કારપૂર્વક કાયોત્સર્ગ પારીને ચર્તુવિંશતિ સ્તવ બોલે છે. ત્યારપછી જાનુના પાછળના ભાગમાં પિંડિકા આદિની પ્રમાર્જના કરીને અને બેસીને ગુરુના વંદન માટે મુખવસ્ત્રિકા અને કાય બંનેના પણ પ્રત્યેક પચીસ પ્રકારે પ્રતિલેખના કરીને=મુખવસ્ત્રિકાનું પચીસ પ્રકારે પ્રતિલેખન કરીને અને કાયાનું પચીસ પ્રકારે પ્રતિલેખન કરીને, પૂર્વમાં કહેલ વિધિથી વંદન આપે અને આ વંદન કાયોત્સર્ગમાં અવધારણ કરાયેલા અતિચારોના આલોચન માટે છે.

વસ્તુતઃ કાયોત્સર્ગમાં અતિચારોનું સ્મરણ કરીને સ્થાપનાચાર્ય દ્વારા ઉપસ્થિત કરેલા ભાવાચાર્યને સાક્ષાત્ ગુરુ રૂપે ઉપસ્થિતિમાં લાવીને વિવેકી શ્રાવક હું તેમની આગળ મારા અતિચારોનું નિવેદન કરું છું તે પ્રકારનો અધ્યવસાય કરે છે. તે અધ્યવસાય કરવા અર્થે તેમને નિવેદન કરવા પૂર્વે ભાવાચાર્યને વંદન કરવાં જોઈએ. તથા તે વંદનની ક્રિયામાં કોઈ જીવની હિંસા ન થાય તેવો દયાનો પરિણામ કરવાર્થે મુખવસ્ત્રિકા

અને કાયાનું પડિલેહણ કરે છે. જેથી મુખવસ્ત્રિકા પર કે પોતાની કાયા પર રહેલા કોઈ જીવની સૂક્ષ્મ પણ વિરાધના ન થાય તેવો દયાળુ ભાવ, શ્રાવક મુહપત્તિના પડિલેહણથી પ્રગટ કરે છે. ત્યારપછી પોતે જે અતિચારનું સ્મરણ કર્યું છે તે જ, ગુરુની આગળ પોતે નિવેદન કરે છે તે પ્રકારના ઉપયોગપૂર્વક અતિચારના આલોચનના સૂત્રને બોલવા અર્થે શું કરે છે ? તે બતાવે છે –

ટીકા :-

ततश्च सम्यगवनताङ्गः पूर्वं कायोत्सर्गे स्वमनोऽवधारितान् दैवसिकातीचारान् 'इच्छाकारेण संदिसह भगवन्? देवसिअं आलोएमि' इत्यादि सूत्रं चारित्रविशुद्धिहेतुकमुच्चरन् श्रीगुरुसमक्षमालोचयेत् । एवं दैवसिकातीचारालोचनानन्तरं मनोवचनकायसकलातीचारसंग्राहकं 'सव्वस्सवि देवसिय' इत्यादि पठेत् 'इच्छाकारेण संदिसह भगवन्!' इत्यनेनानन्तरालोचितातीचारप्रायश्चित्तं च मार्गयेत्, गुरवश्च 'पडिक्कमह' इति प्रतिक्रमणरूपं दशविधप्रायश्चित्ते द्वितीयं प्रायश्चित्तमपदिशन्ति, तच्च मिथ्यादुष्कृतादिरूपम्, उक्तं च–

"पडिकमणं १ पडियरणा २ पडिहरणा ३ वारणा ४ निअत्ती ५ य ।
निंदा ६ गरहा ७ सोही ८ पडिक्कमह अट्ठहा होइ ।।१।।"

ટીકાર્થ :-

ततश्च ..... होइ ।।" અને ત્યારપછી=અતિચારના આલોચન કરવાના પ્રયોજનથી ગુરુને વંદન કર્યું ત્યારપછી, સમ્યગ્ નમેલા અંગવાળો શ્રાવક પૂર્વમાં કાયોત્સર્ગકાળમાં સ્વ-મનમાં અવધારણ કરાયેલા દિવસ સંબંધી અતિચારોને 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! દેવસિઅં આલોએમિ' ઇત્યાદિ સૂત્રને ચારિત્ર વિશુદ્ધિ હેતુક ઉચ્ચરતો શ્રી ગુરુ સમક્ષ આલોચના કરે છે. આ રીતે=આલોચના સૂત્ર દ્વારા અતિચારોનું આલોચન કર્યું એ રીતે, દૈવસિક અતિચારના આલોચન પછી મન-વચન-કાયાના સકલ અતિચારોનું સંગ્રાહક 'સવ્વસ્સવિ દેવસિય' ઇત્યાદિ સૂત્ર બોલે છે. 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ !' એ કથન દ્વારા અનંતર આલોચિત અતિચારનું પ્રાયશ્ચિત્ત માંગે છે. અને ગુરુ 'પડિક્કમહ' એ પ્રમાણે=પડિક્કમહ એ શબ્દ દ્વારા, પ્રતિક્રમણરૂપ દસ પ્રકારના પ્રાયશ્ચિત્તમાં બીજું પ્રાયશ્ચિત્ત આપે છે. અને તે=બીજા પ્રકારનું પ્રાયશ્ચિત્ત, મિથ્યાદુષ્કૃત આદિ રૂપ છે.

શ્રાવક મુહપત્તિનું પડિલેહણ કરીને વાંદણાં આપીને સ્થાપના દ્વારા ઉપસ્થિત કરાયેલા ભાવાચાર્ય સમક્ષ આલોચના માટે આદેશ માંગીને જે ઇચ્છામિ પડિક્કમિઉં સૂત્ર બોલે છે, તે સૂત્ર દ્વારા પોતાને મનમાં સ્મરણ થયેલા અતિચારો જાણે ગુરુને કહીને કહે છે કે આ મારી સર્વ સ્ખલનાઓ ઉત્સૂત્રરૂપ છે, ઉન્માર્ગરૂપ છે, અકલ્પરૂપ છે અને તે પ્રકારે ગુરુને પોતાની સ્ખલના ઉત્સૂત્રાદિરૂપ છે તેમ બતાવ્યા પછી તે આલોચના સૂત્ર દ્વારા થયેલા તે સર્વ પાપના મિથ્યાદુષ્કૃતને આપે છે. અર્થાત્ મારું તે સર્વ દુષ્કૃત મિથ્યા થાઓ. તે વખતે સાક્ષાત્ ભાવાચાર્ય સન્મુખ આલોચના પોતે કહી છે. અને તે સર્વ આલોચના ઉત્સૂત્રાદિરૂપ છે તેમ પોતે

બોલી રહ્યો છે. આ પ્રકારે દૃઢ પ્રણિધાનપૂર્વક જે શ્રાવક પ્રસ્તુત આલોચના સૂત્ર બોલે છે, તે શ્રાવકને તે આલોચન સૂત્રના ઉચ્ચારણકાળમાં જ 'નાણંમિ' ઇત્યાદિ ગાથા દ્વારા ચિંતવન કરાયેલા સર્વ અતિચારો મેં ભાવાચાર્યને કહ્યા છે અને તે અતિચારો જ ઉત્સૂત્રાદિરૂપ છે અને તેનું હું મિથ્યાદુષ્કૃત આપું છું તેવો અધ્યવસાય થાય છે. જે શ્રાવકે તે પ્રકારના અધ્યવસાય કરવામાં કુશળતાને પ્રાપ્ત કરેલ છે તે શ્રાવકનું તે દુષ્કૃત પ્રાયઃ આલોચનાકાળમાં જ અવશ્ય નાશ પામે છે અને સર્વવિરતિને અનુકૂળ બળસંચય થાય તેવું સદ્વીર્ય આલોચનાકાળમાં જ ઉલ્લસિત થાય છે, આમ છતાં દૃઢ પ્રણિધાનપૂર્વક આલોચના કરવી અતિદુષ્કર છે. આથી કોઈક આનાલોચિત પાપ રહી ગયેલ હોય તેવી સંભાવનાથી ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવા અર્થે સંક્ષેપથી તે અતિચારોનું સ્મરણ કરીને 'સવ્વસવિ દેવસિઅ' સૂત્ર બોલે છે અને ગુરુને કહે છે કે મન-વચન-કાયાથી મેં જે કોઈ અતિચાર સેવ્યા છે તેનું મને પ્રાયશ્ચિત્ત આપો. અને તે વખતે ભાવાચાર્ય તેને પ્રતિક્રમણ નામનું પ્રાયશ્ચિત્ત આપે છે. તેવી ઉપસ્થિતિ થાય છે. અર્થાત્ દસ પ્રકારના પ્રાયશ્ચિત્તમાંથી પ્રતિક્રમણ નામનું જે બીજું પ્રાયશ્ચિત્ત છે તે શુદ્ધિ કરવા અર્થે ભાવાચાર્ય તેને આપે છે, તેવી બુદ્ધિ થાય છે. અને ત્યારપછી તે પ્રતિક્રમણ નામનું પ્રાયશ્ચિત્ત શ્રાવક વંદિત્તાસૂત્રથી કરે છે જે આગળમાં બતાવાશે અને પ્રતિક્રમણ મિથ્યાદુષ્કૃત આદિ રૂપ જ છે.

અને કહેવાયું છે.

"૧. પ્રતિક્રમણ, ૨. પ્રતિચરણા, ૩. પ્રતિહરણા, ૪. વારણા, ૫. નિવૃત્તિ, ૬. નિંદા, ૭. ગર્હા, ૮. શોધિ પ્રતિક્રમણ આઠ પ્રકારે થાય છે. તેથી પ્રતિક્રમણ મિથ્યાદુષ્કૃત આદિ રૂપ અનેક પ્રકારનું છે એમ અન્વય છે."

ટીકા :-

प्रथमप्रायश्चित्तं त्वालोचनारूपं प्राक्कृतमेव, गुरवः संज्ञादिना प्रायश्चित्तं ददते नतु पडिक्कमह भाषन्ते इत्युक्तं दिनचर्यायाम्, तथा च तद्गाथा–

"गंभीरिमगुणनिहिणो, मणवयकाएहिं विहिअसमभावा ।
पडिक्कमहत्ति न जंपइ, भणंति तं पइ गुरू रुट्ठा ।।१।।" **[यतिदिन. २०]**

रुष्टा इव भणन्तीत्यर्थः ततो विधिनोपविश्य समभावस्थितेन सम्यगुपयुक्तमनसाऽनवस्थाप्रसङ्गभीतेन पदे पदे संवेगमापद्यमानेन दंशमशकादीन् देहेऽगणयता श्राद्धेन सर्वं पञ्चपरमेष्ठिनमस्कारपूर्वं कर्म कर्त्तव्यमित्यादौ स पठ्यते समभावस्थेन च प्रतिक्रमितव्यमित्यतः सामायिकसूत्रं भण्यते, तदनन्तरं दैवसिकाद्यतीचाराणामोघालोचनार्थं 'इच्छामि पडिक्कमिउं जो मे देवसिअ अइआरो कओ' इत्यादि भण्यते तदनु श्राद्धप्रतिक्रमणसूत्रं पठ्यते, यावत् 'तस्स धम्मस्स' इति साधुस्तु सामायिकसूत्रानन्तरं मङ्गलार्थं 'चत्तारि मङ्गलं' इत्यादि भणति, तत ओघतोऽतीचारालोचनार्थं 'इच्छामि पडिक्कमिउं' इत्यादि, विभागालोचनार्थं तु तदनु ईर्यापथिकीम्, ततश्च शेषाशेषातीचारप्रतिक्रमार्थं मूलसाधु-प्रतिक्रमणसूत्रं' पठति, आचरणादिनैव चेयं भिन्ना रीतिः प्रतिक्रमणसूत्रं च तथा भणनीयम्, यथा

स्वस्य पठतः शृण्वतां च परेषां संवेगभराद्रोमाञ्चो भवति, तदुक्तं दिनचर्यायाम्–

"पभणंति तहा सुत्तं, न केवलं तेसि तहव अन्नेसिं!

जह नयणजललवेणं, पए पए हुन्ति रोमंचो (चा) ।।१।।"

तदनु सकलातीचारनिवृत्त्याऽपगततद्भारो लघुभूत उत्तिष्ठति, एवं द्रव्यतो भावतश्चोत्थाय अब्भुट्ठिओमीत्यादिसूत्रं प्रान्तं यावत् पठति ।

टीकार्थ :-

प्रथमप्रायश्चित्तं ..... पठति । વળી પ્રથમ પ્રાયશ્ચિત્ત આલોચના રૂપ પૂર્વમાં કરાયું જ છે. ગુરુઓ સંજ્ઞાદિ દ્વારા પ્રાયશ્ચિત્ત આપે છે. પરંતુ 'પડિક્કમહ' બોલતા નથી એ પ્રમાણે 'દિનચર્યા'માં કહેવાયું છે. અને તે પ્રમાણે=સંજ્ઞાદિથી પ્રાયશ્ચિત્ત આપે છે તે પ્રમાણે, તેની ગાથા છે.

"ગંભીર ગુણના નિધાન એવા ગુરુ, મન-વચન-કાયા વડે કર્યો છે સમભાવનો પરિણામ એવા ગુરુ 'પડિક્કમહ' એ પ્રમાણે બોલતા નથી. રુષ્ટ ગુરુ=અતિચારને કારણે ગુસ્સે થયેલા ગુરુ તેના પ્રતિ=શિષ્ય પ્રત્યે, કહે છે=સંજ્ઞાદિથી પ્રતિક્રમણ કરવાનું કહે છે." **(યતિદિનચર્યા-૨૦)**

રુષ્ટની જેમ કહે છે=ગુરુ રુષ્ટ નથી પરંતુ શિષ્યે દિવસમાં જે પ્રમાદ કર્યો છે તેના કારણે જાણે રુષ્ટ થયા હોય તેમ સંજ્ઞાદિથી પ્રતિક્રમણ કરવાનું કહે છે. ત્યારપછી વિધિથી બેસીને=રુષ્ટ થયેલાની જેમ ગુરુએ પ્રતિક્રમણ કરવાર્થે સંજ્ઞાથી અનુમતિ આપી ત્યારપછી સંડાસા આદિ પ્રમાર્જનાની વિધિથી બેસીને, સમભાવમાં રહેલા સમ્યક્ ઉપયુક્ત મનવાળા અનવસ્થા પ્રસંગથી ભય પામેલા પદે પદે સંવેગને પ્રાપ્ત કરતા દેહમાં થતા દંશ-મશક આદિને અવગણના કરતા એવા શ્રાવક વડે સર્વ કર્મ પંચપરમેષ્ઠિનમસ્કારપૂર્વક કરવું જોઈએ એથી આદિમાં નવકાર બોલાય છે અને સમભાવમાં રહેલા વડે પ્રતિક્રમણ કરવું જોઈએ એથી સામાયિકસૂત્ર બોલાય છે. ત્યારપછી દૈવસિક આદિ અતિચારોના આલોચન માટે=દિવસ સંબંધી થયેલા અતિચારોનું સંક્ષેપથી પ્રતિક્રમણ કરવા માટે, 'ઇચ્છામિ પડિક્કમિઉં જો મે દેવસિઅ અઈઆરો કઓ' ઇત્યાદિ સૂત્ર બોલાય છે, ત્યારપછી શ્રાવકનું પ્રતિક્રમણસૂત્ર બોલાય છે=વંદિત્તુ સૂત્ર બોલાય છે. જ્યાં સુધી 'તસ્સ ધમ્મસ્સ' આવે છે. વળી સાધુ સામાયિકસૂત્ર પછી મંગલ માટે 'ચત્તારિ મંગલ' ઇત્યાદિ બોલે છે. ત્યારપછી ઓઘથી અતિચારના આલોચન માટે=સામાન્યથી અતિચારના આલોચન માટે 'ઇચ્છામિ પડિક્કમિઉં' ઇત્યાદિ બોલે છે. વળી વિભાગથી આલોચના માટે=વિભાગથી પ્રતિક્રમણ કરવા માટે, ત્યારપછી ઈર્યાપથિકીસૂત્ર બોલે છે અને ત્યારપછી=ઈરિયાવહિયા બોલ્યા પછી, શેષ સર્વ અતિચારોના પ્રતિક્રમણ માટે મૂલ સાધુપ્રતિક્રમણસૂત્ર બોલે છે=પગામસજ્ઝાય સૂત્ર બોલે છે. અને આચરણા આદિથી જ આ ભિન્ન રીતિ છે. અને પ્રતિક્રમણસૂત્ર તે પ્રકારે બોલવું જોઈએ=સાધુએ અથવા શ્રાવકે પ્રતિક્રમણસૂત્ર એ રીતે બોલવું જોઈએ જે પ્રમાણે બોલતા એવા પોતાને અને સાંભળતા એવા બીજા સાધુઓને કે શ્રાવકોને સંવેગ અતિશય થવાથી રોમાંચ થાય. તે 'દિનચર્યા'માં કહેવાયું છે.

"તે પ્રમાણે સૂત્ર બોલે છે. કેવલ તેને નહિ તે પ્રકારે જ અન્યોને=જે પ્રકારે પોતાને હર્ષ થાય છે તે પ્રકારે અન્યોને, જે રીતે નયણ જલના બળથી પદે પદે રોમાંચ થાય છે=સૂત્રનાં દરેક પદો દ્વારા રોમાંચ થાય છે." ॥૧॥

ત્યારપછી સકલ અતિચારોની નિવૃત્તિથી અપગત તદ્ભારવાળો સાધુ કે શ્રાવક=સર્વ અતિચારોની નિવૃત્તિ થવાથી દૂર થયેલા કર્મ રૂપી ભારવાળો સાધુ કે શ્રાવક, હલકો થયેલો=પાપના ભારથી હલકો થયેલો, ઊભો થાય છે. આ રીતે દ્રવ્યથી અને ભાવથી ઊભા થઈને=અતિચારોની નિવૃત્તિ થવાને કારણે પોતે કર્મોથી હળવા થયો છે તેવો પરિણામ થવાને કારણે દ્રવ્યથી ઊભો થાય છે અને ભાવથી પણ વિશેષ પ્રકારના પરિણામ કરવા માટે ઊભો થાય છે. અને અબ્ભુટ્ઠિઓમિ ઇત્યાદિ સૂત્ર પ્રાંત સુધી બોલે છે=ઊભા થઈને અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ. વિરિયોમિ વિરાહણાએ ઇત્યાદિ સૂત્ર પ્રાંત સુધી બોલે છે=શ્રાવક વંદિત્તુ સૂત્ર પૂર્ણ બોલે છે અને સાધુ પગામસજ્ઝાય સૂત્ર પૂર્ણ બોલે છે.

ભાવાર્થ :-

ભાવાચાર્યએ 'પડિક્કમહ' સૂત્ર દ્વારા પ્રતિક્રમણ કરવાની અનુજ્ઞા આપી અને તે પ્રતિક્રમણ આઠ પ્રકારનું છે. જેનું વિશેષ સ્વરૂપ પ્રતિક્રમણની સજ્ઝાયમાંથી જાણવું.

વળી, પ્રસ્તુતમાં શ્રાવકે 'વંદિત્તાસૂત્ર' બોલતા પૂર્વે આલોચના રૂપ પ્રાયશ્ચિત્ત 'જો મે દેવસિઓ અઇઆરો... ઇત્યાદિ' સૂત્રથી કરેલ અને ત્યારપછી ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત માંગેલ અને પ્રાયશ્ચિત્તરૂપે ગુરુએ જ=ભાવાચાર્યએ જ, પ્રતિક્રમણરૂપ બીજું પ્રાયશ્ચિત્ત આપેલ. અને શિષ્યના પરિણામની શુદ્ધિ અર્થે ગંભીર ગુણના નિધાન મન-વચન-કાયાથી સમભાવવાળા ગુરુ શિષ્યના ભાવની વૃદ્ધિ અર્થે તેના અતિચારોના પ્રમાદને કારણે જાણે રુષ્ટ થયા ન હોય ! તેથી ઉત્તર આપતા નથી, માત્ર ઇશારાથી જ પ્રતિક્રમણ કરવાનું કહે છે. તે પ્રમાણે ભાવાચાર્ય પાસે પ્રતિક્રમણ કરનાર શ્રાવક 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ !' સૂત્ર દ્વારા પ્રાયશ્ચિત્ત માંગે છે ત્યારે ગુરુએ પોતાના પ્રત્યે રોષ કરીને આ પ્રકારે ઇશારાથી કહ્યું છે તે પ્રકારે પ્રતિસંધાન શ્રાવક કરે છે. તેથી શ્રાવકને આનંદ થાય છે કે ગુણવાન એવા ગુરુએ સમભાવવાળા હોવા છતાં પણ મારો પ્રમાદ જોઈને રોષ કર્યો છે. તેથી ગુરુના રોષના બળથી જ શ્રાવકને તીવ્ર સંવેગ ઉત્પન્ન થાય છે; કેમ કે સંસારસમુદ્રથી તરવાની ઉત્કટ ઇચ્છા છે. ગુણવાન ગુરુ તારનારા છે તેવી ઉપસ્થિતિ છે અને છત્રીશ ગુણોથી કલિત ભાવાચાર્ય પોતાના હિતની ચિંતા કરનારા છે તેથી પોતાના પ્રમાદને સહન કરતા નથી તે જોઈને ગુરુના ઉપકારનું સ્મરણ કરીને પાપશુદ્ધિ કરવા અર્થે અત્યંત ઉલ્લસિત સદ્વીર્યવાળો શ્રાવક બને છે. આ સર્વ પ્રક્રિયા જે શ્રાવકે પ્રતિક્રમણ કરતા પૂર્વે પુનઃ પુનઃ આલોચન કરીને સુઅભ્યસ્ત કરી છે તેવા શ્રાવકને સૂત્રના તે તે સ્થાને તે તે પ્રકારે ભાવાચાર્ય પોતાને કહે છે તે પ્રકારે સ્મરણ થાય છે. તેના સ્મરણથી પોતાને ક્યા ક્યા ભાવો કરવા આવશ્યક છે તેનું પણ સ્મરણ થાય છે. તેથી 'પડિક્કમહ' શબ્દ ઇશારાથી કહ્યો છે. સાક્ષાત્ ઉચ્ચારણરૂપે કહ્યો નથી તે પ્રકારના પ્રતિસંધાનના બળથી વિવેકી શ્રાવકનું ચિત્ત નિષ્પાપ જીવન જીવવા માટે અત્યંત અભિમુખ ભાવવાળું થાય છે.

ત્યારપછી=ભાવાચાર્યએ ઇશારાથી પ્રતિક્રમણની અનુજ્ઞા આપી ત્યારપછી, દયાળુ સ્વભાવવાળા શ્રાવક

સંડાસા આદિથી પ્રમાર્જના કરી પ્રતિક્રમણ કરવા બેસે છે અને મનથી સમભાવના પરિણામમાં ઉપયુક્ત બને છે. અર્થાત્ જેમ સંસારી જીવો કોઈની વિપરીત પ્રવૃત્તિ જુએ છે ત્યારે સહજ સ્વભાવથી ગુસ્સો અભિવ્યક્ત થાય છે તેમ સમભાવના પરિણામથી અત્યંત ભાવિત પોતાના આત્માને કર્યો છે એવા શ્રાવકને શેષકાળમાં સંસારની પ્રવૃત્તિ વખતે સમભાવનો પરિણામ નહિ હોવા છતાં પ્રતિક્રમણ કરતી વખતે મારે સમભાવમાં યત્ન કરવો છે તેવી ઉપસ્થિતિ થવાથી તત્કાલે શત્રુ-મિત્ર, સુખ-દુઃખ, જીવન-મૃત્યુ પ્રત્યે શમનો પરિણામ ઉલ્લસિત થાય છે; કેમ કે સમભાવના પરિણામ વગર સમ્યક્ પરિણામ થઈ શકે નહિ તેવો વિવેકી શ્રાવકને બોધ છે. અને પ્રતિદિન સુસાધુના સ્વરૂપના ભાવનથી સર્વવિરતિના ભાવો વડે આત્માને અત્યંત વાસિત કરેલો છે તેવા શ્રાવકને સમભાવને અનુકૂળ ચિત્ત પ્રગટ કરવું કંઈક અભ્યસ્ત છે. અને સંસારના વ્યાપારો અત્યારે કરવાના નથી તેથી સમભાવથી ઉપયુક્ત થઈને પ્રતિક્રમણ કરવાનો પ્રારંભ કરે છે. વળી, પ્રતિક્રમણકાળમાં સમ્યક્ ઉપયુક્ત મનવાળા થઈને સૂત્રમાં સમ્યક્ યત્ન કરે છે.

વળી શ્રાવકને અનવસ્થાના પ્રસંગનો ભય છે. અર્થાત્ જો પૂર્વમાં સેવેલા અતિચારોનું હું સમ્યક્ આલોચન નહિ કરું અને માત્ર પ્રતિક્રમણસૂત્ર બોલી જઈશ તો તે અતિચારોને સેવવાની મારી પ્રકૃતિ સતત પ્રવર્તશે. તેથી તે પાપ કરવાની પ્રકૃતિના વિરામ રૂપ અવસ્થાની પ્રાપ્તિ થશે નહિ પરંતુ ફરી ફરી પાપ સેવવાની પ્રવૃત્તિ થયા કરશે અને તે અનવસ્થા પ્રસંગના નિવારણનો અર્થી શ્રાવક ભયવાળો છે કે જો હું ઉપયોગપૂર્વક નહિ કરું તો મારા ચિત્તમાં જે પ્રમાદ સેવવાની પ્રકૃતિ છે તેનું નિવર્તન થશે નહિ, માટે મારા આત્મામાં વર્તતી અતિચાર સેવવાની પ્રકૃતિનો નાશ કેમ થાય તે પ્રકારના ઉપયોગપૂર્વક પ્રતિક્રમણસૂત્ર બોલે છે. આથી જ બેસીને નવકારથી માંડીને આગળમાં બોલાતા 'વંદિત્તાસૂત્ર'નાં દરેક પદોમાં અત્યંત ઉપયુક્ત થઈને તે ભાવોને સ્પર્શે તે રીતે સંવેગને પામતો વિવેકી શ્રાવક પ્રતિક્રમણ કરે છે. અને જે શ્રાવકે પૂર્વમાં પુનઃ પુનઃ અભ્યાસ કરીને તે તે પ્રકારે તે તે સૂત્રોનાં પદોના અર્થનું ભાવન કર્યું છે જેથી તે તે સૂત્રોના શબ્દથી વાચ્યઅર્થને સ્પર્શે તેવો ઉપયોગ સહજ પ્રકૃતિરૂપે બનેલ છે. જેમ કોઈ આવીને કટુ શબ્દ કહે તો પ્રકૃતિથી સહજ અરતિ થાય છે, તેમ વિવેકી શ્રાવકને સૂત્રના પદેપદ દ્વારા વાચ્ય એવા તે તે અર્થો હૈયાને તે રીતે સ્પર્શે છે જેથી તે પ્રકારની પાપશુદ્ધિને અનુકૂળ સંવેગનો પરિણામ ઉત્પન્ન થાય છે.

વળી, પોતાના ઉપયોગને અતિશય કરવા અર્થે શ્રાવક પ્રતિક્રમણકાળમાં મચ્છર આદિ દંશ આપતા હોય તોપણ ગણકારતા નથી. પરંતુ દૃઢ પ્રણિધાનપૂર્વક સૂત્રથી અર્થના વાચ્યભાવોને આત્મામાં પ્રગટ કરવા અર્થે યત્ન કરે છે. તેવા શ્રાવક વિચારે છે કે સર્વ કૃત્યો પંચપરમેષ્ઠિના નમસ્કારપૂર્વક કરવાં જોઈએ. જેથી અરિહંતની અવસ્થા, સિદ્ધની અવસ્થા અને સિદ્ધ સમ થવા માટે મહાપરાક્રમને ફોરવતા આચાર્ય-ઉપાધ્યાય અને સાધુના સ્વરૂપનું સ્મરણ થાય. જેથી સિદ્ધ તુલ્ય થવાને અનુકૂળ પોતાનું પણ સદ્વીર્ય ઉલ્લસિત બને. આ પ્રકારે નમસ્કારનો પાઠ કર્યા પછી સમભાવને દૃઢ કરવાર્થે સામાયિકસૂત્ર બોલે છે; કેમ કે સમભાવના પરિણામ વગર સૂત્ર બોલવા માત્રથી આલોચના દ્વારા કે પ્રતિક્રમણ દ્વારા પાપોની શુદ્ધિ થતી નથી. પરંતુ સમભાવના પરિણામથી યુક્ત જો આલોચન અને પ્રતિક્રમણનો પરિણામ થાય તો જ પાપોની શુદ્ધિ થાય. માટે શ્રાવક સમભાવના પરિણામને સ્થિર કરવા અર્થે સામાયિકસૂત્ર બોલે છે. ત્યારપછી દિવસ સંબંધી સર્વ

અતિચારોનું સંક્ષેપથી પ્રતિક્રમણ કરવા અર્થે 'ઇચ્છામિ પડિક્કમિઉં' સૂત્ર બોલે છે. તેથી જેમ જેમ સમભાવના પરિણામથી યુક્ત પ્રતિક્રમણના પરિણામનો પ્રકર્ષ થાય છે તેમ તેમ સર્વ પાપોની શુદ્ધિ થાય છે.

આ રીતે સંક્ષેપથી દિવસ સંબંધી સર્વ અતિચારોનું પ્રતિક્રમણ કર્યા પછી થયેલાં પાપોનું કંઈક વિસ્તારથી પ્રતિક્રમણ કરવાર્થે શ્રાવક વંદિત્તુસૂત્ર બોલે છે જેના પદેપદમાં ઉપયુક્ત થઈને દૃઢ યત્ન કરવામાં આવે તો દિવસના થયેલા પાપો અવશ્ય નાશ પામે છે. અને જો ભાવનો પ્રકર્ષ થાય તો ઘણા ભવોમાં સંચિત કરાયેલાં પાપોનો પણ નાશ થાય છે. જેથી સર્વવિરતિને અનુકૂળ ચિત્તમાં સ્થૈર્યભાવ પ્રગટે તેવું બળસંચય થાય છે. માટે વિવેકી શ્રાવકે સૂત્રના પદેપદમાં ઉપયોગ રાખીને 'વંદિત્તુસૂત્ર' બોલવું જોઈએ. ક્યાં સુધી બોલે છે ? તેથી કહે છે – 'તસ્સ ધમ્મસ્સ' સુધી (બેસીને) વંદિત્તુસૂત્ર બોલે છે. ત્યારપછી પોતે બધાં પાપોની નિવૃત્તિ કરી છે તેવો પરિણામ થવાથી પોતે હળવા ભારવાળો થયો છે તેવો ભાવ વ્યક્ત કરવા માટે ઊભો થાય છે. અને અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ વિરયોમિ વિરાહણાએ... ઇત્યાદિ શેષસૂત્ર ઊભા થઈને બોલે છે.

સાધુ પણ પ્રથમ નવકારસૂત્ર બોલ્યા પછી સામાયિકસૂત્ર બોલે છે. જેથી સમભાવમાં રહેલ સાધુ સામાયિકસૂત્રના બળથી વિશિષ્ટ પ્રકારના સમભાવને અનુકૂળ ઉપયોગવાળા બને છે. અને મંગલપૂર્વક અતિચારોનું આલોચન કરવું જોઈએ તેથી ચત્તારિ મંગલં... ઇત્યાદિ સૂત્ર બોલે છે; કેમ કે અપ્રમાદપૂર્વક સંયમજીવનમાં યત્ન કરવો અતિદુષ્કર છે અને અતિચારોની સ્ખલનાને ચિત્તમાંથી દૂર કરવી છે જેથી સ્ખલનાને અનુકૂળ જે અનાદિથી સ્થિર થયેલી પરિણતિ છે તેનું ઉન્મૂલન થાય તે માટે સાધુ ચત્તારિ મંગલં બોલે છે. વળી, સંયમજીવનમાં સ્ખલના ન થાય તેવું બળસંચય કરવું તે અતિદુષ્કર કાર્ય છે. તેથી ચત્તારિ મંગલં... ઇત્યાદિ સૂત્ર દ્વારા અરિહંત આદિનું શરણ સ્વીકારીને અરિહંત આદિના સ્વરૂપથી ચિત્તને ભાવિત કરે છે અને અરિહંત આદિ ભાવોને અભિમુખ થયેલું ચિત્ત અતિચારના આલોચન અને પ્રતિક્રમણના કાળમાં, નિરતિચાર સંયમજીવનની નિષ્પત્તિને અનુકૂળ સદ્વીર્ય ઉલ્લસિત થાય તેવું બળ આધાન કરે છે. માત્ર અતિચારના આલોચનથી કે પ્રતિક્રમણથી કે સૂત્રના ઉચ્ચારણ કે શ્રવણ માત્રથી જીવમાં પેસેલી શલ્યરૂપ પાપની પ્રકૃતિનું નિવર્તન થાય નહિ પરંતુ દૃઢ ઉપયોગના બળથી તે શલ્યને કાઢવું આવશ્યક છે તેમ જાણીને જે સાધુ ઉપયોગપૂર્વક બહુમાનથી અરિહંત આદિનું શરણ સ્વીકારવારૂપ ચત્તારિ મંગલં ઇત્યાદિ સૂત્ર બોલે છે અને અતિચારના પ્રતિક્રમણકાળમાં નિરતિચાર સાધુપણું પ્રાપ્ત થાય તે પ્રમાણે દૃઢતાપૂર્વક ઉપયુક્ત થઈને અતિચારોના કંટકોને આત્મામાંથી કાઢવા પ્રયત્ન કરે છે, તેઓનું પ્રતિક્રમણ સફળ થાય છે. તેવા બોધવાળા સાધુ પ્રથમ ઓઘથી ઇચ્છામિ પડિક્કમિઉં ઇત્યાદિ સૂત્ર દ્વારા પ્રતિક્રમણ કરે છે. ત્યારપછી કંઈક વિભાગથી=કંઈક વિશેષથી પ્રતિક્રમણ કરવાર્થે ઈર્યાપથિકીસૂત્ર બોલે છે. ત્યારપછી સર્વ અતિચારોનું અત્યંત ઉન્મૂલન કરીને નિરતિચાર સંયમજીવનને અભિમુખ પોતાનો પરિણામ ઉલ્લસિત કરવા અર્થે સાધુ પ્રતિક્રમણસૂત્ર=પગામસજ્ઝાય, બોલે છે. વળી, સાધુ પ્રતિક્રમણસૂત્ર એ રીતે બોલે કે જેનાથી અતિચાર રહિત શુદ્ધ ચારિત્ર પ્રત્યેનો પ્રવર્ધમાન રાગ પોતાને ઉલ્લસિત થાય અને સાંભળનાર અન્ય સાધુઓને પણ તેવો રાગ ઉલ્લસિત થાય. વળી પ્રવર્ધમાન એવા ઉલ્લસિત રાગથી અતિચાર રહિત નિષ્પાપ જીવનનું અત્યંત બહુમાનપૂર્વક સ્મરણ થવાથી દેહના રોમાંચ ખડા થઈ જાય છે અને ચક્ષુ કંઈક હર્ષથી ભીનાશવાળી

બને છે. તેથી ઉપયોગપૂર્વક બોલાયેલ પગામસજ્ઝાયથી શુદ્ધ ચારિત્ર પ્રત્યેનો રાગ વૃદ્ધિ પામે છે. દેહ રોમાંચિત બને છે. હૈયું ગદ્‌ગદિત થાય છે.

વળી, સૂત્ર બોલતી વખતે સાધુ કે શ્રાવક સૂત્રના વાચ્ય એવા અર્થને સ્પર્શીને સૂત્ર ઉપયોગપૂર્વક બોલે છે પરંતુ તે સિવાય અન્ય કોઈ વિચારણા સૂત્ર બોલવાના કાળમાં કરતા નથી પણ પૂર્વમાં તે પ્રકારની માનસિક કસરત કરીને સૂત્રથી વાચ્ય અર્થો અને નિષ્પાદ્યભાવોને સ્થિર કરેલા હોય છે. જેથી સૂત્ર બોલતી વખતે સૂત્રના અર્થથી વાચ્ય તે તે ભાવો અંતરમાં સ્ફુરાયમાન થાય છે. આ પ્રકારે ઉપયોગપૂર્વક જે સાધુ કે શ્રાવક પ્રતિક્રમણ કરે છે તેઓનું જ તદ્‌ચિત્ત, તદ્‌મન, તદ્‌લેશ્યાથી યુક્ત ભાવપ્રતિક્રમણ બને છે.

ટીકા :-

ततः प्रतिक्रान्तातीचारः श्रीगुरुषु स्वकृतापराधक्षमणार्थं वन्दनकं ददाति, प्रतिक्रमणे हि सामान्यतश्चत्त्वारि वन्दनकानि द्विकरूपाणि स्युः तत्र प्रथममालोचनवन्दनकम् १, द्वितीयं क्षमणकवन्दनकम् २, तृतीयमाचार्यादिसर्वसङ्घस्य क्षमणकपूर्वमाश्रयणाय ३, चतुर्थं प्रत्याख्यानवन्दनकमिति ४ ततो गुरून् क्षमयति पूर्वोक्तविधिना, तत्र पञ्च(त्रि)कमध्ये तु ज्येष्ठमेवैकम्, आचीर्णाभिप्रायेणेदमुक्तम्, अन्यथा तु गुरुमादिं कृत्वा ज्येष्ठानुक्रमेण सर्वान् क्षमयेत्, पञ्चप्रभृतिषु सत्सु त्रीन् गुरुप्रभृतीन् क्षमयेत्, इदं च वन्दनकम् 'अल्लिआवणवंदणयं' इत्युच्यते । आचार्यादीनामाश्रयणायेत्यर्थ इत्युक्तं प्रवचनसारोद्धारवृत्तौ [भा. १. प. १०६] ।

ततश्च कायोत्सर्गकरणार्थं 'पडिक्कमणे १ सज्झाए २ काउस्सग्गावराह ३ पाहुणए' ४ [ ] इत्यादिवचनाद्वन्दनकदानपूर्वकं भूमिं प्रमृज्य 'जे मे केइ कसाया' इत्याद्यक्षरसूचितं कषायचतुष्टयात्प्रतीपं क्रमणमनुकुर्वन्निव पाश्चात्यपदैरवग्रहाद्बहिर्निःसृत्य 'आयरिअउवज्झाए' इत्यादि सूत्रं पठति तत्राद्यश्चारित्रशुद्धये कायोत्सर्गो विधीयते, चारित्रं च कषायविरहेण शुद्धं भवति, तद्‌भावे तस्यासारत्वात् । उक्तं च–

"सामन्नमणुचरंतस्स, कसाया जस्स उक्कडा हुंति ।
मन्नामि उच्छुपुप्फं व, निप्फलं तस्स सामण्णं ।।१।।" **[दशवैकालिक निर्युक्तिः ३०५]**

ततश्च चारित्रप्रकर्षकृते कषायोपशमाय च 'आयरिअउवज्झाए' इत्यादि गाथात्रयं पठित्वा चारित्रातिचाराणां 'पडिकमणासुद्धाण'मितिवचनात् प्रतिक्रमणेनाशुद्धानां शुद्धिनिमित्तं कायोत्सर्गं चिकीर्षुः 'करेमि भंते! सामाइअ'मित्यादि सूत्रत्रयं च पठित्वा कायोत्सर्गं करोति सामायिकसूत्रं च सर्वं धर्मानुष्ठानं समतापरिणामे स्थितस्य सफलमिति प्रतिक्रमणस्यादौ मध्येऽवसाने च पुनः पुनस्तत्स्मृत्यर्थमुच्चार्यमाणं गुणवृद्धये एव ।

आह च–

"आइमकाउस्सग्गे, पडिक्कमंतो अ काउ सामइअं ।
तो किं करेइ बीअं, तइअं च पुणोवि उस्सग्गे? ।।१।।"

"समभावंमि ठिअप्पा, उस्सग्गं करिअ तो अ पडिक्कमइ ।
एमेव य समभावे, ठिअस्स तइअंपि उस्सग्गे ।।२।।"

"सज्झायझाणतवओसहेसु उवएसथुइपयाणेसुं ।
संतगुणकित्तणेसुं, न हुंति पुणरुत्तदोसा उ ।।३।।" **[आवश्यक निर्युक्तौ १६९५-९७]**

कायोत्सर्गे च 'चन्देसु निम्मलयरा' इत्यन्तं चतुर्विंशतिस्तवद्वयं चारित्राचारविशुद्ध्यर्थं चिन्तयति पारयित्वा च कायोत्सर्गं सम्यग्दर्शनस्य सम्यग्ज्ञानहेतुत्वाज्ज्ञानाद्दर्शनं गरिष्ठमिति ज्ञानाचारात्पूर्वं दर्शनाचारविशुद्ध्यर्थं भरतक्षेत्रोत्पन्नत्वेनासन्नोपकारित्वाच्छ्रीऋषभादिस्तुतिरूपं चतुर्विंशतिस्तवं 'सव्वलोए अरिहंतचेइयाण'मित्यादिसूत्रं च पठित्वा तदर्थमेव कायोत्सर्गमेकचतुर्विंशतिस्तवचिन्तनरूपं करोति तं च तथैव पारयित्वा सामायिकादिचतुर्दशपूर्वपर्यन्तश्रुतज्ञानाचारविशुद्ध्यर्थं 'पुक्खरवरदीवड्ढे' इत्यादिसूत्रं 'सुअस्स भगवओ करेमि काउस्सग्ग'मित्यादि च पठित्वैकचतुर्विंशतिस्तवचिन्तनरूपं कायोत्सर्गं कुर्यात् पारयित्वा च तं ज्ञानदर्शनचारित्राचारनिरतिचारसमाचरणफलभूतानां सिद्धानां 'सिद्धाणं बुद्धाण'मिति स्तवं पठति इह च चतुर्विंशतिस्तवद्वयचिन्तनरूपोऽयं द्वितीयश्चारित्राचारविशुद्धिहेतुः कायोत्सर्गः एकस्य चारित्राचारशुद्धिहेतुकस्य दिवसातिचारचिन्तनार्थं प्राक्कृतत्वात्, आहुरपि "दुन्नि अ हुंति चरित्ते, दंसणनाणे अ इक्किक्को" [ ] **इति वचनात् । अस्मिंश्च पूर्वोक्तयुक्त्या चारित्राचारस्य ज्ञानाद्याचारेभ्यो वैशिष्ट्यादिना चतुर्विंशतिस्तवद्वयचिन्तनं सम्भाव्यते, नाग्रेतनयोः तृतीयचतुर्थयोर्दर्शनाचारज्ञानाचारविशुद्धिहेतुकयोरिति स्थितम् ।**

अथ सिद्धस्तवपठनानन्तरं आसन्नोपकारित्वात् श्रीवीरं वन्दते, ततो महातीर्थत्वादिनोज्जयन्तालङ्करणं श्रीनेमिम्, ततोऽपि चाष्टापदनन्दीश्वरादिबहुतीर्थनमस्काररूपां 'चत्तारिअट्ठदसे'त्यादिगाथां पठति

एवं चारित्राद्याचाराणां शुद्धिं विधाय सकलधर्मानुष्ठानस्य श्रुतहेतुकत्वात् तस्य समृद्ध्यर्थं 'सुअदेवयाए करेमि काउस्सग्गं अन्नत्थे'त्यादि च पठित्वा श्रुताधिष्ठातृदेवतायाः स्मर्तुः कर्मक्षयहेतुत्वेन श्रुतदेवताकायोत्सर्गं कुर्यात् तत्र च नमस्कारं चिन्तयति, देवताद्याराधनस्य स्वल्पयत्नसाध्यत्वेनाष्टोच्छ्वासमान एवायं कायोत्सर्ग इत्यादि हेतुः सम्भाव्यः पारयित्वा च तस्याः स्तुतिं पठति 'सुअदेवया भगवई' इत्यादि, अन्येन दीयमानां वा शृणोति एवं क्षेत्रदेवताया अपि स्मृतिर्युक्तेति तस्याः कायोत्सर्गानन्तरं

तस्या एव स्तुतिं भणति यच्च प्रत्यहं क्षेत्रदेवतायाः स्मरणं, तत्तृतीयव्रतेऽभीक्ष्णावग्रहयाचनरूपभावनायाः सत्यापनार्थं सम्भाव्यते ।

ટીકાર્થ :-

ततः ..... सम्भाव्यते । ત્યારપછી=વંદિત્તુસૂત્ર બોલ્યા પછી, પ્રતિકાંત થયેલા અતિચારવાળો શ્રાવક, શ્રીગુરુને પોતાના કરાયેલા અપરાધની ક્ષમા માટે વંદન આપે છે. વળી પ્રતિક્રમણમાં દ્વિકરૂપ ચાર વાંદણાં કરાય છે. ત્યાં=ચાર વાંદણાંમાં ૧. પ્રથમ આલોચના વંદન છે. ૨. દ્વિતીય ક્ષમણક વંદન છે=પોતાના અપરાધની ક્ષમાયાચના કરવા માટે વંદન છે. ૩. ત્રીજું વંદન આચાર્ય આદિ સર્વ સંઘને ક્ષમણકપૂર્વક આશ્રયણ માટે છે='આયરિય ઉવજ્ઝાય' સૂત્ર બોલતા પહેલાં વંદન કરાય છે. ૪. ચોથું વંદન પ્રત્યાખ્યાન વંદન છે=પચ્ચક્ખાણ ગ્રહણ કરવા માટે વંદન છે.

પ્રથમ વંદન આલોચન કરતા પૂર્વે કરાય છે. બીજું વંદન વંદિત્તાસૂત્ર બોલ્યા પછી પોતાના અપરાધની ગુરુ પાસે ક્ષમાયાચના કરવા માટે કરાય છે. ત્રીજું વંદન 'આયરિય ઉવજ્ઝાય' સૂત્ર બોલતા પહેલાં આચાર્ય આદિ ચતુર્વિધ સંઘની ક્ષમાયાચના કરવાર્થે કરાય છે. અને ચોથું વંદન પચ્ચક્ખાણ ગ્રહણ કરતા પૂર્વે કરાય છે.

ત્યારપછી=બીજું વંદન કર્યા પછી, ગુરુને પૂર્વોક્ત વિધિથી ખમાવે છે=અબ્ભુટ્ઠિઓમિ સૂત્રથી ખમાવે છે. ત્યાં અબ્ભુટ્ઠિઓમિ ખામે છે ત્યાં, વળી પાંચ મધ્યે જ્યેષ્ઠ એવા એકને જ=પાંચ સાધુઓની મધ્યે જ્યેષ્ઠ એવા એક સાધુને જ ખમાવે છે. આચીર્ણ અભિપ્રાયથી આ કહેવાયું છે= વર્તમાનમાં જે પ્રતિક્રમણમાં અબ્ભુટ્ઠિઓમિ ખામતાં આચરણ કરાય છે તે અભિપ્રાયથી આ કહેવાય છે. અન્યથા વળી ગુરુને આદિમાં કરીને જ્યેષ્ઠના અનુક્રમથી બધાને ખમાવે છે. પાંચ વગેરે હોતે છતે=પાંચ સાધુ વગેરે હોતે છતે, ગુરુ વગેરે ત્રણને ખમાવે છે. અને આ વંદન=ત્રીજું વંદન, 'અલ્લિઆવણ વંદન' એ પ્રમાણે કહેવાય છે. આચાર્ય આદિના આશ્રયણ માટે છે એ પ્રકારનો અર્થ 'પ્રવચનસારોદ્ધાર'ની વૃત્તિમાં કહેવાયો છે. (ભા.૧ ૫,૧૦૬) ત્યારપછી=ત્રીજું વંદન કર્યા પછી, પ્રતિક્રમણ, સ્વાધ્યાય, કાઉસ્સગ્ગઅપરાધ, પ્રાધૂર્ણક ઈત્યાદિ વચન હોવાથી વંદનના દાનપૂર્વક ભૂમિને પ્રમાર્જીને 'જે મે કેઈ કસાયા' ઈત્યાદિ અક્ષર સૂચિત કષાય ચતુષ્ટયથી પાછા પગલે જાણે ફરતા ન હોય એ રીતે પાશ્ચાત્ય પદથી અવગ્રહથી બહાર નીકળીને 'આયરિય ઉવજ્ઝાય' ઈત્યાદિ સૂત્ર બોલે છે. ત્યાં=આયરિય ઉવજ્ઝાય ઈત્યાદિ સૂત્ર બોલીને કાઉસ્સગ્ગ કરાય છે ત્યાં, પ્રથમ ચારિત્રની શુદ્ધિ માટે કાયોત્સર્ગ કરાય છે. અને ચારિત્ર કષાયના વિરહથી શુદ્ધ થાય છે; કેમ કે તેના ભાવમાં=કષાયના ભાવમાં, તેનું અસારપણું છે=ચારિત્રનું અસારપણું છે. અને કહેવાયું છે.

"સાધુપણાને અનુસરનારા એવા જેના કષાયો ઉત્કૃષ્ટ છે તેનું સાધુપણું ઉચ્છુપુષ્પની જેમ=કરમાયેલા પુષ્પની જેમ, નિષ્ફળ છે. (એમ) હું માનું છું." **(દશવૈકાલિક નિર્યુક્તિ-૩૦૫)**

અને તેથી ચારિત્રનો પ્રકર્ષ કરવા માટે અને કષાયના ઉપશમ માટે 'આયરિય ઉવજ્ઝાય' ઈત્યાદિ

ગાથાત્રય બોલીને પ્રતિક્રમણથી અશુદ્ધ હોય એવા ચારિત્રના અતિચારોનું, એ પ્રકારનું વચન હોવાથી, પ્રતિક્રમણથી અશુદ્ધ એવા ચારિત્રના અતિચારોની શુદ્ધિ માટે કાયોત્સર્ગની ઇચ્છાવાળા સાધુ કે શ્રાવક, 'કરેમિ ભંતે ! સામાઈઅં' ઇત્યાદિ સૂત્રત્રય બોલીને કાયોત્સર્ગ કરે છે. અને સર્વ ધર્મઅનુષ્ઠાન સમતાના પરિણામમાં સ્થિતનું સફલ છે. એથી સામાયિકસૂત્ર પ્રતિક્રમણની આદિમાં, મધ્યમાં અને અવસાનમાં ફરી ફરી તેની સ્મૃતિ માટે ઉચ્ચારાતું=સમભાવની સ્મૃતિ માટે ઉચ્ચારાતું, કરેમિ ભંતે સામાયિકસૂત્ર ગુણવૃદ્ધિ માટે જ છે.

પ્રતિક્રમણની ક્રિયામાં પ્રથમ 'કરેમિ ભંતે' સૂત્ર ભગવાનહં આદિ સૂત્ર દ્વારા નમસ્કાર કરીને પ્રતિક્રમણના પ્રારંભમાં અતિચારની આઠ ગાથાના કાઉસ્સગ્ગ કરતા પૂર્વે બોલાય છે. બીજું 'કરેમિ ભંતે' સૂત્ર વંદિત્તાસૂત્ર બોલતી વખતે નવકાર બોલ્યા પછી તરત બોલાય છે. અને ત્રીજું કરેમિ ભંતે=અંતિમ 'કરેમિ ભંતે' સૂત્ર ચારિત્રાચારની શુદ્ધિના કાયોત્સર્ગ કરતા પહેલાં બોલાય છે. તે પ્રથમ-દ્વિતીય-તૃતીય કરેમિ ભંતે સૂત્ર અનુક્રમે પ્રતિક્રમણની આદિમાં, મધ્યમાં અને અંતમાં બોલાતું સામાયિકના પરિણામની સ્મૃતિ માટે છે. જેથી પ્રતિક્રમણની ક્રિયા દરમિયાન સમભાવના પરિણામમાં અસ્ખલિત પ્રયત્ન થાય.

અને કહે છે –

"આદિ કાઉસ્સગ્ગમાં=પ્રથમ કાઉસ્સગ્ગમાં, સામાયિકસૂત્ર કરીને=પ્રતિક્રમણની ક્રિયામાં અતિચારની આઠ ગાથાનો કાઉસ્સગ્ગ કરતા પૂર્વે સામાયિકસૂત્ર બોલીને, પ્રતિક્રમણ કરતો શ્રાવક, તો=ત્યારપછી બીજું કેમ કરે છે=વંદિત્તાસૂત્ર બોલતા પૂર્વે બીજી વખત કરેમિ ભંતે સૂત્ર કેમ બોલે છે ? અને વળી કાઉસ્સગ્ગમાં=બે લોગસ્સનો કાઉસ્સગ્ગ કરતા પૂર્વે, ત્રીજું કરેમિ ભંતે સૂત્ર કેમ બોલે છે ?" ।।૧।।

તેનો ઉત્તર આપતાં કહે છે –

"સમભાવમાં સ્થિત આત્મા કાયોત્સર્ગ કરીને ત્યારપછી પ્રતિક્રમણ કરે છે. (માટે બીજી વખત સામાયિકસૂત્ર બોલે છે.) અને એ રીતે જ સમભાવમાં સ્થિતને ત્રીજું પણ સામાયિકસૂત્ર કાઉસ્સગ્ગમાં કરાય છે=બે લોગસ્સનો કાઉસ્સગ્ગ કરતા પૂર્વે સામાયિકસૂત્ર બોલાય છે." ।।૨।।

"સ્વાધ્યાય, ધ્યાન, તપ, ઔષધમાં, ઉપદેશપ્રદાનમાં અને સ્તુતિપ્રદાનમાં, સંતગુણ કીર્તનમાં પુનઃઉક્ત દોષ થતાં નથી." ।।૩।। **(આવશ્યકનિર્યુક્તિ ૧૬૯૫-૯૭)**

પ્રતિક્રમણમાં પ્રથમ સામાયિકસૂત્ર બોલ્યા પછી બીજી વખત સામાયિકસૂત્ર કેમ બોલાય છે અને ત્રીજી વખત કેમ બોલાય છે તેવી શંકા પ્રથમ ગાથામાં કરી. તેનો ઉત્તર આપતાં કહે છે. સમભાવમાં સ્થિત આત્મા કાઉસ્સગ્ગ કર્યા પછી પ્રતિક્રમણ કરે છે અર્થાત્ અતિચારની આઠ ગાથાનો કાઉસ્સગ્ગ કર્યા પછી જ્યારે વંદિત્તુસૂત્ર આદિ બોલવાથી પ્રતિક્રમણ કરે છે તે પ્રતિક્રમણ કરતા પૂર્વે પોતાનો સમભાવ સ્થિર થાય માટે ફરી બીજી વખત 'કરેમિ ભંતે' સામાયિકસૂત્ર બોલાય છે. અને જે રીતે પ્રતિક્રમણ કરતા પૂર્વે સમભાવનો પરિણામ સ્થિર કરવો આવશ્યક છે એ રીતે જ સમભાવમાં સ્થિર થવાને માટે જ ત્રીજી વખત પણ કાઉસ્સગ્ગ કરતા પૂર્વે કરેમિ ભંતે સૂત્ર બોલાય છે. અહીં પ્રશ્ન થાય

કે ફરી ફરી એકનું એક સામાયિકસૂત્ર વારંવાર બોલવાથી શું ? તેથી ત્રીજી ગાથામાં કહે છે કે સ્વાધ્યાય ધ્યાનાદિની ક્રિયામાં પુનઃઉક્ત દોષ નથી તેથી પ્રતિક્રમણ દરમિયાન સમભાવના પરિણામરૂપ ધ્યાનને સ્થિર કરવાર્થે ફરી ફરી સામાયિકસૂત્ર બોલવું તે દોષરૂપ નથી. તેથી જે સાધુ કે શ્રાવક પ્રતિક્રમણ દરમિયાન બોલાતા કરેમિ ભંતે સૂત્ર દ્વારા અસ્ખલિત સમભાવના પરિણામનું પ્રતિસંધાન કરી શકે છે, તેઓને માટે પ્રતિક્રમણની ક્રિયા દરમિયાન ત્રણ વખત બોલાયેલું કરેમિ ભંતે સૂત્ર સફળ જ છે; કેમ કે પ્રતિક્રમણની ક્રિયા અને કાઉસ્સગ્ગની ક્રિયા સફળ કરવાનું પ્રબળ કારણ કરેમિ ભંતે સૂત્ર છે.

અને કાયોત્સર્ગમાં ચારિત્રાચારની વિશુદ્ધિ માટે 'चंदेसु निम्मलयरा' એ પ્રકારના અંતવાળા બે લોગસ્સનું ચિંતવન કરે છે. અને કાયોત્સર્ગ પારીને સમ્યગ્દર્શનનું સમ્યગ્જ્ઞાનનું હેતુપણું હોવાથી જ્ઞાનથી દર્શન ગરિષ્ઠ છે એથી જ્ઞાનાચારથી પૂર્વે દર્શનાચારની વિશુદ્ધિ માટે ભરતક્ષેત્રમાં ઉત્પન્નપણું હોવાને કારણે=પોતે ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થયેલ હોવાને કારણે, આસન્નઉપકારીપણું હોવાથી શ્રી ઋષભાદિની સ્તુતિરૂપ ચતુર્વિંશતિસ્તવ અને 'सव्वलोए अरिहंतचेईआणं' ઈત્યાદિ સૂત્રને બોલીને તેના માટે જ=દર્શનાચારની વિશુદ્ધિ માટે જ, એક ચતુર્વિંશતિસ્તવના ચિંતવનરૂપ કાઉસ્સગ્ગને કરે છે અને તેને=કાઉસ્સગ્ગને તે પ્રકારે જ પારીને સામાયિકાદિથી માંડીને ચૌદ પૂર્વ પર્યંતના શ્રુતજ્ઞાનના આચારની વિશુદ્ધિ માટે 'पुक्खरवरदीवड्ढे' ઈત્યાદિ સૂત્રને અને 'सुअस्स भगवओ' 'करेमि काउस्सग्गं' ઈત્યાદિને બોલીને એક ચતુર્વિંશતિસ્તવના ચિંતવન રૂપ કાયોત્સર્ગને કરે છે અને તેને=કાઉસ્સગ્ગને પારીને જ્ઞાન-દર્શન-ચારિત્રાચારના નિરતિચાર આચરણના ફલરૂપ સિદ્ધ ભગવંતોનું 'सिद्धाणं बुद्धाणं' એ પ્રમાણે સ્તવ બોલે છે અને અહીં=પ્રસ્તુત ત્રણ કાઉસ્સગ્ગમાં, ચતુર્વિંશતિસ્તવદ્વયના ચિંતવનરૂપ આ બીજો ચારિત્રાચારની વિશુદ્ધિના હેતુ કાઉસ્સગ્ગ છે; કેમ કે ચારિત્રાચારની શુદ્ધિના હેતુ એવા એક કાઉસ્સગ્ગનું દિવસના અતિચારના ચિંતન માટે પૂર્વમાં કૃતપણું છે=અતિચારની આઠ ગાથાના ચિંતવનકાળમાં કૃતપણું છે. વળી કહે છે. "ચારિત્રમાં બે કાઉસ્સગ્ગ હોય છે. અર્થાત્ એક કાઉસ્સગ્ગ અતિચારની આઠ ગાથાના ચિંતવનકાળમાં હોય છે અને બીજો કાઉસ્સગ્ગ પ્રતિક્રમણના અંતે બે લોગસ્સનો હોય છે. અને દર્શન-જ્ઞાનમાં એક-એક કાઉસ્સગ્ગ હોય છે"=દર્શનની શુદ્ધિ માટે એક લોગસ્સનો કાઉસ્સગ્ગ અને જ્ઞાનની શુદ્ધિ માટે એક લોગસ્સનો કાઉસ્સગ્ગ અંતે હોય છે, તે પ્રકારનું વચન છે. અને આમાં પૂર્વોક્ત યુક્તિથી ચારિત્રાચારની જ્ઞાનાદિ આચારોથી વૈશિષ્ટ્ય આદિના કારણે ચતુર્વિંશતિસ્તવદ્વય ચિંતવન સંભાવના કરાય છે. અને અગ્રેતન એવા દર્શનાચારના અને જ્ઞાનાચારના વિશુદ્ધ હેતુ એવા ત્રીજા અને ચોથા કાઉસ્સગ્ગનું નહિ=બે લોગસ્સનું ચિંતવન કરાતું નથી. એ પ્રમાણે સ્થિત છે. હવે=જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચારની વિશુદ્ધિ અર્થે ત્રણ કાઉસ્સગ્ગ કર્યા પછી આસન્નોપકારીપણું હોવાથી શ્રી વીરને વંદન કરે છે. ત્યારપછી મહાન તીર્થપણું હોવાને કારણે ઉજ્જયંતને અલંકૃત કરનાર શ્રી નેમનાથ ભગવાનને વંદન કરાય છે. અને ત્યારપછી પણ અષ્ટાપદ-નંદીશ્વરાદિ બહુ તીર્થના નમસ્કાર રૂપ 'चत्तारि अट्ठदस्से' ઈત્યાદિ ગાથા બોલે છે. આ રીતે=પૂર્વમાં ત્રણ કાઉસ્સગ્ગનું વર્ણન કર્યું એ

રીતે, ચારિત્ર આદિના આચારોની શુદ્ધિ કરીને=ચારિત્રાચાર, દર્શનાચાર અને જ્ઞાનાચારની શુદ્ધિ કરીને, સકલ ધર્માનુષ્ઠાનનું શ્રુતહેતુકપણું હોવાથી તેની સમૃદ્ધિ માટે=શ્રુતની સમૃદ્ધિ માટે, 'સુઅદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં' અને અન્નત્થ ઈત્યાદિ બોલીને શ્રુત અધિષ્ઠાતૃ દેવતાનું સ્મરણ કરનારના કર્મક્ષયનું હેતુપણું હોવાથી, શ્રુતદેવતાનો કાઉસ્સગ્ગ કરે. અને ત્યાં=શ્રુતદેવતાના કાઉસ્સગ્ગમાં નમસ્કાર=નવકારનું, ચિંતવન કરે છે. દેવતા આદિના આરાધનનું સ્વલ્પ યત્નસાધ્યપણું હોવાને કારણે આઠ ઉચ્છ્વાસમાન જ આ કાઉસ્સગ્ગ છે. ઈત્યાદિ હેતુ સંભાવના કરાય છે અને પારીને=એક નવકારનો કાઉસ્સગ્ગ પારીને, તેની=શ્રુતદેવતાની 'સુઅદેવયા ભગવઈ' ઈત્યાદિ સ્તુતિ બોલે છે અથવા અન્ય વડે બોલાતી સાંભળે છે. એ રીતે=જે રીતે શ્રુતદેવતાની સ્તુતિ યુક્ત છે એ રીતે, ક્ષેત્રદેવતાની પણ સ્મૃતિ યુક્ત છે. એથી તેના કાઉસ્સગ્ગ પછી=શ્રુતદેવતાના કાઉસ્સગ્ગ પછી, તેની જ સ્તુતિ બોલે છે=ક્ષેત્રદેવતાની જ સ્તુતિ બોલે છે. અને જે પ્રતિદિવસ ક્ષેત્રદેવતાનું સ્મરણ કરે છે તે ત્રીજા વ્રતમાં=સાધુના ત્રીજા મહાવ્રતમાં, અભીક્ષ્ણ અવગ્રહની યાચનારૂપ ભાવનાના સત્યાપન માટે સંભાવના કરાય છે=સાધુએ સતત અવગ્રહની યાચના કરવી જોઈએ અને તે સમ્યક્ કરવાર્થે પ્રતિદિવસ ક્ષેત્રદેવતાનું સ્મરણ કરાય છે એ પ્રકારે ગ્રંથકારશ્રી સંભાવના કરે છે.

ભાવાર્થ :-

શ્રાવક પ્રતિક્રમણરૂપ વંદિત્તુસૂત્ર બોલ્યા પછી ગુણવાન ગુરુને વંદન કરીને ખમાવે છે. તેથી ખમાવવા માટે વંદિત્તાસૂત્ર પછી વંદન અપાય છે. વળી, આચાર્ય આદિ સર્વને ખમાવવાર્થે ફરી વંદન કરે છે. અને આયરિય ઉવજ્ઝાય સૂત્રથી આચાર્ય આદિને ખમાવે છે. જેથી કષાયની પરિણતિ પોતાનામાં પ્રગટ થઈ હોય તો અલ્પ થાય અને નિમિત્તને પામીને કષાય થયા ન હોય તોપણ નિષ્કષાય વૃત્તિને અભિમુખ અંતરંગ યત્ન થાય તે માટે સર્વને ખમાવવામાં આવે છે. વળી, ખમાવવાની ક્રિયા કરવાથી વિશેષ પ્રકારે શાંત થયેલા કષાયો ચારિત્રાચારની શુદ્ધિનું કારણ બને છે. તેથી ચારિત્રાચારની શુદ્ધિ અર્થે કરાતા બે લોગસ્સના કાઉસ્સગ્ગ પૂર્વે આયરિય ઉવજ્ઝાયસૂત્ર બોલાય છે. ત્યારપછી સમભાવના પરિણામને સ્થિર કરવાર્થે સામાયિક આદિ સૂત્રને બોલીને બે લોગસ્સનો કાઉસ્સગ્ગ કરાય છે. જેના દ્વારા વંદિત્તાસૂત્રથી કરાયેલ પ્રતિક્રમણ વડે કોઈ પાપ શુદ્ધ થવાના અવશેષ રહ્યા હોય તેની શુદ્ધિ કરાય છે.

વળી, મોક્ષ પ્રત્યે સાક્ષાત્ કારણ ચારિત્ર છે. તેથી પ્રથમ ચારિત્રનો કાઉસ્સગ્ગ કરાય છે અને ચારિત્રની પ્રાપ્તિ પ્રત્યે શ્રુતજ્ઞાન પ્રબળ કારણ છે તોપણ ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધાવાળાને જ શ્રુતજ્ઞાન સમ્યક્ પરિણમન પામે છે. માટે બીજો કાઉસ્સગ્ગ દર્શનશુદ્ધિ માટે કરાય છે. અને ત્યારપછી જ્ઞાનાચારની શુદ્ધિ માટે એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરાય છે. તેથી જે શ્રાવક સમભાવના પરિણામને સ્થિર કરીને બોલાતાં સૂત્રોના અર્થમાત્રમાં ઉપયોગ રાખીને ચારિત્ર, દર્શન અને જ્ઞાનની શુદ્ધિના પ્રતિસંધાનપૂર્વક આ ત્રણ કાઉસ્સગ્ગ કરે છે તે શ્રાવકને આ ક્રમસર કરાતા ત્રણ કાઉસ્સગ્ગ અનુક્રમે ચારિત્ર, દર્શન અને જ્ઞાનની શુદ્ધિ માટે થાય છે. તેઓના તે કાઉસ્સગ્ગથી અવશ્ય રત્નત્રયીની શુદ્ધિ થાય છે. જેથી સર્વવિરતિને અનુકૂળ

અધિક અધિક શક્તિનો સંચય શ્રાવક પ્રતિક્રમણની ક્રિયા દ્વારા કરી શકે છે. અને ત્રણ કાઉસ્સગ્ગ કર્યા પછી શ્રાવક પ્રતિસંધાન કરે છે કે ચારિત્રાચાર આદિ પાંચ આચારના સુવિશુદ્ધ પાલનથી સિદ્ધભગવંતો સિદ્ધાવસ્થાને પામ્યા છે તેથી તેમની સ્તુતિ 'સિદ્ધાણં-બુદ્ધાણં'ની ગાથાથી કરીને પોતે પણ સુવિશુદ્ધ પંચાચારનું પાલન કરી શકે તદર્થે 'સિદ્ધાણં-બુદ્ધાણં' ગાથા દ્વારા સિદ્ધભગવંતની સ્તુતિ શ્રાવક કરે છે.

વળી, આસન્ન ઉપકારી એવા વીરપ્રભુને નમસ્કાર કરે છે. તેથી પોતાની પ્રતિક્રમણની ક્રિયા સુખપૂર્વક પંચાચારની શુદ્ધિનું કારણ બને. વળી ઉત્તમપુરુષની ભક્તિમાં સંતોષ નથી તેથી નેમનાથ પ્રભુની અને ચોવીશ તીર્થંકરની સ્તુતિ પણ 'સિદ્ધાણં-બુદ્ધાણં' સૂત્રથી કરાય છે. વળી, રત્નત્રયીના આચારોની શુદ્ધિ માટે કાઉસ્સગ્ગ કર્યા પછી સર્વ અનુષ્ઠાન શ્રુતના બળથી જ સમ્યક્ સેવાય છે તેથી શ્રુત પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ અર્થે શ્રુતદેવંતાનો કાઉસ્સગ્ગ કરાય છે. શ્રુત અધિષ્ઠાયક દેવતા શ્રુત પ્રત્યે ભક્તિવાળા છે. અને દેવભવને કારણે વિશેષ શક્તિવાળા છે. તેથી તેમનું સ્મરણ કરનારા યોગ્ય જીવોના કર્મક્ષય પ્રત્યે તેઓ નિમિત્ત બની શકે છે તેથી તેમના પ્રત્યેની પોતાની ભક્તિની અભિવ્યક્તિ અર્થે એક નવકારનો કાઉસ્સગ્ગ કરાય છે ત્યારપછી ક્ષેત્રદેવતાની સ્તુતિ કરાય છે. તેથી તે ક્ષેત્રમાં રહેલા ક્ષેત્રદેવતા શ્રાવકને ધર્મઆરાધનામાં સહાયક બને, વિઘ્નકારી બને નહિ. વળી સાધુને ત્રીજા મહાવ્રતમાં સતત અવગ્રહની યાચના કરવાની હોય છે. તેને સત્ય કરવાર્થે ક્ષેત્રદેવતાનું સ્મરણ કરાય છે, એમ ગ્રંથકારશ્રી સંભાવના કરે છે.

ટીકા :-

ततः पञ्चमङ्गलभणनपूर्वं सन्दंशकं प्रमृज्योपविशति, ततो मुखवस्त्रिकां कायं च प्रतिलिख्य श्रीगुरूणां वन्दनके दत्त्वा 'इच्छामो अणुसट्ठि'मिति भणित्वा जानुभ्यां स्थित्वा कृताञ्जलिर्नमोऽर्हत्सिद्धेतिपूर्वकं स्तुतित्रयं पठति इदं च पूर्वोक्तवन्दनकदानं श्रीगुर्वाज्ञया कृतावश्यकस्य विनेयस्य मया युष्माकमाज्ञया प्रतिक्रान्तमिति विज्ञपनार्थम् लोकेऽपि राजादीनामादेशं विधाय प्रणामपूर्वकं तेषामादेशकरणं निगद्यते, एवमिहापि ज्ञेयम्।

एतदर्थश्चायं 'इच्छामः' अभिलषामः, 'अनुशास्तिं' गुर्वाज्ञाम् प्रतिक्रमणं कार्यमित्येवंरूपां, तां च वयं कृतवन्तः स्वाभिलाषपूर्वकम्, न तु राजवेष्ट्यादिना इत्थं संभावनाविधानं च 'इच्छामो अणुसट्ठि'मिति भणनानन्तरं श्रीगुरूणामादेशस्याश्रवणात् एवं च प्रतिक्रमणं सम्पूर्णं जातम् तत्सम्पूर्णीभवनाच्च सम्पन्ननिर्भरप्रमोदप्रसराकुलवर्द्धमानस्वरेण वर्द्धमानाक्षरं तीर्थनायकत्वात् श्रीवर्द्धमानस्य स्तुतित्रयं 'नमोऽस्तु वर्द्धमानाये'त्यादिरूपं श्रीगुरुभिरेकस्यां स्तुतौ पाक्षिकप्रतिक्रमणे तु श्रीगुरुपर्वणोर्विशेषबहुमानसूचनार्थं तिसृष्वपि स्तुतिषु भणितासु सतीषु सर्वे साधवः श्राद्धाश्च युगपत्पठन्ति ।

"बालस्त्रीमन्दमूर्खाणां, नृणां चारित्रकाङ्क्षिणाम् ।
अनुग्रहार्थं सर्वज्ञैः, सिद्धान्तः प्राकृतः कृतः ।।१।।"

इत्याद्युक्तेः स्त्रीणां संस्कृतेऽनधिकारत्वसूचनात्साध्व्यः श्राविकाश्च 'नमोऽर्हत्सिद्धे'त्यादि सूत्रं न पठन्ति, 'नमोऽस्तु वर्द्धमानाये'त्यादिस्थाने 'संसारदावानले'त्यादि च पठन्ति, रात्रिकप्रतिक्रमणे तु विशाललोचनेत्यादिस्थाने केचित्तु स्त्रीणां पूर्वाध्ययनेऽनधिकारित्वात् नमोऽस्तु वर्द्धमानेत्यादीनां च पूर्वान्तर्गतत्वेन सम्भाव्यमानत्वान्न पठन्तीत्याहुः । यच्च श्रीगुरुकथनावसरे प्रतिस्तुतिप्रान्तं 'नमो खमासमणाणं' इति गुरुनमस्कारः साधुश्राद्धादिभिर्भण्यते, तन्नृपाद्यालापेषु प्रतिवार्त्ताप्रान्तं जीवेत्यादि-भणनवत् श्रीगुरुवचःप्रतीच्छादिरूपं सम्भाव्यते स्तुतित्रयपाठानन्तरं शक्रस्तवपाठः तत उदारस्वरेणैकः श्रीजिनस्तवं कथयति, अपरे च सर्वे सावधानमनसः कृताञ्जलयः शृण्वन्ति स्तवनभणनानन्तरं च सर्वजिनस्तुतिरूपं 'वरकनके'त्यादि पठित्वा चतुर्भिः क्षमाश्रमणैः श्रीगुर्वादीन् वन्दते

अत्र च देवगुरुवन्दनं नमोऽर्हत्सिद्धेत्यादेरारभ्य चतुःक्षमाश्रमणप्रदानं यावत् ज्ञेयम्, श्राद्धस्य तु 'अड्ढाइज्जेसु' इत्यादि भणनावधि ज्ञेयम् । इदं च देवगुरुवन्दनं प्रतिक्रमणस्य प्रारम्भे अन्ते च कृतम्, 'आद्यन्तग्रहणे मध्यस्यापि ग्रहण'मिति न्यायात् सर्वत्राप्यवतरतीति यथा शक्रस्तवस्यादावन्ते नमो इति भणनम्, ततोऽपि 'द्विर्बद्धं सुबद्धं भवती'तिन्यायेन पूर्वं चारित्राद्याचारशुद्ध्यर्थं कृतेष्वपि कायोत्सर्गेषु पुनः प्राणातिपातविरमणाद्यतिचाररूपदैवसिकप्रायश्चित्तविशोधनार्थं चतुश्चतुर्विंशतिस्तव-चिन्तनरूपं कायोत्सर्गं कुरुते अयं च कायोत्सर्गः सामाचारीवशेन कैश्चित्प्रतिक्रमणस्यादौ कैश्चित्त्वन्ते क्रियते, तदनु तथैव पारयित्वा चतुर्विंशतिस्तवं च मङ्गलार्थं पठित्वा क्षमाश्रमणद्वयपूर्वं मण्डल्यामुपविश्य सावधानमनसा स्वाध्यायं कुरुते मूलविधिना, पौरुषी यावत्संपूर्णा स्यात् ।

अत्राह परः—ननु प्रतिक्रमणं पञ्चाचारविशुद्ध्यर्थं प्रागुक्तम्, अत्र तु ज्ञानदर्शनचारित्राचाराणामेव यथास्थानं शुद्धिरुक्ता, नच तपोवीर्याचारयोः, तथा च प्रतिज्ञाहानिरितिचेन्मैवम्, एतच्छुद्धिर्ज्ञाना-द्याचारानन्तरीयका इति प्रतिपादितैव तथाहि—सायं साधोः कृतचतुर्विधाहारप्रत्याख्यानस्य श्राद्धस्यापि कृतान्यतरप्रत्याख्यानस्य तद् भवति प्रातरपि षाण्मासिकप्रभृतिनमस्कारसहितान्तं प्रत्याख्यानं करोतीति स्फुटैव तपआचारशुद्धिः यथाविधि यथाशक्ति च प्रतिक्रामतो वीर्याचारशुद्धिरपि प्रतीतैवेति अविधिना च कृते प्रायश्चित्तम्, तथा हि—काले आवश्यकाकरणे चतुर्लघुः, मण्डल्यप्रतिक्रान्तौ कुशीलैः सह प्रतिक्रान्तौ च चतुर्लघुः, निद्राप्रमादादिना प्रतिक्रमणे न मिलितः तत्रैकस्मिन् कायोत्सर्गे भिन्नमासः, द्वयोर्लघुमासः, त्रिषु गुरुमासः, तथा गुरुभिरपारिते कायोत्सर्गे स्वयं पारणे गुरुमासः, सर्वेष्वपि कायोत्सर्गेषु चतुर्लघुः, एवं वन्दनेष्वपि योज्यमिति व्यवहारसूत्रे ।

तथा साधवः प्रतिक्रमणानन्तरं तथैवान्तर्मुहूर्त्तमात्रमासते, कदाचिदाचार्या अपूर्वां सामाचारीमपूर्वमर्थं वा प्ररूपेयुरित्युक्तमोघनिर्युक्तिवृत्तौ, इति दैवसिकप्रतिक्रमणविधिः ।

ટીકાર્થ :-

ततः ..... दैवसिकप्रतिक्रमणविधिः । ત્યારપછી=ક્ષેત્રદેવતાનો કાઉસ્સગ્ગ કર્યા પછી, પાંચના મંગલરૂપ નવકારને બોલવાપૂર્વક સંડાસાનું=સાંધાઓનું, પ્રમાર્જન કરીને શ્રાવક બેસે છે અર્થાત્ નવકારના સ્મરણપૂર્વક જીવરક્ષાના ઉત્તમ પરિણામવાળા શ્રાવક બેસવાની ક્રિયામાં કોઈ સ્થાને સહસા કોઈ જીવ હોય અને મરે નહિ તેથી પગના બેસવાના સ્થાને પ્રમાર્જના કરીને બેસે છે, જેથી જીવરક્ષાનો પરિણામ અત્યંત જ્વલંત થાય. ત્યારપછી મુખવસ્ત્રિકા અને કાયાનું પ્રતિલેખન કરે છે. જેથી મુખવસ્ત્રિકામાં કોઈપણ સૂક્ષ્મજીવ હોય તો તે પ્રતિલેખનની ક્રિયાથી તેનું રક્ષણ થાય અને કાયાના પચીસ સ્થાનોનું તે રીતે પ્રતિલેખન કરે છે જેથી કાયાની વંદન આદિ ચેષ્ટામાં કોઈ જીવનો વિનાશ થાય નહિ. આ રીતે મુખવસ્ત્રિકા અને કાયાનું પ્રતિલેખન કરીને ગુરુને વંદન આપે છે. બે વંદન આપીને 'ઈચ્છામો અણુસટ્ઠિં' એ પ્રમાણે બોલીને બે જાનુ પર સ્થિર થઈને કૃતઅંજલિવાળો શ્રાવક 'નમોઽર્હતસિદ્ધાચાર્યોપાધ્યાય...' ઇત્યાદિ પૂર્વક નમોઽસ્તુ વર્ધમાનાય ઇત્યાદિરૂપ સ્તુતિત્રય બોલે છે અને આ પૂર્વોક્ત વંદનનું દાન ગુરુની આજ્ઞાથી કરાયેલા આવશ્યકનું વિનયવાળા એવા મારા વડે તમારી આજ્ઞાથી પ્રતિકાંત કરાયું છે એ વિજ્ઞાપન માટે છે. લોકમાં પણ રાજાદિના આદેશને કરીને પ્રણામપૂર્વક તેઓના આદેશનું કથન કરાય છે એ રીતે અહીં પણ જાણવું.

ગુર્વાજ્ઞાથી પ્રતિક્રમણ કરવાનો પોતે પ્રારંભ કરેલો તે આજ્ઞાથી જ પોતે પ્રતિક્રમણ કર્યું છે તે જણાવવા અર્થે અંતે વંદન આપીને પોતે છ આવશ્યકો કર્યાં છે તેનું નિવેદન કરીને હું તમારા અનુશાસનને ઇચ્છું છું એમ કહેવાય છે. અને પોતે ષડ્આવશ્યકની આરાધના સમ્યક્ કરી છે તેના હર્ષની અભિવ્યક્તિ રૂપે અંતે સ્તુતિત્રય બોલે છે. તેથી જેમ લોકમાં રાજાની આજ્ઞાનું પાલન કરીને પછી પ્રણામ કરીને તે આજ્ઞાનું પોતે પાલન કર્યું છે તેનું નિવેદન કરાય છે તેમ ગુણવાન એવા ભાવાચાર્યની અનુજ્ઞાથી પોતે ષડ્આવશ્યકમય પ્રતિક્રમણ સ્વશક્તિ અનુસાર અપ્રમાદથી કર્યું છે તેનું વંદનપૂર્વક નિવેદન કરાય છે. ત્યારપછી પોતે તેમના અનુશાસનને ઇચ્છે છે તેમ કહીને સતત તેવા ગુણવાન ભાવાચાર્યના અનુશાસનના બળથી હું સંસારસાગર તરવા ઇચ્છું છું એ પ્રકારનો પારતંત્ર્યભાવ અભિવ્યક્ત કરાય છે. જેનાથી ભગવાનની આજ્ઞાને પરતંત્ર થવાનો પરિણામ સ્થિર-સ્થિરતર થાય છે અને છ આવશ્યકથી ભાવિત થયેલું ચિત્ત હોવાથી જે પોતાને અત્યંત હર્ષ થયો છે તે હર્ષની અભિવ્યક્તિ રૂપે ત્રણ સ્તુતિ બોલાય છે.

અને આ અર્થવાળો આ છે. શું છે ? તે બતાવે છે – અનુશાસ્તિને=ગુર્વાજ્ઞાને, અમે ઇચ્છીએ છીએ=અભિલાષ કરીએ છીએ. કઈ અનુશાસ્તિને અમે ઇચ્છીએ છીએ ? એથી કહે છે. પ્રતિક્રમણ કરવું જોઈએ એવા રૂપવાળી અનુશાસ્તિને અમે ઇચ્છીએ છીએ. અને તેને=પ્રતિક્રમણ કરવું જોઈએ તે અનુશાસ્તિને, અમે સ્વઅભિલાષપૂર્વક કરી છે. પરંતુ રાજવેષ્ટાદિની=રાજવેઠાદિની, જેમ કરી નથી. અને આ પ્રકારે સંભાવનાના વિધાનવાળું 'ઈચ્છામો અણુસટ્ઠિં' એ પ્રમાણે બોલ્યા પછી શ્રી ગુરુના આદેશનું અશ્રવણ હોવાથી અને આ રીતે પ્રતિક્રમણ સંપૂર્ણ થયું અને તે સંપૂર્ણ થવાથી=પ્રતિક્રમણનું

સંપૂર્ણીપણું થવાથી, સંપન્ન નિર્ભર પ્રમોદના પ્રસરથી યુક્ત વર્ધમાન સ્વરથી=સંપન્ન થયેલા હર્ષથી યુક્ત વધતા સ્વરથી, વર્ધમાન સ્વામીનું તીર્થનાયકપણું હોવાથી વર્ધમાન અક્ષરવાળી સ્તુતિત્રયને= 'નમોડસ્તુ વર્ધમાનાય' ઇત્યાદિરૂપ સ્તુતિત્રયને, ગુરુ દ્વારા એક સ્તુતિ બોલાયે છતે વળી, પાક્ષિક પ્રતિક્રમણમાં, શ્રી ગુરુનું પર્વ દિવસોમાં વિશેષ બહુમાનના સૂચન માટે ત્રણ સ્તુતિઓ ગુરુ બોલે છતે સર્વ સાધુઓ અને શ્રાવકો યુગપત્ બોલે છે=ત્રણ સ્તુતિ બોલે છે.

"ચારિત્રકાંક્ષી બાલ, સ્ત્રી, મંદ અને મૂર્ખ એવા મનુષ્યના અનુગ્રહ માટે સર્વજ્ઞ વડે સિદ્ધાંત પ્રાકૃતમાં કરાયો છે." ।।૧।।

ઇત્યાદિ ઉક્તિ હોવાથી સ્ત્રીઓને સંસ્કૃતમાં અનધિકારત્વનું સૂચન હોવાને કારણે સાધ્વીઓ અને શ્રાવિકાઓ 'નમોઽર્હત સિદ્ધાચાર્યોપાધ્યાય...' ઇત્યાદિ સૂત્રને બોલતા નથી અને 'નમોડસ્તુ વર્ધમાનાય' ઇત્યાદિના સ્થાનમાં 'સંસાર દાવાનલ' ઇત્યાદિ સૂત્ર બોલે છે. વળી, રાત્રિ પ્રતિક્રમણમાં 'વિશાલલોચન' ઇત્યાદિ સ્થાનમાં 'સંસાર દાવાનલ' બોલે છે. વળી, કેટલાક કહે છે. શું કહે છે ? તે બતાવે છે. સ્ત્રીઓને પૂર્વના અધ્યયનમાં અનધિકારીપણું હોવાથી અને નમોડસ્તુ વર્ધમાનાય ઇત્યાદિનું પૂર્વ અંતર્ગતપણારૂપે સંભાવ્યમાનપણું હોવાથી બોલતી નથી=સાધ્વીઓ અને શ્રાવિકાઓ 'નમોડસ્તુ વર્ધમાનાય' ઇત્યાદિ સ્તુતિ બોલતી નથી. અને ગુરુકથનના અવસરમાં પ્રતિ સ્તુતિના પ્રાંતમાં જે 'નમો ખમાસમણાણં' એ પ્રમાણે ગુરુનમસ્કાર સાધુ-શ્રાવકો વડે કહેવાય છે તે રાજાદિના આલાપોમાં પ્રતિવાર્તાના પ્રાંતમાં જીવ ઇત્યાદિ કથનની જેમ શ્રી ગુરુવચનના પ્રતીચ્છારૂપ સંભાવના કરાય છે. સ્તુતિત્રય પાઠ પછી શકસ્તવનો પાઠ છે. ત્યારપછી ઉદાર સ્વરથી એક=કોઈ એક સાધુ કે શ્રાવક, જિનસ્તવ કહે છે. અને બીજા સર્વ સાવધાન મનવાળા કૃતઅંજલિવાળા સાંભળે છે. અને સ્તવન બોલ્યા પછી સર્વ જિનની સ્તુતિરૂપ 'વરકનક' ઇત્યાદિ બોલીને ચાર ખમાસમણાં વડે શ્રી ગુરુઓને વંદન કરે છે અને અહીં દેવ-ગુરુનું વંદન 'નમોઽર્હત સિદ્ધાચાર્યોપાધ્યાય...' ઇત્યાદિથી માંડીને ચાર ક્ષમાશ્રમણને વંદનના પ્રદાન સુધી જાણવું. વળી, શ્રાવકને 'અઽઢાઈજેસુ' ઇત્યાદિ કથન સુધી જાણવું=દેવ-ગુરુનું વંદન જાણવું અને આ દેવ-ગુરુનું વંદન પ્રતિક્રમણના પ્રારંભમાં અને અંતમાં કરાયું=પ્રથમ ચાર થોય દ્વારા અને ચાર ખમાસમણાં દ્વારા દેવ-ગુરુને વંદન કરાયું અને અંતમાં નમોર્હત સિદ્ધાચાર્યોપાધ્યાય...થી માંડીને અઢાઈજેસુ સુધી દેવ-ગુરુને વંદન કરાયું અને આદિ-અંતના ગ્રહણમાં મધ્યનું પણ ગ્રહણ છે એ ન્યાયથી સર્વત્ર પણ અવતાર પામે છે=આખા પ્રતિક્રમણમાં દેવ-ગુરુના વંદનનું અવતરણ છે. અર્થાત્ આખી પ્રતિક્રમણની ક્રિયા ગુણવૃદ્ધિને અનુકૂળ હોવાથી દેવ-ગુરુના વંદન સ્વરૂપ જ છે. જે પ્રમાણે શકસ્તવના આદિ અને અંતમાં 'નમો' એ પ્રમાણે કથન છે='નમોત્થુણં' સૂત્રમાં આદિમાં 'નમોડત્થુણં' શબ્દમાં રહેલ 'નમો'નું કથન છે અને અંતમાં 'નમો જિણાણં જિઅભયાણં...'માં 'નમો'નું કથન છે. તેમ પ્રતિક્રમણમાં પણ આદિમાં દેવ-ગુરુનું વંદન છે અને અંતમાં પણ દેવ-ગુરુને વંદન છે ત્યારપછી પણ=દેવ-ગુરુને વંદન કર્યા પછી પણ, 'દ્વિબદ્ધ-સુબદ્ધ થાય છે'=બે વખત કરાયેલું દૃઢ થાય છે, એ ન્યાયથી પૂર્વમાં ચારિત્ર આદિ આચારની શુદ્ધિ

માટે કરાયેલા પણ કાઉસ્સગ્ગોમાં ફરી પ્રાણાતિપાતવિરમણાદિ અતિચારરૂપ દૈવસિક પ્રાયશ્ચિત્ત વિશોધન માટે ચાર ચતુર્વિંશતિના ચિંતનરૂપ કાયોત્સર્ગ=ચાર લોગસ્સનો કાઉસ્સગ્ગ, કરે છે. અને આ કાયોત્સર્ગ સામાચારીના વશથી કેટલાક વડે પ્રતિક્રમણની આદિમાં અને કેટલાક વડે અંતમાં કરાય છે. ત્યારપછી તે પ્રમાણે જ પારીને='નમો અરિહંતાણં' નમસ્કારપૂર્વક જ કાઉસ્સગ્ગ પારીને, મંગલ માટે ચતુર્વિંશતિસ્તવ બોલીને ક્ષમાશ્રમણદ્વયપૂર્વક=બે ખમાસમણાંપૂર્વક, માંડલીમાં બેસીને સાવધાન મનથી મૂળવિધિથી સ્વાધ્યાયને કરે છે જ્યાં સુધી પોરિસી પૂર્ણ થાય.

અહીં=પ્રતિક્રમણની વિધિમાં પર શંકા કરે છે. પ્રતિક્રમણ પંચાચારની શુદ્ધિ માટે છે એમ પૂર્વમાં કહેવાયું. વળી અહીં=પ્રતિક્રમણની વિધિના વર્ણનમાં, જ્ઞાનાચાર-દર્શનાચાર ચારિત્રાચારની જ યથાસ્થાન શુદ્ધિ કહેવાઈ. અને તપાચાર-વીર્યાચારની શુદ્ધિ કહેવાઈ નહિ અને તે રીતે=પ્રતિજ્ઞામાં પંચાચારની વિશુદ્ધિ માટે પ્રતિક્રમણ છે તેમ ગ્રહણ કર્યું અને પ્રતિજ્ઞા અનુસાર વર્ણન કરતી વખતે જ્ઞાનાચાર આદિ ત્રણની શુદ્ધિ બતાવી, તપાચાર-વીર્યાચારની શુદ્ધિ બતાવી નહિ. તે રીતે, પ્રતિજ્ઞાની હાનિ છે=પંચાચારની શુદ્ધિ માટે પ્રતિક્રમણ છે એ પ્રકારની પ્રતિજ્ઞાની હાનિ છે. એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે. એમ ન કહેવું. આની શુદ્ધિ=તપાચાર અને વીર્યાચારની શુદ્ધિ, જ્ઞાનાદિ આચાર અનન્તરિક પ્રતિપાદન કરાઈ જ છે=જ્ઞાનાચારાદિની શુદ્ધિ બતાવી તેમાં તપાચાર-વીર્યાચારની શુદ્ધિ અંતર્ભાવિત કરીને કહેવાઈ જ છે. તે આ પ્રમાણે – સાંજના કૃત ચઉવિહાર પ્રત્યાખ્યાનવાળા સાધુને, કૃત અન્યતર પ્રત્યાખ્યાનવાળા શ્રાવકને પણ=ચઉવિહાર અને તિવિહાર અન્યતર કરાયેલ પ્રત્યાખ્યાનવાળા શ્રાવકને પણ, તે થાય છે=તપાચાર થાય છે. સવારમાં પણ છ માસથી માંડીને નમસ્કાર સહિત અંતવાળું પ્રત્યાખ્યાન કરે છે=સાધુ કે શ્રાવક કરે છે. આથી સ્પષ્ટ જ તપાચારની શુદ્ધિ છે. યથાવિધિ અને યથાશક્તિ પ્રતિક્રમણ કરતા સાધુને અને શ્રાવકને વીર્યાચારની શુદ્ધિ પણ પ્રતીત જ છે. અર્થાત્ જે સાધુ કે શ્રાવક નિર્જરાના અર્થી છે અને નિર્જરાના અંગભૂત જ સાંજના પ્રતિક્રમણ પચ્ચક્ખાણ ગ્રહણ કરે છે અને નિર્જરાના અંગભૂત જ સવારના પ્રતિક્રમણમાં છ માસના ઉપવાસથી માંડીને નવકારશી સુધીના પચ્ચક્ખાણમાં પોતાની શક્તિનું સમાલોચન કરીને અન્ય બલવાન યોગોનો નાશ ન થાય તે પ્રકારે ઉચિત પચ્ચક્ખાણ કરે છે. તે તપ દ્વારા તપાચારની શુદ્ધિ થાય છે અને જે સાધુ કે શ્રાવક ષડ્આવશ્યકમય પ્રતિક્રમણની ક્રિયા જે ભાવથી અને જે ગુણોથી ભગવાને કરવાની કહી છે તે ભાવો અને તે ગુણો છ આવશ્યકથી કઈ રીતે પ્રગટ થાય છે તેનો સમ્યક્ બોધ કરીને તે પ્રકારે જ કરવાની ઉત્કટ ઇચ્છાવાળા છે અને પોતાની શક્તિ અનુસાર ક્રિયામાં યત્નવાળા છે. જેથી તે ક્રિયાકાળમાં સ્વશક્તિ અનુસાર તે તે ભાવોને કરે છે અને તે તે ભાવોને કારણે તે તે ભાવોથી અપેક્ષિત ઉત્તમગુણોની પ્રાપ્તિ કરે છે. તે સાધુ કે શ્રાવકને પ્રતિક્રમણકાલમાં મોહનાશને અનુકૂળ સમ્યક્વીર્યનું સ્ફુરણ થતું હોવાથી વીર્યાચારની શુદ્ધિની પ્રાપ્તિ થાય છે.

અવિધિથી કરાયે છતે=અવિધિથી ષડ્આવશ્યકની ક્રિયા કરાયે છતે, પ્રાયશ્ચિત્ત છે=વીર્યાચારની અશુદ્ધિ હોવાને કારણે પ્રાયશ્ચિત્ત છે. તે આ પ્રમાણે – કાલમાં આવશ્યકના અકરણમાં ચતુર્લઘુ

પ્રાયશ્ચિત્ત છે. માંડલીમાં અપ્રતિકાંત અને કુશીલો સાથે પ્રતિકાંત હોતે છતે ચતુર્લઘુ છે=પ્રતિક્રમણની માંડલીની મર્યાદાને જાણનારા સુસાધુઓ પ્રતિક્રમણની માંડલીની વિરાધના ન થાય તે રીતે પ્રતિક્રમણની ક્રિયા કરે છે. તેમાં ષડ્આવશ્યકમય પ્રતિક્રમણની ક્રિયા ન કરવામાં આવે તો પ્રતિક્રમણની માંડલીના બળથી જે વીર્યાચારની શુદ્ધિ થાય છે તેની અપ્રાપ્તિને કારણે ચતુર્લઘુ પ્રાયશ્ચિત્ત આવે. અને પ્રતિક્રમણની માંડલીની વિરાધના કરનારા કુશીલ સાધુઓ સાથે પ્રતિક્રમણ કરવામાં આવે તો પ્રતિક્રમણ માંડલીની વિરાધના થવાથી કુશીલ સાધુઓની સાથે પ્રતિક્રમણ કરનાર સાધુઓનું સદ્વીર્ય નાશ પામવાને કારણે ચતુર્લઘુ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે.

નિદ્રા-પ્રમાદ આદિથી પ્રતિક્રમણમાં ભેગા નહીં થયેલા સાધુને કે શ્રાવકને પ્રાયશ્ચિત્ત છે. શું પ્રાયશ્ચિત્ત છે તે બતાવે છે. ત્યાં=પ્રતિક્રમણમાં, એક કાયોત્સર્ગમાં ભિન્નમાસ=એક કાયોત્સર્ગમાં નહીં મળેલા સાધુને કે શ્રાવકને ભિન્નમાસ પ્રાયશ્ચિત્ત છે. બે કાયોત્સર્ગમાં નહિ મિલિત સાધુ કે શ્રાવકને લઘુ માસ પ્રાયશ્ચિત્ત છે. ત્રણ કાયોત્સર્ગમાં નહિ મિલિત સાધુ કે શ્રાવકને ગુરુમાસ પ્રાયશ્ચિત્ત છે. અને ગુરુ વડે અપારિત કાઉસ્સગ્ગ હોતે છતે સ્વયં પારવામાં ગુરુમાસ પ્રાયશ્ચિત્ત છે. સર્વ પણ કાઉસ્સગ્ગમાં નહીં મિલિતને=નિદ્રાપ્રમાદાદિને કારણે નહીં મિલિતને, ચતુર્લઘુ પ્રાયશ્ચિત્ત છે. એ રીતે=કાઉસ્સગ્ગમાં બતાવ્યું એ રીતે, વંદનમાં પણ યોજવું=વંદનમાં પણ નિદ્રા-પ્રમાદ આદિથી પ્રતિક્રમણ માંડલીમાં બેઠેલાની સાથે નહીં મિલિતને તે તે પ્રકારે પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે એમ યોજન કરવું એ પ્રમાણે વ્યવહારસૂત્ર છે.

અને સાધુઓ પ્રતિક્રમણ કર્યા પછી તે પ્રમાણે જ અંતર્મુહૂર્ત માત્ર બેસે છે=પ્રતિક્રમણ કર્યા પછી જે રીતે માંડલીમાં બેઠેલા એ રીતે જ અંતર્મુહૂર્ત માત્ર બેસે છે. કેમ તે રીતે બેસે છે ? એથી કહે છે. કદાચિત આચાર્ય અપૂર્વ સામાચારી કે અપૂર્વ અર્થની પ્રરૂપણા કરે એ પ્રમાણે 'ઓઘનિર્યુક્તિની વૃત્તિ'માં કહ્યું છે, આ પ્રમાણે દેવસી પ્રતિક્રમણની વિધિ પૂર્ણ થઈ.

ભાવાર્થ :-

સાધુ કે શ્રાવક પ્રતિક્રમણની વિધિને સ્વશક્તિ અનુસાર જાણીને અને પ્રતિક્રમણની વિધિમાં અપ્રમાદથી યત્ન કરે અને તે પ્રતિક્રમણની ક્રિયા, માંડલીની વિધિના જાણકાર સુસાધુ હોય તો તેમની સાથે જ કરે. જેથી પ્રતિક્રમણની માંડલીની વિરાધના થાય નહિ. અને પ્રતિક્રમણની માંડલીમાં સુવિશુદ્ધ ઉપયોગપૂર્વક બોલાતાં સૂત્રોમાં અપ્રમાદભાવથી સદ્વીર્ય ઉલ્લસિત થાય અને તેવી સામગ્રી વિદ્યમાન હોવા છતાં પ્રતિક્રમણ માંડલીની ઉપેક્ષા કરીને સ્વમતિ અનુસાર પ્રતિક્રમણ કરે તો પ્રતિક્રમણની માંડલીના બળથી જે જ્ઞાનાચારાદિ ચાર આચારોમાં સમ્યક્ વીર્ય પ્રવર્તવું જોઈએ તે પ્રવર્તે નહિ તેથી પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય.

વળી, પ્રમાદી સાધુઓ માંડલીમાં જેમ તેમ પ્રતિક્રમણ કરતા હોય તેઓની સાથે પ્રતિક્રમણ કરવામાં આવે તોપણ તેઓના પ્રમાદને કારણે શક્તિ અનુસાર કરવાના અર્થી સાધુ કે શ્રાવકથી પણ જ્ઞાનાચારાદિ આચારોમાં સમ્યક્ વીર્ય પ્રવર્તી શકે નહિ. તેથી પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય. વળી પ્રતિક્રમણનો ઉચિતકાલ

હોય અને કોઈ વિશિષ્ટ પ્રયોજન ન હોય છતાં પ્રમાદને વશ ઉચિતકાલનું ઉલ્લંઘન કરીને અકાળે પ્રતિક્રમણ કરે તોપણ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય. વિશિષ્ટ લાભને કારણે આગળ-પાછળ પ્રતિક્રમણ કરે તોપણ દોષની પ્રાપ્તિ થાય નહિ. વળી પ્રતિક્રમણકાલમાં નિદ્રા વર્તે કે પોતાની શક્તિ અનુસાર પ્રતિક્રમણની ક્રિયામાં તે તે ભાવોને અનુકૂળ ઉચિતભાવો કરવામાં પ્રમાદ વર્તે કે અન્ય કોઈ પ્રકારની ચિત્તની ચંચળતા વર્તે તો પ્રતિક્રમણની ક્રિયામાં પ્રતિક્રમણ કરનારનો માંડલી સાથે તે તે ક્રિયામાં ઉપયોગ સ્ખલના પામે તેથી કાયોત્સર્ગ આદિમાં પ્રમાદને કારણે અધિક કાળ પસાર થાય. જેથી માંડલીમાં પ્રતિક્રમણ કરનારને વ્યાઘાત થાય તેને આશ્રયીને પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય.

વંદનની ક્રિયામાં પણ માંડલીની વિધિ અનુસાર ઉપયુક્ત થઈને ન કરે તો દરેક ક્રિયામાં માંડલીની સાથે તે સાધુ કે શ્રાવક મિલિત રહી શકે નહિ તેને આશ્રયીને પણ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય. માટે યથાશક્તિ અને યથાવિધિથી જે સાધુ કે શ્રાવક પ્રતિક્રમણ કરે છે તેઓને વીર્યાચારની શુદ્ધિ થાય છે. અને તેના દ્વારા તે તે સ્થાનોમાં જ્ઞાનાચારાદિની શુદ્ધિ થાય છે. માટે પ્રતિક્રમણ પંચાચારની વિશુદ્ધિ અર્થે છે અને જેઓ અવિધિથી કરે છે તેઓને તે પ્રતિક્રમણની ક્રિયાથી પણ પંચાચારની વિશુદ્ધિ થતી નથી. જે શ્રાવકો અપ્રમાદી છે તેઓ પ્રતિક્રમણની ક્રિયા દ્વારા પંચાચારની વિશુદ્ધિ કરીને સતત સર્વવિરતિને અનુકૂળ બળ સંચય કરે છે જેથી આ ભવમાં શક્તિનો પ્રકર્ષ થાય તો સિંહની જેમ મહાવીર્યવાળા થઈને સંયમ ગ્રહણ કરીને કર્મનાશ માટે યત્ન કરી શકે છે અને કદાચ આ ભવમાં સર્વવિરતિની શક્તિનો સંચય ન થાય તોપણ પ્રતિદિન પ્રતિક્રમણ દ્વારા પંચાચારની વિશુદ્ધિને પ્રાપ્ત કરીને સર્વવિરતિને અનુકૂળ બળ સંચય થાય તેવો યત્ન કરે છે. તેથી ક્ષીણ થયેલા સર્વવિરતિનાં આવારક કર્મો હોવાથી જન્માંતરમાં પણ ભાવચારિત્રને પ્રાપ્ત કરીને તે મહાત્મા સુવિશુદ્ધ પંચાચારના બળથી સંસારનો અંત કરશે; કેમ કે સુવિશુદ્ધ પંચાચારનું પાલન જ વીતરાગતાની પ્રાપ્તિનું પ્રબળ કારણ છે.

પ્રતિક્રમણ કર્યા પછી સાધુઓ માંડલીમાંથી તરત ઊઠીને સ્વસ્થાને જાય નહિ પરંતુ નિર્જરાના અત્યંત અર્થી સાધુઓ જે રીતે પ્રતિક્રમણ કર્યું તે રીતે જ પ્રતિક્રમણ પૂરું થયા પછી પણ માંડલીમાં બેસી રહે છે અને તે રીતે સાધુઓની તત્ત્વની જિજ્ઞાસાને જોઈને સૂક્ષ્મતત્ત્વને જાણનારા આચાર્ય સાધુ સામાચારી કઈ રીતે વીતરાગતા તરફ જીવના પરિણામોને પ્રગટ કરીને નિર્જરાનું કારણ બને છે તેના ગંભીર અર્થો યોગ્ય જીવોને કહે છે જેથી પોતાની સાધુ સામાચારી કેવી શ્રેષ્ઠ છે તેનો પારમાર્થિક સૂક્ષ્મ-સૂક્ષ્મતર બોધ થાય અને પોતાના પૂર્વ ઋષિ-મહાત્માઓએ આ સામાચારીને કઈ રીતે સેવીને સંસારનો ક્ષય કર્યો, તેના સૂક્ષ્મભાવો કદાચ આચાર્યને સ્વસ્થતા હોય તો કહે, તે આશયથી સાધુઓ પ્રતિક્રમણ કર્યા પછી અંતર્મુહૂર્ત સુધી માંડલીમાં બેસી રહે છે. તેથી પ્રતિક્રમણ પછી શ્રાંત આચાર્ય હોય તો કંઈક વિલંબન પછી પણ કંઈક અર્થ કહેશે તેવા આશયથી તત્ત્વના અર્થી એવા સાધુ પ્રતિક્રમણ કર્યા પછી તે પ્રકારની સામાચારીના અર્થને જાણવા માટે અંતર્મુહૂર્ત સુધી માંડલીમાં બેસી રહે છે. અથવા ક્યારેક શાસ્ત્ર-અધ્યયનથી કોઈક અપૂર્વ અર્થો આચાર્યને પ્રાપ્ત થયા હોય તો તે બેઠેલા સાધુને તે અપૂર્વ અર્થો આચાર્ય કહે છે. તેથી ભગવાનના શાસનના સૂક્ષ્મભાવોને જાણીને સુવિહિત સાધુઓ સુખપૂર્વક સંયમના કંડકોની વૃદ્ધિ કરી શકે છે તેથી નિર્જરાના

અત્યંત અર્થી સાધુ પ્રતિક્રમણ કર્યા પછી માંડલીમાં તે પ્રકારે અંતર્મુહૂર્ત માત્ર સ્થિર રહે છે. ક્વચિત્ ક્યારેક આચાર્યની અનુકૂળતા ન હોય તોપણ પ્રતિદિન તે મર્યાદાનું સમ્યક્ પાલન કરે છે. જેથી શિષ્યોની તે પ્રકારની જિજ્ઞાસા જોઈને પણ અનુકૂળતા અનુસાર આચાર્ય સામાચારીના કે ગંભીર અર્થોના સૂક્ષ્મભાવોનું અવશ્ય પ્રકાશન કરે. આ પ્રકારની શાસ્ત્રીય મર્યાદા છે.

ટીકા :-

अथ रात्रिकप्रतिक्रमणविधिर्यथा-पाश्चात्यनिशायामे पौषधशालायां गत्वा स्वस्थाने वा स्थापनाचार्यान् संस्थाप्य ईर्यापथिकीप्रतिक्रमणपूर्वं सामायिकं कृत्वा क्षमाश्रमणपूर्वं 'कुसुमिणदुस्सुमिणउहडावणिअं राइअपायच्छित्तविसोहणत्थं काउस्सग्गं करेमि' इत्यादि भणित्वा चतुर्विंशतिस्तवचतुष्कचिन्तनरूपं शतोच्छ्वासमानं स्त्रीसेवादिकुस्वप्नोपलम्भे तु अष्टशतोच्छ्वासमानं कायोत्सर्गं कुर्यात्, रागादिमयः कुस्वप्नः, द्वेषादिमयो दुःस्वप्नः, एतद्विधिस्तु 'नमस्कारेणावबोध' इति प्रथमद्वार उक्त एव ।

इह च सर्वं श्रीदेवगुरुवन्दनपूर्वं सफलमिति चैत्यवन्दनां विधाय क्षमाश्रमणद्वयपूर्वं स्वाध्यायं विधत्ते, यावत्प्राभातिकप्रतिक्रमणवेला ।

ટીકાર્થ :-

अथ ..... प्रतिक्रमणवेला । હવે રાત્રિ પ્રતિક્રમણની વિધિ 'યથા'થી બતાવે છે. પાશ્ચાત્ય રાત્રિના યામમાં=સૂર્યોદય પહેલાની રાત્રિના પ્રહરમાં, પૌષધશાલામાં જઈને અથવા સ્વસ્થાનમાં સ્થાપનાચાર્યનું સંસ્થાપન કરીને ઈર્યાપથિકીના પ્રતિક્રમણપૂર્વક સામાયિકને કરીને=વિધિપૂર્વક સામાયિકને ગ્રહણ કરીને, ક્ષમાશ્રમણપૂર્વક=ખમાસમણપૂર્વક, 'કુસુમિણદુસ્સુમિણ ઉહડાવણિઅં રાઈપાયચ્છિત્તવિસોહણત્થં કાઉસ્સગ્ગં કરેમિ' ઈત્યાદિ બોલીને ચાર લોગસ્સના ચિંતનરૂપ ૧૦૦ ઉચ્છ્વાસમાન કાઉસ્સગ્ગ કરે. વળી સ્ત્રીસેવાદિ કુસ્વપ્નની પ્રાપ્તિમાં ૧૦૮ ઉચ્છ્વાસમાન કાઉસ્સગ્ગ કરે. રાગાદિમય કુસ્વપ્ન, દ્વેષાદિમય દુઃસ્વપ્ન છે. વળી આની વિધિ=સવારના ઊઠીને કુસુમિણદુઃસુમિણનો કાઉસ્સગ્ગ કરે તેની વિધિ, 'નમસ્કારેણાવબોધ' એ પ્રથમદ્વારમાં કહેવાઈ જ છે. અને અહીં=પ્રતિક્રમણની ક્રિયામાં, સર્વ શ્રીદેવગુરુના વંદનપૂર્વક સફલ છે એથી ચૈત્યવંદનાને કરીને બે ખમાસમણાંપૂર્વક સ્વાધ્યાયને કરે છે. જે વર્તમાનમાં ભરહેસરની સજ્ઝાય રૂપે બોલાય છે. ક્યાં સુધી સ્વાધ્યાય કરે એથી કહે છે. જ્યાં સુધી પ્રાભાતિક પ્રતિક્રમણની વેલા થાય ત્યાં સુધી સ્વાધ્યાય કરે.

ભાવાર્થ :-

શ્રાવક સવારના સૂર્યોદય પહેલાં પ્રાયઃ એક પ્રહર વહેલો જાગે. નવકારપૂર્વક જાગવું જોઈએ ઇત્યાદિ વિધિ પ્રથમદ્વારમાં બતાવેલ છે. તે પ્રમાણે જ જાગીને દેહનાં આવશ્યક કૃત્ય કર્યા પછી પોતાની પૌષધશાલા હોય તો ત્યાં જઈને અથવા પોતાના ઘરમાં ઉચિત સ્થાને સ્થાપનાચાર્ય સ્થાપીને સામાયિક લેવાની વિધિ અનુસાર સામાયિક ગ્રહણ કરે તેથી ઉપયોગપૂર્વક ઈર્યાપથિકી પ્રતિક્રમણ આદિ ક્રિયા દ્વારા સામાયિક

ગ્રહણની ક્રિયાથી શ્રાવકનું ચિત્ત સંસારના ભાવોથી પર થઈને સમભાવ પ્રત્યેના રાગથી ઉચિત ક્રિયામાં યત્ન કરે તેવા નિર્મળ પરિણામવાળું બને છે. ત્યારપછી સમભાવથી વાસિત થયેલ ચિત્ત વડે ખમાસમણપૂર્વક કુસુમિણ-દુઃસુમિણનો કાઉસ્સગ્ગ કરે; જેથી રાત્રિમાં કુસ્વપ્ન કે દુઃસ્વપ્ન પોતાને આવ્યાં હોય અને તેનાથી પોતાને જે મલિનભાવો થયા હોય તેના નાશના અર્થે પ્રાયશ્ચિત્ત દ્વારા વિશોધિ કરવાર્થે હું કાઉસ્સગ્ગ કરું છું તેવું પ્રતિસંધાન શ્રાવક કરે છે. જે શ્રાવક તે પ્રકારના પ્રતિસંધાનપૂર્વક કાઉસ્સગ્ગકાળમાં ચોવીશ તીર્થંકરના નામનું કીર્તન કરે છે તેનાથી વાસિત થયેલ ચિત્ત તે સ્વપ્નના મલિનભાવોને નાશ કરવામાં સમર્થ બને છે. આથી જેઓ ઉપયોગપૂર્વક કુસુમિણ-દુઃસુમિણ બોલે છે ત્યારે જ હૈયામાં એવો ઉપયોગ વર્તે છે કે મારા કુસ્વપ્નના કે દુઃસ્વપ્નના સંસ્કારના ઉચ્છેદ અર્થે હું આ કાઉસ્સગ્ગ કરું છું. તેથી ભગવાનના ગુણકીર્તનના ઉપયોગના બળથી તે પ્રકારનો અધ્યવસાય થવાને કારણે તે પાપો નાશ પામે છે. આ રીતે સામાયિક ગ્રહણ કરીને, રાત્રિના થયેલ કુસ્વપ્નની કે દુઃસ્વપ્નની શુદ્ધિ કરીને શ્રાવક દેવ-ગુરુના વંદનપૂર્વક બધી ક્રિયા સફળ થાય છે તેથી સવારમાં ચૈત્યવંદન કરે છે અને ભગવાનહં આદિ દ્વારા ગુરુને વંદન કરે છે. ત્યારપછી બે ખમાસમણા આપી સ્વાધ્યાય કરવાનો આદેશ માંગે છે વર્તમાનમાં તે સ્વાધ્યાયના સ્થાને ભરહેસરની સજ્ઝાય બોલાય છે. તે રીતે શ્રાવક અન્ય પણ ઉચિત સ્વાધ્યાય જ્યાં સુધી પ્રતિક્રમણનો સમય ન થાય ત્યાં સુધી કરે છે. ત્યારપછી પ્રતિક્રમણનો પ્રારંભ કરે. કઈ રીતે પ્રતિક્રમણનો પ્રારંભ કરે તે હવે પછી બતાવે છે.

ટીકા :-

तदनु चतुरादिक्षमाश्रमणैः श्रीगुर्वादीन्वन्दित्वा क्षमाश्रमणपूर्वं 'राइअपडिक्कमणइ ठाउ'मित्यादि भणित्वा भूनिहितशिराः 'सव्वस्सवि राइअ' इत्यादि सूत्रं सकलरात्रिकातिचारबीजकभूतं पठित्वा शक्रस्तवं भणति प्राक्तनं चैत्यवन्दनं तु स्वाध्यायादिधर्मकृत्यस्य प्रतिबद्धम्, नतु रात्रिकावश्यकस्येति एतदारम्भे मङ्गलाद्यर्थं पुनः शक्रस्तवेन संक्षेपदेववन्दनम्, ततो द्रव्यतो भावतश्चोत्थाय 'करेमि भंते! सामाइअ'मित्यादिसूत्रपाठपूर्वं चारित्रदर्शनज्ञानातिचारविशुद्ध्यर्थं कायोत्सर्गत्रयं करोति, प्रथमे द्वितीये च कायोत्सर्गे चतुर्विंशतिस्तवमेकं चिन्तयति, 'सायसयं गोसद्ध'मितिवचनात् तृतीये तु सान्ध्यप्रतिक्रमणान्तोक्तवर्द्धमानस्तुतित्रयात्प्रभृति निशातिचारांश्चिन्तयति, यतः-

"दिवसावस्सयंअंते, जं थुइतिअगं तयाइवावारे ।
जा पच्छि(य)मुस्सग्गं, चिंतिज्जसु ताव अइआरे ।।१।।" **[यतिदिनचर्या १७] इति ।**

इह च पूर्वोक्तयुक्त्या चारित्राचारस्य ज्ञानाद्याचारेभ्यो वैशिष्ट्येऽपि यदेकस्यैव चतुर्विंशतिस्तवस्य चिन्तनम्, तद्रात्रौ प्रायोऽल्पव्यापारत्वेन चारित्रातिचाराणां स्वल्पत्वादिना सम्भाव्यते ततः कायोत्सर्गं पारयित्वा सिद्धस्तवं पठित्वा संदंशकप्रमार्जनपूर्वमुपविशति अत्र च प्राभातिकप्रतिक्रमणे प्रादोषिकप्रतिक्रमणवत् प्रथमे चारित्रातिचारविशुद्धिकायोत्सर्गे निशातिचारचिन्तनं यत्र कृतं,

तन्निद्राभिभूतस्य सम्यक् स्मरणं न स्यादिति, तृतीयकायोत्सर्गे च सावधानीभूतत्वात् सम्यग् स्यादिति तत्र निशातिचारचिन्तनमिति हार्दं, यत उक्तं समयविद्भिः–

"निद्दामत्तो न सरइ, अइआरे कायघट्टणान्नोऽन्नं ।
किइकरणे दोसा वा, गोसाई तिन्नि उस्सग्गा ।।१।।" [आवश्यक नि. १५२५] इति ।

ततः पूर्ववन्मुखवस्त्रिकाप्रतिलेखनापूर्वं वन्दनादिविधिः प्रतिक्रमणसूत्रानन्तरकायोत्सर्गं यावत् ज्ञेयः, पूर्वं चारित्राद्याचाराणां प्रत्येकं शुद्धये पृथक् कायोत्सर्गाणां कृतत्वेन साम्प्रतं तेषां समुदितानां प्रतिक्रमणेनाप्यशुद्धानां शोधनायायं कायोत्सर्गः सम्भाव्यते अत्र च कायोत्सर्गे श्रीवीरकृतं षाण्मासिकं तपश्चिन्तयति, हे जीव! श्री वीरेण षाण्मासिकमुत्कृष्टं तपः कृतम्, तत् त्वं कर्त्तुं शक्नोषि? नवा, जीवो वक्ति 'न शक्नोमि' तर्हि एकदिनोनं षाण्मासिकं कर्त्तुं शक्नोषि?, न शक्नोमि, एवं द्वित्रिचतुःपञ्चदिनैरूनं षाण्मासिकं कर्त्तुं शक्नोषि? पुनर्वक्ति न शक्नोमि, तर्हि षट्सप्ताष्टनवदशदिनोनं षाण्मासिकं कर्त्तुं शक्नोषि?, एवं एकादशतः पञ्चदिनवृद्ध्या क्रमेणैकोनत्रिंशद्दिनानि यावच्चिन्तयति एवं पञ्चमे चतुर्थे तृतीये द्वितीये मासेऽपि, प्रथमे तु रे जीव! त्वमेकमासिकं कर्त्तुं शक्नोषि? न शक्नोमि, ततः एकदिनोनं कर्त्तुं शक्नोषि? न शक्नोमि, एवं यावत्त्रयोदशदिनोनं कर्त्तुं शक्नोषि? न शक्नोमि, तर्हि चतुस्त्रिंशत्तमं कर्त्तुं शक्नोषि? न शक्नोमि, द्वात्रिंशत्तमम्, त्रिंशत्तमम्, अष्टाविंशतितमम् षड्विंशतितमं चतुर्विंशतितमं द्वाविंशतितमं विंशतितमं अष्टादशं षोडशं चतुर्दशं द्वादशं दशमं षष्टं चतुर्थं कर्त्तुं शक्नोषीत्यादि विचिन्त्य यत्तपः कृतं स्यात्तत्र करणेच्छायां करिष्ये इति वक्ति, अन्यथा तु शक्नोमि, परं नाद्य मनो वर्त्तते इति, एवमाचाम्लनिर्विकृतिकैकाशनादिषु यत्र मनो भवतीति तन्मनसि निधाय पारयित्वा च कायोत्सर्गं मुखपोतिकाप्रतिलेखनापूर्व्वं वन्दनके दत्त्वा मनश्चिन्तित-प्रत्याख्यानं विधत्ते,-यत उक्तं दिनचर्यायाम्–

"सामाइअछम्मासः तवुस्सग्ग उज्जोय पुत्तिवंदणगं ।
उस्सग्गचिंतियतवोविहाणमह पच्चखाणेणं ।।१।।"
"इगपंचाइदिणूणं, षणमास चइत्तु तेरदिण उड्ढं ।
चउतीसाइ दिणूणं, चिंते नवकारसहियं जा ।।२।।" [यतिदिनचर्या भावदेवसूरीया १३-१४] इति

तदनु 'इच्छामो अणुसट्ठिं' इति भणित्वोपविश्य स्तुतित्रयादिपाठपूर्वं चैत्यानि वन्दते इदं च प्रतिक्रमणं मन्दस्वरेणैव कुर्यात्, अन्यथाऽऽरम्भिणां जागरणेनारम्भप्रवृत्तेः ततश्च साधुः कृतपौषधः श्रावको वा क्षमाश्रमणद्वयेन 'भगवन्! बहुवेलं संदिसावेमि बहुवेलं करेमि' इति भणति, बहुवेलासंभवीनि

चोच्छ्वासादीनि कार्याणि बहुवेल इत्युच्यन्ते ततश्च चतुर्भिः क्षमाश्रमणैः श्रीगुर्वादीन् वन्दते, श्राद्धस्तु 'अड्ढाइज्जेसु' इत्यादि च पठति इति रात्रिकप्रतिक्रमणविधिः ।

ટીકાર્થ :-

तदनु ..... रात्रिकप्रतिक्रमणविधिः । ત્યારપછી=ચૈત્યવંદન કર્યા પછી, ચાર ખમાસમણાંપૂર્વક શ્રી ગુરુ આદિને વંદન કરીને ખમાસમણપૂર્વક 'राઈ पडिक्कमणे ठाउं' ઈત્યાદિ બોલીને ભૂમિ ઉપર સ્થાપન કરાયેલા મસ્તકવાળા શ્રાવક સકલ રાત્રિના અતિચારના બીજભૂત 'सव्वस्सवि राईअ' ઈત્યાદિ સૂત્રને બોલીને શક્રસ્તવને બોલે છે. વળી પૂર્વનું ચૈત્યવંદન સ્વાધ્યાયાદિ ધર્મકૃત્યનું પ્રતિબદ્ધ હતું=સ્વાધ્યાયાદિ ધર્મકૃત્ય સાથે સંબંધવાળું હતું. પરંતુ રાત્રિ આવશ્યક સાથે પ્રતિબદ્ધ ન હતું. એથી આના આરંભમાં=પ્રતિક્રમણના આરંભમાં, મંગલ માટે ફરી શક્રસ્તવથી સંક્ષેપદેવવંદન છે. ત્યારપછી દ્રવ્યથી અને ભાવથી ઉત્થિત થઈને 'करेमि भंते सामाईअं' ઈત્યાદિ સૂત્રના પાઠપૂર્વક ચારિત્ર-દર્શન-જ્ઞાનના અતિચારની વિશુદ્ધિ માટે કાયોત્સર્ગત્રય કરે છે. પ્રથમ અને દ્વિતીય કાયોત્સર્ગમાં એક લોગસ્સનું ચિંતન કરે છે; કેમ કે 'સાંજના કરતા સવારના અડધું' એ પ્રકારનું વચન છે. વળી, તૃતીય=ત્રીજા કાઉસ્સગ્ગમાં, સાંજના પ્રતિક્રમણના અંતમાં કહેવાયેલ વર્ધમાનસ્તુતિત્રયથી માંડીને રાત્રિના અતિચારોનું ચિંતન કરે છે. જે કારણથી કહેવાયું છે.

"દિવસના આવશ્યકના અંતમાં જે સ્તુતિત્રય ત્યારથી માંડીને જે પશ્ચિમ કાઉસ્સગ્ગ=પ્રાયશ્ચિત્તનો કાઉસ્સગ્ગ, ચિંતન કરાતામાં ત્યાં સુધીના અતિચારોનું ચિંતવન કરે" **(યતિદિનચર્યા-૧૭)**

અને અહીં પૂર્વોક્ત યુક્તિથી ચારિત્રાચારનું જ્ઞાનાદિ આચારથી વિશિષ્ટપણું હોવા છતાં પણ=સાંજના પ્રતિક્રમણમાં ચારિત્રાચારનું જ્ઞાનાચારાદિથી વિશિષ્ટપણું બતાવ્યું એ યુક્તિથી જ્ઞાનાચાર આદિ કરતા ચારિત્રાચારનું વિશિષ્ટપણું હોવા છતાં પણ, જે એક જ લોગસ્સનું ચિંતન કરાય છે, તે રાત્રિમાં પ્રાયઃ અલ્પ વ્યાપારપણાને કારણે ચારિત્રના અતિચારોનું સ્વલ્પત્વાદિથી સંભાવના કરાય છે. ત્યારપછી કાઉસ્સગ્ગ પારીને સિદ્ધસ્તવને બોલીને=સિદ્ધાણં બુદ્ધાણં સૂત્રને બોલીને, સંડાસાના પ્રમાર્જનાપૂર્વક બેસે છે. અને અહીં પ્રાભાતિક પ્રતિક્રમણમાં સાંજના પ્રતિક્રમણની જેમ પ્રથમ ચારિત્રાચારની વિશુદ્ધિ માટે કાયોત્સર્ગમાં રાત્રિના અતિચારોનું ચિંતન જે કરાયું નથી ને નિદ્રા અભિભૂતને સમ્યક્ સ્મરણ ન થાય એથી અને ત્રીજા કાઉસ્સગ્ગમાં, સાવધાનીભૂતપણું હોવાને કારણે સમ્યક્ થાય=અતિચારોનું સમ્યક્ સ્મરણ થાય. એથી ત્યાં=ત્રીજા કાઉસ્સગ્ગમાં, રાત્રિ અતિચારનું ચિંતન છે. એ પ્રમાણે હાર્દ છે. જે કારણથી સમયના જાણકારો વડે કહેવાયું છે.

"નિદ્રાથી મત્ત અતિચારોનું સ્મરણ કરતો નથી. અન્યોન્ય કાયનું ઘટ્ટન થાય=સાધુઓનું પરસ્પર કાયાનું ઘટ્ટન થાય અથવા કૃતિકર્મમાં દોષો થાય. એથી સવારમાં ત્રણ કાઉસ્સગ્ગ છે." **(આવશ્યકનિર્યુક્તિ-૧૫૨૫). રાત્રિમાં નિદ્રાને કારણે અતિચારોનું સ્મરણ ન થાય માટે અતિચારોના આલોચનનો કાઉસ્સગ્ગ ત્રીજો રાખેલ છે. વળી, સાધુ સવારના અંધારામાં ઊઠીને માંડલીમાં બેસીને પ્રતિક્રમણ કરવા બેસે તો પરસ્પર**

કાયાનું સંઘટ્ટન થાય તેથી સ્વસ્થાને બેસીને ત્રણ કાઉસ્સગ્ગ સુધીનું પ્રતિક્રમણ કરે છે. ત્યારપછી વંદન કરવા માટે ગુરુ પાસે આવીને શેષ પ્રતિક્રમણ માંડલીમાં કરે છે. જેથી વંદનની ક્રિયામાં કોઈ સાધુ નિદ્રાળું હોય તો અન્ય સાધુ કંઈક પ્રકાશને કારણે જોઈને તેને જાગ્રત કરી શકે. તેથી કૃતિકરણમાં દોષોની પ્રાપ્તિ થાય નહિ. તે માટે સવારના ત્રણ કાઉસ્સગ્ગ સુધીનું પ્રતિક્રમણ સાધુ પોતાના આસન ઉપર બેસીને કરે છે.

ત્યારપછી પૂર્વની જેમ મુહપત્તિના પ્રતિલેખનપૂર્વક વંદન આદિ વિધિ પ્રતિક્રમણ સૂત્રના અનંતર કાયોત્સર્ગ સુધી=વંદિત્તાસૂત્ર પછીના કાયોત્સર્ગ સુધી જાણવી. પૂર્વમાં=પ્રતિક્રમણના પ્રારંભમાં, ચારિત્ર આદિ આચારોની પ્રત્યેકની શુદ્ધિ માટે પૃથક્ કાયોત્સર્ગનું કૃતપણું હોવાને કારણે તેઓના સમુદિતોનું પ્રતિક્રમણથી પણ અશુદ્ધોના શોધન માટે આ કાયોત્સર્ગ સંભાવના કરાય છે=સવારના પ્રતિક્રમણમાં ચારિત્રાચાર, દર્શનાચાર અને જ્ઞાનાચારના ત્રણ પૃથક્ કાઉસ્સગ્ગ દ્વારા ચારિત્રાચાર આદિ ત્રણેયની શુદ્ધિ કરેલી હતી તેથી વંદિત્તુસૂત્ર બોલ્યા પછી 'આયરિયા ઉવજ્ઝાય' ઈત્યાદિ સૂત્ર બોલીને સવારમાં જે તપચિંતવણીનો કાઉસ્સગ્ગ કરાય છે તે વંદિત્તાસૂત્ર રૂપ પ્રતિક્રમણથી અતિચારોનું શોધન કરવા છતાં કંઈક અશુદ્ધિ રહી ગઈ હોય તેની શુદ્ધિ માટે આ કાયોત્સર્ગ છે. તે પ્રમાણે સંભાવના કરાય છે. અને આ કાઉસ્સગ્ગમાં=સવારના કરાતા તપચિંતવણીના કાઉસ્સગ્ગમાં, શ્રી વીર કૃત છ માસનું=છ માસના તપનું, ચિંતવન સાધુ કે શ્રાવક કરે છે. કઈ રીતે કરે છે ? તે બતાવે છે – હે જીવ ! વીર પ્રભુએ ઉત્કટ છ માસિક તપ કર્યું. તેથી તું કરવા માટે સમર્થ છે કે નહિ ? તો જીવ કહે છે. સમર્થ નથી. તો એક દિવસ ઊણ છ માસિક કરવા માટે સમર્થ છે કે નહિ ? તો જીવ કહે છે સમર્થ નથી. આ રીતે બે-ત્રણ-ચાર-પાંચ દિવસ ઊણ છ માસિક કરવા માટે સમર્થ છે ? ફરી જીવ કહે છે સમર્થ નથી. તો ૬-૭-૮-૯-૧૦ દિવસ ઊણ કરવા માટે સમર્થ છે કે નહિ ? (આ પ્રમાણે પ્રશ્ન કરે છે.) આ રીતે= પૂર્વમાં કહ્યું એ રીતે, અગિયારથી માંડીને પાંચ દિવસની વૃદ્ધિના ક્રમથી ઓગણત્રીસ દિવસ સુધી ચિંતન કરે છે. એ રીતે પાંચ માસમાં, ચાર માસમાં, ત્રણ માસમાં, બે માસમાં પણ ચિંતન કરે છે. વળી પ્રથમ માસમાં રે જીવ ! તું એક માસિક કરવા માટે સમર્થ છો ? જીવ કહે છે સમર્થ નથી. તો એક દિવસ ઊણ (એક માસિક) કરવા સમર્થ છો ? સમર્થ નથી. એ રીતે યાવત્ તેર દિવસ ઊણ કરવા સમર્થ છો ? જીવ કહે સમર્થ નથી. તો ચોત્રીસ ભક્ત કરવા સમર્થ છો ? જીવ કહે સમર્થ નથી. ૩૨=૩૨ભક્ત, ૩૦, ૨૮, ૨૬, ૨૪, ૨૨, ૨૦, ૧૮, ૧૬, ૧૪, ૧૨, ૧૦, ૬, ૪=ચોથભક્ત, કરવા સમર્થ છો. ઈત્યાદિ ચિંતન કરીને જે તપ કરાયેલું છે=પૂર્વમાં કરાયેલું છે. ત્યાં કરણ-ઈચ્છામાં કરીશ એ પ્રમાણે કહેવું જોઈએ. વળી, અન્યથા=કરણની ઈચ્છા ન હોય તો સમર્થ છું પરંતુ આજે મન વર્તતું નથી, એ પ્રમાણે કહેવું જોઈએ. એ રીતે, આયંબિલ, નીવી, એકાસણા આદિમાં જ્યાં મન થાય છે એ પ્રમાણે ત્યાં મનને સ્થાપન કરીને અને કાયોત્સર્ગને પારીને મુખવસ્ત્રિકાના પ્રતિલેખનપૂર્વક વંદન આપીને મનમાં ચિંતન કરાયેલા પ્રત્યાખ્યાનને કરે છે. જે કારણથી દિનચર્યામાં કહેવાયું છે.

"સામાયિક=કરેમિ ભંતે સૂત્ર આદિ બોલીને, છ માસ તપનો કાઉસ્સગ્ગ=તપચિંતવણીનો કાઉસ્સગ્ગ, ઉદ્યોત=પ્રગટ

લોગસ્સ, પૂતિવંદન=મુહપત્તિના પડિલેહણપૂર્વક વંદન, કાયોત્સર્ગમાં ચિંતિત તપનું પચ્ચક્ખાણથી વિધાન." ।।૧।।

"એક-પાંચ આદિ ઊણ છ માસ છોડીને તેર દિવસ ઊર્ધ્વ ૩૪ભક્ત આદિ બે ઊણ=૩૨ભક્ત આદિના ક્રમથી ચિંતવન યાવત્ નવકારશી સહિત કરે." ।।૨।। **(યતિદિનચર્યા ભાવદેવસૂરીયા ૧૩-૧૪)**

'ઇત્તિ' ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

ત્યારપછી 'ઇચ્છામો અણુસટ્ઠિં' એ પ્રમાણે બોલીને બેસીને સ્તુતિત્રય આદિના પાઠપૂર્વક ચૈત્યોને વંદન કરે છે. અને આ પ્રતિક્રમણ મંદસ્વરથી જ કરવું જોઈએ. અન્યથા=ઉચ્ચ સ્વરથી કરવામાં આવે તો આરંભી જીવોના જાગરણથી આરંભની પ્રવૃત્તિ હોવાને કારણે દોષની પ્રાપ્તિ છે. ત્યારપછી સાધુ કે કરાયેલા પૌષધવાળો શ્રાવક બે ખમાસમણાં વડે 'હે ભગવન્ ! બહુવેલ સંદિસાવેમિ બહુવેલં કરેમિ' એ પ્રમાણે બોલે છે અને બહુવેલાસંભવી ઉચ્છ્વાસ આદિ કાર્યો બહુવેલ એ પ્રમાણે કહેવાય છે અને ત્યારપછી=બહુવેલના આદેશ માંગ્યા પછી, ચાર ખમાસમણાં વડે શ્રી ગુર્વાદિને વંદન કરે છે=ભગવાનહં આદિ ચાર ખમાસમણાં દ્વારા ગુરુને વંદન કરે છે. વળી શ્રાવક 'અડ્ઢાઈજેસુ' ઇત્યાદિ બોલે છે. આ પ્રમાણે રાત્રિક પ્રતિક્રમણની વિધિ છે.

ભાવાર્થ :-

સાધુ કે શ્રાવક દૈવસિક અને રાઈ પ્રતિક્રમણ દ્વારા પ્રતિદિન અતિચારોનું શોધન કરે છે. અને જે સાધુ કે શ્રાવક દૃઢ પ્રણિધાનપૂર્વક છ આવશ્યકયુક્ત પ્રતિક્રમણની ક્રિયા કરે છે ત્યારે જો ઉપયુક્ત થઈને છ આવશ્યકમય પ્રતિક્રમણની ક્રિયા કરે તો દિવસ દરમિયાન પોતાના વ્રતના પરિણામના જે કંઈ અતિચાર લાગ્યા હોય તેની શુદ્ધિ થાય છે. વળી શ્રાવક પણ શક્તિ અનુસાર પ્રતિદિન પંચાચાર સેવીને ભાવસાધુને અનુકૂળ શક્તિ સંચય કરવાર્થે ઉદ્યમ કરે છે છતાં દિવસ દરમિયાન કે રાત્રે શક્તિ અનુસાર પંચાચારના પાલનમાં યત્ન ન કરાયો હોય તેનું શોધન દૃઢ પ્રણિધાનપૂર્વક કરાયેલા ષડ્આવશ્યકમય પ્રતિક્રમણની ક્રિયાથી થાય છે. તેથી શુદ્ધ સંયમ પાળવાને અનુકૂળ શ્રાવકમાં બળ સંચય થાય તેવું પંચાચારનું પાલન થાય છે. પંચાચારના પાલન દ્વારા ક્રમશઃ તૈલપાત્રધર સુસાધુના જેવું બળસંચય થાય છે અને પંચાચારના પાલનમાં લાગેલા અતિચારોની શુદ્ધિ ષડ્આવશ્યકમય પ્રતિક્રમણથી શ્રાવક કરે છે. તેથી જે વિવેકસંપન્ન શ્રાવક છે તે પ્રતિદિન પંચાચારનું પાલન અને ષડ્આવશ્યકની ક્રિયા કરીને સતત સંસારના પરિભ્રમણની શક્તિનો ક્ષય કરે છે.

ટીકા :-

अथ पाक्षिकादिप्रतिक्रमणविधिः, तानि च दैवसिकरात्रिकाभ्यां शुद्धौ सत्यामपि सूक्ष्मबादरातिचार-जातस्य विशेषेण शोधनार्थं युक्तान्येव, यतः-

"जह गेहं पइदिवसंपि सोहिअं तहवि पक्खसंधीसुं ।
सोहिज्जइ सविसेसं, एवं इहयंपि नायव्वं ।।१।।"

अत्र पाक्षिके पूर्ववद्दिवसप्रतिक्रमणं प्रतिक्रमणसूत्रान्तं विधत्ते, ततः क्षमाश्रमणपूर्वं 'देवसिअं आलोइअ पडिक्कंता इच्छाकारेण संदिसह भगवन्! पाखी मुहपत्ती पडिलेहुं' इत्युक्त्वा तां कायं च प्रतिलिख्य वन्दनके दत्त्वा सम्बुद्धान् श्रीगुर्वादीन् क्षमयितुं क्षमाप्रधानं च सर्वमनुष्ठानं सफलमिति ज्ञापयितुं 'अब्भुट्ठिओमि संबुद्धाखामणेणं अब्भिंतरपक्खिअं खामेउं' इति भणित्वा 'इच्छं खामेमि पक्खिअं पन्नरसण्हं दिवसाणं, पन्नरसण्हं राईणं, जं किंचि अप्पत्तिअ'मित्यादिना गुरुभिः स्थापनाचार्ये क्षमिते शिष्यः श्राद्धो वा श्रीगुर्वादीन् क्षमयति त्रीन् पञ्च वा, यदि द्वौ शेषौ, तत उत्थाय 'इच्छाकारेण संदिसह भगवन्! पक्खिअं आलोएमि? इच्छं आलोएमि, जो मे पक्खिओ' इत्यादि सूत्रं भणित्वा संक्षेपेण विस्तरेण वा पाक्षिकानतीचारानालोच्य 'सव्वस्सवि पक्खिअ' इत्यादिभणिते गुरुराह– 'पडिक्कमह' तत 'इच्छं'ति भणित्वा 'चउत्थेण'मित्यादिना गुरुदत्त-मुपवासादिरूपं प्रायश्चित्तं प्रतिपद्यते ।

ततो वन्दनकदानपुरस्सरं प्रत्येकक्षमणकानि विधातुं गुरुरन्यो वा ज्येष्ठः पूर्वमुत्थायोर्ध्वस्थित एव भणति–'देवसिअं आलोइअ पडिक्कंता, इच्छाकारेण संदिसह भगवन् ! अब्भुट्ठिओऽहं प्रत्येक खामणेणं अब्भिंतरपक्खिअं खामेउं, 'इच्छं' इच्छकारि अमुकतपोधन! स भणति 'मत्थएण वंदामि' क्षमाश्रमणपूर्वं । गुरुराह–'अब्भुट्ठिओमि पत्तेअखामणेणं अब्भिंतरपक्खिअं खामेउं' सोऽपि 'अहमवि खामेमि तुब्भे'त्ति भणित्वा भूमिनिहितशिराः पुनर्भणति 'इच्छं खामेमि पक्खिअं, पन्नरसण्हं दिवसाणं पन्नरसण्हं राईण'मित्यादि गुरुस्तु पन्नरसण्ह-मित्यादि 'उच्चासणे समासणे' इतिपदद्वयवर्ज्जं भणति, एवं सर्वेऽपि साधवः परस्परं क्षमयन्ति, लघुवाचनाचार्येण सह प्रतिक्रामतां साधूनां ज्येष्ठः प्रथमं स्थापनाचार्यं क्षमयति, ततः सर्वेऽपि यथारत्नाधिकम्, गुर्वभावे सामान्यसाधवः प्रथमं स्थापनाचार्यं क्षमयन्ति, यावद् द्वौ शेषौ, एवं श्रावका अपि, परं वृद्धश्रावकोऽमुकप्रमुखसमस्तश्रावको वांदुं वांदुं इति भणित्वा 'अब्भुट्ठिओमि प्रत्येकखामणेणं अब्भिंतरपक्खिअं खामेउंति' इतरे च भणन्ति 'अहमवि खामेमि तुब्भे' ततोवृद्ध इतरे चेति उभयेऽपि भणन्ति 'पंनरसण्हं दिवसाणं पन्नरसण्हं राईणं भण्यां भास्यां मिच्छामि दुक्कडं' ।

ततो वन्दनकदानपूर्वं 'देवसिअं आलोइअ पडिक्कंता इच्छाकारेण संदिसह भगवन् ! पक्खिअं पडिक्कमावेह?' गुरुर्भणति 'सम्मं पडिक्कमह' तत 'इच्छ'न्ति कथनपूर्वं सामायिकसूत्रं 'इच्छामि पडिक्कमिउं जो मे पक्खिओ' इत्यादि भणित्वा क्षमाश्रमणपूर्वम् 'इच्छाकारेण संदिसह भगवन् ! पक्खिअसुत्तं कड्ढेमि'त्ति उक्त्वा गुरुस्तदादिष्टोन्यो वा साधुः सावधानमना व्यक्ताक्षरं नमस्कारत्रिकपूर्वं पाक्षिकसूत्रं कथयति, इतरे च क्षमाश्रमणपूर्वं 'संभलेमि'त्ति भणित्वा यथाशक्ति कायोत्सर्गादौ स्थित्वा

शृण्वन्ति, पाक्षिकसूत्रभणनानन्तरं 'सुअदेवया भगवई' इति स्तुतिं भणित्वोपविश्य पूर्वविधिना पाक्षिकप्रतिक्रमणसूत्रं पठित्वोत्थाय च तच्छेषं कथयित्वा 'करेमि भंते! सामाइअ'मित्यादि सूत्रत्रयं पठित्वा च प्रतिक्रमणेनाशुद्धानामतीचाराणां विशुद्ध्यर्थं द्वादशचतुर्विंशतिस्तवचिन्तनरूपं कायोत्सर्गं कुर्यात् ।

ततो मुखवस्त्रिकाप्रतिलेखनापूर्वं वन्दनकं दत्त्वा 'इच्छाकारेण संदिसह भगवन्! अब्भुट्ठिओमि समाप्तखामणेणं अब्भिंतरपक्खिअं खामेउ'मित्यादि भणित्वा क्षमणकं विधत्ते, अत्र पूर्वं सामान्यतो विशेषतश्च पाक्षिकापराधे क्षमितेऽपि कायोत्सर्गे स्थितानां शुभैकाग्रभावमुपगतानां किञ्चिदपराधपदं स्मृतं भवेत्तस्य क्षमणनिमित्तं पुनरपि क्षमणकारणं युक्तमेव । तत उत्थाय 'इच्छाकारेण संदिसह भगवन्! पाखीखामणां खामुं? इच्छं' ततः साधवः चतुर्भिः क्षमाश्रमणैः चत्वारि पाक्षिकक्षमणानि कुर्वन्ति तत्र च राजानं यथा माणवका अतिक्रान्ते माङ्गल्यकार्ये बहुमन्यन्ते यदुत अखण्डितबलस्य ते सुष्ठु कालो गतोऽन्योऽप्येवमेवोपस्थित, एवं पाक्षिकं विनयोपचारं 'इच्छामि खमासमणो पिअं च मे' इत्यादिप्रथमक्षामणसूत्रेण तथास्थित एव साधुराचार्यस्य करोति, ततो द्वितीये क्षमणके चैत्यसाधुवन्दन निवेदयितुकाम 'इच्छामि खमासमणो पुव्विं' इत्यादि भणति, तदनु तृतीये आत्मानं गुरून् निवेदयितुं 'इच्छामि खमासमणो अब्भुट्ठिओऽहं तुब्भण्ह'मित्यादि भणति, चतुर्थे तु यच्छिक्षां ग्राहितस्तमनुग्रहणं बहुमन्यमानः 'इच्छामि खमासमणो! अहमवि पुव्वाइ'मित्यादि वक्ति, एतेषां चतुर्णां पाक्षिकक्षमणकानां प्रत्येकमन्ते 'तुब्भेहिं समं १, अहमवि वंदामि चेइआइं २, आयरियसंतिअं ३, नित्थारपारगा होह इति ४,' श्रीगुरूक्तौ शिष्य 'इच्छ'न्ति भणति । श्रावकाः पुनरेकैकनमस्कारं पठन्ति ।

तत 'इच्छामो अणुसट्ठिं'ति भणित्वा वन्दनदैवसिकक्षमणकवन्दनादि दैवसिकप्रतिक्रमणं कुर्यात् श्रुतदेवतायाः पाक्षिकसूत्रान्ते स्मृतत्वेन तद्दिने तत्कायोत्सर्गस्थाने भवनदेवतायाः कायोत्सर्गः, क्षेत्रदेवतायाः प्रत्यहं स्मृतौ भवनस्य क्षेत्रान्तर्गतत्वेन तत्त्वतो भवनदेव्या अपि स्मृतिः कृतैव, तथापि पर्वदिने तस्या अपि बहुमानार्हत्वात् कायोत्सर्गः साक्षात् क्रियते स्तवस्थाने च मङ्गलार्थमजितशान्तिस्तवपाठ इति ।

ટીકાર્થ :-

અથ ..... इति । હવે પાક્ષિકાદિ પ્રતિક્રમણની વિધિ બતાવે છે. અને તે=પાક્ષિકાદિ પ્રતિક્રમણો, દૈવસિક પ્રતિક્રમણ અને રાઈ પ્રતિક્રમણ દ્વારા શુદ્ધિ થયે છતે પણ=અતિચારોની શુદ્ધિ થયે છતે પણ, સૂક્ષ્મ-બાદર અતિચારોના સમૂહના વિશેષથી શોધન માટે યુક્ત જ છે, જે કારણથી કહેવાયું છે.

"જે પ્રમાણે ઘર પ્રતિદિવસ પણ શોધિત છે, તોપણ પક્ષના સાંધાઓમાં વિશેષથી શોધિત કરાય છે. એ રીતે અહીં પણ=અતિચારના શોધનના વિષયમાં પણ, જાણવું." ।।૧।।

અહીં પાક્ષિકમાં પૂર્વની જેમ દિવસનું પ્રતિક્રમણ પ્રતિક્રમણસૂત્રના અંત સુધી કરે છે=વંદિત્તાસૂત્ર સુધી શ્રાવક કરે છે અને પગામસજ્ઝાય સુધી સાધુ કરે છે. ત્યારપછી ખમાસમણપૂર્વક 'દેવસિઅં આલોઈઅ પડિક્કંતા ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! પક્ખી મુહપત્તિ પડિલેહું' એ પ્રમાણે બોલીને તેને=મુહપત્તિને, અને કાયાને પ્રતિલેખન કરીને બે વંદન આપીને સંબુદ્ધ એવા શ્રી ગુર્વાદિને ખમાવવા માટે ક્ષમાપ્રધાન સર્વ અનુષ્ઠાન સફલ છે એ જણાવવા 'અબ્ભુટ્ઠિઓમિ સંબુદ્ધ, ખામણેણં અબ્ભિતર પક્ખિઅં ખામેઉં' એ પ્રમાણે બોલીને 'ઇચ્છં ખામેમિ પક્ખિઅં પન્નરસન્હં દિવસાણં, પન્નરસન્હં રાઈણં, જં કિંચિ અપ્પત્તિઅં' ઇત્યાદિ દ્વારા ગુરુઓ વડે સ્થાપનાચાર્યને ક્ષમાપના કરાયે છતે શિષ્ય અથવા શ્રાવક શ્રી ગુર્વાદિને ખમાવે છે. ત્રણ અથવા પાંચ, બે સાધુ શેષ હોય ત્યાં સુધી ખમાવે છે. ત્યારપછી ઊઠીને 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! પક્ખિઅં આલોએમિ ! ઇચ્છં આલોએમિ, જો મે પક્ખિઓ' ઇત્યાદિ સૂત્રને બોલીને સંક્ષેપથી અથવા વિસ્તારથી પાક્ષિક અતિચારોનું આલોચન કરીને 'સવ્વસવિ પક્ખિઅં' ઇત્યાદિ બોલાયે છતે ગુરુ કહે છે. 'પડિક્કમહ'=પ્રતિક્રમણ કર. ત્યારપછી ઇચ્છં=શિષ્ય 'ઇચ્છં' એ પ્રમાણે બોલીને 'ચઉત્થેણં' ઇત્યાદિ દ્વારા ગુરુ વડે અપાયેલા ઉપવાસ આદિ પ્રાયશ્ચિત્તને સ્વીકારે છે. ત્યારપછી=ચઉત્થેણં ઇત્યાદિ દ્વારા પ્રાયશ્ચિત્તને સ્વીકાર્યા પછી, વંદનના દાનપૂર્વક પ્રત્યેક સાધુઓને ખમાવવા માટે ગુરુ અથવા અન્ય જ્યેષ્ઠ પૂર્વમાં ઊઠીને=ઊભા થઈને, ઊભા રહેલા જ બોલે છે. 'દેવસિઅં આલોઈઅં પડિક્કંતા, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! અબ્ભુટ્ઠિઓડહં પ્રત્યેક ખામણેણં અબ્ભિતરપક્ખિઅં ખામેઉં, ઇચ્છં - ઇચ્છકારિ અમુક તપોધન ! તે ખમામસણપૂર્વક મત્થએણ વંદામિ' બોલે છે. ગુરુ કહે છે 'અબ્ભુટ્ઠિઓમિ પત્તેઅ ખામણેણં અબ્ભિતરપક્ખિઅં ખામેઉં.' તે પણ=અમુક તપોધન પણ, 'હું પણ તમને ખમાવું છું' એ પ્રમાણે બોલીને ભૂમિ પર સ્થાપન કરાયેલા મસ્તકવાળા ફરી બોલે છે. 'ઇચ્છં ખામેમિ પક્ખિઅં, પન્નરસ દિવસાણં પન્નરસ રાઈણં' ઇત્યાદિ. વળી ગુરુ પન્નરસ ઇત્યાદિ – 'ઉચ્ચાસણે સમાસણે' એ બે પદને છોડીને બોલે છે. એ રીતે સર્વ પણ સાધુઓ પરસ્પર ક્ષમાપના કરે છે. લઘુવાચનાચાર્યની સાથે=પર્યાયથી નાના એવા વાચનાચાર્યની સાથે પ્રતિક્રમણ કરતા સાધુઓના જ્યેષ્ઠ સાધુ પ્રથમ સ્થાપનાચાર્યને ખમાવે છે. ત્યારપછી સર્વ પણ રત્નાધિક પ્રમાણે સર્વને ખમાવે છે. ગુરુના અભાવમાં, સામાન્ય સાધુઓ પ્રથમ સ્થાપનાચાર્યને ખમાવે છે. યાવત્ બે શેષ રહે=બે શેષ સાધુ રહે ત્યાં સુધી બધા સાધુને ખમાવે છે. એ રીતે શ્રાવકો પણ ખમાવે છે. પરંતુ વૃદ્ધ શ્રાવક અમુક પ્રમુખ સમસ્ત શ્રાવકોને વાંદું...વાંદું એ પ્રમાણે બોલીને 'અબ્ભુટ્ઠિઓમિ પ્રત્યેકં ખામણેણં અબ્ભિતર પક્ખિઅં ખામેઉં' એ પ્રમાણે બોલે છે અને ઇતર=બીજા સાધુઓ, બોલે છે. 'હું પણ તમને ખમાવું છું.' ત્યારપછી વૃદ્ધ અને ઇતર એ પ્રમાણે ઉભય પણ બોલે છે. 'પનરસન્હં દિવસાણં પન્નરસન્હં રાઈણં ભણ્યાં ભાસ્યાં મિચ્છામિ દુક્કડં' એ પ્રમાણે બોલે છે.

ત્યારપછી વંદન આપવાપૂર્વક સાધુ કે શ્રાવક બોલે છે. 'દેવસિઅં આલોઈઅ પડિક્કંતા ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! પક્ખિઅં પડિક્કમાવેહ !'=દિવસ સંબંધી મેં આલોચના કરી છે પ્રતિક્રમણ કર્યું છે

હવે હે ભગવન્ ! ઇચ્છાપૂર્વક મને આજ્ઞા આપો પાક્ષિક પ્રતિક્રમણ કરું ! ગુરુ કહે છે – સમ્યક્ પ્રતિક્રમણ કર=જે રીતે પાપની શુદ્ધિ થાય તે રીતે ઉપયુક્ત થઈને પાક્ષિક પ્રતિક્રમણ કર. ત્યારપછી ઇચ્છં એ પ્રમાણે કથનપૂર્વક સામાયિકસૂત્ર ઇચ્છામિ પડિક્કમિઉં જો મે પક્ખિઓ ઇત્યાદિ બોલીને ખમાસમણપૂર્વક 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! પક્ખીસૂત્ર કઢેમિ' એ પ્રમાણે કહીને ગુરુ અથવા ગુરુથી આદિષ્ટ અન્ય સાધુ સાવધાન મનવાળા=પક્ખીસૂત્રના પદે પદે ઉપયોગવાળા, વ્યક્ત અક્ષરવાળું ત્રણ નવકારપૂર્વક પાક્ષિકસૂત્ર બોલે છે. અને બીજા=પક્ખીસૂત્ર બોલનાર સિવાય અન્ય સાધુઓ અને શ્રાવકો ખમાસમણાપૂર્વક 'સંભલેમિ'=હું પક્ખીસૂત્ર સાંભળું છું એ પ્રમાણે બોલીને પોતાની શક્તિ અનુસાર કાયોત્સર્ગાદિમાં રહીને=જે પ્રકારે સૂત્રના અર્થમાં દૃઢ પ્રણિધાન રહે તે પ્રમાણે શક્તિ અનુસાર કાયોત્સર્ગમાં કે અન્ય રીતે રહીને સાંભળે છે. પક્ખીસૂત્ર બોલ્યા પછી 'સુઅદેવયા ભગવઈ' એ પ્રમાણે સ્તુતિ બોલીને બેસીને પૂર્વમાં બતાવેલ વિધિથી પાક્ષિક પ્રતિક્રમણસૂત્ર=સાધુ પગામસજ્ઝાય બોલીને અને શ્રાવક વંદિત્તાસૂત્રને બોલીને અને તેનો શેષ=પાક્ષિક પ્રતિક્રમણસૂત્રનો શેષ કહીને 'કરેમિ ભંતે ! સામાઈઅં' ઇત્યાદિ સૂત્રત્રયને બોલીને અને પ્રતિક્રમણથી શોધન નહિ થયેલા અતિચારોની વિશુદ્ધિ માટે બાર લોગસ્સના ચિંતનરૂપ કાયોત્સર્ગને કરે.

ત્યારપછી મુહપત્તિના પડિલેહણપૂર્વક વંદનને આપીને 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! અબ્ભુટ્ઠિઓમિ સમાપ્ત ખામણેણં અબ્ભિતરપક્ખિઅં ખામેઉં' ઇત્યાદિ બોલીને ક્ષમાપનાને કરે છે. અહીં=પાક્ષિક પ્રતિક્રમણની વિધિમાં, પૂર્વમાં સામાન્યથી અને વિશેષથી પાક્ષિક અપરાધ ક્ષમિત કરાયે છતે કાયોત્સર્ગમાં રહેલા શુભ એકાગ્રભાવ પામેલા સાધુઓના કોઈક અપરાધપદનું સ્મરણ થાય તેના ક્ષમણ નિમિત્તે ફરી પણ ક્ષમાપના કરવી યુક્ત જ છે. તેથી ચાર ખામણાં કરાય છે એમ અન્વય છે. ત્યારપછી=અબ્ભુટ્ઠિઓમિ ખમાવ્યા પછી, ઊઠીને 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! પક્ખીખામણાં ખામું ?' એ પ્રમાણે બોલે છે. 'ઇચ્છં' એમ કહીને ત્યારપછી સાધુઓ ચાર ક્ષમાશ્રમણ વડે=ચાર ખમાસમણાં વડે, ચાર પાક્ષિક ખામણાં કરે છે. અને ત્યાં રાજાને જે પ્રમાણે માણવકો મંગલકાર્ય અતિક્રાંત થયે છતે બહુમાન કરે છે. તે બહુમાન કઈ રીતે કરે છે. તે 'યદુત'થી બતાવે છે. અખંડિત બલવાળા તારો સુંદર કાલ ગયો. અન્ય પણ આ રીતે જ ઉપસ્થિત છે=જેવો પૂર્વમાં ગયો તેવો જ થશે એ રીતે=રાજાને માણવકો કહે છે એ રીતે, 'ઇચ્છામિ ખમાસમણો પિઅં ચ મે' ઇત્યાદિ પ્રથમ ખામણાસૂત્રથી તે પ્રમાણે રહેલો જ સાધુ આચાર્યનો પાક્ષિક વિનયોપચાર કરે છે. ત્યારપછી બીજા ખામણામાં ચૈત્ય સાધુવંદન નિવેદનની કામનાવાળો સાધુ 'ઇચ્છામિ ખમાસમણો પુવ્વિં' ઇત્યાદિ બોલે છે. ત્યારપછી ત્રીજા ખામણાંમાં આત્માને=પોતાને, ગુરુને નિવેદન કરવા માટે 'ઇચ્છામિ ખમાસમણો અબ્ભુટ્ઠિઓડહં તુબ્ભહં' ઇત્યાદિ બોલે છે. વળી ચોથા ખામણામાં જે શિક્ષાને ગુરુ પાસેથી ગ્રહણ કરી તેના અનુગ્રહને બહુ માનતો 'ઇચ્છામિ ખમાસમણો ! અહમવિ પુવ્વાઇ' ઇત્યાદિ કહે છે. આ ચાર પાક્ષિક ખામણાના પ્રત્યેકના અંતમાં (અનુક્રમે) 'તુબ્ભેહિં સમં' એ પ્રમાણે પ્રથમ ખામણાંના અંતમાં, 'અહમવિ વંદામિ ચેઇઆઇં' બીજા ખામણાના અંતમાં, આયરિયસંતિઅં એ

પ્રમાણે ત્રીજા ખામણાના અંતમાં, નિત્થારપારગા હોહ એ પ્રમાણે ચોથા ખામણાના અંતમાં શ્રી ગુરુ કહે છતે શિષ્ય 'ઇચ્છં' એ પ્રમાણે બોલે છે. વળી શ્રાવકો એક-એક નવકાર બોલે છે.

ત્યારપછી=પાક્ષિક ખામણાં કર્યા પછી 'ઇચ્છામો અણુસટ્ઠિં' એ પ્રમાણે બોલીને વંદન, દૈવસિક ખામણાં, વંદનાદિ દૈવસિક પ્રતિક્રમણને કરે. શ્રુતદેવતાનું પાક્ષિક સૂત્રના અંતમાં સ્મૃતપણું હોવાને કારણે તે દિવસે તે કાયોત્સર્ગના સ્થાને=શ્રુતદેવતાના કાયોત્સર્ગના સ્થાને, ભુવનદેવતાનો કાયોત્સર્ગ કરાય છે. પ્રતિદિવસ ભુવનદેવતાની સ્મૃતિ હોતે છતે ક્ષેત્ર અંતર્ગતપણાને કારણે તત્ત્વથી ભુવનદેવી પણ સ્મૃત કરાયેલી થાય જ છે. તોપણ પર્વદિવસોમાં=પાક્ષિકાદિ પ્રતિક્રમણના દિવસોમાં, તેનું પણ=ભુવનદેવીનું પણ, બહુમાનયોગ્યપણું હોવાથી સાક્ષાત્ કાયોત્સર્ગ કરાય છે. અને સ્તવનના સ્થાને મંગલ અર્થે 'અજિતશાંતિ' સ્તવ બોલાય છે.

ભાવાર્થ :-

સાધુ કે શ્રાવક ષડ્આવશ્યકમય દેવસી પ્રતિક્રમણ અને રાઈ પ્રતિક્રમણ કરી અતિચારોના શોધન દ્વારા પંચાચારની શુદ્ધિ કરે છે છતાં પણ કોઈ સૂક્ષ્મ પ્રમાદને કારણે દેવસી પ્રતિક્રમણ દ્વારા કે રાઈ પ્રતિક્રમણ દ્વારા અતિચારોની શુદ્ધિ થઈ ન હોય તેના શોધન અર્થે પાક્ષિક આદિ પ્રતિક્રમણ કરે છે અર્થાત્ પક્ખી, ચૌમાસી, સંવચ્છરી પ્રતિક્રમણ કરે છે. જેથી કંઈક પ્રતિદિનના પ્રતિક્રમણ દ્વારા શુદ્ધિ ન થઈ હોય અને અશુદ્ધિ રહી હોય તે અશુદ્ધિ પાક્ષિક પ્રતિક્રમણથી શુદ્ધ થાય છે આમ છતાં ચાર માસના અંતે ફરી ચાર માસ દરમિયાન કોઈક સૂક્ષ્મ અશુદ્ધિ રહેલી હોય તેનું શોધન કરે. આ રીતે ત્રણ વખત ચૌમાસી પ્રતિક્રમણ દ્વારા શુદ્ધિ થયે છતે પણ બાર માસમાં કોઈક સૂક્ષ્મ અશુદ્ધિ રહેલી હોય તેના શોધન માટે સંવચ્છરી પ્રતિક્રમણ કરે.

વળી જે શ્રાવક મુગ્ધતાથી પાક્ષિક, ચૌમાસી કે સંવચ્છરી પ્રતિક્રમણ કરે છે તેઓને માત્ર ઓઘથી પ્રતિક્રમણનો રાગ હોય છે. તેથી તેનું ફળ તેટલું જ મળે છે. જ્યારે નિપુણ પ્રજ્ઞાવાળા શ્રાવકો દેવસી-રાઈ પ્રતિક્રમણ દ્વારા પ્રતિદિન થયેલાં પાપોની શુદ્ધિ કરે છે, એટલું જ નહિ પણ ઘણા ભવોનાં સંચિત પાપોનો પંચાચારના પાલનથી, દેવસી અને રાઈ પ્રતિક્રમણથી તથા પાક્ષિક આદિ પ્રતિક્રમણથી નાશ કરે છે. તેથી નિપુણતાપૂર્વક પ્રતિક્રમણ કરવામાં કુશળ શ્રાવકો જેમ શુદ્ધ સાધુસામાચારીના શ્રવણથી ઘણા ભવોનાં સંચિત પાપનો નાશ કરે છે તેમ સ્વભૂમિકાનુસાર પંચાચારના પાલનથી, પ્રતિદિન ઘણા ભવોનાં પાપોનો નાશ કરે છે અને વિશેષથી દેવસી-રાઈ પ્રતિક્રમણ દ્વારા, પાક્ષિકાદિના પ્રતિક્રમણ દ્વારા ઉલ્લસિત થયેલા વીર્યવાળા શ્રાવકો ઘણા ભવોનાં પાપોનો નાશ કરે છે.

વળી, પાક્ષિક પ્રતિક્રમણમાં દેવસી પ્રતિક્રમણની જેમ વંદિત્તા સુધીની ક્રિયા વિવેકી શ્રાવકો દૃઢ પ્રણિધાનપૂર્વક કરે છે. જેથી દિવસ દરમિયાન પંચાચારના પાલનમાં થયેલા અતિચારોનું શોધન દેવસી પ્રતિક્રમણની જેમ વંદિત્તાસૂત્ર સુધી થાય છે. ત્યારપછી ખમાસમણપૂર્વક કહે છે કે દૈવસિક અતિચારોનું આલોચન અને પ્રતિક્રમણ મેં કર્યું છે. "હે ભગવન્ ! ઇચ્છાપૂર્વક મને આજ્ઞા આપો. પક્ખી મુહપત્તિનું પડિલેહણ કરું." આ

પ્રમાણે બોલીને સમભાવના પરિણામથી વધતા પરિણામવાળો શ્રાવક ષટ્કાયના પાલનના પરિણામને ઉલ્લસિત કરવા અર્થે મુહપત્તિનું અને કાયાનું પ્રતિલેખન કરે છે. જેથી કોઈ સૂક્ષ્મ જીવ મુહપત્તિમાં હોય કે પોતાની કાયા ઉપર હોય તેની વિરાધના વંદનાદિ ક્રિયા દ્વારા થાય નહિ તેથી વિવેકી શ્રાવક મુહપત્તિના પડિલેહણ દ્વારા જીવરક્ષાના સૂક્ષ્મભાવોથી આત્માને તે રીતે વાસિત કરે છે, જેથી આત્મામાં સર્વ જીવોની પીડાના પરિહારને અનુકૂળ નિર્મળ પરિણતિ ઉલ્લસિત થાય છે. આ રીતે પડિલેહણ કર્યા પછી ગુણવાન ગુરુને વંદન કરીને સંબુદ્ધ એવા ગુર્વાદિને ખમાવવા માટે 'અબ્ભુટ્ઠિઓમિ' સૂત્ર બોલે છે. જેનાથી ગુણવાન એવા ગુરુ પ્રત્યે પોતાની ભક્તિનો અતિશય થાય છે. આ રીતે ખમાવ્યા પછી પાક્ષિક આલોચના કરવા અર્થે આદેશ માંગે છે અને 'જો મે પક્ખો અઈઆરો' ઇત્યાદિ સૂત્ર બોલીને સંક્ષેપથી પાક્ષિક અતિચારોનું આલોચન કરે છે. ત્યારપછી વિસ્તારથી પાક્ષિક અતિચારોનું આલોચન કરે છે. જે અતિચારના આલોચનથી પક્ષ સંબંધી કોઈ સૂક્ષ્મ અતિચારો શોધન કરવાના અવશેષ હોય તેની શુદ્ધિ થાય છે અને અતિચાર રહિત પંચાચારના પાલનને અનુકૂળ બળનો સંચય થાય છે. ત્યારપછી 'સવ્વસવિ પક્ખિઅં...' ઇત્યાદિ સૂત્ર બોલીને આલોચન કરાયેલ અતિચારની વિશેષ શુદ્ધિ અર્થે પ્રાયશ્ચિત્ત માંગે છે અને ગુરુ 'પડિક્કમહ' શબ્દ દ્વારા તે પ્રતિક્રમણ કરવાની અનુજ્ઞા આપે છે. ત્યારપછી 'ચઉત્થેણં' ઇત્યાદિ દ્વારા ગુરુ વડે અપાયેલ ઉપવાસ આદિ પ્રાયશ્ચિત્તને સ્વીકાર કરે છે. આ સર્વ ક્રિયા આત્માના શોધનને અનુરૂપ સમ્યક્ વ્યાપારની ક્રિયા છે. તેથી તે ક્રિયામાં કુશળતા પામેલ શ્રાવક સર્વ ક્રિયાઓ નિપુણતાપૂર્વક કરી અનેક ભવોનાં સંચિત પાપોનો તે તે ક્રિયાથી નાશ કરે છે.

વળી, સાધુ પાક્ષિક પ્રતિક્રમણમાં દિવસ સંબંધી આલોચના અને પ્રતિક્રમણ કર્યું છે તેનું નિવેદન કરીને પક્ખીસૂત્ર બોલવાનો આદેશ માંગે છે. પક્ખીસૂત્રમાં પાંચ મહાવ્રતો પાળીને મહાત્માઓ કઈ રીતે આ સંસારસાગરથી તર્યા છે, તે પાંચ મહાવ્રતો કેવા પરિણામથી સંપન્ન છે અને તે પાંચ મહાવ્રતોમાં પોતાના પરિણામ દૃઢ કરવા અર્થે કેવા પ્રકારના ભાવોથી આત્માને વાસિત કરવો જોઈએ ઇત્યાદિનું વિસ્તારથી વર્ણન છે. તેથી જે સાધુ પદેપદમાં ઉપયુક્ત થઈ પક્ખીસૂત્ર બોલે અને સાંભળે તો અવશ્ય ગુણસ્થાનકની પરિણતિની વૃદ્ધિ તે સૂત્રના શ્રવણ કે ભાવનથી થાય છે. જે શ્રાવક પાક્ષિકસૂત્ર કેવા ભાવોથી સંભૃત છે તેના પરમાર્થને જાણે છે તે શ્રાવક દૃઢ ઉપયોગપૂર્વક પક્ખીસૂત્ર સાંભળે તો તે શ્રાવકને પાંચ મહાવ્રતોના સ્વરૂપ પ્રત્યે અને તેના ઉપાયો પ્રત્યે પ્રવર્ધમાન પરિણામ થાય છે. તેનાથી શ્રાવકમાં પણ સર્વવિરતિને અનુકૂળ મહાબલ સંચય થાય છે અને જેઓ મુગ્ધતાથી આ સૂત્ર સુંદર છે પરંતુ વિશેષથી તે સૂત્રનો કોઈ બોધ નથી તેઓ પણ પોતાના ઓઘથી જે બહુમાન છે તે અનુસાર કંઈક શુભભાવ કરે છે તેટલું તેને ફળ મળે છે અને જેઓને તે સૂત્રમાં કોઈ પ્રકારનો રસ નથી તેથી અનાદરપૂર્વક માત્ર શ્રવણ કરે છે તેઓને તે સૂત્ર પ્રત્યેના અનાદરને અનુસાર પાપબંધ પણ થાય છે. માટે કલ્યાણના અર્થી શ્રાવકે શક્તિ અનુસાર પક્ખીસૂત્રના અર્થને જાણીને તેના શ્રવણથી ઉત્તમભાવો થાય તે પ્રકારે સાંભળવું જોઈએ અને બોલનાર સાધુએ પણ દૃઢ પ્રણિધાનપૂર્વક પોતાના સંવેગની વૃદ્ધિ થાય અને અન્યને સંવેગની વૃદ્ધિ થાય એ રીતે સૂત્ર બોલવું જોઈએ.

જેઓ યથાતથા શીઘ્ર-શીઘ્ર સૂત્ર બોલે છે તેઓને અન્યને પરિણામની નિષ્પત્તિમાં અંતરાય કરવાના કારણભૂત પાપબંધની પ્રાપ્તિ પણ થાય છે. તેથી પક્ખીસૂત્ર બોલવાની ક્રિયાથી પણ મૂઢતાને વશ તે મહાત્માઓ પાપબંધરૂપ ફળને પ્રાપ્ત કરે છે.

પાક્ષિકસૂત્ર બોલ્યા પછી ભગવાનના વચન પ્રત્યે બહુમાનની વૃદ્ધિ અર્થે શ્રુતદેવતાની સ્તુતિ બોલે છે. ત્યારપછી પક્ષ સંબંધી થયેલા અતિચારોની વિશેષથી શુદ્ધિ અર્થે સાધુ પગામસજ્ઝાય બોલે છે અને શ્રાવક વંદિત્તાસૂત્ર બોલે છે. જેથી અત્યાર સુધીની ક્રિયાથી કંઈક પાપની શુદ્ધિ ન થઈ હોય તો તે અવશેષ પાપની શુદ્ધિ વંદિત્તાસૂત્રથી થાય છે. અને પાપ પ્રત્યે જુગુપ્સા કરવાર્થે ફરી ફરી પાપની શુદ્ધિ માટે ક્રિયા કરવી તે ઉચિત છે. તેથી પૂર્વમાં દેવસી પ્રતિક્રમણ વખતે દૈવસિક અતિચારોની આલોચના કરે. હવે પાક્ષિક વંદિત્તાસૂત્રમાં પક્ષ સંબંધી તે અતિચારોનું આલોચન કરું છું તે પ્રકારે પ્રતિક્રમણ કરીને વંદિત્તુસૂત્ર બોલાય છે. તેથી જેઓને તે પાપની શુદ્ધિ અત્યંત પ્રિય છે તેઓને તેના ઉપાયભૂત વંદિત્તા આદિ સૂત્રોના પણ પુનઃ પુનઃ ભિન્ન ભિન્ન પ્રતિસંધાનપૂર્વક બોલવાથી તે તે પ્રકારના વિશેષભાવો થાય છે. જેથી પાપની શુદ્ધિ થાય છે. આ રીતે વંદિત્તાસૂત્રથી પાપની શુદ્ધિ કર્યા પછી પણ ફરી કરેમિ ભંતે સૂત્ર, ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં જો એ પક્ખો અઈઆરો, તસ્સઉત્તરી સૂત્ર બોલીને સામાયિકના પરિણામની વૃદ્ધિ કરે છે. પાક્ષિક પાપશુદ્ધિ અર્થે તેનો કાઉસ્સગ્ગ કરે છે. તેનું પ્રતિસંધાન કરે છે. અને તસ્સઉત્તરી સૂત્ર દ્વારા કઈ રીતે તેની શુદ્ધિ થશે તેનું પ્રતિસંધાન કરે છે. આ રીતે વિવેકપૂર્વક પ્રતિસંધાન કરીને બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરે છે. જેથી કાઉસ્સગ્ગ કાળમાં ચિંતવન કરાતા નામસ્તવ દ્વારા પાક્ષિક અતિચારની અશુદ્ધિ અવશેષ હોય તો તેની વિશુદ્ધિ થાય અને નિરતિચાર દેશવિરતિને પાળીને પોતે સર્વવિરતિનું બળ સંચય કરી શકે તેવું દૃઢ પ્રણિધાન તે કાઉસ્સગ્ગથી ઉલ્લસિત થાય છે. ત્યારપછી સાધુ ચાર ખામણાં બોલે છે અને શ્રાવક ચાર ખામણાંના સ્થાને એક-એક નવકાર બોલે છે. આ રીતે પાક્ષિક પ્રતિક્રમણ પૂરું કરીને શ્રાવક દૈવસિક પ્રતિક્રમણનો અવશેષ અંશ જે બાકી છે તે પૂર્ણ કરે છે. જેથી પાક્ષિક અતિચાર દ્વારા પક્ષના અતિચારોની શુદ્ધિ કરી છે તે રીતે દેવસી પ્રતિક્રમણ દ્વારા દિવસનાં પાપોની શુદ્ધિ કરવાનો પ્રારંભ કરેલો તે વંદિત્તાસૂત્ર બોલ્યા પછી તે અતિચારોની અવશેષ શુદ્ધિ અર્થે ચારિત્ર-જ્ઞાન-દર્શનના ત્રણ કાઉસ્સગ્ગ દ્વારા દિવસના અતિચારોનું શોધન કરે છે. તેથી જે જે સ્થાને જે જે પ્રકારે પ્રતિસંધાન છે તેનું તે સૂત્ર દ્વારા તે તે પ્રકારે પ્રતિસંધાન કરીને જેઓ પ્રતિક્રમણની તે તે ક્રિયા કરે છે અને તે તે ક્રિયાકાળમાં બતાવેલાં તે તે સૂત્રોના વાચ્ય અર્થ માત્રમાં જ જેઓ ઉપયુક્ત છે, અન્ય કોઈ વિચારણા કરતા નથી તેઓ તે સૂત્રના વાચ્ય અર્થથી તે તે પ્રકારના ભાવોને કરીને પોતાના શ્રાવકજીવનને તે પ્રકારે નિર્મળ કરે છે કે જેથી સુવિશુદ્ધ પાંચ મહાવ્રતને પાળવાની શક્તિ આ ભવમાં પ્રાપ્ત થાય. કદાચ આ ભવમાં શક્તિ ન આવે તો વર્તમાનમાં કરેલા પ્રયત્નથી જન્માંતરમાં તે શક્તિ પ્રાપ્ત થાય. જેના બળથી સંસારનો શીઘ્ર અંત થાય.

અનુસંધાન : ધર્મસંગ્રહ ભાગ-૬

धर्मोपदेशश्रवणमशनादिनिमन्त्रणम् ।
गत्वा यथोचिते स्थाने, धर्म्यमर्थार्जनं तथा ।।

ધર્મના ઉપદેશનું શ્રવણ, અશન આદિનું નિમંત્રણ,
અને યથાઉચિત સ્થાનમાં જઈને ધર્મથી અવિરુદ્ધ
અર્થનું અર્જન કરવું, એ શ્રાવકનું કર્તવ્ય છે.



: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફ્રેન્ડ્સ પુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦
E-mail : gitarthganga@yahoo.co.in